
Vol. 40, No.8
December 2019
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની

☐ સુભાષ ભટ્ટ

આપણું જીવન કોઈ,
દરખાસ્ત કે દસ્તાવેજ નથી,
અરજી કે આવેદન નથી,
અહેવાલનું વાચન નથી,
નિરીક્ષણનું લેખન નથી.

આપણું જીવન તો આલિંગન માટેનું આહ્‌વાન છે, છલાંગ માટેનો સાદ છે. જીવન કોઈ સમય કે સ્થળ નથી પણ અવિરત વહેણ છે. એમાં ભીંજાયા વિના ઓળંગવાનું નથી - કોરો ધાકોર ગયો તેનું જીવતર એળે ગયું.

એક વખત એક ઝેન માસ્ટર પોતાના મઠની બાજુમાંથી વહેતી નદી પાસે શિષ્ય સાથે આવ્યા અને કહે, 'અહીં નિયમિત આવ અને નદી જે પાઠ આપે છે તે સાંભળ...' અને પછી તો શિષ્ય દરરોજ સવારથી સાંજ નદીકાંઠે આવી બેસે અને એકાગ્રતાથી સાંભળવા મથે. કદાચ, કોઈ મંત્ર, સૂત્ર, શ્લોક પકડાઈ જાય તો. દિવસો વીત્યા પણ કશું સાંભળ્યું નહીં. એક વખત શિષ્ય બેઠો હતો ત્યારે એક વાંદરાનું બચ્ચું આવ્યું. તેણે ધસમસતું વહેણ જોયું - હરખાયું. તેણે ઉત્કટ મોજમાં આવીને સીધો નદીમાં ધુબાકો દીધો - ભફાંગ! કાંઠે બેસનાર શિષ્યને બધાં સૂત્રો, શાસ્ત્રો અને બોધ સોંપીને. તે દિવસે શિષ્ય મઠમાં પરત થયો. અને ગુરુને તે દૃશ્ય વર્ણવ્યું. પછી થાક, કંટાળો અને ખાલીપાથી હારેલ શિષ્ય રડી પડ્યો. તો ગુરુ કહે, 'વાંદરાના બચ્ચાએ જે સાંભળ્યું તે તું ચૂકી ગયો.'

શિષ્યની એકાગ્રતા, મૌન, ધ્યાન થકી તેને આનંદનો સ્વાદ ન મળ્યો, જ્યારે વાંદરાના બચ્ચાએ સીધા પળના કેન્દ્રમાં રહેલ આનંદના વહેણમાં ધુબાકો માર્યો. જાણે જળ, જીવ અને જીવતર તરબતર. બસ એક વાર કશું બચાવ્યા કે છુપાવ્યા વિના ઝંપલાવવાનું છે.

☐☐☐

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૦ અંકઃ ૮, ડિસેમ્બર ૨૦૧૯

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ :
જયેશ જોશી

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

રાષ્ટ્રની કસોટી

મારા નવયુવાન મિત્ર,

આ એકતા અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા સર્જાઈ અને દૃઢ થઈ. એક ભાષાના માધ્યમ વગર, એક ભાષાના બંધન વિના, પ્રધાન જનવિભાગમાં એકતા આવતી નથી અને એ એકતા ન આવે તો સમુદાયને એકત્રિત કરવાની તેમનામાં શક્તિ નથી આવતી.

ફરી ફરી કહું છું કે ભારતની અર્વાચીન એકતાનો આધાર અંગ્રેજી દ્વારા શિક્ષણ પ્રાપ્ત થયેલા જનવિભાગ પર છે. એ એકતા તૂટી જાય, તો રાષ્ટ્ર છિન્નભિન્ન થઈ જાય.

અંગ્રેજીમાં શિક્ષણ લીધેલા જનવિભાગે અંગ્રેજી પુસ્તકો દ્વારા નવી ઐતિહ્ય પરંપરા સર્જાવી. અંગ્રેજી વિદ્વાનોને અનુસરીને તેમણે આપણો નવો ઇતિહાસ રચ્યો, સંસ્કૃતનો પુનરુદ્ધાર કર્યો, વિદ્વત્તાની નવી પ્રણાલી રચી, મૌર્યો, ગુપ્તો અને મોગલોનાં સામ્રાજ્યોનાં આપણને સ્મરણ કરાવ્યાં, પ્રતાપ અને શિવાજીની મક્કમ વીરતા સજીવન કરી. વિદેશીઓની ધૂંસરી નીચે વેઠ કરતા આપણા સમાજમાં એમણે અતીત ગૌરવની ઝાંખી કરાવી સ્વમાન સજીવન કર્યું.

દયાનંદ સરસ્વતીએ વેદને આધારે સાંસ્કૃતિક આત્મશ્રદ્ધા પેદા કરી. બંકિમચંદ્રે દુર્ગામાતાને ભારતમાતાનું જીવંત સ્વરૂપ આપ્યું, કર્મયોગ કર્મકાંડના અર્થમાં વપરાતો હતો તેને એમણે સ્વદેશને ચરણે સર્વસ્વ સમર્પવાની કર્તવ્યદીક્ષાનો ઓપ આપ્યો. સ્વામી વિવેકાનંદે ભારતની પરાધીનતામાં ગર્વનષ્ટ થયેલા ભારતવાસીઓને તેમના ધર્મ ને સંસ્કાર પ્રત્યે સ્વાભિમાન રાખતાં શીખવ્યું. લોકમાન્ય ટિળકે હિંદુ ધર્મપ્રણાલિકાઓમાં પ્રૌઢ રાષ્ટ્રીયતાનું તત્ત્વ ઉમેર્યું.

આપણા પ્રધાન જનવિભાગના હૃદયમાં ''ભારત રાષ્ટ્ર છે,'' અને ''અમે રાષ્ટ્ર છીએ'' એ ભાવના ઉદ્ભવી અને સામુદાયિક પ્રતિરોધપરાયણતાનો ઉદય થયો.

[ક્રમશઃ]



ફૂદીનો

☐ હેમન્ત દવે

ચામાં અને રસોઈમાં નિયમિત રીતે ઉપયોગમાં લેવાતો ફૂદીનો વિકલ્પે ફૂદીનો જાણીતો મસાલો છે. *નર્મકોશ*માં 'એક જાતનો છોડ, એ રસોઈના લીલા મસાલામાં અને ઓસડના કામમાં આવે છે' એમ એની સમજૂતી વિગતે આપી છે પણ *સાર્થ*૰માં 'એક વનસ્પતિ'થી કામ ચલાવ્યું છે અને *સાર્થ*૰ની નવી આવૃત્તિમાં એમાં કોઈ પરિવર્તન કરવાની આવશ્યકતા કોશકારોને જણાઈ નથી. *સાર્થ*૰માં એની વ્યુત્પત્તિ આ પ્રમાણે અપાઈ છેઃ फा॰ पूदीनह(?); हिं॰ पोदिना, म॰ पुदिना, फुद (–दा, –दी)ना. કોશે બતાવેલું પ્રશ્નચિહ્ન ન સમજાય એવું છે કેમ કે એ સ્પષ્ટતઃ ફારસી શબ્દ જ છે. ફારસીમાં એની બે જોડણી છેઃ پودنه અથવા پودینه એટલે કે, ફૂદિનઃ અથવા ફૂદીનઃ. આજથી દોઢસો વર્ષ પહેલાં ટાંચાં સાધનો અને કોશ રચવાના શાસ્ત્રનો અભાવ[૧] હોવા છતાં નર્મદને એની વ્યુત્પત્તિ વિશે શંકા થઈ નહોતી. એમણે સ્પષ્ટ રીતે એની વ્યુત્પત્તિ ફારસીમાંથી બતાવી છે. તો કે૰ કા૰ શાસ્ત્રીને કે છોટાભાઈ નાયકને પણ એમના અનુક્રમે *બૃહદ્ ગુજરાતી કોશ*માં અને ફારસી વ્યુત્પત્તિ કોશમાં એની ફારસી વ્યુત્પત્તિ વિશે કશી અવઢવ નથી.

બીજું, મૂળ ફારસીમાં 'ફૂ' એમ દીર્ઘ ઊ છે છતાં *સાર્થ*૰ 'ફુ' હ્રસ્વ આપે છે. સંસ્કૃત તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે કરવી એવો જે પહેલો જ નિયમ છે તે અન્ય ભાષાને લાગુ પડે કે કેમ એ વિશે કશી સ્પષ્ટતા કોશે કરી નથી, પણ 'રૂબરૂ' કે 'દીવાન' જેવા શબ્દમાં તત્સમ સ્વરો જળવાતા હોય તો લાભ 'ફૂદીના'ને કેમ નહીં મળ્યો હોય એ વિચારવા જેવું છે.

❑❑❑

---

[૧] છો૰ ર૰ નાયક એમના કોશની પ્રસ્તાવનામાં, ૧૯૭૨માં, કોશનિર્માણ-પદ્ધતિમાં થયેલા 'અદ્‌ભુત વિકાસ'નો નિર્દેશ આપે છે. આજે તો એ ઉપર બીજાં પિસ્તાળીસ વર્ષ થયાં. પણ આપણે આ કાળમાં સ્થિર થઈ ગયેલી પ્રજા છીએ!

પ્રમુખના પત્રો

॥ લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ ॥



શાંતિ અને સમન્વય વૈશ્વિક સુખાકારી માટે આવશ્યક છે. દરેકને શાંતિ અને સમન્વય જરૂરી લાગે છે છતાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે, જૂથો વચ્ચે, જુદા જુદા દેશો અને લોકો વચ્ચે સંઘર્ષ જોવા મળે છે. આવા સંઘર્ષના મૂળમાં નૈતિક, વંશીય, આર્થિક અથવા પ્રાદેશિક કારણો જોવા મળે છે. પોતાની સ્વીકૃત માન્યતાના સ્તરથી એક પણ ઈંચ ચસકવા માગતા નથી. આવી સ્થિતિમાંથી સૌહાર્દપૂર્ણ સમાધાન લાવવા માટે આપણી પાસે સલાહકારો, મધ્યસ્થીઓ અને સુલેહકાર સંસ્થાઓ ઉપલબ્ધ છે. મોટા ભાગનાં સંઘર્ષરત રાજ્યો સાથે વાતચીત કરવા આપણી પાસે રાજકીય મિશનો છે જે આવી એજન્સીઓના સંપર્કમાં રહે છે. શાંતિ માટેના સમન્વયકારો હોવા છતાં સંઘર્ષ ચાલુ રહે છે, અને વૈશ્વિક શાંતિનું લક્ષ્ય એક સ્વપ્ન બની રહે છે. ધાર્મિક કટ્ટરતા, વંશીય પૂર્વગ્રહો, પ્રાદેશિક લાલસા, રંગભેદ અને જ્ઞાતિભેદ જેવા અનેક અવરોધો શાંતિપથ સામે ઊભા છે. સંઘર્ષ ત્યારે જન્મે છે જ્યારે લોકો ભૂલી જાય છે કે આપણે એક વિશાળ મનુષ્ય કુટુંબમાં જન્મેલાં ભાઈઓ અને બહેનો છીએ. એનાથી ઊલટું એકબીજા સામે તેઓ અસહિષ્ણુતાના દૃષ્ટિબિંદુથી જુએ છે.

ભૌગોલિક સીમાઓ, ધર્મ, રંગભેદ જેવા અવરોધો ઓળંગીને આખી મનુષ્યજાતિને એક સમાન જોવાની દૃષ્ટિ કેળવવાની જરૂર છે. આવી આદર્શ સ્થિતિમાં કોઈ વિવાદાસ્પદ પ્રશ્નો ઊભા નહીં થાય. વિશ્વના સર્વ લોકો ધરતી માતાએ મનુષ્યને આપેલી ભેટનો સંયમપૂર્વક ઉપયોગ કરશે. જેમ એક મોટા

પરિવારમાં બનતું હોય છે. ટાગોરે વર્ણવેલા શબ્દોમાં ''જ્યાં વિશ્વ નાની સાંકડી પ્રાદેશિક દીવાલોથી ખંડિત નહીં હોય'' એવા મુક્તિદાયી સ્વર્ગમાં વિહરશે.

લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુઃ વિશ્વ આખાના સર્વ જીવો સુખી થાય અને પીડાથી મુક્ત બને એવી અભ્યર્થના.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા

ગાંધીજીવનનું હાર્દ

ગાંધીજીના વ્યક્તિત્વને અનેક પાસાં હતાં. એમના જીવનની બહારની સાદાઈ અને અહિંસા પ્રત્યેની એમની એકધારી અને ગાઢ નિષ્ઠા એમના અંતરમાં ઊછળતા વિચારો, શિસ્ત, વફાદારીઓ અને આકાંક્ષાઓના અનેક ઊંડા પ્રવાહોને સફળતાપૂર્વક ઢાંકી રાખતી હતી. તેઓ એકીસાથે સંત પણ હતા અને ક્રાંતિકારી પણ હતા, રાજકારણી પુરુષ પણ હતા અને સમાજ-સુધારક પણ હતા, અર્થશાસ્ત્રી પણ હતા અને ધાર્મિક પુરુષ પણ હતા, શિક્ષણશાસ્ત્રી પણ હતા અને સત્યાગ્રહી પણ હતા; તેઓ જેવા શ્રદ્ધાના તેવા જ બુદ્ધિના પણ ભક્ત હતા, હિંદુ હતા તેવા જ આંતરધર્મી પણ હતા, રાષ્ટ્રભક્ત હતા તેવા જ વિશ્વમાનવવાદી પણ હતા. તેઓ પરસ્પરવિરોધી વસ્તુઓના મોટા સમન્વયકાર હતા અને એ માટે તેમને કોઈ ખેંચતાણ કે કૃત્રિમતાના આશ્રય લેવા નહોતા પડતા. તેમનો પ્રેમ જબરો હતો પણ તેમાં લાગણીવેડા લગારે નહોતા. તેમણે સંપૂર્ણપણે એ હકીકત સ્વીકારી લીધી હતી કે સત્ય પરસ્પરવિરોધી વાતોમાં રહી શકે છે. **- જી. રામચંદ્રન**

ક્ષમાયાચના : *નવનીત સમર્પણ*ના નવેમ્બર 2019ના અંકમાં *શબ્દમૂળની* શોધ એ સ્તંભમાં 'ભીંઢું' શબ્દની વ્યુત્પત્તિની ચર્ચા કરાઈ હતી. એ નોંધના આરંભે મુકાયેલી વિગતો ચર્ચ્ય વિષય માટે સર્વથા અનુપકારક હોવા ઉપરાંત એમાં જે વિદ્વાન રાજકારણીની વાત કરાઈ હતી તેમને માટે બદનક્ષીજનક અને અન્યાયકર્તા હતી અને મારા પક્ષે અશોભનીય હતી. એ બાબતે એક સહૃદયી વાચકમિત્રે આ તરફ મારું ધ્યાન દોર્યું છે. મારો એવો કોઈ આશય ન હોવા છતાં ભૂલ તો થઈ છે એથી આ સાથે હું એ વિદ્વાનની, સર્વે વાચકની અને જનતાની ક્ષમા યાચું છું અને એ ભૂલ દર્શાવનાર મિત્રનો આભાર માનું છું. - હેમન્ત દવે

ચાર ગઝલો

☐ લલિત ત્રિવેદી

તું મોહે દેખ

ચલો, માંડીએ દેખાદેખ, મૈં તોહે દેખું... તું મોહે દેખ
દેખ દેખ થઈએ વણદેખ, મૈં તોહે દેખું... તું મોહે દેખ

એકમેકની રહે ન પેખ, મૈં તોહે દેખું... તું મોહે દેખ
વેખ રહે કે રહે ન લેખ, મૈં તોહે દેખું... તું મોહે દેખ

ક્યાં લગ કરવી ઓઢાઓઢ... થઈએ ચખવિણ મોઢામોઢ
દાસ સૂરના દીવે દેખ, મૈં તોહે દેખું... તું મોહે દેખ

કોના દાણે કોનું નામ... નામ નામ પે લિખ્ખા ચામ
ચામ ચામ અગનીની મેખ, મૈં તોહે દેખું... તું મોહે દેખ

જળાધારીમાં બારે મેહ...દેહલડી જુગ જુગનો વ્રેહ,
જીવ, જીવણા! યહી બિશેખ, મૈં તોહે દેખું... તું મોહે દેખ

અપના ધૂણા અપની ધખ્ખ... ધખમાં જુગતાવે સખદખ,
ગુપત-ગોતમાં ગુમ મનેખ... મૈં તોહે દેખું... તું મોહે દેખ

ખૂલે અંદરા

નહીં બચે તું, ઈન્સાઅલ્લા
પહેરણ! તારે રૂથી પલ્લા!

તરસ તરી પહોંચ્યા કરબલ્લા
મલ્લાહ, મલ્લાહ! માસાઅલ્લા

ખૂલે કંદરા.. ખૂલે અંદરા...
દળદરમાંથી ખૂલે દલ્લા!

બાવન રજની ગઝલ ચડાવી
કેસરિયા કીધા રે પલ્લા!

એક પલ્લામાં ઝળઝળિયાં રે
બીજે મૂક્યા સોળે વલ્લા!

ઢળી પડ્યા કિત્તા ને કિલ્લા
ધૂપસળીએ કીધા હલ્લા!

માથું પધરાવીને જાજો
છે માથાભારે મોહલ્લા!

નકશાની બારે નીકળી જા
મેલી દે પગ અને પગલ્લાં!

અલ્લા! તું મુકર્રર કહી દે
હું પઢતો રહું _ અલ્લા, અલ્લા!

જુગતે કર અબ એકસો આઠા
લલિત! ક્યાં લગ ગલ્લાંતલ્લાં!

અબ્બી કા અબ્બી

દ્વાર ખખડાવે છે નબ્બી
ચલ, લલિત અબ્બી કા અબ્બી!

એકસો આઠ ગઝલની તસ્બી
કરું ઇબાદત પૂરી, સબ્બી!

પીંછા... ઇચ્છા પ્રથમ ખેરવી
પવન કીધાં તેં પંખી, કસ્બી!

સવા વ્હાલથી જતન કરેલ
આંચ અડી તો ખૂલ ગઈ ડબ્બી!

કિત્તામાં મૂકી ખટઘડીઓ
રાવણહથ્થા માંગા જબ્બી!

રાગ બઢા તો આગ હો ગયા
તણખો બી ના ઊડ્યો તો કબ્બી!

આંબે બેઠા મોરના છાંયે
ભઈ પ્રદખણા પૂરી સબ્બી!

ઉજરા ઉજરા હો ગયા, જોગી...
કુટિયા, મિટિયા, રૂપિયા... સબ્બી!

કે આહા!

અગનમાં જ આરામગાહા કે આહા!
છે કેવા રૂહાના પલીતા કે આહા!

નિભાવી છે કેવી તો આતિશમિજાજી...
ઊડે છે બદનમાંથી તણખા કે આહા!

કલમ છે કે લોબાન છે, માસાઅલ્લા...
ગઝલ થૈ ગઈ ઈદગાહા કે આહા!

કટારી હજી ઔર ઊંડે..., ઓ કામિલ
રહમ! ઔર ઊંડે હો એક ઘા કે આહા!

ઋચાઓ ઋચાઓ... ગહન લગ શિખાઓ...
પ્રગટ હો શમન લગ ધખારા કે આહા!

સમિધ થૈ ગયેલા અભરખા કહે છે-
-શમનમાંથી પ્રગટે છે સ્વાહા કે આહા!

ને પરછાઈ પણ કાષ્ઠ પર ચેતવીને
ચિરંતન કરી દ્યો રે શાતા કે આહા!

લલિત તારા ભાણામાં ક્યાંની આ રોટી
પરબ થૈ ગયા જેના પ્યાલા કે આહા!

મહાભારત: કાવ્યપર્વ

☐ ઉદયન ઠક્કર

એક.
॥ માધવી ॥
૧.
જરાક આઘે જરા સંવતોની પેલે પાર
હતા તપસ્વી કોઈ, નામ એમનું ગાલવ
ને એમના ગુરુ તે પુણ્યશ્લોક વિશ્વામિત્ર

ગુરુને દક્ષિણા દેવાનો જ્યાં સમય આવ્યો
ગરવ કરીને કહ્યું ગાલવે: શું દઉં, બોલો?
રિસાઈ, રોષ કરી, બોલી ઊઠ્યા વિશ્વામિત્ર
કે આપ આઠસો ઘોડા, ને તેય ઊજળે વાન
અને હા, યાદ રહે: એક બાજુ કાળા કાન!

થયાં ચકળ ને વકળ નેણ-વેણ ગાલવનાં
સુકાયો કંઠ વળી ગાત્ર પણ ગળી ચાલ્યાં
ન સંતુલન રહ્યું, હણહણતી હાંફતી પૃથ્વી
ઘડીમાં શ્વેત ઘડી શ્યામ દોડવા લાગી
હરીફરીને હરિને સ્મરી રહ્યા ગાલવ...
ફલક ત્યાં ફાટી પડ્યું, ને પ્રભુના હસ્તાક્ષર
શી વીજળીઓ થઈ, ગરજીને ગરુડ આવ્યા!
સમસ્યા સાંભળી, નિશ્ચય કર્યો નિવારણનો
લઈને ચાલ્યા દિશાઓની પાર ગાલવને

'તમારી પાંખના સુસવાટે ઊખડી વૃક્ષો
ધસે છે આંખની સામે, થયું છે ચિત્ત બધિર
સમુદ્રયાળની ઘેઘૂર ગર્જનાઓથી
ઘનાંધકારમાં કાયાય ના કળાય મને...'
વિલાપતા રહ્યા ગાલવ, અને ગરુડ ઊતર્યા
પ્રભાતકાળે, પ્રતિષ્ઠાન નામે નગરીમાં.

૨.
યયાતિ નામના નૃપને, બે પાંખ જોડીને
કહ્યું ગરુડે કે દાનેશરી! આ બ્રાહ્મણને
અપાવો આઠસો ઘોડા ને તેય ઊજળે વાન...

'કદી બને કે તમે યાચો ને ન હું આપું?
પરંતુ રાજવિભવ કૃષ્ણપક્ષ શશિયર શો
દિવસ ને રાત થતો જાય ક્ષીણ, શું આપું?'
'હા...રૂપવાન ને ગુણવાન મારી કન્યા છે
તમે એ રાખો, મહાપંખ, એની કિંમતમાં
જરૂર આઠસો અશ્વો મળી જશે તમને.'

૩.
'મળ્યું ન સાધ્ય, પરંતુ આ માધવી નામે
મળી ગયું મને અશ્વોની પ્રાપ્તિનું સાધન!'
વિચારતા મુનિ, મનમાં ને મનમાં હરખાતાં
પહોંચ્યા ધર્મની નગરી સમી અયોધ્યામાં
ભરી સભામાં જઈને કહે છે રાજાને,
'લઈને આવ્યો છું શ્રીમાન, કન્યા ઊજળે વાન
કરે જે ગાન તો ગંધર્વો થાય સરવે કાન
દબાતે પાય વળી નૃત્ય શીખવા આવે
કંઈક કિન્નરીઓ જેની પાસ... 'અધવાક્યે
ભ્રૂકુટિ ઊંચકી રાજાએ જાણે પ્રશ્ન કર્યો
મુનિએ માધવીનો પ્રેમ-ભાવ સમજાવ્યો

'ના, આઠસો તો નહીં પણ બસો હું આપી શકું...'
'તમે તો એક ચતુર્થાંશ મૂલ્ય આપો છો!
બસો જ છે? તો શરત હુંય સામી મૂકું છું
કે એક પુત્ર થતાંવેંત માધવીને હું
લઈ જઈશ પરત!' 'હા!' તરત કહે રાજા

પછી તો માધવીથી રાજવીને પુત્ર થયો
સદા-સદાની રહી સૂર્યવંશની રીતિ
કે પ્રાણ જાય પરંતુ વચન ન જાય કદી!
સૂરજની સાખે અહો! પત્નીને પરત કીધી

૪.
મહામના મુનિ પાછા મળેલા સ્ત્રીધનને
લઈને આવી ચડ્યા તીર્થક્ષેત્ર કાશીમાં
કહેવા લાગ્યા દિવોદાસ નામે રાજાને
'બધાંય શાસ્ત્રમાં છે એક શાસ્ત્ર- સામુદ્રિક
ને એ પ્રમાણે જુઓ: સાત સ્થાનકો આનાં
છે સૂક્ષ્મ, અવયવો પાછાં છયે છ ઉન્નત છે...'

ફરીથી એ જ પુછાયું ને એ જ કહેવાયું
ફરીથી માધવી લીધી, ફરીથી પુત્ર થયો

ફરી ફરી કરીને આ રીતે છસો તો થયા

૫.
પછી ગુરુને કહ્યું ગાલવે, 'હે વિશ્વામિત્ર!
તમારી ઇચ્છા પ્રમાણેના આ છસો ઘોડા
અને બસોની અવેજીમાં, માધવી કન્યા'
હસું-હસું થઈને બોલી ઊઠ્યા વિશ્વામિત્ર,
કે વત્સ, કેમ પહેલાં જ માધવી ન દીધી?

ફરીથી પુત્ર થયો, કામકાજ પૂરું થયું
તે આપી આવ્યા જઈ દીકરી, યયાતિને

૬.
શું ધામધૂમ સ્વયંવર યયાતિએ યોજ્યો!
અનેક દેવતા આવ્યા ને યક્ષ, ગંધર્વો
ને એકમેકથી ચડિયાતા રાજવીઓ પણ

સજાવી પાઘડી લીલી ઊભો હતો વગડો
ને માધવીએ તો વરમાળ એને પ્હેરાવી!

સંદર્ભ: ઉદ્યોગપર્વ

બે.
ll અણીમાંડવ્ય ll

જોઈ કોઈ છાજલીએ પુસ્તક
જરીપુરાણું, ન જાણે શાનું
ચતુર ચકલીને તો મળી તક
ઊડીને આવી, ઉઘાડ્યું પાનું

જુએ તો ઋષિ નયનને મીંચી
ઝૂલી રહ્યા છે શૂળીની અણીએ
મૂંઝાય ચકલી કરીને ચીં ચીં
કે શ્વાસ ગણીએ તો કેમ ગણીએ?

ઋષિના હોઠો જરાક ફફડ્યા
ને ઊના ઊના નિસાસા દદડ્યા
'હું તપમાં બેઠો હતો ત્યાં આવી
પહોંચ્યા તસ્કર, અને છુપાવી
દઈને આશ્રમમાં ધન, ધરાર
અશેકશે થઈ ગયા ફરાર'

'એ ચોરટાઓની પૂંઠે પૂંઠે
તડાક તબડાક રાજરક્ષક
લઈને તલવાર, હાથ મૂઠે
મને નિહાળી પડી ગયો શક'

'પૂછે મને, ચોર ક્યાં?- શું બોલું?
હું મૌનવ્રતમાં, ને હોઠ ખોલું?'

'તપાસ્યો આશ્રમ, મળી ગયું ધન
ન જોયાં તપ-જપ, ન પૂછ્યું કારણ
તરત શૂળીએ દીધો ચડાવી...'
'ઋષિ, તપસ્યા તે હોય આવી?
જ્યાં બોલવાનું, ત્યાં બોલવાનું
મોં ખોલવાનું, ત્યાં ખોલવાનું!'

ચતુર ચકલીએ આપ્યો ટપકો
ઉઘાડ્યું પાનું બીજું, તો ભપકો
કરીને બેઠા છે એક રાજા
ગવાય ગાણાં, બજે છે બાજાં

'ઓ રાજા, રાજા, ખબર છે માઠા
કે ચોરટાઓ તો જાય નાઠા!
ઋષિ છે નિર્દોષ, મોં ન ખોલે
પરંતુ એની તપસ્યા બોલે'

'ભલું થયું અમને તેં ઉગાર્યા
ચકોર ચકલી, આ પાપમાંથી
અને ઋષિનાય શાપમાંથી'
કહીને રાજાએ તો ઉતાર્યા
ઋષિને શૂળી ઉપરથી, તોડી
ફળાને, રહી જાય થોડી થોડી
અણી, ન નીકળે છે કાપમાંથી

ઋષિ કહે છે, 'અરેરે ચકલી,
હજીય કાયાને તારે તારે
બજી રહી વેદનાની નખલી'

કહે છે ચકલી બે પાંખ જોડી,
'ઋષિ, દરેકે સ્વયંની શૂળી
ઉપાડવાની વહેલી-મોડી'

'તને શું ચકલી, ઇનામ આપું?
જે માગી લે તે તમામ આપું!'

'કરું શું રાજા, મહેલ-બંગલા?
વીણું છું હું તો સળી-તણખલાં'

કહીને ચકલીએ છાનુંમાનું
ઉઘાડ્યું પુસ્તકનું એક પાનું
બે-ચાર પંક્તિઓ સેરવીને
ઊડી ગઈ તે ફરર દઈને...

સંદર્ભ: શૂળીની અણી જેમની કાયામાં રહી ગઈ હતી
તેવા ઋષિ અણીમાંડવ્યનું ઉપાખ્યાન, આદિપર્વ

ઉત્તરકાશી

☐ રવીન્દ્ર પારેખ

ઊતરે નીચે ગગન ઠુમ્મક ઠુમ્મક,
આ અહાલેકી જગતનો છે મલક.
છે હવામાં એટલી ભૂરી રણક,
મોક્ષની પડતી રહે આછી ભનક.
થાય છે પીડા અહીં આનંદ પણ,
આવશે તે પામશે એની ઝલક.
જીવ અને શિવ થાય એકાકાર તો,
કૈં પછી બાકી નથી રહેતી લલક.
જળથી ઝળઝળિયાં સુધી આંખો ગઈ,
કૈંક તો પામી જવાયું નિષ્પલક.
વૃક્ષ જાણે કે ગગનગામી તીરો,
આભને ભેદી જતી જાણે કુમક.
પર્વતો જેવી વિરક્તિ જાગતી,
ભીતરે કૈં ફૂટતી લાગે ચમક.

સમતુલા પર બેઠો છું

☐ દિલીપ જોશી

શબ્દો તું ખખડાવ નહીં હું મધપૂડા પર બેઠો છું!
તું ધારે છે એથી વિપરીત મનસૂબા પર બેઠો છું!

પળનો વૈભવ પળનું પાણી, પળની કહાણી જાણીને,
આંધી વચ્ચે દીવો થઈ હું બુદબુદા પર બેઠો છું!

ચૌદ-ભુવનની ઝાંખી જ્યાંથી પલકારામાં પમરાતી,
અનંત વિશ્વો હડસેલી હું ગહન ગુહા પર બેઠો છું!

જીવવાનો એક મંત્ર અહીંથી દસે દિશાએ પડઘાશે,
એ ભાષાનું કૌવત લઈ હું તરજુમા પર બેઠો છું!

હું કેવળ સમજણનો માણસ, નૈ અહીં કે નૈ ઓ બાજુ,
સાધુ શબદના પારસ પગલે સમતુલા પર બેઠો છું!

વેંત-વેંત અધ્ધર ઊડું છું બથમાં આખું આભ લઈ,
નાચી, કૂદી, ઝૂમી આજે એની દુઆ પર બેઠો છું!

અંધકાર

☐ છાયા ત્રિવેદી

કાળો-કાળો
ભારઝલ્લો ઓથાર!

ખુલ્લી આંખે બે હાથે ફંફોસતાં
સોંસરવો ઘૂસી જતો.

તેની આંખમાં આંજી હશે
કેટલી જ્યોતની મેશ?

કેટલા સૂર્ય ઓલવીને તે ઊગતો હશે!

પોતે અદૃશ્ય રહીને
સૌને એકાએક
અંધ બનાવતો.

બધું જ છુપાવતો
એક-એક રેખાને ભૂંસી
આકાર માત્રને કાળોધબ્બ કરી દેતો
અંધકાર!

કદાચ-

તેમાં એકાકાર થઈને
તમસના બે છેડા ઘસવાથી
જાગી શકે

એકાદ તણખો!

પ્રેમમાં પડવાનો ઉલ્લાસ...

☐ અનિલ ચાવડા

શ્વાસોમાં મઘમઘતા વાસંતી વાયરાઓ વાયા રે વાયા રે વાયા...
દિવસો બધાય મારા થઈ ગ્યા છે અત્તરના ફાયા રે ફાયા રે ફાયા...

એમ થાય જાણે કે હૈયાના કૂંડામાં
કૂંપળ કોઈ સળવળતી હોય...
એમ થાય જાણે કે લોહીમાં ગમતી
ગુલાબકળી ઓગળતી હોય...
એમ થાય દીવા જેમ ઝળહળતી થઈ ગઈ છે કાયા રે કાયા રે કાયા...
શ્વાસોમાં મઘમઘતા વાસંતી વાયરાઓ વાયા રે વાયા રે વાયા...

એમ થાય જાણે કે પીવડાવી દીધી છે
કોકે લીલાશ મને પાંદની
એમ થાય ધોધમાર ઢોળે છે આવીને
મારી પર જાણે કોઈ ચાંદની.
ચાંદનીના જળથી ને ચાંદાના સાબુથી નાહ્યા રે નાહ્યા રે નાહ્યા.
શ્વાસોમાં મઘમઘતા વાસંતી વાયરાઓ વાયા રે વાયા રે વાયા...

ઝળાહળ દીવડી

☐ જગદીશચંદ્ર ત્રિવેદી

ઝળાહળ દીવડી રે
કે જલતી રાખી દીનાનાથ.
કે રસ્તા ફૂટતા રે
અજાણી દોરી જાતાં વાટ.
મીંચેલી આંખમાં રે
રચાયા અંબરચુંબી રાસ.
પળેપળ ફૂટતી રે
બરાસ કપૂરી ભીની વાસ.
કે મઘમઘ મૌનમાં રે
સુવાસે દોરી મારા નાથ.
પદરની પોળમાં રે
ઘડાયા ગંગા-જમની ઘાટ.
ધુબાકા મારતાં રે
નખોરી ફૂટી તૂટી ચાંચ.
પવનમાં ઓગળી રે
અમારી કરશો ક્યાં ક્યાં જાંચ.
કસોટી કેટલી રે
થઈ પણ થૈ થૈ નાચું યાર.
અઠે આ દ્વારકા રે
પહોંચી પામું અપરંપાર.

બે ગઝલ

□ પ્રણવ પંડ્યા

સમયની આપે સૌને થોડી-થોડી ભીખ કેલેન્ડર
અદલ શતરંજનાં ખાનાં સમું નખશિખ કેલેન્ડર

રવિ કે સોમ કે પહેલી કે એકત્રીસમી રૂપે
પળોના પારેવાને કેદમાં લઈ પીંખ કેલેન્ડર

લટકતું ખુદ ખીંટીએ, પણ લટકતા રાખતું સૌને
તુંયે લટક્યો છે, ખોવાયો છે, જા, જઈ વીંખ કેલેન્ડર

દિવસ સારા નથી તો ફેરવી લેવું તરત મોઢું
તું માણસ પાસેથી થોડુંઘણું તો શીખ કેલેન્ડર

ઉપરના દૃશ્ય જેવી સાહ્યબી ક્યારેય ના મળતી
ફક્ત દર્શાવતું લાચારીઓની ચીખ કેલેન્ડર

હું છેલ્લે ક્યારે સાચુકલું મને ખુદને મળ્યો હોઈશ?
નથી કંઈ યાદ, કહેને, કઈ હતી તારીખ, કેલેન્ડર



□

પસીને તરબતર મેલા મલીરની ખુશ્બૂ
જુદી જ હોય છે કાયમ ખમીરની ખુશ્બૂ

સુગંધી સાથ રહે એ સુગંધી થઈ જાયે
સ્વયંની હોતી નથી કંઈ સમીરની ખુશ્બૂ

જનમદિવસે જે માએ માગ્યા દૂધે રાંધી'તી
હજી વહે છે રગેરગમાં ખીરની ખુશ્બૂ

કયા અત્તરથી અભડાઈ છે સૌની નાસિકા
ન કેમ કોઈને આવી ફકીરની ખુશ્બૂ

ફક્ત એ આશમાં છે શ્વાસનું આવનજાવન
કોઈ તો લાવશે ક્યારેક પીરની ખુશ્બૂ

સુગંધ મીરની આવી રહી ભજનમાંથી
ગઝલથી આવી રહી છે કબીરની ખુશ્બૂ



સ્વાસ્થ્ય અને અધ્યાત્મ – ૨

☐ ડૉ. સેજલ સંઘવી

મનુષ્યની ઉત્પત્તિ એક ચોક્કસ ઉદ્દેશ્ય સાથે સાકાર થઈ છે. જો એ પોતાના હોવાપણાના ઉદ્દેશ્યને જાણે તો એના તરફ પ્રવૃત્ત થઈ શકે છે. વર્તમાનમાં આ ઉદ્દેશ્ય વિષે મનુષ્ય લગભગ અજ્ઞાન, અભાન છે. એટલે કે મનુષ્ય હાલમાં ઉદ્દેશ્ય વિના, ધ્યેયહીન ભટકે છે. આ ભટકવાની પ્રક્રિયામાં સતત ગતિ છે પણ ધ્યેય નથી. આ ભટકવું શેના માટે છે? સંતોષ, શાંતિ, આનંદ, સ્વસ્થતા અને સાર્થકતાને પામવા માટેની ઝંખના મનુષ્યને ભટકાવે છે. પ્રત્યેક મનુષ્ય આ સંતોષ, શાંતિ, આનંદ, સ્વસ્થતા અને સાર્થકતાને ઝંખતો કેમ હોય છે? કેમ કે આ સર્વ કાંઈ આત્માનાં મૂળભૂત લક્ષણો છે. તેથી તેને પામવાની ઝંખના પ્રત્યેક મનુષ્યમાં સતત રહે છે. સ્વના આ મૂળભૂત સ્વરૂપને જાણવાથી, એના વિષેના બોધથી, એને અનુભવવાથી અને એને પામીને સ્થાયી રીતે પ્રસ્થાપિત કરી શકાય છે.

આ શરીર એ આત્માનું નિવાસસ્થાન છે. શરીર દ્વારા જ આત્મા પોતાનો બધો વ્યવહાર કરે છે એટલે આ શરીરને સ્વસ્થ રાખવાથી, એના હોવાપણાના બોધને પામવાથી સ્વની અખંડ, શાશ્વત સ્થિતિને પામી શકાય છે. શરીર સારું હોય ત્યારે જીવ અથવા આત્મા એમાં પ્રસન્નતાપૂર્વક રહી શકે છે, શરીર જો રોગિષ્ટ છે, નબળું છે તો આત્મા અથવા જીવ યથાયોગ્ય વ્યવહાર નથી કરી શકતો. નબળા, રોગિષ્ટ કે વ્યાધિવાળા શરીરથી આત્મસાક્ષાત્કાર પણ નથી સંભવી શકતો. શરીર સ્વસ્થ છે, સ્થિર છે, શરીરનું આરોગ્ય જળવાયેલું છે તો આત્માનુભૂતિ સુવ્યવસ્થિત, સહજ રીતે થઈ શકે છે. માટે શરીર આરોગ્યવાળું તથા સ્વસ્થ રાખવું એ આત્મકલ્યાણની જ પ્રવૃત્તિ છે.

શરીરના ઉદ્‌ભવને જાણવાથી; શરીરની સ્થિતિ સમજવાથી તથા કેળવણીથી થતા બોધ દ્વારા આત્મસાક્ષાત્કારના માર્ગે પ્રમાણભૂત રીતે પ્રસ્થાન થઈ શકે છે.

કુદરતની રચના શરીર છે અને એના દ્વારા કુદરત આપણને આત્મ ઉદ્ધાર કરાવે છે. આપણે માનવ નિર્મિત મંદિરો, દેવાલયો, પૂજાનાં સ્થાનોનું અવલંબન લઈને આત્માને ઓળખવા, પામવાની પ્રવૃત્તિ કરીએ છીએ એમાં કંઈ ખોટું નથી પણ દેહના અવલંબન દ્વારા આત્માને પામવો વિશેષ સુગમ છે. દેવાલયો, મંદિરો, પૂજાનાં સ્થાનો મનુષ્યે પોતાની સૂઝબુઝથી બનાવ્યાં છે, કુદરત પાસેથી પ્રેરણા પામીને બનાવ્યાં છે તેથી એમનો ઉપયોગ હિતાવહ જ છે તેમ છતાં કુદરતે જ નિર્માણ કરેલી રચના એટલે કે આપણા દેહનો ઉપયોગ કરવામાં આવે તો એ આપણા માટે વધુ કલ્યાણકારી બની શકે છે કારણ કે એ કુદરતના સાંનિધ્યની ઘટના છે. આરોગ્ય એની પ્રક્રિયા છે, દેહ માધ્યમ છે, સાધ્ય આત્મકલ્યાણ છે.

॥ સ્વસ્થસ્ય સ્વાસ્થ્યં રક્ષણમ્ ॥

આ સૂત્રમાં જેના સ્વાસ્થ્ય વિષેની વાત થઈ છે એ આ દેહમાં વસનારા આત્માના સંદર્ભે જ છે. સ્વસ્થનો અર્થ થાય છે સ્વમાં સ્થિત હોવું, સ્વમાં અવસ્થિત હોવું. સ્વથી ચલિત થયેલી જે અવસ્થા અથવા અસ્વસ્થતા છે એ આધ્યાત્મિકતાનો લોપ દર્શાવે છે, અધ્યાત્મનું જીવનમાંથી થયેલ હ્રાસનું આ લક્ષણ છે.

સ્વાસ્થ્ય એ આત્માને મૂળ રૂપમાં, નિજ રૂપમાં સ્થિર કરવાની પ્રક્રિયાનું નામ છે. સ્વાસ્થ્ય કેળવવું એ માત્ર રોગ નિવારણ કે માત્ર શરીર અને મનનું આરોગ્ય જાળવવા પૂરતું જ નથી, સ્વાસ્થ્ય એ અમૃતને પામવાની પ્રક્રિયા છે. અમૃત એ માત્ર ઉપચારપ્રણાલી નથી, અમૃત એ સમગ્ર દર્શન છે. આ દર્શનમાં અનેક ઋષિમુનિઓનું

યોગદાન છે. અમૃત એ પરમતત્ત્વની પ્રાપ્તિ કરાવવા માટે સુંદર આયોજિત વ્યવસ્થા છે. મહર્ષિ પતંજલિએ પાતંજલ યોગસૂત્રના ચતુર્થપાદ - કૈવલ્યપાદના પ્રથમ સૂત્રમાં વર્ણવ્યું છે કે 'જન્મ, ઔષધિ, મંત્ર, તપ અને સમાધિ' આ પાંચમાંથી કોઈપણ પ્રકારે સિદ્ધિ અર્થાત્ લૌકિક સિદ્ધિ હોય, દૈવિક સિદ્ધિઓ હોય કે આધ્યાત્મિક સિદ્ધિ હોય એ સર્વ સિદ્ધિઓ સંભવે છે. આ સૂત્રના બીજા શબ્દમાં ઔષધિ એમ જ ઉલ્લેખ થયો છે. એ જ અમૃતના વ્યાપક પરિમાણને વર્ણવવા માટે પૂરતું છે અને તેથી જ આપણે એ સમજી શકીએ, સ્વીકારી શકીએ કે બીજી બધી પદ્ધતિઓ માત્ર શરીરના રોગ નિવારણનું અથવા શાતા પહોંચાડવાનું કે પછી શરીરનું આરોગ્ય જળવાયેલું રહે એ પૂરતાં જ સીમિત ઉદ્દેશ્યથી કામ કરી રહી છે, જ્યારે અમૃતનો ઉદ્દેશ્ય, મનુષ્યજીવનનો ઉદ્દેશ્ય, રોગ નિવારણથી લઈને આત્મસાક્ષાત્કાર સુધીનાં પરિણામો પમાડવા માટે માર્ગદર્શન, સહયોગ પૂરો પાડે છે. આ દૃષ્ટિએ આયુર્વેદનું પ્રયોજન, ઉદ્દેશ્ય એ માત્ર કોઈ ઉપચાર પ્રણાલિ નથી, એક પૂર્ણ દર્શન છે. રોગ નિવારણથી લઈને આત્મસાક્ષાત્કાર સુધીનું પરિમાણ એમાં સમાવિષ્ટ છે. સ્વાસ્થ્યનું પ્રયોજન સ્વમાં સ્થિત થવું છે. ચેતનાનું જાગૃત થવું છે.

ચેતના 'સત્ત્વ, આત્મા તથા શરીર' એમ ત્રણ દંડથી બનેલ છે. ચેતનાને જાગૃત કરવા, સ્વસ્થ થવા આપણે પ્રથમ શરીરની સમજણ કેળવીએ. શરીરનો ઉદ્ભવ છે. સ્થિતિ છે અને ક્રિયાઓ છે. આપણે આ શરીરનાં ઉદ્ભવને ઓળખીએ, એની સ્થિતિ એટલે કે હોવાપણાને જાણીએ અને ક્રિયાઓ દ્વારા કેળવણીથી બોધ પામીએ અને બોધ દ્વારા વ્યવહારને સાધી, સ્વ અસ્તિત્વને સાર્થક કરીએ. સૌ પ્રથમ આપણે આ બધાની પ્રાથમિક સમજ લઈએ.

કુદરત એક વિશિષ્ટ ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે સંકલ્પ દ્વારા સૃષ્ટિની રચના કરે છે, એનું નિયમન કરે છે અને કાળક્રમે એનો વિનાશ સર્જે છે. એને સામાન્ય અર્થમાં મનુષ્ય લીલા સ્વરૂપે જાણે છે. આ લીલા દ્વારા સૃષ્ટિના 'હોવાપણાનો' એ સંકેત આપે છે. આ સમગ્રતાને સમાવી લેતું હોવાપણું એ સ્વ અસ્તિત્વ છે જેને સમાધિસ્થ અવસ્થા દ્વારા જાણી શકાય છે એમ મનાય છે. શાસ્ત્રોમાં ઉલ્લેખ છે તુરીય અને તુરિયાતીત અવસ્થા. જે મહાન અને અવ્યક્તને અનુભવે છે. આ જે હોવાપણાની વાત થઈ રહી છે એ અહંકાર છે. જે 'હું છું' તે. સ્વનું અસ્તિત્વ.

સ્ત્રી અને પુરુષના મિલનથી એટલે કે અગ્નિ અને સોમના મિલનથી જે

ઊર્જા ઉત્પન્ન થાય છે એ ઊર્જા એ સ્વ અસ્તિત્વમાં માતા-પિતાના સંયોગના એ સમયની અંત:કરણની સ્થિતિ પ્રમાણે તથા જીવના પોતે જકડી રાખેલા સૂક્ષ્મ સંસ્કારો પ્રમાણે સત્ત્વ, રજ અને તમ ગુણ દ્વારા પાંચ તન્માત્રાઓની સહાયથી; એકાદશ ઇંદ્રિયો, બુદ્ધિ અને પંચ મહાભૂતની સૂક્ષ્મ રચના દ્વારા સ્થૂળ એવું પિંડ બાંધે છે.

શરીરની રચના પિંડ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર; આવી એક સામાન્ય સમજણથી થયેલી છે. પિંડમાં શરીરની રચના અને ક્રિયાઓ ઉદ્દેશ્યપૂર્તિ માટે એકબીજા સાથે સંલગ્નતાથી થતું કાર્ય, એની અખંડતા, એકબીજા સાથેનો તાલ અને લય એ સૃષ્ટિનું મહદ્‌માંથી સૂક્ષ્મનું સર્જન છે એટલે કે શરીરની પ્રણાલિઓને અને એની સાથે પૂર્ણ થતા હેતુને સમજીએ તો સૃષ્ટિની અખંડતા સાથે, મહાનતા સાથે કુદરતનો પરમ ઉદ્દેશ્ય પણ પ્રાપ્ત થઈ શકે એમ છે જેને આપણે આગળ સમજીશું.

૧૦ ઇંદ્રિયો એ સૃષ્ટિનું અણમોલ સર્જન છે જેના દ્વારા મનુષ્ય પોતે જગતને એટલે કે સમગ્રતાને પામી શકે છે. ઇન્દ્રના સામ્રાજ્યની સાર્થકતા જે પૂર્ણ કરે છે, જે સંભવિત કરી શકે છે તે ઇંદ્રિયો. મનુષ્યશરીરમાં દસ ઇંદ્રિયો વર્ણવી છે, પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેંદ્રિયો. આ ઇંદ્રિયોનો સીધો સંબંધ પંચ તન્માત્રા સાથે છે. આ ઇંદ્રિયો દ્વારા સમગ્રતાને કઈ રીતે પામી શકાય એ આપણે આગળ સમજીશું.


મનને અતિંદ્રિય કહ્યું છે. તે ઉભયમાં છે એટલે કે જ્ઞાનેંદ્રિયમાં પણ કાર્ય કરે છે અને કર્મેંદ્રિયોમાં પણ કાર્ય કરે છે. મન જે છે તે ઇંદ્રિયોનો સંચાલક સારથી છે. આ 'કેળવાયેલા' મન દ્વારા જ ઇંદ્રિયો અને પાંચ મહાભૂતોના શુદ્ધિકરણથી પંચ તન્માત્રાઓને (શબ્દ, સ્પર્શ, તેજ, રસ, ગંધ) દિવ્યતામાં પરિણમાવી શકાય છે એટલે કે દિવ્ય શબ્દ, દિવ્ય સ્પર્શ, દિવ્ય તેજ, દિવ્ય રસ, દિવ્ય ગંધ. મન જ સત્ત્વ ગુણ છે. મન દ્વારા જ બધું સત્ત્વ બને છે. કેવી રીતે? આગળ સમજીશું.

બુદ્ધિ જે છે તે સંકલ્પ - વિકલ્પ કરે છે. મન ઇંદ્રિયોને આદેશ આપે છે. બુદ્ધિ દ્વારા શરીર એ સંકલ્પ - વિકલ્પો રચે છે. બુદ્ધિને એના ખરા અર્થમાં મૂલવવાનું આજનો મનુષ્ય ભૂલી ગયો છે. બુદ્ધિ શું છે? આ શરીર સાત ધાતુઓ, ત્રણ દોષ, ત્રણ મળ તથા મન અને ઇંદ્રિયોના સંયોજનથી જે વ્યવહાર કરે છે તે બુદ્ધિ કહેવાય છે, જે સ્વયંમાં સ્થિત રહેવા માટે બદ્ધ છે, સ્વ અસ્તિત્વના ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે સંકલ્પ - વિકલ્પોનું આદાનપ્રદાન કરે છે તે બુદ્ધિ છે. જેને મનુષ્ય બહુ છીછરા સ્તર પર વાપરી રહ્યો છે.

ચિત્તમાં વૃત્તિઓ પડેલી છે. મનુષ્ય

જ્યારે કોઈ પણ પ્રકારની ક્રિયા-પ્રક્રિયાઓ કરે છે ત્યારે તે ક્રિયા-પ્રક્રિયાઓ કોઈ એક ચોક્કસ ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવા માટે હોય છે. અત્યારે સમજવા માટે એ ઉદ્દેશ્યને આપણે ભાવ (ગમો-અણગમો) તરીકે લઈએ. આ જે ભાવ છે તે મનુષ્યની વ્યક્તિગત વૃત્તિઓ પ્રમાણે એટલે કે લોભ, મોહ, ઈર્ષ્યા, ડર, ક્રોધ વગેરે પ્રમાણે, સામાન્ય સમજણ જે કહેવાય છે, એ મનુષ્યની પ્રકૃતિ ઘડે છે. જો ચિત્તમાં લોભની વૃત્તિ છે તો એ મનુષ્ય લોભની વૃત્તિને આધીન થઈને જ સંકલ્પ-વિકલ્પ, વેગ-આવેગ અને અભાન અવસ્થામાં પોતાની કહેવાતી પ્રકૃતિનું નિર્માણ કરતો જાય છે. ચિત્તમાં પડેલી આ આ વૃત્તિના બીજના પોતપોતાના સ્તર છે. પતંજલિએ કહ્યું છે કે ॥ યોગસ્ય ચિત્તવૃત્તિ નિરોધઃ ॥ એટલે કે ચિત્તમાં પડેલી વૃત્તિના સ્તર એ બીજ અવસ્થા, અંકુરિત અવસ્થા, પલ્લવિત અવસ્થા, પરિપક્વ અવસ્થા અને ફળીભૂત અવસ્થામાં છે. એને સમજીએ અને એનો નિરોધ કરી ચિત્તશુદ્ધિને પામીએ.

સત્ત્વ, રજ, તમસ દ્વારા નિર્માયેલા, સૃષ્ટિનું સ્વયં સર્જન એવા મનુષ્યની પોતાની સ્વ પ્રત્યેની જાગૃતિ ; એ 'હું છું', તે જ અહંકાર છે. હાલના જમાનામાં અહંકારનો અર્થ ભ્રષ્ટ કરી દેવાયો છે. ઈગોને અહંકાર કહેવામાં આવ્યો છે જ્યારે કે ઈગો એ અભિમાન છે. આ જે અહંકાર છે એ સૃષ્ટિની



વ્યાપકતા છે અને સૃષ્ટિની મહાન સર્જનશીલતાને સહજ માણવાની છે.

ક્રમશઃ જાગૃતિ, કેળવણી અને બોધ પમાયેલ પરિણામશીલતા દ્વારા આપણે અખંડ, અવિનાશી, શાશ્વત એવા 'કેન્દ્રમાં' રહેલા સ્વને પામીશું. અસ્તિત્વને ઓળખી, જાણી, એમાંથી બોધ પામી, કેળવણી દ્વારા વ્યવહારને સાધતાં જઈશું અને અમૃતને પામીશું.

અહીં જ્યારે આપણે અમૃતની વાત કરી રહ્યા છીએ; શાશ્વત, અમર એવા મનુષ્યમાં રહેલા ચિરકાળ અસ્તિત્વમાં, એનામાં રહેલી અપાર સંભાવનાઓને, એનામાં રહેલા અનંત સામર્થ્ય - શક્તિઓને જાણવાની, ખીલવવાની વાત કરી રહ્યા છીએ ત્યારે મહત્ત્વનો પ્રશ્ન એ છે કે આજનો પ્રત્યેક મનુષ્ય આધિ, વ્યાધિ, ઉપાધિ અને મૃત્યુના ભયથી ગ્રસ્ત કેમ છે? આ ગ્રસિત અવસ્થામાં દિશાહીન એવા ઉદ્દેશ્ય વિનાના પ્રવાહમાં તણાઈને એ શું પામી રહ્યો છે? રોગ અને મૃત્યુનો ભય એ જ સૂચવે છે કે મનુષ્ય પોતાની અવસ્થામાંથી વિચલિત થયો છે, સ્વમાં કેન્દ્રિત નથી, સ્વ અસ્તિત્વ સાથે સુસંવાદિત નથી. આ સુસંવાદિતતાને સમજવા માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણેય શરીરને જડતા, ભૂલભરેલી માન્યતાઓ, બંધ બેસાડાયેલ રીતિ રિવાજોની ઉપર ઊઠીને સમજવાની જરૂર છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ તથા મૃત્યુભયના મૂળભૂત કારણોને સમજવાની જરૂર છે તથા તે કઈ રીતે આધિ, વ્યાધિ અને ઉપાધિમાં પરિણમે છે, મૃત્યુના ભયને જન્મ આપે છે તે આપણે સમજતા જઈશું. આ અખંડતા અને એકત્વને સમજવા માટે પ્રત્યેક મનુષ્યે 'હૃદયની' સમજણથી પ્રયત્નશીલ રહેવું જોઈએ.

હાલનો આપણો જે કાંઈ પણ પ્રયત્ન છે તે વિભાજિત થયેલા અસ્તિત્વને એકત્રિત કરવાનો છે, રોગની અવસ્થાને તથા ચિકિત્સા પદ્ધતિઓને સમજતાં જઈને. ઘણી બધી ચિકિત્સા પદ્ધતિ અથવા પેથીઓએ અસ્તિત્વનાં કોઈને કોઈ પાસાં ઉપર પોતાની વિશિષ્ટતા દર્શાવી છે પણ સમગ્રતાને આવરી લેતી કોઈ એક પેથી આયુર્વેદ સિવાય હાલમાં પ્રચલિત નથી. અહીં આપણે આયુર્વેદનો ઉલ્લેખ કરીએ છીએ જે 'જીવન' વિષે નિર્દેશ કરે છે. એ મનુષ્યમાં આપવામાં આવેલા દેહની અંદર સુષુપ્ત પડી રહેલી ઈશ્વરીય શક્તિમાં એનું રૂપાંતરણ કરે છે.

સ્વાસ્થ્યને પામવાના પ્રથમ ચરણમાં સર્વાંગી નિદાન અને સર્વાંગી ઉપચાર પદ્ધતિનું હોવું અનિવાર્ય છે. નિદાન કઈ કઈ પદ્ધતિથી થવું જોઈએ? એ વ્યક્તિની અંદર રહેલી ક્ષમતા કેટલી ખીલી છે અને કેટલી ખીલવી શકાય એ જાણવું જોઈએ અને પછી વ્યક્તિને અનુરૂપ ઉપચારપદ્ધતિ અપનાવવી જોઈએ કારણ ઉપચાર વ્યાધિનો નથી કરવાનો, ઉપચાર વ્યક્તિનો કરવાનો છે. **[ક્રમશઃ]**



વાર્તા બનતી નથી

☐ પન્ના ત્રિવેદી

અંદરના ઓરડામાં એક ઊડતી નજર ફેરવી. સાસુમા હજી ઘસઘસાટ ઊંઘતાં હતાં. સસરાજી અને એ એમના સાઈટના કામમાં, ગમે ત્યારે જાય ને ગમે ત્યારે આવી ધમકે. કશું નક્કી નહીં.

દિવાળીના દિવસો થકવી નાખે એક રીતે. ઘરના માળિયા સિવાય મોટા ભાગના ઘરની સાફસૂફી પતી ગઈ છે આમ તો. નક્કી જ કર્યું છે, આ દિવાળીએ એક વાર આંખ મીંચીને નકામું બધું જ પધરાવી દેવું છે

ભંગારમાં. બપોરે માંડ જરીક નિરાંતનો સમય મળે. થોડું થોડું કરીને પતાવી નાખવાનું. બીજું શું? બે દા'ડામાં માળિયું થઈ જાય તો નવનિરાંત.

મેં ફરીથી અંદરના ઓરડામાં ડોકિયું કરી લીધું. સહેજ પણ ખખડાટ ન થાય એ રીતે પેટી નીચે ઉતારી. પરણીને આવેલી ત્યારની પડી છે એક ખૂણે. માળિયા ભણી નજર જાય કે તેની કંઈ વાત નીકળે કે તરત જ એમનો પિત્તો જાય: 'જાણે શુંય દલ્લો ભરી લાવી હોય... ફેંક આ બધું.' સાંભળતાંવેંત એટલું લાગી આવતું કે... પણ બારમી નાપાસ એમને ક્યાં ખબર પડવાની છે કે એ દલ્લો જ તો છે મારો!

આંકડી ખૂલી કે નજર સીધી પાક્કા પૂંઠાવાળી જૂની નોટો પર જ ગઈ. ઉતાવળા હાથે એક નોટ ઉઠાવી લીધી. પીળા પડી ગયેલાં પાનાંને જોતાં જ આંખમાં સફેદ રંગની ચમક પથરાઈ ગઈ. ક્યાં ખબર હતી કે એકત્રીસ વર્ષેય જિંદગીના એ દિવસોમાં પાછા ફરી શકાતું હશે? અચાનક જિંદગીનું વીસમું વર્ષ ખૂલી ગયું - મીરાં પટેલ. ટી.વાય.બી.એ. વિષય ગુજરાતી. પેપર - ટૂંકી વાર્તાનું સ્વરૂપ. રોલ નંબર ૨૧. પ્રા. જોશી સર.

અધીરી આંગળીઓનાં ટેરવાં ભૂરા રંગની શાહી પર ફરવા માંડ્યાં. શબ્દોની આંગળી પકડીને હું એકાએક વર્ગખંડમાં પહોંચી ગઈ.

૧. ઘટના

ઘટના? પહેલી બેંચ પર મારી જમણી બાજુએ શૈલી બેઠી છે. જોશી સર ટૂંકી વાર્તાનું સ્વરૂપ ભણાવી રહ્યા છે. તેમનો એક એક શબ્દ હું ધ્યાનથી નોંધી રહી છું: જિંદગી સપાટ હોતી નથી. સ્થૂળ કે સૂક્ષ્મ ઘટનાઓ ક્ષણે ક્ષણે ઘટતી રહે છે. આવી સામગ્રી જ સર્જકના હાથે કળામાં રૂપાંતર પામે છે. ઘટના અર્થાત્ કે કશુંક ઘટે તે. સાદા શબ્દોમાં કહીએ તો કથાવસ્તુ, સામગ્રી. વાર્તાનો પિંડ બાંધવા માટેનું એક મહત્ત્વનું તત્ત્વ. સરની નજર આખા ક્લાસ પર ફરીને છેલ્લે મારા પર સ્થિર થઈ ગઈ. હું તો કાળા કાળા બ્લેક બોર્ડ પર બીજી જ કોઈ ઘટના જોતી હતી.

ઘટના? કન્યાશાળામાં સાહેબ આવવાના હતા, ઇન્સ્પેક્શન માટે. ત્રીજા ધોરણમાં ભણતી હતી ત્યારે. ક્લાસની બધી છોકરીઓ સફેદ રંગનું ઝૂલ ઝૂલવાળું ફ્રોક પહેરીને પરી બનેલી. પાછળ થર્મોકોલની બે પાંખો લગાડેલી. એક હાથમાં તારો પકડીને બીજો હાથ હવામાં લહેરાતો રાખીને આકાશમાંથી નીચે ઊતરતી હોય એવો આભાસ સર્જીને ગીત ગાવાનું હતું. ડાંસ પૂરો થયો. સ્ટેજ પર કોઈક છોકરીની માથામાં નાખવાની પતંગિયાવાળી પિન પડી ગયેલી. પિન પર રંગબેરંગી ડાયમંડ

હતા.' કોઈ કોઈનું કશું કશું ખોવાયું કે...?' ઊભેલી બધી છોકરીઓને ઉખાણાની જેમ મેં કંઈક રુઆબમાં, લાંબા લહેકામાં રાગડો તાણી તાણી પૂછી જોયેલું. કોઈ કશું બોલ્યું જ નહીં. 'હશે, જેની હશે તે આવશે લેવા' વિચારીને તરત પિન ખિસ્સામાં સરકાવી દીધેલી. જોકે મનમાં તો એમ જ કે પિન કોઈ લેવા ન આવે તો સારું. પણ ઘેર પહોંચતાં જ પપ્પાએ તરત કહેલું: 'જે આપણું હોય જ નહીં તે આપણાથી લેવાય જ કેવી રીતે? કાલે બેનને આપી દેજે.' બદલામાં બીજા દિવસે 'ઓનેસ્ટ ગર્લ'નું પ્રમાણપત્ર ને પૂરા પચીસ રૂપિયાનું ઇનામ મળેલું. એ ઇનામમાંથી કેટલી બધી પિનો લઈ આપેલી મમ્મીએ?

પણ... વીસ વર્ષે? વીસ વર્ષે પણ ક્યાંકથી નિરીક્ષક 'સાહેબ' આવેલા. ના, સ્થળ કન્યાશાળા નહીં, મહેતાની પોળ. સાંકડી ગલીના એ નાનકડા ઘરમાં ઊછળી ઊછળીને મારા સદ્ગુણો જે રીતે ગણાવાઈ રહ્યા હતા કે આપણી બંને આંગળીઓના વેઢા ઓછા પડે. કોઈ ઝવેરીની કીકીઓ નખાવીને આવ્યા હોય તેમ સાહેબની બે આંખોએ ઇંચ ઇંચ નિરીક્ષણ કર્યું. છેલ્લે મોંમાં મીઠાઈનો ટુકડો નાખી પોતાના એકના એક નબીરા માટે 'હા' ભણીને ગયેલા. કોઈ અજાણ્યો ભાર ઉતારતાં હોય એમ મામી ભાર દઈ દઈને કહેતાં હતાં કે આવું ઘર તારા નસીબમાં ક્યાંથી? મોટું માથું ને મોટા લોક. પણ માથું મોટું હોય તેથી શું? ભલેને લોકો 'સાહેબ' કહેતા હોય, મોંઘી મોંઘી ગાડીઓમાં ફરતું એ ખાનદાની લોક દાન-ધરમ અને પુણ્યમાં અવ્વલ ગણાતું હોય... પણ પપ્પા જીવતા હોત તો ઘસીને ના જ પાડી દીધી હોત. પોતાના ભાઈને ઘેર ઓશિયાળી થઈને એક ખૂણે બેઠેલી, કંતાઈ ગયેલી મમ્મી ઝીણું ઝીણું ના-ના બડબડતી હતી પણ મામાના ઊંચા ઘાંટામાં તેનો ઝીણો ઝીણો અવાજ 'લવરી'માં ખપી જઈને સાવ મૂક થઈ ગયેલો. છેવટે 'લગ્ન' નામની એક ઘટના ઘટી ગયેલી.

જોશી સરે છેલ્લી બેંચ પર ખી-ખી કરતી છોકરીઓને જરાક કડકાઈથી ટોકી: 'કોઈ ઘટના ઘટી ગઈ છે ત્યાં? ધ્યાન આપો આ બાજુ. નહીંતર શૂન્ય માર્કની ઘટના ઘટતાં પણ વાર નહીં લાગે.' તેમના ઊંચા અવાજથી વર્ગમાં એક સન્નાટો છવાઈ ગયો. સરે આગળ ચલાવ્યું : 'જોકે છેક એવું નથી કે કોઈ ભારેખમ ઘટના હોય તો જ વાર્તા બને. ગુજરાતી ટૂંકી વાર્તા વિભાવનામાં એ અંગે એક મહત્ત્વનો વળાંક લાવનાર તે સુરેશ જોષી. ઘટના હોવી જ જોઈએ એમ નહીં, પણ ઘટનાહ્રાસની વાત. ઘટનાનો સદંતર લોપ નહીં પણ તેની સ્થૂળતા ઓગાળીને આલેખવાની એક

વિશિષ્ટ રીત.'

શૈલીએ કોણી મારીને લોબીમાં પાછળ હાથ રાખીને આંટા મારતાં સ્થૂળકાય પ્રિન્સિપાલ બહેન ભણી એક રમતિયાળ ઇશારો કર્યો અને નોટ સહેજ મારી તરફ રાખીને તેના છેલ્લા પાને લખ્યું: 'લાગે છે આ જાડીના જીવનમાં કોઈ ઘટના ઘટી જ નથી! આની સ્થૂળતા ઓગાળવાની શું રીત છે પૂછને સરને!' વાંચીને એટલા જોરમાં હસવું છૂટી ગયું કે સર ભણાવતાં ભણાવતાં ફરીથી અટકી ગયા. ભવાં ચડાવીને મને તરત ઊભી કરી, પૂછ્યું: 'શેની ચર્ચા ચાલે છે? છેલ્લું વાક્ય શું હતું મારું? ઘટનાહ્રાસ અને ઘટનાલોપ વચ્ચે કોઈ ફરક ખરો?' આંખો ભીંત પર ખોડાઈ ગઈ. સારું થયું રિસેસનો બેલ વાગી ગયો નહીં તો એ દિવસે બાર વાગી ગયા હોત.

ઘટનાહ્રાસ? તેનો અર્થ તો છેક આટલાં વર્ષે જ સમજાયો. આંખ સામે ઓરડાની લીસી લીસી દીવાલ હતી પણ સામે સર નહોતા. પેલી ઘટી ગયેલી ઘટનાને ઓગાળી ઓગાળી તેનો હ્રાસ કરવા કેટલો પ્રયાસ કર્યો પણ. બહેનપણીઓથી લઈને આસપડોશ કે સગેવહાલે બધાંને જ ખબર છે કે મેં તો કદી દુપટ્ટાના મેચિંગમાંય ઓગણીસ-વીસ નથી ચલાવ્યું. જોકે કપડાંના રંગો અને જિંદગીના રંગો વચ્ચે ફરક હોય છે તે તો હુંય સમજુંને? લગ્નના બજારમાં દસ-વીસનું સમાધાન કરવું જ પડે પણ મૂલ્યોમાં સમાધાન?... નાનું ઘર, ઉપર અડધી ખુલ્લી અગાશી, સફેદ ચાદર પાથરેલાં ગાદલાં પર પડ્યાં પડ્યાં ચાંદ-તારા જોવાનો રોમાંચ ને ગાદલું પાથરતી વખતે ફારુખ શેખ અને દીપ્તિ નવલની જેમ 'યે તેરા ઘર યે મેરા ઘર, કિસી કો દેખના હો ગર તો પહલે આકે માંગ લે મેરી નઝર તેરી નઝર...' ગીત ગણગણવાનું એક નાનકડું સપનું. મોટા ઘરના મોટા દરવાજામાં પેસતાં પેસતાં હાંફી જઈને છેવટે એ મરી જ ગયું: 'ઓ... ભાષણ આપવા ન બેસીશ પ્રામાણિકતાનું. ભણેલી છે તેનો રોફ બતાડે છે એમ? રાતોરાત સક્સેસફુલ બિલ્ડર કંઈ એમનેમ બનાય છે? કાળાં કામો ધોળા અજવાળામાંય કરવાં પડે. એ માટેય સ્કિલ કે અક્કલ જોઈએ. કોમ્પિટિશન કેટલી છે ધંધામાં? જમાનો જ મિલાવટનો છે. માણસના લોહીમાં જ મિલાવટ દોડતી હોય તો ધંધામાંય કરવી પડે કે નઈ?' એમણે ચશ્માં સાફ કરતાં કરતાં કહેલું.

ચશ્માં વિનાની મારી આંખોને ચોખ્ખુંચટ્ટ દેખાતું હતું, બધું જ. આથમતા અજવાળે પોતાના માલિક માટે મોકળાશ કરી આપતો લાચાર ભીખલો ને તેની ખોરડીમાં પીંખાતી તેની સ્ત્રીની ચીસોય કાન તો સાંભળતા જ હતા. 'આ તો એક. આંખ સામે જ.

પણ આ કંઈ એક જ થોડી છે? આવી તો કેટલીય...' ફુસફુસાટ સંભળાતો. કાયા કંપી ઊઠતી. સવાર પડતાં વળી મા-બેનની ગાળો ખાતાં નીચી મૂંડીએ ઊભેલાં એ જ મડદાંઓ... જોકે સસરાની ગાળો તેમના ઘરના કાનોમાંય પડવાની જ હતીને? મમ્મીના ઘરમાં વાગતાં પ્રભાતિયાં કે ગાયત્રીમંત્ર અહીં ક્યાંય નહોતાં. ટીવી સમાચારોમાં એક વાર બિલ્ડિંગ તૂટી પડતું જોયેલું. તરત ભીતર ચીરી નાખતી ચીસો અને નનામીઓએ મને ઘેરી લીધેલી. પૂછતી'તી- આ હત્યાઓના પાપમાં અડધો ભાગ તારોય ખરો જને? દિવસો સુધી અજંપો રહ્યા કરતો. લગ્ન નામની એ ભારઝલ્લી ઘટનાનો સાવ લોપ જ કરી નાખવો હતો. સદંતર લોપ ના થાય તો કંઈ નહીં પણ એવું કશું ઘટ્યું જ નથી એમ માની માનીને, યાદ ન કરી કરીને છેવટે હ્રાસ થઈ જાય તો કેટલું સારું! કેટલું મથી પણ ઘટના ઓગળતી જ નથીને સર!

મેં બળપૂર્વક આંખો મીંચીને તરત ખોલી. બીજું પાનું ઊઘડ્યું - પાત્રો.

વીસ વર્ષ પહેલાં જે લખેલું તેને ધારી ધારીને વાંચ્યું. ટૂંકી વાર્તામાં પાત્રો નવલકથાની જેમ પ્રલંબપટ પર ફેલાયેલાં હોતાં નથી. મર્યાદિત ફલક, ઓછાં પાત્રો.

પાત્રો? સંખ્યા આમ તો મર્યાદિત જ કહેવાય વળી - સાસુ, સસરા ને એ. ઈન મીન ને તીન. સાસુ બિચારી આઠ ચોપડી ભણેલી છે. તે કંઈ બોલે કે તરત જ પાછળ એક જાડો, કર્કશ ઘાંટો ધસી આવે છે -'ચૂપ! મૂંગી મર. તું તારું રહોડું સંભાળી જાણ. આઠ ચોપડી ભણેલાં બૈરાં શું જાણે ધંધાપાણીની આંટીઘૂંટી? દોઢ ડહાપણ કરવાનો શોખ કુટુંબમાં કોઈના લગનટાણે લૂગડાંના વે'વારમાં કે બૈરાંઓ માટેનાં વરત ટાણે કરી લેવાનો'. તે સાસુ તો મૂંગી મરીને જ જીવતી હતી. ને હું? પાત્ર તો ખરી જ વળી! મોટા લોક વચ્ચે ને મોટાં માથાંની હાજરીમાં તો સસરા માટે ઘરની લક્ષ્મી. 'દેવી'. તે દેવી એમ કંઈ પળે પળે ફટ્ટ દઈને ઓછી જ દેખાઈ જાય? ઘરમાં ઘૂમતી રહે તોય કોઈને ન દેખાય. કદાચ ગૌણ પાત્ર? ક્યારેક સૂચિત પાત્ર. પાત્રો તો ઓછાં જ વળી. પણ કોણ જાણે એ ધાકની અસર જ એવી છે કે માનસપટ પર ફેલાયેલાં રહે છે રાત-દિન.

ભીની આંખો ફરી નોટ ભણી ગઈ. પાત્રોની નીચે લખ્યું હતું - પરિવેશ.

શબ્દ હજી વાંચ્યો જ હતો કે બેઠકરૂમમાંથી એક તીખી તમતમતી રાડ સંભળાઈ. રાડની પાછળ પાછળ એક ગાળ પણ ધસી આવી. અચ્છા, તો એ લોકો આવી ગયા હતા! નોટ એમ જ મૂકી દઈને હાંફળી હાંફળી બેઠકરૂમમાં ગઈ. તે લોકો ઉતાવળમાં હોય એવું લાગ્યું. એમના જમણા

હાથમાં વાઘના મોંવાળું કિચેઈન ગોળ ગોળ ફરતું હતું. ને ડાબા હાથમાં એક ફાઈલ હતી. મન થડકાર ચૂકી ગયું. એમની પાછળ ઊભેલા સસરાએ ધીમેથી કહ્યું: 'કાલની એપોઇન્ટમેન્ટ લઈ લીધી છે ડોક્ટરની. કાલે રાતે જમીને બતાવી આવજો. ઓળખીતા છે એટલે બીજી કોઈ લપ કે ભય નથી. આ ઘર છે કે રણ? કિલકારી સંભળાવી જોઈએ. મારા બેટા! બેમાંથી કોઈ કશું બોલતું નથી સમાચાર ક્યારે આપો છો? છોકરી આવે તોય આમ તો કંઈ નહીં. લોકોય સુધરી ગયા છે હવે તો. આપણે તો ઉજળિયાત લોક. જોકે ખાનાર તો જોઈશે જ પાછળ. આ ફેર છોકરી થઈ તોય છોકરો ન આવે ત્યાં લગી છાલ નહીં છૂટે એટલું યાદ રાખજે. પૂછને તારી હાહુને જ. તારો વર નહોતો જન્મ્યો એ પહેલાં ચચ્ચાર પડાવી નાખેલી ને છેલ્લા બે મરી ગયેલા. છેલ્લી ફેર તો ડોક્ટરે હાથ ઊંચા કરીને ના જ પાડી દીધેલી ઘસીને. પણ મેં તો કહી દીધું થવા દો જે થાય તે. લેવા દો જોખમ. અમારા કુળની હજ્જાર ખપ્પરવાળી મા બેઠી છે. ને જુએ છેને તું? છેને ગલગોટા જેવો તારો ધણી. ને બેઠી છે સાજીનરવી ડોહીય ઘરમાં. એમ ત્યારે. બસ ગમે તે કરો. મેદાન હર્યુંભર્યું જોઈએ. કશીક ખબર આવવી જ જોઈએ.' છેલ્લા વાક્યે બે આંખો મોટી થઈ ગઈ.

અચાનક ગભરામણ થવા માંડી. નજર ખસેડી લઈને હું ઓરડાના ખૂણે પાણીમાં મૂકેલી મનીપ્લાન્ટની વેલ તરફ તાકી રહી. લીલ બાઝી ગયેલા ગંધ મારતા પાણીમાં તેનાં મૂળ કહોવાઈ ગયેલાં. કહોવાટની ગંધ ઊંડે ઊંડે પ્રસરતી જતી હતી. અચાનક એમને કશું યાદ આવ્યું તે વળી બોલ્યા; 'સાંજે શક્તિસિંહને ત્યાં જવાનું છે, સપરિવાર. સાલો મગ્ગર નવો કોન્ટ્રાક્ટ ગળી ગયો! તે જડબું ફાડી ફાડીને ગાઈ-વગાડીને દેખાડશે. કટ્ટર દુશ્મન જ સમજ. એક દિવસ એવી આંટી મારીશ કે... પણ હમણાં તો તેની ખુશીમાં ખુશ આપણા જેટલું કોઈ નથી એવું બેસ્ટ પરફોર્મન્સ આપવું પડશે. સાંજે તૈયાર રે'જો બેય.'

એ લોકો ઠંડું પાણી પીને નીકળ્યા પણ મારા મનમાં લ્હાય બળવા માંડી. અચાનક પેલાં પ્રિન્સિપાલ બહેન યાદ આવી ગયાં. એમના જીવનમાં હશે કોઈ ઘટના આવી? ને શૈલી? ઘટનાહ્રાસ કે ઘટનાલોપ?

અંદર, સાસુ ધીમું ધીમું કશુંક બડબડતી હતી. કશુંક જોઈતું હોય એમ લાગ્યું. તેની ખાલીખમ આંખો બારી બહાર તાકતી હતી. આજકાલ ભારે ડોઝની દવાના લીધે તેમની ઊંઘ જરા જરામાં તૂટી જાય છે. હું નજીક સરી. તેમના બંને હાથ મારા હાથમાં

લઈ લીધા. અમારામાં હૂંફ પથરાઈ ગઈ. પેલી પરીની બે પાંખો અત્યારે મારી પાસે હોત તો લગાડી આપી હોત સાસુમાને ને પછી ઉડાડી દેત તેમને ખુલ્લા આકાશમાં. તે વેળાએ ફિલ્મી ઢબે બોલી હોત - જા જી લે અપની ઝિંદગી. જી ભર કે ગા લે તેરે ગીત... જા, આજ સે તુમ આઝાદ હો. જોકે ઊડવા માટે માથે આકાશ નહોતું. હા, જમીન હતી કેટલાંય વીઘાં. હાઉસની સાથે બે ફાર્મહાઉસ. અમારા પગના કાન એમના આદેશને જ સાંભળવા ટેવાયેલા હતા. નહીં તો સંબંધોના આકાશમાં ખૂલીને ખીલ્યા ન હોત બે જીવો?

સાસુને ઊંઘાડી દઈ હું ફરી પોચા પોચા ગાદલા પર આડી પડી. આજે આ નોટમાં જ જીવ અટકી પડ્યો હતો. ખુલ્લી નોટનું પાનું ફરફર ઊડતું હતું. આંખ વાંચી રહી -

રચનારીતિ.

સામાન્ય રીતે વાર્તામાં આદિ-મધ્ય-અંત હોય છે. જે કહેવાનું છે તે સીધું નથી કહેવાતું. પ્રતીક દ્વારા. વ્યંજના વડે. કશુંક ગોપિત રાખીને કહેવાનું હોય છે. સંકેતો વડે. આમ તો કોઈપણ સાહિત્યકાર તેના સર્જનની સામગ્રી જીવનમાંથી જ મેળવતો હોય છે. બસ, તેને તે કેવી રીતે આપણી સામે મૂકે છે તે જ તો છે તેની કળા. ખરી રીતે જોઈએ તો અસાધારણ અભિવ્યક્તિ જ કોઈપણ સાધારણ માણસને મહાન કલાકાર બનાવે છે. કોઈપણ સાહિત્યિક કૃતિમાં શું કહેવાય છે અને કેવી રીતે કહેવાય છે આ બે જ મુદ્દા અત્યંત મહત્ત્વના છે. એટલે જે કંઈ કહેવાય છે તે કેવી રીતે કહેવાય છે તેની સૂક્ષ્મ તપાસ કરવી ઘટે. ગાલિબે એક શેરમાં 'અંદાઝે બયાં'ની જે વાત કરી છે અહીં પણ જોઈ શકાય.

સરના શબ્દો કાને અથડાતા હતા પણ તરત એક સવાલ શૂળની જેમ વીંધી રહ્યો -રચનારીતિ? મારી જીવનરચનાની રીતિ? જન્મ-જીવન અને મરણ એક રીતે આદિ, મધ્ય અને અંત. આ તો ઘર ઘર કી કહાની. નવું શું છે? જોકે છોકરીના દેહે જન્મતાં જ શું કહેવાનું છે અને કેવી રીતે કહેવાનું છે તે કંઈ નવી વાત થોડી જ છે? તો મારી રીતિ? ન તો આદિ, ન મધ્ય, બસ અંત જ અંત. જોકે એક વાર નહીં, ત્રણ ત્રણ વાર મામા-મામીને પ્રતીકોમાં, સંકેતોમાં, વ્યંજનામાં ને છેવટે મુખર રીતે આ ઘર અને આ લોકો વિશે કહેવાનો પ્રયત્ન કરેલો મેં. પણ પરિણામ તો એ જ રહ્યું: 'આમ રઈ જેટલી વાતમાં આટલી કાગારોળ મચાવાય કંઈ? ઘેર ઘેર કાગડા કાળા. બદલાયેલા જમાના સાથે બદલાવું પડે. ઘર કોને કહ્યું?'

ભાષા-

ભાષા? મુદ્દો વાંચતાં જ મારો એક

'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

જાહેરખબરના દર આ પ્રમાણે છે:

જાહેરખબરના દર

આખું પાનું (Colour)	રૂ. 9,000/-
આખું પાનું B/W	રૂ. 5,000/-
અડધું પાનું (Colour)	રૂ. 5,000/-
અડધું પાનું B/W	રૂ. 3,000/-
બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours)	રૂ. 11,000/-
પાછલું મુખપૃષ્ઠ	રૂ. 12,000/-

અન્ય વિગતો :

આખું પાનું

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

અડધું પાનું

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી.
બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક B/W જા.ખ. માટે 4 કલરની (રંગીન જા.ખ. માટે), સી.ડી.
છાપકામઃ કાગળની જાત ઉપર

હાથ અજાણપણે જ કાનને દાબી રહ્યો. મારા ઘરમાં અને આ ઘરમાં આમ તો એક જ ભાષા બોલાતી હતી - ગુજરાતી ભાષા. છતાં આ લોકોની ભાષા મને સમજાતી જ નથી અથવા સંભળાતી નથી. સવારે ઘરઆંગણે ઊભેલા મજૂરોના કાન કાનના કીડા ખરી પડે એવું એવું સાંભળે છે ત્યારે તેના અર્થો સમજાતા નથી મને. લાચાર અને કાયર મજૂરોની આંખો જ્યારે આંખ મેળવ્યા વિના તેમની વહુઓને એક રાતના સમાધાનનો અર્થ સમજાવે છે ત્યારે તેનો અર્થ પેલી અભણ બાઈઓને પણ નથી સમજાતો. ચૂંથાયેલી કાયાઓ ભાંડતી બેસી રહે છે કણસતી, વલવલતી ને પછી વેઠે છે તેમના મરદોનું ધણીપણુંય.

સ્કૂલમાં એક વાર એકપાત્રીય અભિનયની સ્પર્ધામાં મહાકાળી બનેલી. દૈત્યને પગ તળે કચડી પહોંચાડેલો મોતને ઘાટ. અત્યાચારો અને જુલમોનો અંત કરતી દેવી. તાળીઓના ગડગડાટ વચ્ચે લાલ લાલ લાંબી લાંબી જીભ બહાર કાઢી ઊભી રહેલી સ્ટેચ્યુની જેમ, પડદો પડી ગયા પછીય.

પણ આ પડદા પાછળ? અધર્મી કુરુવંશની સેના સાથે ઊભેલી સ્ત્રી તે હું જ કે? 'અસ્ત્રી હોવાનો વાસ્તો' આપતી, સાચું બોલવાની 'દુહાઈ' દેતી એ ચૂંથાયેલી કાયાઓ સામે આંખ આડા કાન કરતી, 'ખાનદાની' ઘરની

તરફદારી કરતી ઊભી હતી તે હું જ હતી કે? તે દિવસે ખોળો પાથરી પાથરીને પેલી મજૂરણ કેટલું કરગરતી હતી મને? 'રાખસ'નાં કુકર્મોનો હિસાબ ગણાવતી'તી બાપડી. પણ મારી જીભ બહાર નીકળી જ નહીંને? ઠોયાની જેમ મૂંગી મૂંગી ભોંય તાકતી રહેલી. કોઈ જુએ નહીં તેમ જમણો પગ ઊંચકાઈ જતો હતો. પણ પગ તળે કોઈ અસુર નહોતો, મજૂરણના ધણીનું જીવતું મડદું હતું જાણે. જીભ કેમ ઊપડતી નહોતી? શબ્દો... અગણિત શબ્દો હતા આસપાસ. ભાષા તો છે જ પણ મારી ભાષા ક્યાં?

સાસુના અવાજે ઢંઢોળી. ઘડિયાળ સામે જોયું. ચાનો સમય થઈ ગયેલો. નોટ બંધ કરીને રસોડામાં ગઈ. આદું અને ફુદીનાવાળી ચા ઊકળી રહી હતી. અંદર પણ કશુંક ઊકળતું હતું - ઘટના, ભાષા, પાત્રો બધું જ તો છે! એક મજાની વાર્તા લખાય. જોકે કદાચ 'મજાની' તો નહીં જ લખાય. ચા આપવા ગઈ ત્યારે જ વળી તેમણે યાદ અપાવ્યું, સાંજની પાર્ટીનું. સાસુ માટે એક સરસ સાડી કાઢી આપી. તૈયાર થઈને બહાર જવાનું હોય ત્યારે તેઓ કેટલા ઠસ્સાદાર લાગે છે? મોં પર થોડુંક તેજ આવી જાય છે. માંડ માંડ હસું હસું રાખેલું મોં જોઈને મારું મન ખીલી ઊઠે છે.

લાલ રંગની ચમકતી કારમાં ગોઠવાઈ ગયાં. 'આવો આવો. ઓહો... આહા... વાહ... વાહ...' ચાલતું હતું. સસરાનો હાથ સાસુમાના ખભે હતો - જનમ જનમના સાથી. ઘૂંટણના દુખાવાને કારણે 'કેર' કરતા સસરાએ જાતે જ તેમની પ્લેટ બનાવી. ને એ? ઘરમાં જે પાણી પીને પવાલુંય ખસેડતા નહોતા તેમણે પાણી લાવીને હાથ પણ ધોવડાવી આપ્યા. કોઈએ ટીખળ પણ કરી- 'ઝમાના તો હૈ નૌકર બીવી કા....' જવાબમાં 'જોરુ કા ગુલામ... હોમ મિનિસ્ટર... જી હૂકમ માલિક..' ખડખડાટ હસતા ચહેરા. એક ક્ષણ તો હું મારા જ અવાજ અને હાસ્યથી બી ગઈ.

બધા જ પાર્ટીના સંગીતમાં ગુલ હતા. નોટ બંધ કરતી વખતે ભાષા પછીના મુદ્દા પર અછડતી જ નજર ગયેલી તે શબ્દ હવાના કણ કણમાં દેખાવા લાગ્યો - જૈવિક સંવાદિતા.

સંવાદિતા? તમામ ઘટક તત્ત્વો એકમેક સાથે રસાઈ-સંયોજાઈને આવવા જોઈએ - યુનિટી. હા... પ્રેમ-પરવા-ત્યાગ-માન-સન્માન-સુખ-હૂંફ બધું જ તો છે આ અસંખ્ય આંખો સામે. મેડ ફોર ઈચ અધર. તો શું ખૂટે છે?

શરીર તૂટતું હતું કે હું તૂટતી હતી અંદરથી અવાજ વિનાની? કાલ સાંજ પડે તે પહેલાં તો રાત ઊતરી આવી માથે.

રાતે, માથે એમનો હાથ ફરતો

હતો અને તેમનો અવાજ અંદર શૂન્ય ચીતરતો હતો - 'એક સહેજ અમથી વાત કરવાની છે તને. અપોઈન્ટમેન્ટ તો કાલની છે પણ ક્લિનિક નથી જવું. જવાનું કોઈ કારણ પણ નથી ને પરિણામ પણ નથી. બાપાને તો એમ જ કે તેમના ખાનદાનમાં 'મરદ' જ પાકે... પણ જો સાંભળી લે તો ઘરમાં ભૂકંપ લાવી દે. એટલું ખરું હોં! સંસ્કારી ઘરની છોકરીઓ તો અલગ જ માટીની બનેલી હોય છે. ધણી વાસ્તે દોષ માથે ઓઢી લેતાં કદી ડગે નહીં. મરી જાય પણ મોં ન ખોલે. માથા લગી ભરોસો છે કે તુંય એ જ માટીની. દોષ માથે ઓઢી લઈ એટલું જ કહી નાખવાનું તારેય કે ભગવાનની મરજી હશે તો એ દિવસો પણ દેખાડશે. બહુ બહુ તો વાતે વાતે બે કડવાં વેણ સંભળાવ્યા કરશે, લોક ખાલી કૂવો કહીને થોડા દા'ડા ફોલી ખાશે એટલું જને? પણ એ, એક કાને સાંભળ્યું ને બીજા કાને કાઢી નાખવાનું. બાઈઓને બનાવી છે જ ભગવાને કાઠા મનની, એકદમ વજ્ર જેવી. બધુંય ખમી જાણે. મન પર બહુ નહીં લેવાનું કશું. ચાલ હવે કે 'જોય શું જોઈએ તને? કાલે કયા મોલમાં જવું છે?'

ઓરડાનું અવાક અંધારું ઠરી ગયું -પણ હું ક્યાં પાણી વિનાની વાવ હતી?

અંધારામાં સરનો શબ્દ તગતગતો દેખાયો - રહસ્યગર્ભ ક્ષણ

રહસ્ય? ઊંચી ઊંચી લીસી લીસી દીવાલોવાળા ઓરડાની ભોંય આટલી કાચી માટીની હતી? આ રહસ્ય તો આ ક્ષણે, આ અંધારામાં જ સમજાયું સર... ધાર વિનાના બુઠ્ઠા વજ્રથી હું ઊભી ઊભી કપાઈ ગઈ જાણે. માણસો વચ્ચે મોટો માણસ થઈને ફરનારો મારો માણસ તો સાવ માટીપગો નીકળ્યો! ના, રહસ્યગર્ભ ક્ષણ એ નથી કે તે પાણી વિનાનો છે પણ મારા માટે રહસ્યગર્ભ ક્ષણ તો એ છે કે 'સહેજ અમથી વાત'નો ભાર ઊંચકવા જેટલીય તાકાત મારા માણસમાં નહોતી!

ભીતર, પીડાની એક નદી વહેવા માંડી. કશુંક અંદર ખળભળતું હતું. કદાચ કોઈ વાર્તા ડૂબતી ડૂબતી ઉપર આવવા તરવા તરફડિયાં મારતી હશે?

ઓરડાનું અંધારું મારી સાથે ઘટના, ભાષા, રીતિ, પરિવેશનેય ભરડામાં લઈ રહ્યું હતું. સ્વરૂપ ખંડ ખંડ હતું. અવાજોના ટુકડાઓ પણ વેરવિખેર હતા. સરના શબ્દો અત્યારે દઝાડતા હતા -બધાં જ ઘટકતત્ત્વો એકરસ થઈને અદ્‌ભુત રીતે સંયોજાય તો જ સુંદર વાર્તા બને.

કાશ! અત્યારે સામે સર હોત તો ચોક્કસ પૂછ્યું હોત મેં : ઘટના, પાત્રો, ભાષા, પરિવેશ, સંવાદિતા, રહસ્યગર્ભ ક્ષણ બધું જ તો છે પણ તોય વાર્તા બનતી જ નથી સર...

❑❑❑



ઉત્પલનું આમ અચાનક જવું

☐ કલ્યાણી ઉત્પલ ભાયાણી

16મી ઓક્ટોબરે ઉત્પલનું આમ સાવ અચાનક જતાં રહેવું એ દુર્ઘટનાએ મારા ને ઋચાના પાયા હચમચાવી નાખ્યા. કવિ બ્રહ્માનંદની પંક્તિઓ ''આ તનરંગ પતંગ સરીખો જાતાં વાર ન લાગે જી'' એ એના અર્થની પ્રતીતિ કરાવી દીધી. આજકાલના ડોક્ટરો દર્દીઓને જેમ તેમ કરી જીવાડવાના પ્રયત્ન કરતા હોય છે તો ઉત્પલને પણ એવી જ રીતે બચાવી લેવાશે એવી મારી માન્યતા કે માગણી, ઈશ્વરે મંજૂર ન રાખી. થોડોક સમય તો કિંકર્તવ્યમૂઢ જેવી મનઃસ્થિતિ રહી. પણ પછી કુટુંબના વડીલ તરીકે આપણે જ બધાંને સંભાળ્યા છે તો આપણા (પોતાના) પર આવેલી મુસીબતમાં પણ વડીલની ભૂમિકા નિભાવવી જ રહી.

છેલ્લા 17-18 વર્ષથી આધ્યાત્મિક સત્સંગ સાંભળું છું તેને આચરણમાં મૂકવાની ઘડી આવી છે તે જણાયું. ને મન પર સ્વસ્થતા મેળવવા પ્રયત્ન કરવા લાગી. આપણા ગુરુજીઓ, શાસ્ત્રો (શ્રીમદ્ ભગવદ્ગીતા) વિવેક ચૂડામણિ, ઉપનિષદો, વગેરે) મૃત્યુને, દેહાંતર પ્રાપ્તિને, જીર્ણ વસ્ત્ર બદલતાં હોય તે રીતે લેવાની વાત કરે છે, તો એ

શાસ્ત્રોના શ્રવણે તેમ જ પરમાત્માની કૃપાએ મને સ્વસ્થ રહેવામાં ખૂબ મદદ કરી. આ જગત પરમાત્માનું છે ને તેની મરજી ચાલે છે તો એની મરજીનો પ્રેમપૂર્વક સ્વીકાર કરવો એ જ સાધના છે. જગત દ્વંદ્વોથી બનેલું છે દ્વંદ્વની બીજી બાજુ તરફ પણ દૃષ્ટિ રાખવાનું સત્સંગ શીખવે છે.

ઉત્પલ અને મારો પરિચય અમારા કુટુંબના હિતેચ્છુભાઈએ કરાવી આપ્યો. પછી તો અમને બંનેને લાગતું કે We are made for each other. મને લેખકને પરણવાનો ગર્વ પણ હતો, કારણ કે પિયરમાં અમારાં પૂ. તારા ફોઈબાના સાંનિધ્યમાં શરદબાબુ ક. મા. મુનશી, ચુનીલાલ મડિયા, ધૂમકેતુ, ર. વ. દેસાઈ, રઘુવીર ચૌધરી વગેરેની નવલકથા તેમ જ વાર્તાઓનું નિયમિત વાચન થતું. લેખકો માટે મનમાં અહોભાવ જન્મતો.

મારું વેવિશાળ શ્રી હરિવલ્લભ ભાયાણી (સસરાજી) અને ચંદ્રકળાબહેન (સાસુજી)નાં ઘરમાં થયું તેને હું મારું સદ્ભાગ્ય માનું છું. લગ્ન પછી ઉત્પલને સમજવાની પ્રક્રિયા શરૂ થઈ. ઘણીવાર સ્વભાવ જરા આકરો લાગે પણ એક પ્રકારની મક્કમતા એના સ્વભાવમાં વણાઈ ગયેલી. એને અચળતા કહેવાય કે જીદ એ વિશે વિચાર કરવાનું મેં છોડી દીધું હતું. મુઠ્ઠી બાંધવાનો સ્વભાવ જ નહીં. સહવાસ વધતાં, ધીમે ધીમે બાળસુલભ મન દેખાયું, લાગણીસભર સ્વભાવ જણાયો. ખાસ કરીને નાની નાની વાતો પ્રત્યે દુર્લક્ષ સેવી ભવ્યતાનો આગ્રહી રસિકજીવ દેખાયો. ઉત્પલ સાથેના સહવાસમાં હું ઘણું શીખી. મને ઘણું છોડતાં આવડ્યું. અનેક નવી વાતો અપનાવતા આવડી. અમારી દીકરી ઋચા માટે અત્યંત કોમળ સ્વભાવ રાખતો. સુરેશ દલાલ કહેતા કે ઋચા સાથે બહુ ઋજુતાથી વાત કરે છે તેવી રીતે અમારાં બધાં સાથે કરતો હોય તો કેવું સારું. ઋચા એની પસંદગીની વ્યક્તિ પ્રતીક ગોરને પરણી એ બાબતે ઉત્પલને સંતોષ હતો.

શરૂઆતનાં વર્ષોમાં અમારી પાસે કાર (ગાડી) નહોતી. ઉત્પલને તો ટેક્સીમાં જ જવું ગમે ને ખર્ચનો વિચાર કરી હું ના પાડતી. અંતે એ જ વિજયી નીવડતો. મારા સ્વભાવ પ્રમાણે પહેલા વિરોધ કરવાનો, પણ પછી એ વાતનો ઉલ્લેખ ન કરવો કે રંજ પણ ન રાખવો ને આગળની મઝા માણવી. કોઈ પણ વસ્તુ તરફ જોવાની મારી સંકુચિત દૃષ્ટિને દુનિયાના મોટા ફલક સાથે સરખાવી ગૌણ કરી દેતો.

અમારા ઘરમાં કાર આવી ત્યારે શરૂઆતમાં કાર ડ્રાઈવ કરતો પછીથી એને ગમતું નહીં. પણ મને કાર ડ્રાઈવ કરવા માટે ગજબનું પ્રોત્સાહન આપતો. ગાડી ચલાવતી કલ્યાણીની બાજુમાં બેસતાં જરાયે સંકોચ ન પામતો ઊલટું ગર્વ અનુભવતો. બીજી નવી ગાડી



પાછળ ઉત્પલભાઈ, કલ્યાણીબહેન, હીંચકા ઉપર હરિવલ્લભ ભાયાણી અને ચંદ્રકળાબહેન, ખોળામાં ઋચા ઈ.સ. 1989

ખરીદી તો, નવું નવું કાર ડ્રાઈવ કરતી ઋચાને નવી ગાડી ચલાવવા આપવાની ઉદારતા એનામાં હતી. ઋચાની કારને ઘસરકા લાગે તો ક્યારેય એનો દોષ ન કાઢે પણ એમ કહેતો કે જુવાન છોકરી કાર ચલાવે તો બીજા જુવાનિયા ટક્કર મારી જાય એમ બને. ને દીકરીનો વાંક ક્યારેય ન જુએ.

અમે ત્રણેય જણાએ ભારતમાં ગુજરાતથી આસામ સુધી, ઉત્તર ભારતથી કન્યાકુમારી સુધી, અષ્ટ વિનાયકથી ચારધામ સુધીની યાત્રા તેમ જ મુસાફરી કરી. વિદેશમાં યુરોપ, અમેરિકા, દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા, ટાન્ઝાનિયા વગેરે સ્થળોએ ફર્યાં ને માણ્યાં. 'સોના-ચાંદી ભેગાં કરવા કરતાં ફરવામાં ખર્ચ કરવો ગમે છે.' એમ કહી જિંદગીનો સાચો આનંદ ખરી ઉંમરે મેળવ્યો. 'પહેલાં પૈસા ભેગા કરી પાછી વધતી ઉંમરે ફરવા જઈશું' એવા મારા મતને ક્યાંયે ફંગોળી

દીધો. જો એણે મારા એ વિચારને પુષ્ટિ આપી હોત તો આજે એ શક્ય બનત? ઉત્પલ સાથે હરવા-ફરવાનો મારે મને ખૂબ સંતોષ છે.

અમે બંને માનતાં કે જીવન સરસ રીતે જીવાવું જોઈએ. ભગવાને આ સમજને પુષ્ટિ આપીને અમારી પર ઘણી કૃપા કરી. ઉત્પલને ઘર ને પહેરવેશ વ્યવસ્થિત રાખવાનો શોખ. સરસ abience વાળી હોટેલમાં મિત્રો સાથે મળીને ગપ્પાં-ગોષ્ઠી કરવાનો શોખ, પલંગ પર સૂતાં સૂતાં detective (જાસૂસી) નવલકથાઓ વાંચવાનો અનહદ શોખ હતો. ઉત્પલ વ્યવસાયે chartered Accountant પણ એનો જીવ રસિક જનનો હતો. માર્ચ 2015માં ઉત્પલને લકવાની અસર જણાઈ પણ પોતાના દૃઢ મનોબળ થકી એ માંદગીમાંથી ઝડપથી બહાર આવી ગયો. આમ જીવન વટથી, સ્વમાનભેર ને સંતોષથી જીવવું એ રીતે એ જરૂર જીવ્યો.

છાપાંઓની લીટીએ લીટીએ વાંચી ઇમેજ પબ્લિકેશન માટે નવા નવા આઈડિયા વિશે વિચારતો. સુરેશ દલાલ સાથે, તેમ જ એમના અવસાન બાદ ઇમેજનો વાવટો હંમેશ લહેરાતો રહે એના પ્રયત્નો કરતો. ઇમેજ એના માટે સર્વસ્વ હતું.

ઉત્પલ સાથે સૌ પ્રથમ મરાઠી નાટક 'રથચક્ર' જોયું. તેનો એક ડાયલોગ ક્યારેય ભુલાયો નથી. 'કપડાંનો કાચો રંગ બીજા કપડાંને લાગે ત્યારે પાકો થઈ જાય.' જીવનમાં પણ શું આમ જ નથી બનતું? અમારા દામ્પત્યજીવનમાં ચાળીસ વર્ષોમાં ઉત્પલ સાથે લગભગ 2500 નાટકો જોયાં ને માણ્યાં હશે. ઉત્પલ સાથે રહીને સમજાયું કે રંગભૂમિ શું છે, તેનું સમાજ માટે શું મહત્ત્વ છે, એના થકી સમાજમાં બદલાહટ કઈ રીતે આવે છે, નાટક સાંપ્રત સમાજને પ્રતિબિંબિત કરે છે. આમ મારી કૂંપમંડુક દૃષ્ટિને વિશાળતા આપવાનું કામ ઉત્પલે કર્યું. કોઈ પણ મહત્ત્વનું નાટક જોવા જવાનું હોય તો એના વિષયવસ્તુ વિશે મને પહેલેથી જણાવી દેતો ને 'કલ્યાણીને ખબર નથી' એવું કોઈને ક્યારેય જણાવા ન દેતો.

પ્રિયજનના વિયોગ પછી અને ખાસ તો સભર જિંદગી સાથે જીવ્યાં હોઈએ ત્યારે ડગલે ને પગલે એક પ્રકારની એકલતાનો અનુભવ થાય. હું પણ એમાંથી બાકાત નથી. શાસ્ત્રોને આત્મસાત્ કરવાની પ્રક્રિયા અને ઉત્પલના સંગાથે મને એવી તૈયાર કરી છે કે એકલતા નહીં પણ એકાંત અને તે પણ ઉત્પલના સાંનિધ્યવાળું એકાંત હું અનુભવી રહી છું. પરમાત્મા મને મારા જીવનના લક્ષ્ય તરફ જવા માટે શક્તિ પ્રદાન કરતાં રહે એવી પ્રાર્થના.

મારી આ યાત્રામાં ઋચા અને પ્રતીક નીરવ છતાં અડીખમ સાક્ષી રહ્યાં છે. અંતર્યામીના ધામમાં પહોંચીને પણ ઉત્પલ હંમેશાં અમારી સાથે જ રહેશે અને અમને પ્રેરણા આપતો રહેશે. ❑❑❑

લોકશાહીના પર્યાય

☐ નગીનદાસ સંઘવી

બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ (1945) પછી આઝાદ થયેલા સંખ્યાબંધ દેશોએ લોકશાહીની સ્થાપના કરી હતી પણ આ બધામાં ભારત એક જ એવો દેશ છે કે જ્યાં લોકશાહી સતત ટકી રહી છે. 1975 - 76ના 18 મહિના ભારતમાં સરમુખત્યારી હતી એટલો અપવાદ ગણવો. આપણા આગેવાનો ભારતમાં લોકશાહી ટકી રહી છે તેનું ગૌરવ વારંવાર પ્રદર્શિત કરે છે અને લોકો પણ તેમની બડાઈ સ્વીકારી લઈને રાજી થાય છે

પણ આધુનિક જમાનામાં લોકશાહી એટલે શું અને લોકશાહીની વ્યાખ્યા કેવી રીતે કરી શકાય તે બાબતમાં માથાં તેટલા મત છે. લોકોનાં હિત માટે લોકોએ ચલાવેલું લોકોનું રાજ એટલે લોકશાહી તેવી જમાના જૂની વ્યાખ્યા આજની કોઈ લોકશાહીને લાગુ પાડી શકાય તેમ નથી, કારણ કે દુનિયાના કોઈ દેશમાં લોકો રાજ કરતા નથી. લોકો અવારનવાર પોતાના રાજકર્તાઓને પસંદ કરે છે. ચૂંટણીના દિવસે લોકો રાજ કરતા હોય છે પણ બાકીના બધા દિવસ અને વર્ષ લોકો માત્ર પ્રજા જ હોય છે.

વ્યાખ્યાની વાત જવા દઈએ અને વ્યવહારની વાત કરીએ તો દુનિયામાં આજે કેટલા અને કયા દેશોમાં લોકશાહી છે તેનો ખ્યાલ મેળવવો જોઈએ. લંડનનું અતિ પ્રતિષ્ઠિત સામયિક ઇકોનોમિસ્ટ દર બે વર્ષે લોકશાહીની આંકણી કરે છે અને યાદી છાપે છે. દુનિયાના 167 દેશોને આંકણીમાં સમાવવામાં આવે છે. યુનોના ચોપડે દુનિયામાં સ્વતંત્ર અને સાર્વભૌમ રાજ્યોની સંખ્યા 197 છે પણ તેમાંથી કેટલાંક એવાં ટચૂકડાં છે અને એવાં નજીવાં છે કે તેમને ગણતરીમાં લેવાનો અર્થ નથી. વેટિકન તેનો નમૂનો છે. ઇટાલીના પાટનગર રોમ શહેરના એક ખૂણામાં આવેલા વેટિકનમાં માત્ર થોડાં બંગલાઓ અને દેવળોનો સમાવેશ થાય છે અને તેની વસતી માત્ર 167 છે છતાં તે સ્વતંત્ર રાજ્ય ગણાય છે.

ઇકોનોમિસ્ટે ગણતરીમાં લીધેલા 167 દેશોમાં લોકશાહીની માપણી કરવા માટે કેટલાંક માપ ઠરાવવામાં આવ્યાં છે? ચૂંટણીઓ થાય છે? લોકોને આઝાદીનો અનુભવ થાય છે? લોકોનો અવાજ સરકારી તંત્રમાં ગાજે છે? લોકો મનફાવે તેવી રીતે વર્તી શકે છે? આવા અનેક માપદંડના આધારે પૂરેપૂરી લોકશાહી માટે 10 માર્ક ઠરાવવામાં

આવ્યા છે. દસ માર્ક તો કોઈને મળતા નથી પણ પોણાદસ કે સાડાનવ માર્ક મળે તેને પૂર્ણ લોકશાહી કહેવામાં આવે છે. ઓછા માર્ક મેળવનારને નીચેનો નંબર અપાય છે. આ ગણતરી પ્રમાણે 28 દેશોને પૂર્ણ લોકશાહીનો દરજ્જો અપાયો છે. યુરોપ ખંડના ઉત્તરી હિસ્સામાં આવેલા ટચૂકડા દેશો સ્વીડન, નેધરલેન્ડ્સ, ડેન્માર્ક ઊંચા માર્ક મેળવે છે. અમેરિકામાં પૂર્ણ લોકશાહી છે પણ નીચી કક્ષાની 17 નંબરે મુકાયેલી લોકશાહી છે. ઇંગ્લેન્ડ તો 23 નંબરે છે અને ફ્રાન્સ 24મા નંબરે છે. સ્વિટ્ઝરલેન્ડ દસમા નંબરે મુકાયું છે

54 દેશમાં લોકશાહી છે પણ ખંડિત લોકશાહી છે. ભારતને 35મો નંબર મળ્યો છે અને ઇઝરાયલ 37 નંબરે છે. ત્યાર પછીના 82 નંબર પછીના ૩૦ દેશોમાં લોકશાહીનો અંશ છે પણ તેમાં સરમુખત્યારી પણ ઘણી છે. છેલ્લા ૫૫ દેશોમાં નરી આપખુદી છે. તેમાં પાકિસ્તાન 113મા નંબરે છે અને ચીન 138મા નંબરે મુકાયું છે

પણ સંપૂર્ણ શુદ્ધ, સાચી લોકશાહી તો આ દુનિયામાં છે જ નહીં, કારણ કે કોઈ પણ દેશમાં લોકો રાજ ચલાવતા નથી. લોકો પોતાના પર રાજ ચલાવવા માટે થોડા આગેવાનોની પસંદગી કરે છે અને આ પસંદગી પણ બધા લોકો કરી શકતા નથી અને કરતા પણ નથી . 2018માં ભારતમાં લોકસભાની ચૂંટણી થઈ તેનો દાખલો લઈએ તો વાત વધારે સ્પષ્ટ થાય. 2018માં ભારતમાં કુલ એક અબજ ૩૮ કરોડ લોકો રહેતા હતા તેમાંથી મત આપવાની સત્તા ધરાવતા મતદારોની સંખ્યા માત્ર ૯૦ કરોડ હતી. નાનાં બાળકો, મોટા ગુનેગારો ને અસ્થિર મગજના પાગલ લોકો મત આપી શકતાં નથી તેથી ૪૭ કરોડ લોકોની તો પહેલેથી જ બાદબાકી થઈ જાય છે. 90 કરોડ મતદારોમાંથી માત્ર ૬૦ કરોડ લોકોએ મત આપ્યો અને મોટી બહુમતી મેળવીને સત્તાના સિંહાસને બેસનારને તો માત્ર ૩૭ ટકા એટલે કે માત્ર ૨૨ કરોડ લોકોએ જ પસંદ કર્યા છે. લોકશાહીમાં મતાધિકારની કથા ઘણી લાંબી છે. સ્ત્રીઓનું કામ ઘર સંભાળવાનું છે અને રાજકારણ સમજવાની અક્કલ તેમનામાં હોતી નથી એવી માન્યતાના કારણે લોકશાહી દેશોમાં પણ સ્ત્રીઓને મત આપવાનો અધિકાર ન હતો. ગાંધીજીને સત્યાગ્રહના પાઠ શીખવનાર ઇંગ્લેન્ડની સફ્રાજિસ્ટો- મતાધિકાર માટે લડતી સ્ત્રીઓએ ઇંગ્લેન્ડ-અમેરિકામાં લાંબી લડાઈ કરવી પડી અને બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ (૧૯૪૫) પછી જ યુરોપની સ્ત્રીઓને મતાધિકાર મળ્યો છે અને એક જમાનામાં શ્રેષ્ઠ લોકશાહી ગણાતા સ્વિટ્ઝર્લેન્ડમાં તો ૧૯૭૦

સુધી સ્ત્રીઓને મતાધિકાર ન હતો.

બાળકોમાં સમજ હોતી નથી તેથી પુખ્ત ઉંમરે પહોંચ્યા પછી જ મતાધિકાર અપાયો છે પણ માણસ ક્યારે પુખ્ત થાય છે તે બાબતમાં મતભેદ છે. આપણા દેશમાં ૧૮ વર્ષે મતાધિકાર મળે છે. કેટલાક દેશોમાં 21 વર્ષે અને થોડા દેશોમાં 25 વર્ષે માણસ પુખ્ત થયો ગણાય છે પણ કેટલાક માણસો તો આખી જિંદગી સુધી બાળકબુદ્ધિ જ હોય છે તેનો હિસાબ માંડવામાં આવતો નથી.

બાળકને સમજ નથી માટે મતાધિકાર ન અપાય તે દલીલ સ્વીકારી લઈએ તો સાઠે બુદ્ધિ નાઠી તેવા સમજ ગુમાવી બેસેલા વૃદ્ધોનો મતાધિકાર રદ શા માટે ન કરવો? આવો પ્રયોગ ઇજિપ્તમાં થયો હોવાનો મને ખ્યાલ છે. ૭૫ વર્ષના અભણ લોકોનો મતાધિકાર રદ થયેલો પણ આ પ્રયોગ લાંબો ચાલ્યો નહીં. આવતી પેઢીમાં મરી જનાર અથવા નકામા બની જનાર વૃદ્ધોને રાજકાજમાં માથું મારવાનો હક શા માટે આપવો તેવી દલીલ પણ કેટલાક રાજ્યશાસ્ત્રીઓએ કરી છે.

મતાધિકારની ચર્ચા કરીએ તો લોકશાહીના પર્યાયની વાત કોરાણે મુકાઈ જાય. લોકોએ રાજકર્તાને ચૂંટ્યા પછી સત્તાધારીઓ ગમે તે કરે તે લોકોએ શા માટે સાંખી લેવું જોઈએ? લોકો કાયમ માટે રાજસત્તા ચલાવી શકતા નથી તે ખરું પણ લોકશાહીમાં લોકોનો અવાજ સાંભળી શકાય તેવા થોડા પર્યાય આજની લોકશાહીઓમાં વપરાતા થયા છે.

સૌથી વધારે પ્રચલિત પર્યાય લોકમતનો છે. દેશ કે સમાજ માટે અત્યંત મહત્ત્વની બાબત હોય ત્યારે મુઠ્ઠીભર આગેવાનોને આખરી નિર્ણય લેવાની સત્તા આપવાના બદલે લોકોને પૂછવું જોઈએ. આ લોકમતને અંગ્રેજી ભાષામાં પ્લેબીસાઈટ કહેવાય છે. ફ્રાન્સના નવા બંધારણ પ્રમાણે બંધારણમાં કંઈ પણ ફેરફાર કરવો હોય તો લોકમત લેવો પડે છે. યુરોપિયન સંઘમાં રહેવું કે નીકળી જવું તે માટે બ્રિટનમાં લોકમત લેવાયો હતો. આપણા બંધારણમાં કોઈ જોગવાઈ નથી પણ આપણે ત્યાં પ્લેબીસાઈટ ઘણી વખત લેવાયા છે. જૂનાગઢ અને હૈદરાબાદની પ્રજાએ ભારતમાં ભળી જવું કે નહીં તેનો લોકમત લેવાયો હતો. કાશ્મીરને ભારતમાં લેવા અગાઉ લોકમત લેવાશે તેવું વચન ભારત સરકારે વારંવાર આપેલું છે પણ 1956 પછી આ વચનની ઉપેક્ષા કરવામાં આવી છે. ફ્રાન્સનાં સંસ્થાનો-પોંડિચેરી, ચંદ્રનગર, કરીકાલ લોકમત લેવાયા પછી ભારતમાં જોડાયાં. ગોવા મહારાષ્ટ્રમાં ભળી જાય કે અલગ રહે તેનો લોકમત 1966માં લેવાયેલો તે છેલ્લો પ્લેબીસાઈટ છે. પ્લેબીસાઈટ

લોકશાહીનો પર્યાય ગણાય છે.

પણ આવા પ્રસંગો તો જવલ્લે જ આવે તેથી કેટલાક લોકશાહી દેશોમાં લોકોને પૂછવાના કાયદા (referendum -રેફરેન્ડમ) છે. સ્વિટ્ઝર્લેન્ડમાં, અમેરિકાનાં કેટલાંક રાજ્યોમાં કોઈ પણ મહત્ત્વનો અથવા ચર્ચાસ્પદ કાયદો ઘડાય ત્યારે આવો કાયદો કરવો કે નહીં અને કરવો હોય તો પાર્લામેન્ટે ઘડેલો કાયદો મંજૂર છે કે નહીં તે લોકોને પૂછવું પડે છે. યુરોપના ઘણા લોકશાહી દેશોએ referendum ફરજિયાત બનાવ્યો છે. કાયદા ઘડવાની સત્તા પાર્લામેન્ટને આપવામાં આવી છે પણ આખરી સત્તા તો મતદારોના હાથમાં છે. લોકો ના પાડે તો પાર્લામેન્ટે ઘડેલો કાયદો રદ થાય છે અને લોકો કહે તેવા સુધારા કરવા પડે છે.

લોકોએ ચૂંટી કાઢેલો સાંસદ કે ધારાસભ્ય નાલાયક નીવડે અથવા લોકહિતનાં કામ કરે નહીં અથવા લોકો તેનાથી નારાજ હોય તો તેને અધવચ્ચેથી પાછો બોલાવી શકાય છે. આ પદ્ધતિને રીકોલ કહેવાય છે. કોઈપણ મતપ્રદેશ વિસ્તારના બહુમતી લોકો સહી કરીને ચૂંટાયેલા સભાસદને પાછો બોલાવી શકે છે. આવી અરજી થાય તે બેઠક ખાલી થયેલી ગણાય છે અને પેટાચૂંટણી યોજવી પડે છે. જેની સામે અરજી થઈ છે તે સાંસદ પણ પેટાચૂંટણીમાં ઝુકાવી શકે છે. આ પેટાચૂંટણીમાં પરિણામ અનુસાર નવો સાંસદ બેઠક સંભાળે છે.

પણ આ પદ્ધતિમાં દુરુપયોગ થવાની શક્યતા હોવાથી લોકશાહી રાજ્ય તેને પસંદ કરતા નથી પણ અમેરિકાનાં કેટલાંક રાજ્યોમાં વાપસી (recall)ની પ્રથા વપરાય છે

બંધારણમાં જોગવાઈ ન હોવા છતાં લોકો અમારી બાબતમાં વાપસીની અરજી કરે તો અમે સ્વેચ્છાએ બેઠક પરથી રાજીનામું આપશું તેવું વચન સમાજવાદી પક્ષના આગેવાન જયપ્રકાશ જેપીએ આપેલું પણ તેનો કશો અમલ થયાનું જાણ્યું નથી.

પ્રાચીન લોકશાહીમાં લોકોની ઇચ્છા મુજબ કામ થતાં. આધુનિક લોકશાહીઓ કાયદાઓ પ્રમાણે ચાલે છે અને કાયદા ઘડવાની સત્તા અને જવાબદારી પ્રજાના પ્રતિનિધિઓને સોંપવામાં આવી છે. પણ લોકો કોઈ પ્રકારનો કાયદો ઘડવા ઇચ્છતા હોય તો સ્વિટ્ઝર્લેન્ડમાં લોકો સંસદને અમુક પ્રકારનો કાયદો ઘડવાનો આદેશ આપે છે અથવા કાયદો ઘડીને સોંપે છે. આ બંને પ્રકારની લોકસત્તાને આરંભસત્તા (ઇનિશિયેટિવ) કહેવાય છે.

આ ચાર પ્રકારે લોકો પોતાનાં રાજ્યતંત્રનાં સક્રિય ભાગ ભજવે છે તેથી તેમને પ્રત્યક્ષ લોકશાહી અથવા પર્યાય લોકશાહી કહેવાય છે.

❑❑❑



કુન્દન વ્યાસ સાથે વાતચીત

☐ મુલાકાત : ચંદ્ર ખત્રી

અખબારનું કામ છે દેશ-દુનિયાની ઘટનાઓના સમાચાર મૂળ સ્વરૂપમાં વાચકો સુધી પહોંચાડવા અને તેમાંની કેટલીક બાબતે તંત્રીએ પોતાના વિચારોને તંત્રીલેખ દ્વારા રજૂ કરતા રહેવું. આમ તંત્રીલેખમાં સાંપ્રત બાબતે તંત્રીનું દૃષ્ટિબિંદુ જોવા મળે, પરંતુ તંત્રીની જીવનશૈલીનાં અનેકવિધ પાસાંઓ વિષયક કંઈકેટલીયે બાબતોનું વાચકોને કુતૂહલ રહેતું હોય છે. ઉત્તમ કક્ષાના કુશાગ્ર તંત્રી કુન્દન વ્યાસની પત્રકારત્વ સફર ઉપરાંત એમના વિશે અગાઉ ક્યારેય પ્રકાશિત નથી થઈ એવી માહિતીસભર આ મુલાકાત.

પ્ર.: તમારી પત્રકારત્વ કારકિર્દીને કઈ રીતે મૂલવો છો?

ઉ.: સંતોષપ્રદ રહી છે. ભારતીય ઐતિહાસિક પ્રસંગોના સાક્ષી બનવાનું થયું એનો રોમાંચ અનુભવ્યો છે.

પ્ર.: તંત્રી ન હોત તો શું બન્યા હોત?

ઉ.: પત્રકારત્વમાં કામ આવે એ વિચારે એલ.એલ.બી. કરેલું. એટલે લાગે છે કે કદાચ વકીલાત કરતો હોત.

પ્ર.: પત્રકારત્વમાં આવવાનું કઈ રીતે બન્યું?

ઉ.: ઇન્ટર આર્ટ્સ અભ્યાસક્રમ સમયથી જ પત્રકારત્વમાં જોડાવાનું બન્યું. ૧૯૬૨ના અરસામાં હિન્દી 'ધર્મયુગ'માં 'ચાણક્ય અને ચાણક્ય નીતિ' લેખ વાંચી ગુજરાતીમાં અનુવાદ કર્યો. સાંધ્ય દૈનિક 'લોકતંત્ર'ના કાર્યાલયમાં તંત્રી જયંતીભાઈ શુક્લને મળ્યો. જવાબ મળ્યો, 'બે-ચાર દિવસ પછી આવજો'. બીજી મુલાકાતમાં કહ્યું, સારું લખ્યું છે. 'લોકતંત્ર' સહકારી ધોરણે શરૂ થયેલું નાનું સાંધ્ય દૈનિક. 'લોકતંત્ર'ના મોટા ગજાના, મોટા મનના પત્રકાર જયંતીભાઈ શુક્લે પત્રકારત્વના પાઠ શીખવ્યા. જયંતીભાઈ, કનુભાઈ શાસ્ત્રી અને બળવંતભાઈ દોશી આ ૩ તંત્રીઓની ત્રિપુટી હતી. આજે તેઓ હયાત નથી. ૧૯૬૨ના ચીની આક્રમણના અહેવાલ રેડિયો ઉપર સાંભળીને લખ્યા.

પ્ર.: પછી શું બન્યું?

ઉ.: આ પછી સવારના દૈનિક 'જનશક્તિ'માં સ્વ. ચન્દ્રવદન શુક્લ અને સ્વ. દોલતરાય દેસાઈના હાથ નીચે તાલીમ મળી. 'જનશક્તિ'માં બે કૉલમ, વ્યક્તિ-વિશેષની મુલાકાતો, 'વેદ વ્યાસ'ના ઉપનામે હળવી શૈલીના કટાક્ષ લેખો અને કરન્ટ ટૉપિક ઉપર મૌલિક વિચારો લખતો. આ દરમિયાન પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો દ્વારા મુંબઈના પત્રકારો માટે સી. ડી. દેશમુખના ગામે અને ઘરે પિકનિક યોજાઈ હતી. ત્યાં 'વ્યાપાર'ના મદદનીશ તંત્રી શશિકાંત વસાણીનો પરિચય થયો. એમણે 'વ્યાપાર'માં જોડાવાની સલાહ આપી. 'વ્યાપાર'ના તંત્રી સ્વ. ગિલાણીભાઈ અને વસાણીભાઈના હાથ નીચે આર્થિક પત્રકારત્વની તાલીમ મળી. આ મારો નવો મુકામ. ૧૯૬૪થી ૧૯૬૭ દરમિયાન આર્થિક સમાચારલેખનની તાલીમ મળી.

પ્ર.: તમે ઘણાં વર્ષો દિલ્હી રહીને કામ કર્યું. જવાનું કેવી રીતે થયું?

ઉ.: મારી મહેચ્છા નવી દિલ્હીમાં પત્રકાર બનવાની હતી. ગિલાણીભાઈએ ઇચ્છાપૂર્તિ કરી. ૧૯૬૭માં નવી દિલ્હી ખાતે નિમણૂક કરી. મારા જીવનમાં આ મહત્ત્વનો વળાંક હતો. ભારતની રાજધાનીમાં પત્રકાર માટે મોકળું મેદાન અને પડકાર. શરૂઆતના ગાળામાં ગિલાણીભાઈ જાતે દિલ્હી આવીને સંપર્ક કરાવે. સમાચારના

અહેવાલ, લેખ, સાપ્તાહિક પત્રો લાલ પેનથી સુધારીને ફરીથી લખાવે. આ જ ગાળામાં અભૂતપૂર્વ રાજકીય પરિવર્તન થયાં. ૧૯૬૭ની ચૂંટણીમાં રાજ્યોમાં કૉંગ્રેસ પક્ષનાં વળતાં પાણી, ૧૯૬૯માં કૉંગ્રેસની કટોકટી, રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ઇન્દિરા ગાંધીનો આત્માનો અવાજ, વી. વી. ગિરિનો વિજય અને કૉંગ્રેસમાં ભવ્ય ભંગાણ. આ રચાતો ઇતિહાસ ઉતાવળે લખવાનો અવસર અને અનુભવ મળ્યો. બંગલાદેશનો જન્મ, મોટી બૅન્કોનું રાષ્ટ્રીયકરણ થવાનું છે, તેવા મેં આપેલા સમાચાર સ્કૂપે માન્યતા અને મોટી પ્રતિષ્ઠા અપાવી.

પ્ર.: દિલ્હીના અનુભવો કેવા રહ્યા?

ઉ.: સરસ, ખૂબ સરસ. નવી દિલ્હી રાજકીય ધમધમાટનું ઊથલપાથલનું મધ્યબિંદુ. ૧૯૭૧માં બંગલાદેશનો જન્મ, પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે સમર સંવાદદાતા વૉર કૉરસ્પોન્ડન્ટ બનીને મોરચા ઉપર ૧૪ દિવસ ગાળવાની તક મળી. આ અનુભવ કારગિલ યુદ્ધ વખતે (૧૯૯૯માં મુંબઈમાં રહીને) સમાચાર વિશ્લેષણ લખવામાં ખપમાં આવ્યો. આ પછી સિમલામાં ભુટ્ટો અને ઇન્દિરા શિખરમંત્રણા અને તે પછી રાજ્યોની ચૂંટણી. ૧૯૭૪માં ગુજરાતનું નવનિર્માણ આંદોલન. મોરારજીભાઈના અનિશ્ચિત અનશન, આખરે ઇન્દિરા ગાંધી ઝૂકશે અને ગુજરાત વિધાનસભાના વિસર્જન અને નવેસરથી ચૂંટણીની માગણી સ્વીકારશે એવા સ્કૂપ સમાચાર 'જન્મભૂમિ' પત્રોમાં પ્રકાશિત થયા ત્યારે ગુજરાતના ધુરંધર નેતાઓએ મજાક ઉડાવી. અલબત્ત, સમાચાર સાચા પડ્યા. વડા પ્રધાનો સાથે વિશેષ અહેવાલ હેતુ ટૂર કરવાનો મોકો મળ્યો છે.

પ્ર.: પત્રકારત્વની કામગીરીમાં હિંમત હારી ગયા હો એવી કોઈ સ્થિતિ?

ઉ.: ના, એવું નથી બન્યું. ફક્ત ઇમર્જન્સીના સમયમાં પત્રકારને જે ગૂંગળામણ કે હતાશા આવી તે મેં પણ અનુભવી. ઇમર્જન્સીમાં પત્રકાર જે જુએ છે, જાહેરમાં જે બને છે, પડદા પાછળ જે બને છે તે લખી નહોતા શકતા, કોઈની સાથે ચર્ચા નહોતા કરી શક્તા. જે લખે તે પણ સેન્સરને બતાવીને મોકલવું પડે. કોનો ભરોસો કરવો ને કોનો નહીં તેવી દ્વિધાવાળો સમય હતો. આ દરમિયાન વ્યવસાય અને જીવનને નવો જ વળાંક મળ્યો. ઇમર્જન્સીના એકાદ વરસ પછી ૧૪ મહિના જેટલા સમય માટે યુનાઇટેડ નેશન્સની દાગ હેમરશોલ્ડ ફેલોશિપ મળી એટલે ત્યાં જવાનું થયું. ઇમર્જન્સીના સમયની જેલમાંથી મુક્ત થયો એવું લાગ્યું. આ ફેલોશિપ મેળવનાર હું પ્રથમ ભારતીય અને

૧૯૭૬ની બેન્ચમાં એકમાત્ર એશિયન. કોઈ પણ પત્રકાર માટે સ્વપ્ન સમાન અદ્‌ભુત અનુભવ હતો. આ યુનાઇટેડ નેશન્સમાં પત્રકારત્વના અનુભવ પછી અમેરિકા, કેનેડા, બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીના સરકારી અતિથિ-સ્ટેટ ગેસ્ટ બનવાનું થયું. ૧૯૭૭માં ચૂંટણી જાહેર થતાં સ્વદેશાગમન. તાત્કાલિક રાયબરેલી-અમેઠી ભણી. ચૂંટણીમાં ઇન્દિરા ગાંધી જીતે તો તે ચમત્કાર હશે એવો અહેવાલ આપ્યો જે સાચો પડ્યો.

પ્ર.: મુંબઈ પાછા આવવાનો સંજોગ કેવી રીતે બન્યો?

ઉ.: જન્મભૂમિના મુખ્ય તંત્રી સ્વ. હરીન્દ્રભાઈનો આગ્રહ હતો કે મુંબઈ આવીને એમના સાથીદાર બનવું. એમની બીમારી અને અવસાન થતાં આ જવાબદારી સ્વીકારી. તંત્રી વહેલા બની શક્યો હોત, પરંતુ મારી તૈયારી નહોતી. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચૅરમૅન અને મૅનેજિંગ ટ્રસ્ટી મુ. પ્રવીણચંદ્ર ગાંધીએ તંત્રી ઉપરાંત મૅનેજમેન્ટના પાઠ ભણાવ્યા. આજે અખબાર-મીડિયા વ્યવસાયમાં દરેક તંત્રનું જ્ઞાન અને સૂઝ અનિવાર્ય છે. ૧૯૯૬થી આવેલા આ વળાંકે નવી જ દૃષ્ટિ અને દિશા આપી.

પ્ર.: અખબારની જવાબદારી શું?

ઉ.: અગાઉ અખબારી જગતની ગરિમા ધંધા કરતાં ધર્મથી વધુ સંબંધિત હતી. આજે સમગ્રતયા એવું નથી એમ કહી શકાય. જોકે આ વાતાવરણમાંય અખબારી ધર્મ કે રાષ્ટ્રધર્મ બજાવતાં અખબારો છે ખરાં, પણ એની સંખ્યાનું પ્રમાણ ઓછું છે.

પ્ર.: અખબાર પ્રકાશનના અગાઉના અને આજના સમયમાં ફરક ખરો?

ઉ.: ઘણો ફરક આવી ગયો. એક સમય હતો જ્યારે સમાચારની સ્પર્ધા હતી. હેડલાઈન જોઈને દૈનિકો વેચાતાં અને વંચાતાં. સ્પર્ધા વધતી ગઈ એના કારણે ગ્રાહકો વધારવાની લવાજમની નવી-નવી સ્કીમો આવતી ગઈ. આજે દૈનિકોના ફેલાવા માટે ગ્રાહકોને અપાતી ભેટ-સોગાદની સ્કીમો મહત્ત્વની બની ગઈ છે. હકીકતમાં ફેલાવો દેખાડવા માટે આમ થયું હોય, કારણ કે ફેલાવો વધુ દેખાડાય એમ જાહેરખબર વધુ મળે. ગ્રાહકો વધારવાની જેમ વિજ્ઞાપન મેળવવાની પણ સ્પર્ધા છે. જાહેરખબર વધુ મળે તો એના ભાવ પણ વધારી શકાય. મોટા માલિકો પોતાની વગ વધારવા દૈનિક કાઢે છે. બીજા ધંધામાંથી પૈસા કાઢી આમાં નખાય છે. કૉર્પોરેટ જગતના સારા સંબંધો હોય તો એમની જાહેરખબરો મેળવવી આસાન બને છે. આ મૂળભૂત તફાવત, પરિવર્તન આવી ગયું છે. આ જ બાબત નવી ચૅનલો શરૂ કરવા અને ચલાવવા માટે લાગુ પડે છે. દૈનિકની કિંમત લખાય છે તે તેની વાસ્તવિક પડતર કિંમત નથી હોતી. એશિયાભરમાં સહુથી સસ્તાં



ડાબે ચંદ્ર ખત્રી અને જમણે કુન્દન વ્યાસ

દૈનિકો ભારતમાં છે. પડતર કિંમત ઊંચી હોય છે.

પ્ર.: પેઈડ ન્યુઝ ક્યારથી શરૂ થયા?

ઉ.: પેઈડ ન્યુઝ એ ઇલેક્શન સમયનો દૈનિકની કમાણીનો મોટો વિભાગ ઊભો થયો છે. પૈસા લઈને છપાય છે તે ન્યુઝ નથી. તે લોકોને શક્યતઃ ગેરમાર્ગે દોરતા કે સાચી માહિતી વગરના રાઈટ-અપ હોય છે. પેઈડ ન્યુઝ હવે માત્ર રાજકીય ક્ષેત્ર પૂરતા નથી રહ્યા. સામાજિક, આર્થિક, ધાર્મિક ક્ષેત્રો પૈસા ખર્ચીને ડમડમ ડીગાડીગા ચલાવી રહ્યાં છે.

પ્ર.: અખબાર અને ટી.વી. ચેનલના સમાચારોમાં શું ફરક?

ઉ.: ચિક્કાર ચેનલો ચાલે છે. જોકે પત્રકારત્વ જેટલાં નીતિ-નિયમ ચેનલ પર નથી. પ્રેસ ઉપર શિસ્ત પાલન માટે પ્રેસ કાઉન્સિલ છે એવું નિયંત્રણ ઇલેક્ટ્રિક મીડિયા ઉપર નથી. હવે મીડિયા કાઉન્સિલની ચર્ચા છે.

પ્ર.: તંત્રીલેખ એટલે?

ઉ.: તંત્રીલેખ નિઃસ્પૃહ બની, જળકમળવત્ બનીને લખવાના હોય. લખતી વખતે પ્રામાણિકતા અને સત્ય બન્ને સામે રાખીને લખાય તો સમાજહિત અને રાષ્ટ્રહિતમાં લખ્યું ગણાય.

પ્ર.: અખબારી ટીમ એટલે શું?

ઉ.: કાર્યાલયની એક-એક વ્યક્તિની કામગીરીના પરિણામે દૈનિક બહાર પડે છે. તંત્રીની જવાબદારી માત્ર

લખવા પૂરતી નથી હોતી. સ્પર્ધાના સમયમાં તમામ પ્રકારે દૈનિકની સમતુલા જાળવવાની હોય. અખબારનું અર્થતંત્ર સાચવવાથી લઈ વહીવટી તંત્ર સાચવવા સુધી નજર રાખવાની. પહેલાં આવું નહોતું. મૅનેજરો હતા.

પ્ર.: પત્રકાર બનવા માટે શું જરૂરી?

ઉ.: પત્રકાર બનવા માટે 'પત્રકારત્વ પ્રણ' લેવું પડે. પત્રકારત્વની કામગીરી બાબુગીરી નથી. ઘડિયાળ સામું જોયા કરનાર પત્રકારત્વમાં જામી ન શકે. એને તો કાન અને આંખ ખુલ્લાં રાખીને પોતે જે દૈનિક કે મૅગેઝિનમાં છે તેને વિશ્વસનીય બનાવવાની જવાબદારી હોય. દૈનિકના પત્રકાર બનવા માટે પહેલી તૈયારી ઘણાં બધાં દૈનિક વાંચનની જોઈએ. પોતે જ્યાં કામ કરે છે એ દૈનિક આખેઆખું વાંચવું જોઈએ. દૈનિક વાંચવાં એ શિક્ષક જેવું ઘડતર કરે છે. પોતે જે આઈટમ લખી છે તે બીજા દૈનિકમાં કેવી રીતે આવી છે તે ચકાસવું જોઈએ. હોમવર્ક ચિક્કાર કરવું પડે. ઘટનાના બૅકગ્રાઉન્ડની માહિતી જોઈએ. ઇન્ટરવ્યુ માટે જતાં પહેલાં એ વ્યક્તિ વિશે જુદા જુદા ઍન્ગલથી જાણી લેવું જોઈએ. ઇન્ટરવ્યુ વિવિધ પ્રકારે થઈ શકે. ઊગતા લોકોના ઇન્ટરવ્યુમાં બહુ તૈયારી ન હોય તો ચાલે. વિશેષ વ્યક્તિઓના ઇન્ટરવ્યુ લેવા માટે સારી એવી જાણકારી મેળવીને જવું જોઈએ. ઇન્ટરવ્યુ કરતી વખતે તમે વકીલ નથી, પત્રકાર છો. માહિતી મેળવવી છે માટે પૂછો પણ પ્રશ્ન નહીં. તમે શું પૂછો છો? કોને પૂછો છો? આ બધું ધ્યાનમાં હોવું જોઈએ. પત્રકાર શ્વાન જેવો જોઈએ, આંખ-કાન કાયમ ખુલ્લાં રાખવાનાં. લખાણ થયા પછી પણ એક-બે વાર વાંચી જવું જોઈએ. ટાઈપ થઈ ગયા પછી પણ વંચાવું જોઈએ. વર્તમાનમાં પત્રકારને વધુ પૈસા મળે એટલે જ્યાં છે ત્યાંથી કૂદકો મારી દે. પહેલાં એવું નહોતું. હવે પત્રકારની બૅન્ક બૅલૅન્સ તરફની વૃત્તિ વધેલી જણાય છે.

પ્ર.: લખવા માટે એકાંત જોઈએ?

ઉ.: ના, બિલકુલ નહીં. કૅબિનમાં એકલા બેસીને જ લખવું એવું જરાય નહીં. લખવા બેસું ત્યારે વધુ પડતી ખલેલ ન ગમે. લખવાના સમયે ક્યારેક અગત્યના ફોન આવે એટલે વાત કરવી પડે, પણ એથી લખવાનો ક્રમ ખોરવાઈ ન જાય. મોટા ભાગે મારી કૅબિન કે કૉન્ફરન્સ રૂમમાં બેસીને લખવાની ટેવ વધારે.

પ્ર.: વાચકોનાં મંતવ્યોને કઈ રીતે મૂલવો?

ઉ.: તંત્રીની પીઠ થાબડવાનો અને કાન પકડવાનો આ બન્ને અબાધિત અધિકાર વાચકોના છે. એક બાબત ચોક્કસ શીખવી જોઈએ કે ટીકા થાય ત્યારે આભાર માનવાનો. જાતે આચરણમાં મૂકીને એના પરિણામને

તપાસો એટલે ફાયદાકારક જ હોવાના. વખાણ થાય ત્યારે આસમાને ચડી જવાની ટેવ ખતરનાક બને. મોટા ભાગે વખાણ પદના કારણે હોય. હા, ક્યારેક પ્રામાણિકપણે આપણી કામગીરી બાબત સમતોલ અભિપ્રાય આપે ત્યારે થાય કે લખ્યું લેખે લાગ્યું.

પ્ર.: રાજકારણીઓમાં કોણ દમદાર લાગ્યું?

ઉ.: મોરારજી દેસાઈ. દમદાર એટલે બે રીતે. દમ મારે એવા અને દમ બતાવે તેવા. બન્ને જોયા છે. મોરારજીભાઈની ખાસિયત એ કે લોકો ગમે તેટલી ટીકા કરે પણ પોતાના સિદ્ધાંતને વળગી રહેવાનું. જે ઠીક લાગે તે બોલી દે. એમના કોઈ પણ નિર્ણયને વિચારીને બોલે. જે બાબતમાં બોલે તે બાબતમાં શંકા ન રહે. દમ મારે અને દબાવે એવાં ઇન્દિરા ગાંધી લાગ્યાં.

પ્ર.: જીવન પૂર્વનિશ્ચિત છે એવું માનો છો?

વર્તમાન સાયન્સ ટેક્નૉલૉજીમાં પ્રી-પ્રોગ્રામ એક બાબત છે. સુપર નૅચરલ પાવરમાં પણ દરેકની જિંદગી પ્રી-પ્રોગ્રામ કરી રાખી છે. ધાર્યું ન થાય ત્યારે મોટા ભાગે મન સ્વીકારતું નથી એ હકીકત છે, છતાં બનતા પ્રયત્ને અને ફરિયાદ વગર એનો સ્વીકારભાવ સરવાળે લાભદાયી બનતો હોય છે, કારણ કે છેલ્લે તો 'જે થાય તે સારા માટે' એમ માનવું પડે એવી સ્થિતિ આપણી સામે સર્જાતી હોય છે.

પ્ર.: જીવનનો વિશેષ ઉદ્દેશ કે હેતુ હોય છે?

ઉ.: માત્ર સમય વિતાવવો એ જીવન નથી. ચીલાચાલુ જીવનને બદલે નાવીન્ય આવે તે જીવનનો ઉદ્દેશ હોય છે. જીવન માત્ર ધન કમાવાના ઉદ્દેશવાળું નહીં, સાથે યોગ્ય પ્રકારે હેતુપૂર્ણ રીતે નામ કમાવા માટે હોવું જોઈએ. નામ માત્ર વ્યક્તિગત નહીં, વ્યવસાય અને પોતાનું જ્યાં જોડાણ છે એ સંસ્થાના નામની પણ ખેવના હોવી જોઈએ. આપણી સાથે જોડાયેલા માણસોને આપણાથી દુઃખ ન પહોંચે તે જીવન ઉદ્દેશપૂર્ણ.

પ્ર.: જીવનની સંતોષજનક સ્થિતિ કઈ?

ઉ.: જિંદગી અનેક તબક્કામાં વહેંચાયેલી રહે છે. તમામ તબક્કા મનપસંદ ન જ હોઈ શકે. જીવનના દરેક તબક્કે આત્મસંતોષ રહે એનાથી વિશેષ બીજી કોઈ સંતોષજનક સ્થિતિ નહીં. જીવનમાં ગમતું કામ કરવા મળે એ સ્થિતિ સંતોષજનક. મારા માટે જૉબ સૅટિસ્ફેક્શન એ બહુ મોટી બાબત છે. 'જન્મભૂમિ' વાચકો માટે રોજેરોજ સારું દૈનિક બને એ પ્રયત્નોમાં પ્રવૃત્ત રહેવું એ સ્થિતિ સંતોષજનક.

પ્ર.: પડકારનું મહત્ત્વ સ્વીકારો છો?

ઉ.: હા, જરૂર. પડકાર વગર પ્રગતિ નહીં. સ્પર્ધાનું બીજું નામ પડકાર. જો સ્પર્ધા હોય તો આપણા આચાર,

વિચાર, નિર્ણયમાં સુધારા આવતા રહે. પડકાર ન હોય તો જીવન એકધારું રુટિન બની જાય, જે ખાસ વિકાસ પામી ન શકે.

પ્ર.: રોજિંદી જિંદગીમાં સિદ્ધાંતનું મહત્ત્વ કેટલું?

ઉ.: જીવનમાં સિદ્ધાંત હોવા જોઈએ પણ જીદ કે જડ નહીં. જે તે બાબતનું વાસ્તવિક મૂલ્યાંકન અને અમલ કરાય એટલે સિદ્ધાંતના નામે ઊભી થતી ખોટી વિડંબણાથી બચી શકાય. પોતાનાથી બને ત્યાં સુધી કોઈનું ખોટું ન કરવું એ મારી દૃષ્ટિએ સિદ્ધાંત. 'બને ત્યાં સુધી' શબ્દ એટલા માટે કે અજાણતાં ભૂલચૂક થઈ જાય એની શક્યતા હોય છે માટે બને ત્યાં સુધી ખોટું ન થઈ જાય તેની જાગૃતિ જાળવી રાખવી જોઈએ.

પ્ર.: નિત્યક્રમ શું?

સવારે પાંચ વાગ્યે ઊઠી જાઉં. રજાના દિવસે ચા જાતે બનાવી લઉં. સવારની ક્રિયા પતાવી મહાલક્ષ્મીથી બ્રીચ કૅન્ડી ચાલવા જવાનું. નાનપણથી યોગનો શોખ, થોડોઘણો અભ્યાસ ખરો. યોગના ક્લાસ જૉઇન કર્યા વગર આપમેળે કરતો હતો, હવે નથી કરતો. રોજ ૧૨ દૈનિક જોવાનાં. વાંચવાનાં એમ નહીં કહું, નજર કરી લેવાનાં. સવારે ૯ વાગ્યા સુધીમાં તૈયાર થવાનો નિત્યક્રમ. વરસોથી ૯.૪૫થી ૧૦ સુધીમાં જમી લેવાનો ક્રમ છે. પહેલાં હું 'ગુડ ઈટર' હતો એમ કહી શકું, હવે નહીં. ૧૧ સુધીમાં કાર્યાલય પહોંચી જવાનું. ૭ પછી ઘરે જવાનું. રાત્રે ૮.૩૦ પહેલાં જમી લેવાનું. ૧૦.૩૦ સુધીમાં સૂઈ જવાનું. ક્યારેક ઊંઘની સમસ્યામાં ગોળી લેવી પડે ખરી.

પ્ર.: ખાવાનો શોખ?

ઉ.: શું ભાવે? એમ પૂછો. મારી મા પૂરણપોળી કરતી. મને બહુ ભાવે માટે ત્રણ દિવસ સુધી ચાલે એટલી કરે. ફરસાણ પણ ભાવે. જોકે હવે ઉંમરસહજ સાવચેતીરૂપ ખોરાક મર્યાદિત અને નિયંત્રિત છે.

પ્ર.: જીવનશૈલી કેવી? સાદગી ગમે કે વૈભવ?

ઉ.: સાદી, સાવ સાદી, મધ્યમવર્ગીય. પત્રકારત્વ કારકિર્દીમાં વિશેષાધિકાર મળ્યા છે, પણ એ અંગત ઉપયોગમાં નહીં લેવાનું બને તેટલું ધ્યાન રાખ્યું છે. સત્તાધીશોને મળવાનું થાય, પણ એમની સત્તા આપણી નથી થઈ જતી એ સજાગતા રાખી છે. વાસ્તવવાદી બનીને જીવવાનું વધુ ગમ્યું છે. પ્રેસ કૉન્ફરન્સ બે-ત્રણ કલાકની હોય, આ સમયની મહેમાનગતિનું વાતાવરણ મગજમાં રાખીને જીવાય નહીં. સગવડ, સાદગી ને સાહેબી, જીવનશૈલીની આ ત્રણ સ્થિતિ હોય છે. શરૂઆત સંઘર્ષથી થઈ છે એટલે સાદગીભર્યું જીવન જળવાઈ રહ્યું એ દેવગુરુની કૃપા છે.

[અનુસંધાન પૃ. 124]



દીકરા/રીની મા

☐ કંદર્પ ર. દેસાઈ

સ્વાતિબેન કોલેજમાં પ્રોફેસર એટલે આજકાલના છોકરાઓના વિચારોથી સારી રીતે વાકેફ એવું સમજીવિચારીને અંબેલાલે એમને પોતાના ભાણિયાનો હવાલો આપ્યો.

'જુઓને સ્વાતિબેન આ અમારો અમર. અઠ્ઠાવીસનો થયો પણ કંઈ સમજતો જ નથી. એક વાર પરણવાની ઉંમર વીતી જશે પછી શોધવા જતાં કોઈ નહીં મળે. સરસ નોકરી છે, દેખાવડો છે ને તોય જુઓને, એકનો બે થતો જ નથી!'

'ભલે ભાઈ મોકલજોને એને મારી પાસે. આમેય હું શનિવારે બપોર પછી ફ્રી જ હોઉં છું. એને ક્યારે આવવાનું ફાવશે?'

'એ તો આવશે જ. તમારા માટે એને બહુ માન છે. તમારી કોલેજનાં નાટક જોવા એ અચૂક રજા પાડતો. તે મળવા માટે શું નહિ કરે? પેલું શું કહે છે? તમારું નામ જ પૂરતું છે.'

પોતાની આવી પ્રશંસા સાંભળી સ્વાતિબેન થોડું મલકાયાં, થોડું પોરસાયાં અને વધુ તો સભાન બન્યાં. આ વળી, જવાબદારી નહીં તો બીજું શું? જુવાન છોકરાઓ આપણું માન રાખે તો આપણે પણ એની લાગણી-મરજી સમજવી જ પડેને? નાહકનું મન કોચવાય અને શરમના માર્યા કશું કહી ન શકે! સૌથી સારો ઉપાય છે છોકરાઓને જ ખૂલવા દેવાય.

*

અમરને જોતાં પહેલી છાપ તો સારી પડી. ઠીક ઠીક ઊંચો, પાતળો પણ નબળો નહીં, આત્મવિશ્વાસથી સભર-પણ આછકલો નહીં. ડ્રેસિંગ સેન્સ પણ કેઝ્યુઅલ, આછી આછી લીલી દેખાય તેવી દાઢી અને ઊજળો પણ ખાસ્સો - કોઈ પણ મા-બાપ આવા જમાઈની અપેક્ષા રાખે તે સહજ છે. વાતની શરૂઆત કરવા કોઈ પણ મામૂલી મુદ્દો હોવો જોઈએ. બપોર પછીનો સમય એટલે ચા-કોફીનું પૂછ્યું:

'શું લઈશ, ચા કે કોફી?'

'એવી તકલીફ શું કામ?'

'અરે! એમાં તકલીફ કેવી? જો તો ખરો હું કેવી કોફી બનાવું છું? અરે પણ તું કોફી પીએ તો છે?'

એણે હકારમાં માથું ધુણાવ્યું. એ જોઈ સ્વાતિબેને એને ડાઈનિંગ રૂમમાં બેસવા કહ્યું. ડ્રોઈંગરૂમ અને ઓપન કિચનની વચ્ચેની સ્પેસમાં ડાઈનિંગ એરિયા. સ્વાતિબેને કોફીપોટમાં કોફી બીન્સ નાખ્યાં. તાજા શેકાવાની સુગંધ પ્રસરી.

'તમને પણ તાજી કોફીનો શોખ છે કે શું? કોલંબિયન બીન્સ છે કે શું?'

'ના, ના, આપણી ઇન્ડિયન મેઈડ. તને ક્યાંથી ખબર કોફી-?'

'અરે! આંટી તમને ક્યાં મારા વિશે કંઈ ખબર છે? આ ભણવું ને નોકરી-બોકરી તો ઠીક, મને તો ક્યારેક તાજી કોફીનો લોંજ શરૂ કરવાનો વિચાર આવે. કેવી સરસ એની એરોમા...મન મગજ બધું તરબતર તરોતાજા.'

આ કોફી- મારા દીકરા પછી મને આ અમર એવો મળ્યો જેને તાજી દળેલી કોફીનો શોખ હોય! સ્વાતિબેનને એકદમ જ અમર ઉપર વહાલ ઊપજ્યું. તાજી ગરમ કોફીનો કપ હાથમાં થમાવતાં સતત બોલ્યે જતા અમરના માથા ઉપર, વાળમાં હાથ ફેરવ્યા. અમરે પણ એ વહાલને અનુભવતો હોય એમ સ્વાતિબેન સામે સ્નિગ્ધતાથી જોયું.

અચાનક એણે કહ્યું, 'મામાને મારી બહુ ફિકર- પણ તમે જુઓ છોને, હું બીજાથી સાવ અલગ છું. આ બધું આજકાલનું યુથ- હું જલદીથી એ બધા સાથે કનેક્ટ નથી થઈ શકતો. અને છોકરીઓ તો... કશી ડેપ્થ જ નથી હોતી. ક્યારેક તો બહુ ચીપ- એવું તો ના કહેવાય- છીછરી લાગે છે કે ત્રણ

મિનિટ પછી આગળ શું વાત કરવી એ ન સમજાય. હવે તમે જ કહો, મારે શું કરવું?'

અમરના નિર્દોષ ચહેરા પર સાફ પાણીમાં તરવરતી માછલીઓની જેમ મૂંઝવણ દેખાતી હતી. બિચારો! કોઈ પ્રેક્ટિકલ છોકરીના હાથે ચડી ગયો તો આની જિંદગી નરક જ થઈ જશે. એટલે સ્વાભાવિક જ છે કે – સ્વાતિબેને છેવટે કહી દીધું,

'રાહ જો દીકરા.'

'એ જ તો!' એવો હળવોફૂલ! પાછી ચિંતા પણ કરી.

'આંટી, તમે મામાને શું કહેશો?'

'એ મારો પ્રોબ્લેમ છે. પણ દીકરા એક પ્રોમિસ કર કે જો તને અનુકૂળ પાત્ર મળે તો વિના વિલંબે-'

'ચોક્કસ. હવે તો સૌથી પહેલાં તમને જ વાત કરીશને!'

'એટલે બીજી વાર મળવા આવીશ. પાક્કું?'

'તમારા હાથની આ કોફી પીવા પણ આવવું પડશેને!'

અમરના મનમાં છવાયેલા રાજીપાએ સ્વાતિબેનને પણ હળવાં કરી દીધાં. કેવું સારું લાગે છે! જાણે રાજન આસપાસ જ ક્યાંક છે.

અમરના ગયા પછીય સ્વાતિબેન તરત ઊઠી ન શક્યાં. આજે રાજન હોત તો એ પણ- આવો, અમર જેવો જ સ્નેહાળ, સરળ અને છતાંય થોડોક રિઝર્વ હોત! ખબર નથી કેમ પણ આવું વિચારવું એમને ગમ્યું. જોકે સાચી વાત તો એ છે કે એ આવો બિલકુલ ન હતો. સ્વાતિબેને વિચાર્યું. એ તો ઊર્જાથી તરવરતો, છલાંગ લગાવી ઊડવા તત્પર. કહે, જો મમ્મા, મારી બોલિંગ. વેંગસરકર જુએ તો મને અચૂક ટીમમાં લઈ લે. બોલ હા કે ના?'

ક્રિકેટનું તો જાણે એને ઝનૂન ઊપડ્યું હતું. બીજું ઝનૂન બાઈકનું. મમ્મા, હું પાઈલોટ બનીશ પણ એ પહેલાં મારે જમીન ઉપર ઊડવું છે, ઝૂઝૂમ્મ્મ્મ કરીને!

સ્વાતિબેનને રાજન એવો ને એવો યાદ છે. હાથમાં લીધેલા નવજાત રાજનથી માંડીને લોહી અને ધૂળમાં રગદોળાયેલા... સામાન્ય રીતે આવી પળોનો સામનો એ નથી કરતાં. કોઈને ફોન કરે, નજીકમાં કોઈ હોય તો વાતો કરે, કશું નહીં તો છેવટે જૂનાં ગીતો સાંભળે. રસોડામાં જઈ, કોઈ નવી વાનગી બનાવે. -પણ આજે બેસી રહ્યાં. કુમાર આવીને લાઇટ્સ ઓન કરશે તો ભલે, પણ આજે મારી અને મારા દીકરા વચ્ચે કોઈ નહિ આવે. વિચારતાં સ્મરણ કરતાં બેસી રહ્યાં.

રાજન કંઈ છેક રમતિયાળ ન હતો. એને એના ભાઈબંધ-દોસ્તારોથી લઈ કૂતરાં-બિલાડાં સુધ્ધાંની ચિંતા રહેતી. એનો કોઈ ક્લાસમેટ- મમ્મી-પપ્પા બેઉ નોકરીએ જાય તો ઘરમાં પૂરીને જાય. જમવાનું પણ માપસર. ચાર રોટલી

ને શાક. ટિફિનમાં રાજન એના પેલા ક્લાસમેટ માટે બે રોટલી વધારે મુકાવે.

'- પણ તું ઘરે આવીને જમી જતો હોય તો-?'

'મમ્મા' એ સહેજ ખેંચાઈને જોઈ રહેતો.

કાબરી રોજના સમયે ના આવે તો શોધવા નીકળે.

'તારું ભણવાનું બગડશે. વાંચવા બેસ. એ આવશે તો હું કે પપ્પા આપી દઈશું'

કશું બોલે નહિ, ચોપડી લઈ પરસાળમાં બેસે ઊંચા જીવે. કાબરી આવે પછી જ એના જીવને શાતા વળે. ને છતાં દસમામાં ચોર્યાસી ટકા લાવ્યો. શરત પ્રમાણે સાયન્સ લેવા દીધું.'

'મહેનત કરવી પડશે.'

'કરીશ. પણ એક શરતે. મને બાઈક લઈ આપો'

કુમારે તરત ના પાડી. 'તું હજી નાનો છે, જોઈએ તો મમ્મીનું સ્કૂટી ચલાવ.'

'સ્કૂટી? છી- એ તો છોકરીઓ ચલાવે.'

'તો ભલે મરદ થા, તે દિવસે કહેજે.' કહેતાં કુમારે એની આછી ઊગેલી દાઢી પર હાથ ફેરવ્યો ને કહ્યું, 'હજી તો છોકરો છે છોકરો.'

મોઢું ફૂંગરાવી એ તાકી રહ્યો.

ક્યારે કઈ ક્ષણે એ એકદમ મેચ્યોર થઈ ગયો, ખબર જ ના પડી! બારમાના ક્લાસ શરૂ થયા હતા એ જ દિવસોમાં એક છોકરીનો ફોટો બતાવી કહે, 'મમ્મા, આ ખેવના છે!'

સુંદર, શાંત દેખાતી આંખોમાં હળવી ઉદાસી હતી. કહે, 'બહુ લાગણીશીલ છે. ચૂપચાપ. ઉદાસ પણ ખરી. ખાલી મારી જોડે જ વાત કરે છે. કહે છે, રાજ, જો તું ન હોત તો- મમ્મી મને થાય છે કે જો કોઈ એને સરખી રીતે સમજશે નહીં, તો એ ક્યાંક કશું કરી ન બેસે.'

સ્વાતિબેને એને દુનિયાદારી શીખવવાની કોશિશ કરતાં કહ્યું, 'શાંત થા દીકરા. એને સમજાવવા માટે એનાં મમ્મી, પપ્પા છેને!'

'એ જ તો પ્રોબ્લેમ છે.'

'આટલો ઇન્વોલ્વ ના થા. તારું ભણવાનું પહેલાં જો. પાઈલટ બનવું છે અને-'

- જોકે દીકરાના મનમાં ઊગતી કૂણી કૂણી લાગણીઓ એ બરાબર સમજી શક્યાં હતાં. આ ઉંમર જ એવી છેને! પ્રેમિકાના મોં પર એક સ્મિત માટે ફના થઈ જવાની, એની આંખોના તારા બની જવાની અને-! આજે પણ એ પળોને યાદ કરતાં સ્વાતિબેનના ચહેરા પર વહાલભર્યું સ્મિત આવી જાય છે!

એ સંબંધ જ્યારે ઘરના દરવાજે ગુંડાટોળીની જેમ ત્રાટક્યો ત્યારે એનો મક્કમતાથી સામનો પણ કર્યો. ખેવનાના પપ્પા બે બદમાશને લઈ ઘરે પહોંચી ગયા અને રાજનને ધમકાવવા લાગ્યા. કુમાર પણ ત્યારે ઘરે નહીં. દીકરાની ઢાલ થઈ આગળ ઊભાં રહ્યાં.

'તમારી છોકરીને સમજો અને સમજાવો. અહીં ખોટી દાદાગીરી નહીં જોઈએ. પોલીસને ફોન કરું? અમે તો છોકરાવાળા, ઇજ્જતના ભવાડા તમારા થશે.'

ગયા તો ખરા પણ એમણે આપેલી ધમકી આજે પણ કાનમાં ગુંજે છે. આઘો રહેજે મારી દીકરીથી. નહીં તો નામનિશાન મિટાવી દેશું તારું!'

કંઈ બહુ દિવસો નહોતા વીત્યા એ વાતને. એક બપોરે ફોન પર ફોન આવ્યા. અમે દોડતાં પહોંચ્યાં. એ અકસ્માત જ હતો. રેતી અને લોહી એકમેકમાં ભળી ગયેલાં... એ જ ક્ષણે ચક્કર આવ્યાં. આંખો ધૂંધળી બની અને આગળ કશું દેખાયું નહીં.

એ એક ક્ષણમાં હું ખાલી થઈ ગઈ! મારે હવે કશું કરવાપણું રહ્યું જ નહીં. રાજનને જન્મ આપ્યો તે સમયે મારી કૂખ ખાલી થઈ હતી માત્ર પણ હવે આખું જીવતર જ ખાલી. એમાં વળી લોકોના આક્ષેપો.

'કુમારભાઈ તો ના જ કહેતા હતા પણ સ્વાતિબહેને જ જીદ કરાવી રાજનને બાઈક લઈ આપી. પોતે કમાય એટલે વરની શું સાડીબારી રાખે? છોકરાએ પણ પાછળ ચીતરાવ્યું હતું. ''મામાઝ ગિફ્ટ.'' બોલો શું ગિફ્ટ કર્યું? મોત.'

એક ઊગીને ઊભા થતા છોકરાનાં અરમાનોને આ લોકો શું સમજવાના? જવાબ આપવાનું મન થાય છે પણ શબ્દો હોઠ પર નથી આવતા. બસ, ખાલી નજરે તાકી રહું છું. કોઈ આકાર ઊભો થતો નથી. કોઈ કશું મને કહેતું નથી ને મારા કાન તરસ્યા છે સાંભળવા, મમ્મા આમ મમ્મા તેમ. મમ્મા મમ્મા જો તો...

*

ત્રણ મહિના પછી મારા મોબાઈલ પર એક જુદો મેસેજ આવ્યો.

'જો તમે રજા આપતા હો તો મારે એક વાર રાજનનું ઘર જોવું છે! -ખેવના'

હાય! હું તો કેવી છું? સાવ જ ભૂલી ગઈ મારા દુઃખમાં કે કોઈ બીજું પણ- મારી જેમ જ... એને કોણ આશ્વસ્ત કરશે? અરે! એ તો જાહેરમાં રડી પણ નહીં શકે. અને છાનાખૂણે રડતી ખેવનાનાં આંસુ પણ કોણ...?

એ સાંજે મેં એને પહેલી વાર જોઈ!

શાંત. સુંદર. પણ આંખો નીચે કાળાશ ઊભરી આવી છે. વાળમાં સરખું તેલ પણ ન નાખતી હોય એવા લુખ્ખા સુક્કા દેખાય છે. આ મારા દીકરા રાજનની લાગણી. એકમેક સામે જોઈ ફિક્કું હસ્યાં. કશું બોલ્યા વિના સમય પસાર થતો રહ્યો. થોડી વાર પછી કહે, 'મારે એનો રૂમ જોવો છે.'

એ રૂમ એનો પણ હોત - આવતા વિચારને અટકાવ્યો. જુએ છે. પોતાની સ્મૃતિમાં રહેલી નોટ્સને સરખાવતી હોય એમ. અચાનક પૂછ્યું, 'અહીં

સચિન તેંડુલકરનું પોસ્ટર હતું તે ક્યાં ગયું?'

મને ક્યાં કશી ખબર હતી, આ દિવસોમાં શું બન્યું એની? પછીથી કુમારે કહ્યું ત્યારે ખબર પડી કે રાજનના કોઈ ફ્રેન્ડ જયને જોઈતું હતું તે એમણે આપી દીધું.

ખેવનાએ મને એક પેકેટ આપ્યું, 'મમ્મી આ તમે સાચવો. એણે મને લખેલા પત્રો છે. મારા ઘરે તો નહીં સચવાય. ક્યારેક મન થાય તો હું અહીં આવીને વાંચીશ. હું ફરી આવી શકુંને?'

મેં એના માથે હાથ ફેરવ્યો અને છાતીએ વળગાડી. આટ-આટલા દિવસોથી છાતીમાં ભરાયેલો ડૂમો તૂટ્યો અને અમારી આંખો છલકી...

બીજી વાર આવી ત્યારે મેં કોલેજ જવાનું શરૂ કરી દીધું હતું. કહે, 'તમે હમણાં જ આવ્યાંને! ચાલો, આપણે કોફી પીએ. હું બનાવું કે તમે? તમે જુઓ તો ખરાં, રાજને મને બરોબર શીખવ્યું છે કે કેમ?' કહેતાં જાણે રસોડાથી પરિચિત હોય એમ ડ્રોઅરનું ખાનું ખોલ્યું અને રાજનને ગમતા કોફી બીન્સની બોટલ ઊંચકી!

આ છોકરી! એ શું છે? રાજન માટે શું હતી કે રાજન એના માટે શું હતો? આટલી ઝીણી ઝીણી વાતો એકબીજાને કહેવાનો સમય ક્યાંથી મળ્યો? અને એ આગળ વધવાના બદલે અહીં જ અટકી ગઈ છે? હું ચોંકી ઊઠી. એના હાથની કોફી પીતાં પીતાં પૂછ્યું, 'કેવું ચાલે છે ભણવાનું?'

'પાસ તો થઈ જઈશ.'

'બસ પાસ? રાજન તો કહેતો હતો, તને ઘર બનાવવાનો બહુ શોખ છે. આર્કિટેક્ટમાં નથી જવું?'

મેં આ શું કર્યું? એને બહાર કાઢવાને બદલે પાછી ધકેલી? હું મને કંઈ સમજાઈ નહીં.

ખેવનાએ થોડા દિવસો પછી એના મોબાઈલ પર મેસેજ મને વંચાવ્યા.

તું ખૂબ સુંદર છે અને તારા મોઢા ઉપર હળવી સ્માઈલ પણ ખૂબ સુંદર લાગે છે.

'તેરે સંગ' ફિલ્મ જોઈ. એમાં માબાપ માટે એક સંદેશ છે. સંતાનોને પોતાની પ્રોપર્ટી નહીં સમજવાનાં, એમને બાંધી ન દેવાય. કઈ ઉંમરે પ્રેમ કરવો એ કુદરતે નક્કી કરવાનું છે, નહીં કે માબાપે. સંતાનો માટે પણ પ્રેમ સંદેશ છે. પ્રેમ થઈ જાય એ સ્વાભાવિક છે પણ કરિયરને પણ એટલું જ પ્રાધાન્ય આપવું, જેથી આપણી પાસે બતાવવા માટે કશુંક હોય.

પોઝિટિવ થિંકિંગ રાખ અને જલદી હાર ન માન.

મને કેમ તારી આટલી કાળજી કરવાનું મન થાય છે? આને જ શું પ્રેમ કહેવાય?

મારો દીકરો! એની આટલી અમથી ઉંમરે પ્રેમનો સાચો અર્થ પામી ગયો?

એક સાથે હું પીડા અને ગર્વથી છલકાઈ પડી. મન જ્યારે નીતરીને હળવું થયું, મેં ખેવનાને કહ્યું, 'આ જ તારું સાચું ઘર છે એમ માન. ગમે ત્યારે જરૂર પડે, એકલી ન માનીશ. ભલે રાજન ન રહ્યો, એની મા હજી બેઠી છે!'

'મને રાજને આ પણ કહ્યું હતું મા. એક વાર જો મમ્મી તને સ્વીકારશે પછી તું જ પહેલી હોઈશ એમના માટે, હું પણ નહીં.'

*

રવિવારની બપોરે અચાનક એ આવી ચઢી. કહે, 'મમ્મી, ચલો બહાર જઈએ.'

હજી કુમારને ચા આપવાની પણ બાકી છે અને આ- કેવો આગ્રહ કરે છે! મેં કુમાર સામે જોયું. એમણે આંખોથી જ સંમતિ આપી. એના એક્ટિવા પર બેસીને અમે નીકળ્યાં. ઠીક ઠીક દૂર, તળાવ કાંઠે, મંદિરના પ્રાંગણમાં બેઠાં. કહે, 'એ કાયમ મને અહીં લઈ આવતો. આ એની ખૂબ ગમતી જગ્યા. એ સતત બોલતો અને હું આંખોથી સાંભળતી. પછી હું સતત બોલતી ને એ સાંભળતો. પણ પછી અમે ચૂપ થઈ તળાવના હિલ્લોળાતાં પાણીને તાકી રહેતાં. તગતગતી બપોરનો તડકો ક્યારે સાંજના અંધકારમાં ફેરવાઈ જતો એનીય સુધ રહેતી નહીં, એ તો મંદિરની ઝાલર વાગી ઊઠતી ને અમે ઊભાં થઈ, આરતી કરી પાછાં ફરતાં. કદાચ કોઈક એવી જ સાંજે પપ્પાએ અમને જોઈ લીધાં હોય અને'-

'એ એક ચોખ્ખો અકસ્માત હતો. રોડ પર રેતી હતી, બાઈક એમાં જ સ્લિપ થઈ ગઈ હતી. તું કશો બોજ મન પર ન રાખ.'

'નથી રાખતી. પણ.. પણ મન માનતું નથી!'

'મને પણ પહેલાં દીકરાને બાઈક લઈ આપ્યાનો અપાર રંજ હતો. આજે તો એ જરાક અમસ્તો પણ હતો તે પણ નીકળી ગયો છે! મારો દીકરો જીવ્યો છે, ભરપૂર ઊર્જા અને સંવેદનથી, પ્રેમ અને વિશ્વાસથી. જીવવાની ક્ષણે ક્ષણે એ સભર હતો અને બીજાને પણ પોતાનાં ચૈતન્યનો, ઊર્જાનો ચેપ લગાવતો, એમનામાં પણ જીવવાની આશા જગાવતો, જિંદગીને કેમ ચાહવી - એ શીખવતો હતો. ઊઠ ઊભી થા. આપણે પણ એની રીતે જીવીએ અને આ પીંજરામાંથી બહાર નીકળીએ.'

એ સાંજે હું અને ખેવના કોઈ જુદા સંબંધે બંધાયાં અને જિવાતા જીવનની ગતિ સાથે ફરીથી તાલ મેળવતાં થયાં.

*

સ્વાતિબેન જાણે કે પાછાં પોતાની ભીતરથી બહાર નીકળ્યાં. દિવસોને જતાં ક્યાં વાર લાગે છે? ખેવનાએ પણ આર્કિટેક્ટ જોઈન કર્યું અને પાસ પણ થઈ. માસ્ટર્સ કરવા સેપ્ટમાં એડમિશન લીધું છે. ફોન પર, વોટ્સએપ પર સતત, ક્યારેક થોડા સમયના અંતરાલથી સંપર્ક

થતો રહે છે. મળે ત્યારે વર્તમાનમાં જ જીવે છે. -પણ પેલો એક સંબંધ જે થયો નહીં તે બંનેને જોડી રાખે છે.

કુમારભાઈએ આવી વરંડાની લાઇટ્સ ઓન કરી. ગરમાગરમ કચોરીની ડિશ નાક આગળ ધરતાં પૂછ્યું, 'એટલી બધી શું ખોવાઈ ગઈ હતી કે આ સુગંધે પણ તને ડિસ્ટર્બ ન કરી?'

'દીકરો તમારો.' કહેતાં કચોરીને બટકું ભર્યું. 'એકદમ સરસ છે. એ હોત તો તમારાં આંગળાં પકડીને કહેત યે હાથ- સોરી સોરી યે ઉંગલિયાં મુઝે દે દે ઠાકુર.' સ્વાતિબેનની આંખો ભરાઈ આવી.

'- અને શું કરે છે તમારી દીકરી ખેવના?'

'બોલો આવીને ઈર્ષ્યા? આજે જ મેસેજ આવ્યો છે, શનિ-રવિ આવવાની છે. એને ઊંબાડિયું ખાવું છે.'

'એને કેટલાં પચ્ચીસ તો થયાંને! ભણવાની સાથે જોબ પણ કરે છેને? તો એ એમ જ કરતી રહેશે કે- કંઈક આગળ વધશે?'

'હજી તો ભણે છે.'

'તો-?' કુમારભાઈના અવાજમાં રહેલી ધાર સ્વાતિબેનને વાગી. ત્યારે પણ એ ભણતાં જ હતાંને? હજી ક્યાં સુધી અટકીને રહેશે? આગળ વધવા છતાં જો વીતેલો સમયખંડ સાથ ન છોડે તો કેવી રીતે મુક્તપણે ઊડી શકાય?

એ જો ન છોડી શકે તો મારી શું ફરજ છે? સ્વાતિબેને પોતાને સવાલ કર્યો.

*

સ્વાતિબેન શનિવારની રાહ જુએ છે. એ પહેલાં કરવાં જેવાં કેટલાંક કામ કરવા ઇચ્છે છે. છાતી પર પથ્થર રાખીને એ કરવું પડશે તો કરશે. સ્વાતિબેનને ખબર છે, ખેવના ઘરે આવશે એના કલાકમાં અહીં પહોંચશે. એને પૂછવા માટેના પ્રશ્નો પણ મનમાં વિચાર્યા છે પણ પૂછી શકાશે ખરા?

ખેવના છેવટે આવી પહોંચી. એવી જ શાંત, સુંદર પહેલેથી જ ઠરેલ હતી તે વધુ ઠરેલ લાગે.

ખેવનાએ આપેલી મીઠાઈનું બોક્સ હાથમાં લેતાં સ્વાતિબેને કહ્યું,

'આ મીઠાઈ અમે શી ખુશીમાં ખાઈએ? સેપ્ટનું કલ્ચર તો કહે છે બહુ એડવાન્સ છે! કોઈ મળી ગયું કે શું?'

'તમે પણ -તમે પણ મને મમ્મી-પપ્પાની જેમ છોકરો ને પરણવું ને એવી જ વાત કરવાનાં છો? તો પ્લીઝ મારે નથી ખાવું તમારું ઊંબાડિયું. હું આ ચાલી...' કહેતાં ખેવના રિસાઈને ઊભી થઈ.

'ભલે ન ખાઈશ. તારી મરજી. -પણ હંમેશની જેમ આપણે એક વાર રાજનના રૂમમાં જઈ આવીએ?'

'હા, હવે તમે મુદ્દાની વાત કરી.'

રૂમમાં પ્રવેશતાં જ ખેવના ચોંકી ઊઠી. વર્ષો જૂના પડદા બદલાયા હતા. નવો રંગ ચમકતો હતો. જૂનાં પોસ્ટર્સ,

ચિત્રો, લખાણ- કશું જ ન હતું. ખેવના સ્તબ્ધ નજરે ઘડીક રૂમ તો ઘડીક સ્વાતિબેન સામે જોઈ રહી. સ્વાતિબેને રાજનના પત્રોમાંથી એક પત્ર ઉઠાવી, સળ ખોલી વાંચવો શરૂ કર્યો.

'તને ખબર છે ખેવના, મારા રૂમની બહારના બગીચામાં પારિજાત, રાતરાણી, મોગરો- એમ જાતજાતનાં સુગંધી ફૂલોનાં છોડ-ઝાડ છે. સીઝન બદલાતી રહે એમ સુગંધ પણ. અને એમ બદલાતો રહે છે મારા રૂમનો રંગ, વસંત, પાનખર ને વર્ષા- દરેકનો રંગ જુદો, દરેકનો ચાર્મ જુદો. તું આવીશ પછી એમાં તારો પણ રંગ ઉમેરાશે.'

થોડુંક અટકી સ્વાતિબેને પૂછ્યું, 'બીજા પત્રનો અંશ વાંચું?' ખેવનાની ઇચ્છા જાણ્યા વિના જ સ્વાતિબેને વાંચવાનું શરૂ કર્યું. એક, એકથી વધુ પત્રો- જેમાં રાજને પોતાની બદલાતી રસ-રુચિની વાતો લખી હતી. પછી એ કપિલ દેવ કે સચિનના ગમવાની વાત હોય કે વેઢમીના બદલે ગમતી બંગાળી મીઠાઈની વાત.

પત્રો વાંચતાં સ્વાતિબેન અટક્યાં. થોડી વારે કહ્યું, 'વિચાર. માત્ર એટલું જ આજે હું ઇચ્છું છું અને એમ કરવાથી તું મારી, આ ઘરની કે રાજનની મટી નથી જવાની.'

સ્વાતિબેને ખેવનાનાં આંસુ લૂછ્યાં અને પૂછ્યું, 'તું આમ એકલી દુઃખી જીવતી હોય એ આપણા રાજનને ગમે ખરું? એની ઊર્જાએ તને જીવન પ્રત્યે અભિમુખ કરી. આગળ વધવાનો અર્થ માત્ર અભ્યાસ કે એવી અંગત બાબતોમાં જ આગળ વધવું એવું નથી. સર્વાંગે વિકસવું.'

'હા, -પણ જેણે મને મુક્ત કરી એણે જ મને બાંધી રાખી છે. હું શું કરું?' ખેવનાથી ડૂસકું મુકાઈ ગયું.

'જે બાંધે છે એ જ મુક્ત કરે છે. વિચાર, તું જીવનમાં આવતી વસંત તરફ આંખ મીંચી રાખીશ તો તને ક્યારેય એ દેખાશે નહીં. જે મળે છે, એના તરફ જો. એને પરખ. એમ કરતાં કરતાં જ તને ક્યારેક રાજનથીયે વધુ બહેતર મળી શકે છે.'

'પણ તમે કેમ આમ મને મુક્ત કરો છો?'

'હું તને મુક્ત નથી કરતી દીકરી. આજે હું તારી મા જેમ વિચારું છું અને અમર મને મળ્યો ન હોત, હું આજે પણ તારી થનાર સાસુની ભૂમિકામાં જ હોત.'

'કોણ અમર?'

એય છે મારા રાજન જેવો. તારી જેમ, ગમતું ઊંબાડિયું ખાવા એ પણ આવવાનો છે. મારો કશો આગ્રહ નથી, પણ જો તું એને એક વાર મળીશ તો અમને, મને અને કુમારને - બેયને ગમશે. તું મળીશને? દિલથી હા-ના કહે.'

દીકરીની મા જેમ સ્વાતિબેન આશાભરી નજરે ખેવનાને તાકી રહ્યાં.

❑❑❑

વિક્રમ સારાભાઈ
(ઈ.સ.૧૯૧૨-૧૯૭૧)

☐ અરવિંદ ગુપ્તા ☐ અનુ.: હેમંત સોલંકી

આ લેખ વિજ્ઞાન લેખક તેમ જ વિજ્ઞાન પ્રચારક શ્રી અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ પ્રખ્યાત વૈજ્ઞાનિક અને ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા ડો. વિક્રમ અંબાલાલ સારાભાઈની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. ઉલ્લેખનીય છે કે હાલમાં જ ભારતે પ્રક્ષેપિત કરેલ ચંદ્રયાન-૨ અંતરિક્ષ યાન જે એક ઓર્બિટર, એક લેંડર અને એક રોવર ધરાવતા ત્રણ ભાગમાં વહેંચાયેલું હતું, તેમાં લેંડરનું નામ વિક્રમ સારાભાઈના નામ ઉપરથી 'વિક્રમ' રાખવામાં આવ્યું, કારણ કે તેઓ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમોના સંસ્થાપક હતા.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત્ર રહ્યા તેમ જ ખ્યાતનામ ખગોળ વિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમ જ પ્રા. ટી. પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો *''બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવતું પુસ્તક પ્રગટ કરવું.''*

શ્રી અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમ જ સંશોધકોના જીવનનો લઘુ પરિચય તેમ જ તેઓએ મેળવેલી સિદ્ધિઓ અને તેમનાં યોગદાનોને રજૂ કર્યાં છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડો. કરેન

હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એક સાથે પ્રગટ થયું અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું, અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

શ્રી અરવિંદ ગુપ્તાને ૨૦૧૮ના પ્રજાસત્તાક દિવસે નાગરિક સન્માન પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા. આ એવોર્ડ તેમને તેમના "Toy From Trash" પ્રોજેક્ટ માટે તેમ જ તેમણે વિજ્ઞાનના શિક્ષણમાં કરેલ અભૂતપૂર્વ ફાળા માટે એનાયત થયો.

પ્રસ્તુત ભાવાનુવાદિત લેખના માધ્યમથી શ્રી અરવિંદ ગુપ્તા જેવા વિજ્ઞાન પ્રચારકે લખેલ આ પુસ્તકના લેખ વિજ્ઞાનમાં રસ ધરાવતા ગુજરાતી વાચકો સુધી પણ પહોંચે તે માટેનો નમ્ર પ્રયાસ છે.

- શ્રી હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com

કિશોરાવસ્થામાં વિક્રમ સારાભાઈને સાઈક્લિંગની કેટલીક કરામતો કરવી ખૂબ જ પસંદ હતી. સાઈકલને પૂરતો વેગ મળ્યા પછી, તેઓ પોતાના બન્ને હાથ છાતી ઉપર રાખતા અને બન્ને પગ હેન્ડલ બાર ઉપર રાખી દેતા. જો આગળનો રસ્તો સીધો હોય તો તેઓ પોતાની આંખો બંધ કરીને સાઈકલને નાકની દાંડીએ સીધી જવા દેતા જ્યાં સુધી તે જઈ શકે. આ બધી કરામતો દરમિયાન ગભરાયેલા ઘરના નોકરો તેમની પાછળ ભાગતા રહેતા અને તેમને સાઈકલ થોભાવવાની વિનંતી કરતા. કિશોર વયમાં આવી સાહસિક પ્રવૃત્તિઓ કરનાર વ્યક્તિ આગળ જઈને બ્રહ્માંડીય કિરણો જેવા જટિલ વિષય ઉપર ૮૦ જેટલા વિદ્વત્તાપૂર્ણ સંશોધનપત્રો લખશે તે માનવું થોડું અઘરું લાગે.

આવા નોંધપાત્ર જીવનના બીજનાં વાવેતર ઘણું કરીને તેમના બાળપણના દિવસોમાં થયાં. તેમનો ઉછેર વિલક્ષણ કહી શકાય તેવી કેળવણી દ્વારા થયો. વિક્રમ સારાભાઈ એક સમૃદ્ધ ઉદ્યોગપતિ



કુટુંબમાં જન્મ્યા. અમદાવાદની પ્રસિદ્ધ કેલિકો કાપડ મિલ તેમના કુટુંબની માલિકીની હતી. ૧૯૨૦ના દસકામાં જહાજ વડે ભારત પરત ફરતાં તેમના પિતા અંબાલાલ અને માતા સરલાએ શિક્ષણ તેમ જ કેળવણી ઉપર મારિયા મોંટેસરીનું ક્રાંતિકારી પુસ્તક વાંચ્યું. તેમણે તરત જ પોતાનાં બાળકોને મોંટેસરી પદ્ધતિથી શિક્ષણ આપવાનું નક્કી કર્યું! પોતાના કુટુંબની ૨૧ એકરની જમીનમાં તેમણે ખાનગી એવી પ્રાયોગિક મોંટેસરી પદ્ધતિની શાળા શરૂ કરી, જેમાં તેમનાં આઠ બાળકો શિક્ષણ પામ્યાં. આ બાળકો તેમનાં માતાપિતાની દેખરેખ હેઠળ બ્રિટિશ અને ભારતીય શિક્ષકો દ્વારા ઘરમાં જ પ્રશિક્ષિત થયાં. જ્યારે વિક્રમ વસ્તુઓના સમારકામ તેમ જ યાંત્રિક વસ્તુઓમાં થોડો ઘણો રસ દેખાડવા લાગ્યા ત્યારે તેમના પિતાએ તેમને એક સંપૂર્ણ સુવિધાયુક્ત કાર્યશાળા (Workshop) ભેટમાં આપી જેમાં એક નિરીક્ષક (Supervisor) ખડે પગે હાજર રહેતો! આવી બધી અભ્યાસેતર પ્રવૃત્તિઓ ઉપરાંત બાળકોને તેમના ઘરે મુલાકાત લેતી રવીન્દ્રનાથ ટાગોર, જવાહરલાલ નેહરુ અને રુકૃમિણીદેવી અરુન્ડેલ જેવી નામાંકિત વિભૂતિઓનાં સાંનિધ્ય અને શિખામણો પણ પ્રાપ્ત થતાં.

સારાભાઈ પરિવાર પૈસાદાર હોવાની સાથે સાથે મહાત્મા ગાંધીની પણ ખૂબ જ નજીક હતો તેમ જ તેઓ પોતાની સામાજિક જવાબદારી નિભાવવા માટે પણ ખૂબ જ જાણીતા હતા. વિક્રમનાં ફોઈ અનુસૂયાએ અમદાવાદ શહેરમાં કાપડની મિલોના સૌપ્રથમ મજૂર સંઘ (Trade Union)ની સ્થાપના કરી. તેમની બહેન મૃદુલા મહાત્મા ગાંધીના વિચારોથી ખૂબ જ પ્રભાવિત હતી. તેઓ ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં આગળ પડતો ભાગ લઈ ઘણી વખત જેલમાં પણ ગયાં હતાં.


શાળાકીય શિક્ષણ પૂરું થયા પછી વિક્રમે અમદાવાદની ગુજરાત કોલેજમાં થોડો વખત અભ્યાસ કર્યો. પણ સ્નાતક થવા પહેલાં જ તેમણે કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયની સેંટ જોન્સ કોલેજમાં ભણવા માટે ભારત છોડી દીધું. ઈ. સ. ૧૯૩૯માં તેમણે પ્રાકૃતિક વિજ્ઞાનની શાખામાં કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયની પદવી પરીક્ષા (જે Tripos તરીકે ઓળખાય છે) ઉત્તીર્ણ કરી. તે જ ગાળામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું જેના લીધે તેમને ભારત પાછા ફરવાની ફરજ પડી. ભારત પાછા ફરી તેઓ ભારતીય વિજ્ઞાન સંસ્થા, બેંગલોરમાં ડોક્ટર સી. વી. રામનના માર્ગદર્શન હેઠળ બ્રહ્માંડીય કિરણો (Cosmic Rays) ઉપર સંશોધન કરવા લાગ્યા. બ્રહ્માંડીય કિરણોનો અભ્યાસ કરતાં કરતાં વિક્રમનું ધ્યાન અંતરિક્ષ વિજ્ઞાન

અને તેની પ્રૌદ્યોગિક પદ્ધતિઓ તરફ આકર્ષિત થયું. તેમનો આ રસ ત્યાં સુધી નિષ્ક્રિય પડ્યો રહ્યો જ્યાં સુધી તેમને ભારતીય અંતરિક્ષ કાર્યક્રમમાં મુખ્ય ભૂમિકા નિભાવવાની તક સાંપડી.

પોતાના બેંગલોરના વસવાટ દરમિયાન વિક્રમની મુલાકાત ભરતનાટ્યમનાં પ્રખ્યાત નૃત્યાંગના મૃણાલિની સ્વામિનાથન સાથે થઈ, તે પછી બન્નેએ પ્રભુતામાં પગલાં માંડ્યાં. તેઓ બે બાળકોનાં માતાપિતા બન્યાં - દીકરો કાર્તિકેય અને દીકરી મલ્લિકા (જે ભરતનાટ્યમનાં નૃત્યાંગના હોવાની સાથે સાથે ફિલ્મ અભિનેત્રી પણ છે. તેમણે કેટલીક ગુજરાતી ફિલ્મોમાં નાયિકાનું પાત્ર પણ ભજવ્યું છે).

ઈ. સ. ૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં વિક્રમ સારાભાઈ કેમ્બ્રિજ પરત ફર્યા. અહીં તેમણે પ્રોફેસર ઈ. એસ. શારના માર્ગદર્શન હેઠળ પોતાની પીએચ.ડી. પૂરી કરી, જેનો વિષય હતો - Cosmic Ray Investigations in Tropical Latitudes. તેમણે તૈયાર કરેલા શોધ-પ્રબંધમાં આણ્વિક વિખંડન (Nuclear Fission) ઉપર પણ થોડું કામ કરવામાં આવ્યું હતું તેનો ઉલ્લેખ હતો.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના આદર્શવાદી યુગમાં વિક્રમ સારાભાઈએ ઘણીબધી સંસ્થાઓની સ્થાપના કરી, જેવી કે - ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (Physical Research Laboratory), દર્પણ નૃત્ય અકાદમી (જેમાં તેમનાં પત્ની મૃણાલિની સહસંસ્થાપક હતાં), અમદાવાદ ટેક્સટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન (જે કાપડ ઉપર શોધ કરનારી ભારતની સૌપ્રથમ સહકારી સંસ્થા હતી), ઓપરેશન રિસર્ચ ગ્રુપ (બજાર ઉપર શોધ કરનારી ભારતની સૌપ્રથમ સંસ્થા), તેમ જ ભારતીય પ્રબંધન સંસ્થાન (The Indian Institute of Management)ની સ્થાપના પણ તેમણે જ કરી. આ જ સાથે National Institute of Design (NID)ની સ્થાપના કરવામાં પણ તેમણે



મદદ કરી. આ વિવિધ પ્રવૃત્તિઓથી વિક્રમ સારાભાઈનો વિવિધ ક્ષેત્રોમાંનો રસ દેખાઈ આવે છે તેમ જ આ બધાંય કાર્યો કરવા માટેના તેમનાં સુસંગત અભિગમ, વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ, ઊંડું આર્થિક આયોજન અને રાષ્ટ્રવાદી હેતુના સ્પષ્ટ દર્શન થાય છે.

તેઓ ગોખણપટ્ટી કરાવનાર શિક્ષણ પ્રત્યે સખત અણગમો ધરાવતા અને તેથી તેમણે Group For Improvement of Science Education નામના સમૂહની શરૂઆત કરી. પછીથી આ જૂથ Nehru Foundation for Developmentનો ભાગ બની ગયું. તેમણે અમદાવાદમાં દેશના સૌપ્રથમ સામુદાયિક વિજ્ઞાન કેન્દ્ર (Community Science Center)ની સ્થાપના કરી, જેનું ઉદ્‌ઘાટન ઈ. સ. ૧૯૬૮માં સી. વી. રામનના પ્રખ્યાત વ્યાખ્યાન ''આકાશ આસમાની રંગનું કેમ છે?''થી થયું.

દરેક ક્ષેત્રમાં આટલું બધું ઉત્કૃષ્ટ યોગદાન આપવા માટે તેઓ કેવી રીતે સમય અને ઊર્જા મેળવતા હતા તે ખરેખર અદ્‌ભુત બાબત હતી. આવાં ઊર્જા અને અભિગમ ધરાવતો માણસ કેવી રીતે કોઈના ધ્યાન બહાર રહી શકે. ઈ. સ. ૧૯૬૨માં પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુએ વિક્રમ સારાભાઈને ભારતના અંતરિક્ષ સંશોધન કાર્યક્રમ માટે સંગઠન બનાવવા આમંત્રિત કર્યા. જ્યારે જગતની મહાશક્તિઓ (એટલે કે અમેરિકા અને રશિયા) અંતરિક્ષ પ્રૌદ્યોગિકીનો ઉપયોગ પોતાની સૈન્યશક્તિ અને બીજા દેશો ઉપરનો કાબૂ વધારવા માટે કરવા માગતી હતી ત્યારે સારાભાઈની દૂરદર્શિતા ખૂબ જ અલગ હતી. તેમણે ભારત માટે એક અનન્ય અંતરિક્ષ કાર્યક્રમનું સપનું જોયું જ્યાં ઉપગ્રહોનો ઉપયોગ સામૂહિક શિક્ષણ, સંદેશ વ્યવહારનાં સાધનોનો વિકાસ, હવામાનની સચોટ આગાહી તેમ જ ખનિજોની શોધખોળ માટે કરવામાં આવે.

તેમણે પ્રૌદ્યોગિક વિજ્ઞાનનો ઉપયોગ દેશના કરોડો લોકોની જરૂરિયાતો સંતોષવા માટે કર્યો અને તે જ સાથે એક વ્યવહારદક્ષ વૈજ્ઞાનિક પ્રણાલીની પણ સંભાળ લીધી. તેમને ભારતના લોકોની ક્ષમતા ઉપર વિશ્વાસ હતો કે ભારતના લોકો પ્રૌદ્યોગિક વિજ્ઞાનની મદદથી 'હનુમાન કૂદકો' લગાવી પોતાનું જીવનધોરણ ઊંચું લાવશે. તેમને પ્રૌદ્યોગિક વિજ્ઞાનની ક્ષમતા ઉપર ખૂબ જ શ્રદ્ધા હતી કે જેના દ્વારા વિકાસશીલ દેશોને પશ્ચિમના દેશોની જેમ વિકાસ માટે લાંબી અને દુષ્કર પ્રક્રિયાઓના અવરોધો નહીં નડે.

સારાભાઈએ શાળાએ ન જઈ શકતાં લાખો ભારતીય બાળકો માટે Satellite Instructional Television Experiment નામે સામૂહિક શિક્ષણ કાર્યક્રમનો પાયો નાખ્યો. તેમણે કેરળમાં



ચુંબકીય વિષુવવૃત્તની ઘણી નજીક આવેલ થુમ્બા ખાતે રોકેટ પ્રક્ષેપણ મથકની સ્થાપના કરી. જે પછીથી વિસ્તાર પામી સંપૂર્ણ સુવિધાયુક્ત Space Science & Technology Centerમાં રૂપાંતર પામ્યું (આજે આ કેન્દ્ર Vikram Sarabhai Space Research Center નામે ઓળખાય છે). તેમણે આંધ્ર પ્રદેશના શ્રી હરિકોટામાં હજુ એક રોકેટ પ્રક્ષેપણ મથકની સ્થાપના કરી અને અમદાવાદમાં Satellite Communication Centerની સ્થાપના કરી. હોમી ભાભાના વિમાન દુર્ઘટનામાં થયેલ આકસ્મિક મૃત્યુ પછી સારાભાઈ પરમાણુ ઊર્જા આયોગ (Atomic Energy Commission)ના અધ્યક્ષ બન્યા. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત હોવાને લીધે આણ્વિક હથિયારો જેવા સંવેદનશીલ મુદ્દે સારાભાઈનો અભિગમ અત્યંત સૂક્ષ્મ તેમ જ વિચારપૂર્વકના વપરાશનો રહેતો. દેખીતી રીતે જ સારાભાઈનો આ અભિગમ ભારતમાં આણ્વિક સત્તા સ્થાપના કરવા માગતા ઉચ્ચ હોદ્દેદારોને પસંદ ન પડ્યો અને તેમને આ મુદ્દે ટીકાઓનો સામનો કરવો પડ્યો. સારાભાઈએ પુગવોશ પરિષદો (Pugwash Conferences)માં ભાગ લીધો અને આણ્વિક સત્તાના દુરુપયોગ તેમ જ વિશ્વમાં આણ્વિક ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગ વિષે ચર્ચાઓ કરી.

આજે ભારતે ઓછા ખર્ચે સ્વદેશી બનાવટના ઉપગ્રહો (Satellites) બનાવી દેખાડ્યા છે તેમ જ પોતાનું ચંદ્રની તપાસ કરનાર ઉપગ્રહ 'ચંદ્રયાન'નું પ્રક્ષેપણ કરી દેખાડ્યું છે, તેનો બધો જ શ્રેય વિક્રમ સારાભાઈએ આ ક્ષેત્રમાં જે પાયાનું કામ કર્યું તેને જાય છે. તેમણે આ કામ માટે જુસ્સેદાર ટુકડી પસંદ કરી અને ખૂબ જ કાળજીપૂર્વક આ ટુકડીના સભ્યોની માવજત કરી તેમને તૈયાર કર્યા. આ ટુકડીમાં અગ્રણી વૈજ્ઞાનિકો જેવા કે એ. પી. જે. અબ્દુલ કલામ, ઈ. વી. ચિટણીસ, વસંત ગોવારિકર, પ્રમોદ કાળે, યુ. આર. રાવ, કસ્તુરી રંગન તેમ જ બીજા સંશોધકોનો પણ સમાવેશ થતો હતો.



પોતે ઓછું જીવ્યા છતાં વિક્રમ સારાભાઈ દેશ સદા માટે આભારી રહે તેવાં કાર્યો કરી શક્યા. પોતાનાં આ કાર્યોને લીધે તેમને ઈ. સ. ૧૯૬૨માં ભૌતિકશાસ્ત્ર માટે શાંતિ સ્વરૂપ ભટનાગર મેમોરિયલ પારિતોષિક, અને ઈ. સ. ૧૯૬૬માં પદ્મભૂષણ એનાયત થયાં. તેમ જ મરણોપરાંત ઈ. સ. ૧૯૭૨માં તેઓ પદ્મવિભૂષણથી સન્માનિત થયા.

વિક્રમ સારાભાઈ પોતાના કામની પાછળ એક ધૂની જેવી લગન દેખાડતા. એક વાર તો તેમણે એ. પી. જે. અબ્દુલ કલામને રાત્રે ૩.૩૦ વાગે મળવા માટે સમય આપ્યો! તેઓ પોતાનું ધ્યેય સૌથી ઓછા સમયમાં મેળવી લેવા માટે હંમેશાં કૃતનિશ્ચય રહેતા. તેમની આવી વ્યસ્ત અને સખત જીવનશૈલીને લીધે તેમની તબિયતે અચાનક ઊથલો માર્યો અને ૩૦ ડિસેમ્બર ઈ. સ. ૧૯૭૧માં તેમનું હૃદયરોગના હુમલાને લીધે અવસાન થયું.

એક પ્રસિદ્ધ અને ધનવાન કુટુંબમાં જન્મ લેનાર વિક્રમ સારાભાઈ જો ઇચ્છત તો વૈભવી અને આરામપ્રદ જીવન જીવી શક્યા હોત, પણ તેમણે પોતાના દેશની સેવા કરતાં કરતાં અકાળે જ આ દુનિયામાંથી વિદાય લીધી.

અંતરિક્ષ મહાસત્તા તરીકે ભારતને આગલી હરોળમાં સ્થાન અપાવવા માટે દેશ હંમેશાં તેમનો ઋણી રહેશે. ઈ. સ. ૧૯૭૪માં ચંદ્ર ઉપર મળી આવેલા એક પોલાણ/ખાડા (Crater)ને વિક્રમ સારાભાઈનું નામ આપવામાં આવ્યું. આ નામકરણ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં સ્થિત International Astronomical Unionએ કર્યું. યુનિયને ચંદ્ર ઉપર 'Sea of Serenity (શાંતિ સાગર)' તરીકે ઓળખાતા ક્ષેત્રમાં સ્થિત એક પોલાણ (Crater) જે 'બેસલ' નામે ઓળખાતું તેને બદલીને 'Sarabhai Crater' કર્યું. ❑❑❑

ભૂલસુધાર: 'નવનીત સમર્પણ' નવેમ્બર ૨૦૧૯ના અંકમાં શ્રીનિવાસ રામાનુજમ લેખમાં પૃ. ૬૦ પર સરતચૂકથી ઈ. સ. ૧૯૩૨ છપાયું છે તે સુધારીને ૧૯૬૨ વાંચવું.



એક દુષ્કર કાર્ય : લસણ ફોલવું

☐ રમણ સોની

સવારની, અને ક્યારેક બપોરની પણ, ચા બનાવવાની મારી ઊજળી કારકિર્દીને તો હવે સાડાચાર દસકા થશે. અર્થાત્ અમારા લગ્નજીવનની સુવર્ણજયંતી આડે હવે પાંચેક વર્ષ બાકી રહ્યાં છે. હું ચા સારી બનાવું છું (લખવાનું ભૂલ્યો, ઘણી સારી બનાવું છું) એવા મારા આત્મવિશ્વાસભર્યા અભિપ્રાયને બીજાંનો ટેકો પણ છે. મારું આ એક કાર્યકૌશલ તો એવું છે જ કે જેમાં બીજાંઓ ઉપરાંત ખુદ આર્યપુત્રીનો મત પણ મને મળેલો છે.

જો કે ચા અંગે સૌને મારા પર જે વિશ્વાસ છે એ એના પરિણામ બાબતે છે, એની પ્રક્રિયા બાબતે નથી. જેમ કે, ચા ચૂલે ચડાવ્યા પછી મને ચાય પે ચર્ચાની ટેવ છે. એ ચર્ચા કરતોકરતો હું રસોડામાંથી બેઠકરૂમ સુધી પણ પહોંચી જતો હોઉં છું. એ દરમિયાન, નીચામાં નીચા તાપમાને મૂકેલી ચા પણ (અકાળે) ઉષ્ણોત્સાહી બની જાય છે – ચાય-પે-ચર્ચામાં એણે પોતે ભાગ લેવો જરૂરી ન હોવા છતાં! પરિણામે, હું બેઠકરૂમથી તે છેક રસોડા સુધી લગભગ દોડતો ચા તરફ ધસી જાઉં છું, ને તો પણ, એ દરમિયાન તો... ચાથી ઝાલ્યા રહેવાતું નથી.

આવું, અલબત્ત, હંમેશાં થતું નથી. વળી ક્યારેક તો, નજીકમાં કોઈ બીજાની હાજરી ન હોય તો એનો ગેરલાભ લઈને હું ચૂપચાપ પુરાવાનો નાશ કરી દેતો હોઉં છું. મતલબ કે, પોતું બરાબર પલાળીને હું ચાનો બધો

જ (અકારણ) ઉભરાટ પૂરેપૂરો સાફ કરી નાખું છું- જે રીતે કોઈ પ્રખર સાધુ પોતાના આવેગોનું પળમાત્રમાં શમન કરી દેતા હોય છે એ રીતે. પુનઃ ચોખ્ખાચણક ગેસ પર નવી તપેલી ચડી જાય છે - વાસાંસિ જિર્ણાનિ યથા વિહાય...

એટલે ચા બનાવવાની પ્રક્રિયાની હાંસીપાત્રતા મારે ક્યારેક નથી પણ ભોગવવી પડતી. છેવટે, મારા હાથની બનેલી ચા પીધા પછી ગઈ-ગુજરી ભૂલી જઈને સૌ પ્રસન્ન થઈ જાય છે. કહ્યું છે ને કે જેનો અંત સારો એનું સઘળું સારું.

પરંતુ ગૃહ-નીતિ-શાસ્ત્રમાં એમ લખાયેલું સાંભળ્યું છે કે ચા બનાવવી એ કામ, રસોડામાં મદદ કર્યાની ગણતરીમાં લેવામાં આવતું નથી! અને આવી 'ન-સમાવેશી' સેવાઓમાં બીજી થોડીક પણ આવી જાય છે - શાકભાજી ખરીદી લાવવાં, વહેલી સવારે બગાસાં ખાતાંખાતાં દૂધ લઈ આવવું, ક્યારેક છેલ્લી ઘડીએ ખૂટેલા માલૂમ પડેલા પૌંઆ-મમરા લાવી દેવા, વગેરેનો સમાવેશ પણ રસોડામાં મદદ કર્યાની યાદીમાં કરવામાં આવેલો નથી.

રસોડામાં મદદ એટલે તો, રસોઈના સળંગ ઑપરેશનમાં, ભલે નાની પણ સીધી જ સક્રિય સહાય. દાખલા તરીકે, શાક સમારવું અને, ઓહ્, લસણ ફોલવું...

સામાન્ય રીતે તો લસણના બે પ્રકાર હોય છે : એક, લીલું લસણ અને બીજું સૂકું લસણ. અહીં, અધવચ્ચે જ, કહ્યા વગર હું રહી શકતો નથી કે લીલું લસણ મને બહુ ભાવે! શિયાળાની કાતિલ ઠંડીમાં સવારે ઘીમાં સાંતળેલું લીલુંલીલું લસણ જાડી ગરમગરમ ભાખરી પર ટોપિંગની જેમ ભરપૂર પાથરી દઈને એ સુગંધ-થાળ નાસ્તાના ટેબલ પર મુકાય (એ સળંગ પ્રક્રિયામાં, સુગંધ લેતા રહેવા સિવાય મારી કોઈ જ સક્રિયતા હોતી નથી) - એ દિવ્યાનંદની તોલે કશું જ ન આવી શકે. મને થાય છે કે આપણાં પ્રાચીન થાળ-કાવ્યોમાં આ ઘી-સાંતળ્યું-લીલું-લસણ પ્રભુને 'ધરાવવાની' પંક્તિઓ કેમ સમાવવામાં આવી નહીં હોય? કોઈ ઉત્સાહી કવિ-ભક્તે જૂના થાળ-કવિઓને નામે પણ આ સુંદર-મધુર પંક્તિ ઘુસાડવી જોઈએ.

પણ, હશે!! આપણે આગળ વધીએ?

હવે સૂકું લસણ. એના બે પેટાપ્રકાર છે. એને કદાચ તમે 'પ્રકારો' ન કહો તો બે 'અવસ્થાઓ' તો જરૂરી કહી શકો. એક, જેણે પોતાની પૂર્વ-અવસ્થા પૂરેપૂરી તજી દીધી નથી એવું અર્ધશુષ્ક લસણ અને બીજું પૂર્ણશુષ્ક એટલે કે પૂરેપૂરું સુકાયેલું પરિપક્વ લસણ. પરિપક્વ થયેલો માણસ ઘણી વાર રસિકતા વિનાનો શુષ્ક નથી હોતો? પણ મનુષ્યનો આ જે દુર્ગુણ એ લસણનો તો સદ્‌ગુણ છે - પૂર્ણશુષ્ક લસણ જ એ જાતિમાં ઉત્તમ ગણાય છે. (વખત જતાં એ સૂકું લસણ 'મરી ગયેલા' લસણમાં પરિણમે છે, પરંતુ આપણી ચર્ચામાં એ ત્રીજો 'અંતિમ' પેટાપ્રકાર પ્રસ્તુત નથી, એટલે અસ્તુ...)

વિકટ કથા તો હવે શરૂ થાય છે.

અમારા ઘરમાં ક્યારેક, શાકબજારમાં નવુંનવું આવેલું અરધું સુકાયેલું લસણ આવી જાય છે, ને એ પાછું ફોલવાની મારી ફરજમાં સમાવેશ પામી જાય છે - એવા ઉદ્‌ગાર સાથે કે, 'તમારે શાકમાં બહુ લસણ ખાવા જોઈએ છે ને? તો લો, ફોલી આપો ઝટ.' (એટલે કે તમે એમને બિલકુલ ઓબ્લાઈઝ કરતા નથી, તમારે તો તમારાં પૂર્વકથિત પાપ જ ભોગવવાનાં છે!)

એ લસણ એટલું તો સુંદર, એકેય કરચલી વિનાના યુવાન ચહેરા જેવું સોહામણું દેખાય છે કે તરત એની સમીપે પહોંચી જવાય - પણ પછી તરત ખાતરી થઈ જાય છે કે આ તો પેલું અધલીલેરું (=અર્ધશુષ્ક) લસણ છે. પૂર્વ-અનુભવોએ મને પારેખ બનાવી દીધો છે. એટલે હું ધીમા અવાજે અકળામણ વ્યક્ત કરું છું : 'તમે આ, સસ્તું મળી ગયું એટલે પૂરું સુકાયા વિનાનું લસણ લઈ આવ્યાં છો ને? ક્યારેક બીજાનો વિચાર પણ કરવાનું

રાખોને!' જવાબમાં જૂની ને જાણીતી કહેવત મારા ઉપર ફેંકાય છે - 'નાચવું નહીં ને, એટલે...' અને એ પછી આખરીનામું : 'તમારે ન ફોલવું હોયને, તો રહેવા દો. લસણ વિનાના શાકનો સ્વાદ કેવો હોય એનો અનુભવ પણ એક વાર કરી લો. બીજું શું?'

બીજું તો શું, એ જ કે હું લસણ ફોલવાનું સ્વીકારી લઉં છું.

પહેલાં તો એ લસણની સામે તાકી રહું છું.

*

જેમ કર્ણ કવચ સાથે જન્મ્યો હતો એમ આ લસણ પણ સખત કવચ સાથે જન્મેલું હતું. અને કર્ણને યુદ્ધ પૂર્વે જ, અધકાચી વયે જ, એ કવચ ઊતરડી આપવું પડેલું; ને જે અસહ્ય વેદના એને અનુભવવી પડી હશે (ભલે બહારથી એણે ચહેરો પ્રસન્ન રાખ્યો હોય), એ જ સ્થિતિ લસણ ફોલતાં મારા અંગૂઠાના નખની થવા લાગી. કેમે કર્યું ફોતરું લસણના મૂળ દેહથી છૂટું પડે જ નહીં! ફોતરું ઊખડી જશે કે નખ?- એવી કટોકટીભરી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું હતું. કળીનું અરધું ફોતરું તો આ હમણાં નીકળ્યું એવી તાકાત અજમાવવા છતાં માંડ અષ્ટમાંશ ફોતરું નીકળ્યું. અરેરે, એક કળી પાછળ કળતર કેટલું વેઠવાનું!

બેચાર કળીઓ ફોલતાંફોલતાં તો મારો નખ અંગૂઠાથી છુટ્ટો થવાની ધમકી આપવા લાગ્યો પણ હવે જિદ્દે ચડેલો હું નખની ધમકીને મચક ન આપું ને એને નિર્દયતાપૂર્વક કાર્યપ્રવૃત્ત કર્યે જાઉં. સહેજ થાકું એટલે કેટલી કળીઓ ફોલાઈ એ લાચાર આંખે ગણવા લાગું... હવે મારો નખ ખુન્નસપૂર્વક લસણની કળીમાં અરધે સુધી ખૂંપી ગયો. હાંફ ચડી ગઈ. અરે જહન્નમમાં જાય લસણવાળા શાકનો સ્વાદ. દયારામની ગોપીની જેમ છણકો કરું: 'મારે આજ થકી...'

હજુ તો લસણ ફોલવાની શરૂઆત પણ નહોતી કરી ને ઉપર મુજબની કલ્પનાએ મને નર્વસ કરી નાખ્યો.

'તમે શું કરી રહ્યા છો ત્યારના? એ લસણ સામે તાકીને બેસી જ રહ્યા છો! ઊઠો, તમતમારે લખવા બેસો. આ તમારાથી નહીં થાય. લસણ ફોલવામાં આવડત જોઈએ. એ તો થોડુંક લીલું પણ હોય...'

હારેલા જોદ્ધાની જેમ હું ઊભો થાઉં છું ને ધીરેધીરે રસોડામાંથી બહાર નીકળું છું. મુખ્ય દરવાજેથી બહાર હીંચકા તરફ...

ખુલ્લી હવામાં આવ્યા છતાં હું વ્યથિત છું - જાતે બહાર નીકળ્યો હોવા છતાં જાણે કે નિષ્કાસિત છું, કાઢી મુકાયેલો! નખ અમથોઅમથો ચચરી રહ્યો છે.

❑❑❑



બાપુજી વિ. બાપુજી

☐ નવનીત જાની

વિદ્યાર્થીઓમાં સદાય પ્રિય એવા બાપુભાઈ ઉર્ફે બાપુસર ઉર્ફે બાપુજી ચાલ્યા ગયા છે. શિક્ષક આલમમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે. શિક્ષણજગતને ન પુરાય એવી ખોટ પડી છે. એમનું વ્યક્તિત્વ, વ્યક્તિવિકાસ તરફનો એમનો ઝોક, અધ્યયન-અધ્યાપન પ્રત્યેની ઊંડી રુચિ, મિલનસાર

સ્વભાવ, સહકર્મીઓ પ્રત્યેનો સમભાવ, છાત્રો પ્રત્યેની ચાહના, પ્રકૃતિ માટેનો લગાવ, સંયમિત અને સાદગીપૂર્ણ જીવન-

આમાં જેટલું લાંબું ખેંચવું હોય એટલું ખેંચી શકાય. પાણીમાંથી પોરા કાઢનાર માટે ખાબોચિયું શું કે દરિયો શું? નદી શું કે નાળું શું?

તમને થશે કે ચાલ્યા ગયા એમાં નવાઈ શું? ભલભલા ચાલ્યા ગયા. વળી બાપુજીની તો પાકટ ઉંમર હતી. માથે એવી કોઈ મોટી ઘરેલુ જવાબદારી- દીકરીઓનાં આણાં-ઝિયાણાં, બહેનોનાં દાયજા-મામેરાં કે મા-બાપના દવા-દારૂના ખર્ચા-ય નહીં. એકનો એક પુત્ર. એનેય કોલેજની નોકરી. પત્ની વર્ષો પહેલાં ચાલ્યાં ગયેલાં. પણ એથી કાંઈ બાપુજી એમ એકલા પડી જાય એવા નહોતા. એકાંત સાધેલું. અઢળક પુસ્તકોનો સધિયારો. પુસ્તકોને હરેક તાળાની ચાવી માનનાર અને સદાય અભ્યાસરત રહેનાર બુદ્ધિજીવી માણસ.

બાપુજીની નિયમિતતા તો કેવી?

સવારે સાડાચારે જાગી જવાનું એટલે જાગી જવાનું. પોણાપાંચ સુધીમાં મુખશુદ્ધિ અને શૌચાદિ ક્રિયા સંપન્ન કરી દેવાની એટલે કરી જ દેવાની. પાંચ સુધીમાં સ્નાન થઈ જવું જોઈએ એટલે થઈ જવું જોઈએ. આ બધી ક્રિયા માટે એલાર્મ મૂકવાનું એટલે મૂકવાનું. દૈનિકક્રમનેય જાણે અભ્યાસક્રમ માની ટાઈમસુટાઈમ પૂરો કરે!

એલાર્મ રોજ મૂકે પણ વાગે એ પહેલાં જાગી ગયા હોય. એટલું માનોને જાણે કોર્સ બહાર રહી ગયેલું. સ્નાન કરતાં હોય ત્યારે એલાર્મમાં વાગતા મંત્રમાં પોતાનો સૂર આમ પુરાવેઃ 'જોયું હે સમયયંત્ર! તેં જોયું? તારાથી દસ મિનિટ વહેલો છું!'

કહેવાય છે કે સમયસંદર્ભે આ એમની સૌથી મોટી ગૌરવપ્રાપ્તિ હતી.

પછી આવતાં ધ્યાન-યોગ. પછી ચાલવા નીકળી જાય દૂરદૂર. ઘરની બહાર બીજી વાર નહાઈને આવે પરસેવે, હાથમાં લીમડાની નાનકડી ડાળખી ઝુલાવતા-ઝુલાવતા. પછી ઘસીને નહાય. એ વખતે એલાર્મને એક શબ્દેય નહીં કહેવાનો. પરાસ્તની પજવણીને મહા પાતક સમજે. પછી ફૂલછોડની માવજતમાં લાગે. છાપાવાળા-દૂધવાળા જોડે રમૂજ ચાલે. એ વખતે પોતે કોણ છે અને કેવી ગૌરવપ્રાપ્તિ કરી છે એ ભૂલી જાય એવા ભોળા.

રોટલી બનાવતી વખતે પત્ની યાદ આવે છે એ જાણ્યા પછી ભાખરી ઉપર વધુ ભાર અપાયેલો. એમને ખીચડી પહેલેથી વહાલી. સ્ટાફમાંય વટપૂર્વક કહે કે, કોઈ મને દાળ-ચોખા આપે તો સત્તર પ્રકારની ખીચડી પકાવી બતાવું. મીઠું-હળદર-પાણી જેવી સામાન્ય લાગતી સામગ્રીને એ નગણ્ય ગણે છે કે ભૂલી જાય છે એ તો ભગવાન જાણે પણ

દાળ-ચોખાના સ્વાદ ઉપર આ માણસે પચ્ચીસ વર્ષ ખેંચી કાઢેલા એ ચોક્કસ.

બાપુજીના પુત્રને આવું બધું ન ગમે. એ મોઢે કહી દે, જમાના પ્રમાણે પ્રેક્ટિકલ થાવ નહીંતર હેરાન થશો.

વળતો જવાબ મળેઃ મારો જમાનો તો જતો રહ્યો મારા સિદ્ધાંતના રસ્તે. હવે મારે કેટલું ચાલવાનું કે બીજો માર્ગ લઉં?

પુત્રનું ગણિત એવું કે, સિદ્ધાંતના પૂંછડાનું કૂંડાળું રચી ગમે એટલા ઊંચા આસને બેસીએ તોય શું? લંકાપતિ એ લંકાપતિ ને વાનર એ વાનર!

બાપુજીએ વાનર રહેવાનું પસંદ કર્યું. એથી જાણે પુત્રની લંકા લૂંટાણી. એમણે પોતાના પુત્રને વર્તમાન જમાના પ્રમાણે તૈયાર કરવાના બહાને અલગ રહેવાનું કર્યું. વારે-પરબે આવી નમી જવાનો પુત્રધર્મ ન છોડ્યો એટલું બાપુજીના જમા પક્ષે. પુત્ર આવે એટલે અચૂક પૂછે, શું ચાલે છે યુનિવર્સિટીમાં?

બાપુજી બીજી કોઈ લપછપ કર્યા વિના સીધોસટ જવાબ વાળે, રાવણની યુનિવર્સિટી જેવી વાનરની યુનિવર્સિટી ન જ ચાલેને!

બે પળ પછી બાપ-દીકરો ખડખડાટ હસીયે પડે!

– તો આમ હસતા-હસાવતા બાપુજી ચાલી કેમ નીકળ્યા હશે?

નક્કી મૂઆ પાછળ માટી વાળવાની પ્રથા પહેલા ઘોર ખોદવાની વૃત્તિ જન્મી હશે! તો કોઈ કહે કે કરાવો પોસ્ટમોર્ટમ! અરે, નથી એક્સિડન્ટ થયો, નથી ઝેર ખાધું, નથી બળી મર્યા, નથી ગળાફાંસો ખાધો, નથી કોઈએ છરી કે ગોળી મારી તો પછી પોસ્ટમોર્ટમ શેનું?

નિયમિત જિંદગી જીવતો સીધી લીટીનો માણસ ચાલવાના સમયે ચાલવા ન નીકળ્યો, દૂધ-છાપું લેવા બહાર ન આવ્યો એટલે પાડોશીઓએ ભેળા મળી દરવાજાનો નકૂચો તોડ્યો.

જોયું તો – ટેબલ પર માથું ઢળી પડ્યું છે. માથા પાસે જમણો હાથ પડ્યો છે. હાથમાં પેન રહી ગઈ છે. ડાબો હાથ ટેબલ નીચે લટકી રહ્યો છે. ઢીંચણ જરા રાંટા થઈ ગયા છે. ટાલવાળા માથા પર બાકી રહેલી બે'ક બાબરી ખુલ્લી બારીમાંથી આવતા શીતળ પવનમાં છોગા જેમ ફરકી રહી છે! જોનારે એય જોયું કે જમણા હાથ નીચે એક કાગળની કિનાર જરા વળી ગઈ છે. કોઈ બૂડથલ ઉતાવળમાં 'સુસાઈડ નોટ' એવું બકી ઊઠ્યો. એ જુવાનને આઘો કરી કાગળ ખેંચાયો અને વંચાયુંઃ પ્રતિ, પ્રો. બાપુભાઈ/બાપુસર/બાપુજી...

'લે, બાપુસર પોતાનેય કાગળ લખતા!' - એવું નર્યું આશ્ચર્ય ફેલાયું.

જોનારાઓએ આ વખતે જરા ઝીણી આંખે જોયું તો – ઊંચકાયેલી પેન ઊંચી જ રહી ગઈ છે. પિત્તળની નીબ પર બારીનો પ્રભાતી અજવાસ ફેલાઈ રહ્યો છે. બારીમાંથી દેખાતા લીમડાના વૃક્ષ ઉપરથી પંખીનો ટહુકો આવી રહ્યો છે.

આજની તારીખનું જગત, ગઈ કાલની તારીખને છેદી, આવતી કાલની તારીખ તરફ રફતાર પકડી રહ્યું છે. એવા સમયે કાગળ લેનારનું ધ્યાન ગયું કે કાગળ તો તારીખ વગરનો છે! આજની, ગઈ કાલની કે આવતી તારીખ મારવી એની અવઢવમાં હાથ ધ્રૂજ્યો હશે તે શાહીનો ભૂરો લપકો સુકાઈને કરકરો કાળો ધબ્બો બની ગયો છે.

'આખી રાત ઊંઘ્યા નથી લાગતા.' – એક જણ બોલ્યો.

'આટલું જાગ્યા તોય કાગળ કોરા રાખીને ગયા.' - બીજો જણ બોલ્યો.

બાકીનાં ડોકાં તણાઈ-ખેંચાઈને એમના ચહેરા સામે જોઈ રહેલાં. બાપુજીની આંખો ખુલ્લી હતી અને કોઈ ક્ષણે એમાં ભીનાશ તરવરી હશે એટલે અત્યારે આંખોના ખૂણે ક્ષારની પોપડી બનીને વળગેલી હતી.

આંખો ઢાંકવામાં આવી. પેન લઈ લેવામાં આવી. કાગળને ટેબલ પર જ રાખવો કે કોઈ ચોપડીમાં મૂકી દેવો કે એમનો પુત્ર આવે એટલે એને આપવો એવી મૂંઝવણનો ઉકેલ મળે એ પહેલાં જ કોઈ ગમારે ડૂચો કરી ટેબલ પાસેની કચરાટોપલીમાં પધરાવી દીધો. સૌની સંમતિએ મૌન સેવ્યું. પ્રભુને ગમ્યું તે ખરું. મૌન રહેવામાં જ વડાઈ હોય એમ આખું વાતાવરણ મૌનગંધી બની ગયું.

બાપુજી ઘણી વાર કહેતા કે, ગહન મૌનના કાંઠે સમય પણ થંભી જાય છે. નિષ્ક્રિયતા એના શતસહસ્ર બાહુ પ્રસારીને સક્રિયતાનું ગળું રૂંધવા નીકળી પડે છે. એવા સમયે એક નક્કર ઘાંટાની જરૂર હોય છે. માત્ર એક અવાજ-એકાક્ષરી. નકારવાચક શબ્દ બધા ભેદ ખોલી નાખવા સક્ષમ હોય છે.

તો શું બાપુજી કોઈ ઘાંટો પાડવા ગયા હશે! ઘાંટો પડે પડે ત્યાં એમનું ગળું રૂંધાઈ ગયું હશે? પત્રમાંના ચાર શબ્દો એમના રૂંધાયેલા ગળામાંથી ઢળેલા જખમી ઘાંટા તો નહીં હોયને? પોતાને ખુદને ઘાંટો પાડી કંઈક કહેવા માગતા હશે કે શું?

એ વિલાઈ ગયેલા ઘાંટાના ક્યાંયથી વમળ-વર્તુળ સાંપડે તો–

શરૂઆત આગલા દિવસના સવારના સાતેક વાગ્યાથી કરું? કેમ કે બધાય મોટે ભાગે એટલા વાગે જાગી જતા હોય છે.

તો લ્યો, 30 માર્ચનું પ્રભાત નવાં અરમાન અને આશાઓ સાથે ઊગ્યું. બાપુજીના ઉદ્યાનનાં ચંપો-ચમેલી-ગુલાબ-ગલગોટા ખીલી ઊઠ્યાં. ભમરા ગુંજારવ કરી રહ્યા છે. સોનેરી આભમાંથી સરતી એકાકી વાદળીને પાછળ મૂકી પંખીઓની કતાર વહી રહી છે. અને પૃથ્વી ઉપર વ્યવહારુ અવાજો ખૂલવા લાગ્યા છે. એવા આહ્લાદક સમયે બાપુજી ફોન સામે કતરાઈને કેમ જોઈ રહ્યા હશે? ફોનેય હવે લગભગ પૂરેપૂરો ઠરી ગયો છે તો આ ઊની આંચ ક્યાંથી આવી રહી છે?

'મારી વાત સમજો, બાપુજી, પ્રિન્સિપાલ બનવાના પૂરા ચાન્સીસ છે. તમે ત્યાં સેટ કરશો એટલે અહીં મારું સેટ થઈ જવું હન્ડ્રેડ પરસન્ટ ફાઈનલ, સમજ્યા?'

'તને ખબર છેને કે મને ગોઠવણ પહેલેથી ફાવી નથી. એવી ગોઠવણ કરી હોત તો હું ટાવર નીચે બેઠો હોત ગાળોનો ટોપલો ભરી!'

'બાપુજી, તમે સૈદ્ધાંતિક ભાષા રાખો ત્યાં સુધી મને કશો વાંધો નથી. એટલે સુધી તમે પ્રેક્ટિકલ કહેવાવ, પણ-'

'પણ ને બણ, એ મારાથી નહીં બને ને હું બનવાય નહીં દઉં, સમજ્યો.'

'તો મારું પ્રિન્સિપાલ બનવું?'

'તો તારું પ્રિન્સિપાલપદું ગયું ખાડામાં, ભણાવે છે એટલું ઓછું છે તે વહીવટનો ચાંદ લેવો છે?'

ફોન મૂકતાં પહેલાં બાપુજીને પુત્રના સ્પષ્ટ શબ્દો સંભળાયા હતા,

'સાઠે નાઠેલી બુદ્ધિ પાછળ મારે મારાં સમય-શક્તિ નથી વેડફવાં. લાગે છે કે સેટભાઈ જ મારા બાપને સમજાવી શકશે.'

સેટભાઈનો ઉલ્લેખ થતાં બાપુજીનું મોં કડવું થઈ ગયું હોય એમ બારીમાં થૂંકી આવ્યા. ગુસ્સો તો હતો જ. પોતાના આવા અણઘડ આચરણ પર ક્ષોભેય થયો. એ જ સ્થિતિમાં થોડી વાર, 'જ્ઞાનમાર્ગી અખાનાં પદોમાં તત્કાલીન સમયનું ચિત્રણ'નાં પાનાં ફેરવતાં રહ્યાં. થિસિસના પ્રકરણમાં જરૂરી જગ્યાએ પેન ચાલતી રહી. ક્યાંક કૂંડાળાં થતાં ગયાં- (સેટભાઈનેય જોવા પડશે, જોઈ લઈશ!) ક્યાંક લીટા થતા ગયા- (પાછો મારો બેટો કહે કે આ આખી બાબત સેટભાઈ જ સમજાવી શકશે.) ક્યાંક પ્રશ્નાર્થો મુકાતા ગયા- (સેટભાઈ સેટિંગનો બાદશાહ હોય તો મારે શું? પુત્રની શરમ નથી ભરી પછી સેટભાઈ કઈ વાડીનો મૂળો?)

એમ થોડી વાર પ્રકરણ જોયાં, ન જોયાં, પડતાં મૂક્યાં ને આંખો ચોળતા રહ્યા. દીવાલ પર નજર પડી. દૃષ્ટિ આજ ધૂંધળી પડતી જણાઈ. કેલેન્ડરમાં ચિતરાયેલી દૂધ-છાપાંની યાદી-કીમતી એન્ટિક પીસોના ઝગારા, સોનેરી ફ્રેમે મઢેલી ડિગ્રીઓ, સન્માન-પુરસ્કારરૂપે મળેલાં શિલ્ડ-મોમેન્ટો શેલ્ફમાં પડેલાં પુસ્તકો અને ટેબલ પર પડેલી વસ્તુઓ કંઈક વિચિત્ર જણાઈ.

ટેબલ-ખુરશી છોડી સોફા પર જરા આડા પડવાનું વિચારતા હતા ત્યાં ફોન રણક્યો.

'સેટભાઈ સેક્સરિયા બોલું છું, બાપુસર!'

'બોલો?' એવું બોલવા જતા હતા પણ બાપુજી અટક્યા. ગમે તેમ તોય મંત્રી કક્ષાનો માણસ. વળી ટ્રસ્ટી, ચેરમેન, સદસ્ય જેવાં છોગાંવાળો. તરત જ બીજી ક્ષણે બાપુજીએ સંબોધન બદલ્યું, 'ફરમાવો સાહેબ!'

'હં, પહેલાં થયું કે શિક્ષણમંત્રીના નિવાસે ફોન લાગ્યો કે શું?', કહીને સેટભાઈએ એક નામ આપ્યું, 'તમારું ખોટી જગ્યાએ મતુ પડી જાય તો મુશ્કેલી થાય, ભૈ, સમજ્યા?'

ગળામાં કંઈક સલવાતું હોય એમ બાપુજીનો હડિયો તળે-ઉપર થયો. નીચલો હોઠ ચાવતા બાપુજી જરા ફોન નજીક સર્યા, 'પણ સાહેબ... હું શું કહું છું, આ રીતે સંસ્થાને નુકસાન- આઈ મીન, શૈક્ષણિક સ્તર અને બ્રિલિયંટ સ્ટુડન્ટ્સ...'

'નથી, મતલબ કે સંસ્થાને કોઈ નુકસાન નથી. ભલા માણસ, ખાવાનું ક્યાં ઓછું છે કે કોઈ નુકસાન ખાવા સંસ્થા બનાવે? લીલુડો ફાયદો છે, મારે-તમારે-બધાને-' એવું બાપુજીને સંભળાયું અને બીજી ક્ષણે, 'એક મિનિટ, સચીન ગયો? વનડાઉનમાં રમવા આવ્યો હતોને? હવે એક કામ કર, ચોથા નંબરે-' એટલું સંભળાતાં ફોન ઉપર હથેળી આવી ગઈ હોય એવું લાગ્યું.

થોડી વારે સામેથી જ સન્નાટાની પાળ તૂટી, 'સોરી ફોર ડિસ્ટર્બન્સ, બાપુસર!'

'પણ સાહેબ, મેં કોઈ દિવસ આ રીતે કશું નથી કર્યું, એટલે મારાથી-'

'મારી વાત પૂરી સાંભળો, બાપુસર' - બાપુજીએ સન્નાટા પર ઊપસી આવેલા શબ્દો પરથી ધીમે ધીમે આવરણ સરતું અનુભવ્યું, 'હું જાણું છું, આપ સજ્જન છો. ટેબલ નીચેના વ્યવહારની તો કોઈ બેવકૂફને જ ખબર હોય.'

સામેથી જોરથી હસવાનો અવાજ આવ્યો, 'મસ્ત જોક છેને? તમારે તૈયાર ખીચડી જોવાની, મગચોખા નહીં, સમજ્યા?'

બાપુજીને થયું કે ક્રિકેટના ત્રીજા-ચોથા નંબરનું ધ્યાન રાખનારને આવા સમયે ખીચડી કેમ યાદ આવી હશે? અને યાદ આવી તોય આ રીતે-

શી ખબર ખીચડીને ક્વોટ કરી શું શું કહેવાતું કે સમજાતું ગયું ને બાપુજી શું શું સમજતા ગયા!

- 'પ્રમાણસર મગ-ચોખા લઈને પાણી રેડવાનું (જી, સાહેબ)

- મોં જરા ભારે રાખવાનું. (હાજી, સાહેબ)

- મગ-ચોખાથી પાણી ચારેક આંગળ અધ્ધર રહેવું જોઈએ. (ભલે સાહેબ)

- પગ નીચે રેલો ન આવે એ જોવું જોઈએ (હા, સાહેબ)

- પ્રમાણસર મીઠું હળદર...

(જી... આ માણસ શું માનતો હશે મારા વિશે? બાપુસરને જેમ વાંકા રાખીશું એમ રહેશે એવું? હું એને જેટલો ઓળખું છું એટલો એ મને...)

'ફરી વાર રિપીટ કરું?' - સામેથી જરા મોટેથી બોલાતાં, 'ના, સાહેબ' કહેતાં બાપુજીએ ગળું ખોંખાર્યું. ઝભ્ભાની ચાળને ખેંચતાં, સળ ભાંગતાં બોલતા ગયા, 'ખીચડીની રેસિપી

પીરસવા બદલ આભાર. પણ-આયમ સોરી સેટભાઈ. તમારી જાણસહજ કહું કે મને સત્તર પ્રકારની ખીચડી રાંધતાં આવડે છે. એક વાર મારી ખીચડી ખાઈ જુઓ, હું નમ્રતાપૂર્વક દાવો-'

સામેથી ફોન પછડાયો હોય એવું લાગ્યું.

લપ ટળી-એવા ભાવ સાથે બાપુજી સોફામાં જરા પહોળા થયા. સામેની દીવાલ પર લટકતું ચિત્ર કંઈક સંતોષથી જોઈ રહ્યા. નોકરીના છેલ્લા વર્ષે, છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા મળેલી ભેટઃ 'સા વિદ્યાયા વિમુક્તયે'નો પાઠ શિખવનાર શ્રદ્ધેય બાપુસરને...

ચિત્રમાં એક ડોસો નીચે નમીને ચપટીમાં કશુંક લેતો હતો. ચિત્રકારે ખૂબીપૂર્વક ઉપસાવેલી ચપટીની ચોતરફ સમુદ્ર ઘૂઘવતો હતો. રાક્ષસી નાગની ફણા જેવું એક મોજું ઊછળીને સ્થિર થઈ ગયું હતું. ચિત્ર જોતાં બાપુજીને એક ક્ષણ થયું કે ઝાખું કેમ દેખાય છે? રજોટી ચડી લાગે છે. બીજી ક્ષણે સમાધાન મળ્યું કે પોતે લાંબો સમય ચિત્રમાંની ચપટીને જોઈ રહ્યા છે એટલે...

કોલેજ જવાનો વખત થઈ ગયો હતો. શેલ્ફમાંથી બે-ત્રણ પુસ્તકો લીધાં. જોયાં. મૂક્યાં. પોતાના નામની છપાઈમાં ફોનમાંની વાત ભૂંસાઈ ગઈ.

સવારના લગભગ દસને દસે બાપુજી પોતાની કેબિનમાં ઘૂસ્યા હશે. વાતાવરણમાં સુગંધ પ્રસરે એ હેતુસર કેબિનમાં અગરબત્તી-બાકસ રાખતાં. ટેબલ પર પીએચ.ડી.નું કોઈ પ્રકરણ પડેલું એની ઉપર નજર નાખતાં- આટલા થયા, આટલા બાકી, એવું વિચારતા હતા ને સળગતી દીવાસળી આંગળી સુધી પહોંચી ગઈ. ઝટકાપૂર્વક દીવાસળી ફેંકાઈ ગઈ ત્યાં પ્યુન આવ્યો. બાપુજીને મજાથી આંગળી ચૂસતાં જોઈ અચકાયો. ઝડપથી એક નજર કેબિનમાંય કરી.

'શું શોધે છે?' - બાપુજીથી મોટે અવાજે પુછાઈ ગયું.

પ્યુન થોથવાયો, 'વોરાસાહેબ ડિક્શનરી મગાવે છે.'

એમણે ખૂણામાં આંગળી ચીંધીને કહ્યું, 'એમની પાસે તો છે.'

'એમણે કહ્યું કે સ્કૂટરની ડેકી ખુલ્લી રહી ગયેલી તે આખલો ચાવી ગયો.'

પ્યુન ડિક્શનરી લઈ બહાર નીકળે ત્યાં તાકીદ થઈ, 'પાણીનો જગ બરાબર વીછળીને ભરવાનો રાખ, તળિયે છારી બાઝે છે.'

'એમ, જગમાં છારી બાઝવા માંડી' - એવું કંઈક બબડતો એ ગયો અને કંઈક ધૂંધવાયેલી મનોદશામાં અગરબત્તી ફેરવતા બાપુજી એ દિશામાં તાકી રહ્યા.

એમ તાકી રહ્યા હતા ત્યાં બહારથી આવતા તડકાના ચોખંડા ટુકડા પર તરીને આવ્યા હોય એવા બે આકાર પ્રગટ થયા. પચ્ચીસ-સત્તાવીશનો દૂબળો બાંધો અને સાઠેકની ટાલ! હાથમાં પોલિથિન બેગ અને મોં પર

કંઈક અચકાટ સાથે રજા લઈ પ્રવેશ્યા. આધેડના ઇશારે યુવાને બાપુજીના ચરણસ્પર્શ કર્યા. હજી વિનય-વિવેકની શાલ ફેલાય ત્યાં બાપુજી તાડૂકી ઊઠ્યાઃ 'ગેટ આઉટ, કોઈ ભલામણ લઈને મારી પાસે આવતાં સો વાર વિચારજો. અને આ બધું તદ્દન ગોપનીય હોય છે એ તમારી જેવા ભણેલા-ગણેલાને ખબર હોવી જોઈએ.'

વયસ્કે બે હાથ જોડ્યા, 'માફ કરજો, સાહેબ. ગુસ્સે ન થશો... સરખે-સરખા બેકાર મિત્રો મળે... આમ કોઈ ઇન્ટરવ્યુ બહાર પડે... નોકરી માટે દોડાદોડી કરતા હોય... એમાં આ ક્યાંકથી જાણી લાવ્યો કે આપ...'

પાણી પાઈને વળાવી દેવાનું જ કર્યું. આગંતુક પાણી પીવા રોકાયા એટલામાં બુદ્ધિજીવી માણસે ઠંડક ધારણ કરી સહજ કહેવાય એવી પ્રશ્નોત્તરી યોજીઃ કેટલા ટકા? યુનિવર્સિટી? નેટ? એમ.ફિલ.? પીએચ.ડી.? રિસર્ચ પેપર્સ? સહઅભ્યાસિક પ્રવૃત્તિ? યુથ ફેસ્ટિવલ? શિબિર? સેમિનાર?

સામેથી યસ યસ-નો હળવો જોશ વહેતો રહ્યો. દૂબળા બાંધાએ અતિવિનમ્રપણે ઉત્તરો આપ્યા. એની શારીરિક મુદ્રામાં બદ્ધ આત્મવિશ્વાસનો લય નિહાળી બાપુજીએ શબ્દશક્તિ, પ્રતીક-કલ્પન, પ્લેટોનો આદર્શ, એરિસ્ટોટલનાં ધોરણો અને ભરતનાં રસસૂત્રો છોડાવ્યાં. યુવાનનું નામ-ઠામ પૂછે ત્યાં ફોન રણક્યો. વિદાયના ઇશારે ડોકું હલાવ્યું.

'સાહેબ, મારો ભત્રીજો હોશિયાર છે... ભાઈ નાનો મૂકીને... નાની ત્રણ બહેનો, સાહેબ...'

'બેસ્ટ ઓફ લક. પધારો હવે. જાવ' – કહેતાં બાપુજીએ ફોન ઉપાડ્યો.

'સેટભાઈ બોલું છું.'

'પણ સાહેબ, હવે તો મેરિટ ઉપર જ આપણે–'

'મેરિટેય જોવાશે. એ બધી લાઈનો તમારે જ ગણી બતાવવાની છેને! હું ક્યાં તમારી જેટલું પીએચ.ડી. ભણ્યો છું? ભણ્યો હોત તો થોડો આમ રાજકારણના ભૈશાબ-બાપા કરતો હોત? નોકરીવાળાને તો જલસા-'

'પણ સાહેબ, બીજું કોઈ આગળ–'

'આગળ હશે એનું મોઢુંય જોઈશું. માણસના મોઢાને બહુ બહુ તો કેટલું જોઈએ?'

'પણ સાહેબ, એમ કરતાં તો આખી વાત છાપે–'

'નહીં ચડે. તમે ડરો છો કે ડરાવો છો? કશું છાપે નહીં ચડે. છાપા નીચેય હાથ ઘાલી શકાય છે એ પાછી તમને ખબર ક્યાંથી હોય? એવી ટેક્નિકનોય વિકાસ થયો છે.'

આ બધું અજાણપણું બાપુજીને ચોમાસુ આભ જેવું લાગ્યું. મન માનતું નહોતું. અંદરથી નકાર ઊઠતો હતો. એમના મૌન પ્રલંબ ઉચ્છ્વાસને પામી

જવાયો હોય એમ સામેથી અવાજનો અલગ રંગ ઊડ્યોઃ

'બાપુસર, તમારું આ નોકરીનું છેલ્લું વરસને?'

બાપુજીના વિચારોએ સંકેલાઈ આત્મનેપદીરૂપ ધારણ કર્યું, 'જી સાહેબ, બીજી ઓક્ટોબરે નિવૃત્ત...'

'વાહ, શું સુંદર દિવસ મળ્યો છે નિવૃત્તિનો! પરંતુ, પેન્શન-પીએફ વગેરેને લગતી ફાઈલ હજી ઓ.કે. નહીં થઈ હોય કદાચ-'

એ ચોંકી ઊઠ્યાઃ મોટા સાહેબને આ બાબતની ખબર ક્યાંથી? અંતર્યામી જીવનજીવના!

'જી સાહેબ, અમુક ક્વેરીમાં અટવાયું છે. ડાયરેક્ટર સાથે મારે એક વાર-'

'બધું આ સેટભાઈ સેક્સરિયા પર છોડી દો. આરામથી ઊંઘી જાવ. થઈ જશે.'

'થેંક્યુ વેરી મચ, સાહેબજી!'

'અમનેય થેંક્યુ કહેવાનો મોકો આપજો.' બાપુજી તરફથી ઉત્તર મળે એ પહેલાં 'જયશ્રીકૃષ્ણ' કહેતાં ફોન મુકાઈ ગયો.

એ ટેબલ પર બંને હાથ ટેકવી પેન રમાડતા બેસી રહ્યા. થોડું ખુદના પક્ષે રહીનેય વિચારવામાં ખોટું શું હતું? સેટભાઈ અનેક ગલીકૂંચીના જાણકાર હતા. જ્યારે પોતાનો એક જ રસ્તો, એય પાતળી સેર જેવો ને વાંકધોક વગરનો. આખી જિંદગી એ જ રસ્તે ચાલ્યા હતા. ઘણા કહેતા એમ, માસ્તર જીવતો હોય ત્યારેય માસ્તર અને મરે તોય માસ્તર! આ કહેણીમાં ક્યારેક અપવાદે 'પાડો' નામના પ્રાણીનોય ઉલ્લેખ થતો. જેમ કે, જીવન-મરણ-જશ-અપજશ ઈઝ ઈક્વલ ટુ પાડો!

તરત એમને એ વિચાર આવ્યો કે પેનલમાં અન્ય કેવાં કેવાં શિંગડાં હશે? જે હશે એય મોટા સાહેબના રંગે રંગાયેલા હશે? રંગપ્રક્રિયા ચાલતી હશે? ફલાણો તો વહેતી ગંગામાં હાથ ધોઈ ગમછોય ગમે તેનો માગી લે એવો છે. ઢીંકણો મોંએ મીઠો શરીરે દૂબળો અને આંખે માંસાહારી છે. એને મારતાં કેટલી વાર? ફોન પણ કોને કરવો? ફોન કરતાં જ હરકોઈ અજાણ્યા હોવાનો ડોળ કરે તો મુદ્દાની વાત મૂકવાનું જોખમ છે. પછી ભેગા થવાની વાત તો બાજુ પર રહી. કેટલીય વાતો ભેગી થઈ મીડિયાને મસાલો પૂરો પાડે. અને મીડિયાને તો મોટે ભાગે સામેનાની ધોતીમાં જ રસ હોય છે. એવું વિચારતાં એમના કપાળે પરસેવો જામ્યો. ક્ષણભરમાં જ અનેક સેમિનારો, પ્રવાસો, પ્રોજેક્ટ વર્ક, એમ.ફિલ., પીએચ.ડી. નિમિત્તે પોતાની કેબિનમાં આવેલી વિદ્યાર્થિનીઓ... બે હાથ જોડાઈ હડપચી નીચે ટેકાઈ ગયા. ચંદ્રમાના ડાઘ જેવું કશું યાદ આવતું નહોતું... તો સાવ વિમળતાનો અનુભવેય ક્યાં થતો હતો?

બેચેન જીવડો જંપતો નહોતો. વળી

વળીને વિચાર આવતો હતો કે કઈ રીતે આ બલાને ટાળી શકાય? વળી વળીને નકારનો નાગ ફેણ ઊંચકતો હતોઃ તું બાપુ આવું ન કરી શકે, તારાથી બાપુ આવું થાય? તું બાપુ આવું શા માટે કરવા માગે છે? તને શું મળશે? તું ક્યાં જઈશ?

ઘણું ઘણું વિચારી જોયું હતું. નોકરીને લાત મારી નીકળી જવું જેટલું સહેલું જણાતું હતું એટલું સહેલું નહોતું. તગડા પગારની સંખ્યાના ઝબકારાથી મક્કમ નિર્ધારની આંખો અંજાઈ જતી હતી. આટલાં વર્ષો કાઢ્યાં ત્યારે અહીં પહોંચ્યા હતા. હવે છ-સાત માસ શા હિસાબમાં? કાંઠે આવેલા વહાણમાં હવે કાણું પડે તો બાકીનું અંતર કલમ કે કાળજાના ભરોસે કાપવાની હામ રહી નહોતી. બધી પ્રક્રિયાથી તંગ આવી ગયા હતા. એડમિશન પ્રોસેસ, લર્નિંગ-ટીચિંગ, અધર એક્ટિવિટીઝ અને છેલ્લે એક્ઝામ-રિઝલ્ટના ચોકઠામાં બરાબર રમ્યા હતા. ન્યુ કોર્સીસ અને રનિંગ કોર્સીસ વચ્ચે દેખાતો એજ્યુકેશનલ સિનારિયો ભલીભાંતિ નિહાળ્યો હતો. સેમેસ્ટર સિસ્ટમના દોરડા કૂદતાં સાઠ બહાર નીકળી ગયા હતા. અને હવે પુત્ર કહેતો હતો એમ સાઠે બુદ્ધિ નાઠેનો કહેવતસંદર્ભ બની ગયા હતા.

કેબિન બહાર નીકળવા જતા જ હતા ત્યાં ત્રણ અજાણ્યા માણસોએ આડા ફરી, 'નમસ્તે બાપુસર' કહેતાં એમને કેબિનના રસ્તે વાળ્યા. અજાણ્યા લોકોને કેબિનમાં બેધડક પ્રવેશતાં-બેસતાં જોઈ એમને અણગમાયુક્ત નવાઈ થઈ.

દેખાવ પરથી ત્રણેય સજ્જન લાગતા હતા. કદાચ કોઈ વિદ્યાર્થીના વાલી હશે. કદાચ કોઈ કાર્યક્રમના આયોજકોય હોય. અથવા પુત્રે મોકલ્યા હોય તોય ના ન કહેવાય. બાપુજીને સમજાવી આવોને, જરા ફેવરમાં રહે- એવું વિચારતા બાપુજીએ આવેલાઓ સામે પ્રશ્નાર્થનજરે જોયું.

આવેલામાંથી એકે ગોગલ્સ ઉતારી સફારીના જમણા ખિસ્સામાં મૂકી ડાબા કાંડે બાંધેલી ઘડિયાળની ગોલ્ડ ચેઈન ફેરવતાં, 'પાંચ મિનિટ જ' કહ્યું.

સાદા સફેદ પેન્ટ-શર્ટમાં આવેલા શખ્સે આગળ વધી ટેબલ પર બંને કોણી ટેકવી, હથેળી વચ્ચે હડપચી ગોઠવી બાપુજીની આંખોમાં તાક્યુંઃ 'પાર્ટીવાળાઓ જોડે કેટલામાં સેટિંગ કર્યું, સરજી!'

બાપુજી હડબડી ગયા. સમજી ન શક્યા કે કઈ પાર્ટી ને કેવું સેટિંગ? સામેનો માણસ કશું ચાવતો હોય એમ બંધ મોં હલાવતો તાકી રહ્યો હતો.

ગોલ્ડ ચેઈનવાળો ફરી વાર ઘડિયાળ ફેરવતાં બોલ્યોઃ 'ચાર મિનિટ'

'શેની વાત કરો છો? કોણ છો તમે? શું છે આ બધું?' - બાપુજીએ પ્રશ્નોનો મારો ચલાવી સ્થિતિ પર નિયંત્રણ મેળવવાનો પ્રયત્ન કર્યો.

'તારી માનો માસ્તર મારું...' – ત્રીજો બાંય ચડાવતો ઊભો થવા ગયો ત્યાં

કોણીવાળાએ આંગળીનો ઇશારો કર્યો. 'ઇનફ. સરસ્વતીના ધામમાં આંકડાના ફૂલ ન વવાય, બજરંગી. બાપુસર ધારીએ એટલા ડફોળ નથી.'

બાપુજીએ ધ્રૂજતા હાથે પરસેવો લૂછ્યો. બાપુજી સામે બાંય ચડાવનાર, 'સોરી સર, જરા પ્રેક્ટિકલ બનવું પડ્યું.' કહેતાં પંખાની સ્પીડ વધારી બેસી ગયો.

'જુઓ મિત્રો!' - બાપુજીએ ગળું ખોંખાર્યું. 'આપ જે હોવ તે, હું આપને જાણતો નથી. પણ આમ મારી મરજી વિરુદ્ધ મારી કેબિનમાં ઘૂસવું, સંદિગ્ધપણે વ્યક્ત થવું, અપશબ્દો કાઢવા અને ધમકીયુક્ત ભાષાપ્રપંચ રચવો-'

ગોલ્ડ ચેઈનવાળો વચ્ચે બોલી પડ્યો, 'ત્રણ મિનિટ લેફ્ટ.'

'આ ભાઈ ઘડિયાળમાં જોઈ મિનિટ-મિનિટનો હિસાબ કેમ આપે છે?'- બાપુજીએ પૂછ્યું. કોણીવાળાએ એક કોણી હટાવી પેપરવેઈટ ફેરવતાં-ફેરવતાં જરા હસતા મુખે કહ્યું, 'એનું નામ ઘડીલાલ છે, બાપુસર. ઘડીલાલ અમને ઘડીએ ઘડીએ યાદ અપાવી રહ્યા છે કે એક પ્લે સ્કૂલ છૂટવાને કેટલી વાર છે.'

બાપુજી સડપ કરતા ખુરશીમાંથી ઊભા થઈ ગયા. પેપરવેઈટની આરપાર બાપુજીનો ચહેરો જોવાનો પ્રયત્ન કરતાં એણે સીટી મારતા અવાજે કહ્યું, 'પૌત્રનું નામ સરસ પાડ્યું છે- 'સ્નેહ!' તમે પાડેલું બાપુસર?'

પેપરવેઈટ નીચેથી કોણીવાળાના ચહેરાને ધારીને જોયો. મંદ મંદ હસતો છતાંય એક પ્રકારની ધૂંધળાશવાળો ચહેરો. એ મુસ્કાનના ભારથી જ જાણે ધબ્બ કરતા ખુરશીમાં બેસી પડ્યા. કકડતા તેલના છાંટા પડ્યા હોય એમ ટાલ પર પરસેવાનાં ટીપાં બાઝવા લાગ્યાં. પહોળી થયેલી આંખો પેપરવેઈટની પાર રહેલી ધારદાર આંખોને ઉકેલવાની મથામણ કરે ત્યાં પેલા ત્રણે ઊભા થઈ ગયા.

એકે પંખાની સ્પીડ પૂર્વવત્ કરી, 'સામેની પાર્ટીનો ભાણો કે કાણો કે રાણો તો નહીં જ, સમજી ગયાને, ગુરુજી?'

બીજાએ ટ્યુબલાઈટ બંધ કરી, 'માફ કરજો, તમને અમે અમારાં નામ-ઠામ કે કામથી માહિતગાર નથી કરી શક્યા અને અમારા પોર્ટફોલિયોમાં તમારો બાયોડેટા આવી પડ્યો છે. સોરી, તમારો કીમતી સમય લીધો.'

ગોલ્ડ ચેઈનવાળાએ આંખ સામે ઘડિયાળ કરી, 'બે મિનિટ.'

'ઘડિયાળ ફરીથી મેળવ, કોડા. બીજો એક બાયોડેટા જોવા જવાનું છે.' - કહેતાં કોણીવાળાએ ઊભા થઈ બાપુજીને નમસ્કાર કરી ઝડપથી કેબિન છોડી.

સખત બફારો હતો. બસની બારીમાંથી જરાતરા પવન આવતો હતો. વળી વળીને બાપુજીની હાડમાં ધ્રુજારી ફરી વળતી હતી. બાજુમાં જગ્યા હતી છતાં બાપુજી ભીંસાઈને બેઠા બારી બહાર જોઈ રહ્યા હતા. કોઈ

લારી ખેંચતું, કોઈ સોડા વેચતું, કોઈ બૂટપોલિશ કરતું, કોઈ છાપું વાંચતું... કોઈની નજર સાથે બાપુજીની નજર ટકરાતાં જ નજર કંપી ઊઠતી હતી. કપાળ પરનો પરસેવો લૂછવાને બહાને ચહેરો ફેરવી લેવો પડતો હતો.

ઘરે આવ્યા ત્યારે જોજન-માઈલનો પ્રવાસ ખેડીને આવ્યા હોય એમ નખાઈ ગયા હતા. બગલથેલો સોફા પર ફેંકી માથું દબાવી બેસી પડ્યા. મગજ તપતું હતું અને નસોમાં બળતરા થતી હતી. એક ક્ષણ થયું કે હાથપગ ધોઈ પોતાના રૂમમાં જઈ સૂઈ જાય. અથવા ફરી ઘસીને નહાઈ લે. અથવા શ્રીમદ્ ભગવદ્ગીતા લઈને બેસી જાય. શક્ય છે કે વિકટ સ્થિતિનો કોઈ આવો તંતુ સાંપડે જેની ઉપર સ્થિતપ્રજ્ઞતાનું વણાટકામ હોય. નિયમિત ધ્યાન-યોગ કરનારને આજે અશાંતિ શેની? આ સમયે મોટે ભાગે એમને શરીરના ચરખાને તાણમુક્ત કરી સાંધ્ય સમાચાર જોવાની ટેવ.

આજે ટી.વી. સામે કંઈક ઘૃણાથી જોયું. ફોન જોડ્યો.

'સ્નેહ આવી ગયો ઘરે?'

વહુએ 'હા' કહી બીજી સેકંડે પતિને ફોન પકડાવ્યો.

'બોલો બાપુજી, કાંઈ પ્રોબ્લેમ?'

'કાંઈ નહીં બસ આમ જ.'

'તો ભલે, પાછું જોજો હોં, બાજી ના બગાડતા.'

'બેટા, તારે પ્રિન્સિપાલ થવું એટલું બધું જરૂરી છે કે-'

સામેથી ફોન મુકાઈ ગયો. પછી પણ ખાસીવાર સુધી એમના હાથમાં રિસીવર ઊંચકાયેલું રહ્યું. હાથ ફફડતા પંખીની પાંખો જેમ જરાતરા કાંપતો રહ્યો. એમને સમજાતું નહોતું કે લાચારીનો ડંખ કોરી ખાય છે કે હતાશાનો રંજ વકરી રહ્યો છે. એક ગરીબ ઘરના ફળિયામાંથી ઊઠી પોતે કેટલે ઊંચે પહોંચેલા? કેટલી બધી વા-વાદળની થપાટો સહેલી! એ ઊંચાઈ પર આજે ડર કેમ લાગતો હતો?

રસોડામાં કશું પડવાનો અવાજ આવતાં એમનાથી રાડ નખાઈ ગઈ, 'કોણ છે એ?' બિલાડીનો અવાજ સાંભળી પોતાના પર જ શરમ આવી. પછી હસી પડાયું. 'સાલા બીકણ!'

પોતાને આવું કોણ કહેતું એ યાદ કરતાં મા યાદ આવી. પિકનિક દરમિયાન 'ડર-બીક-ભય' વિષય પર ડિબેટ યોજીને પોતે રસપૂર્વક જેમને સાંભળેલા એવા કેટલાક વિદ્યાર્થીઓય યાદ આવ્યા. એ ફૂલ જેવા ચહેરા અત્યારે મૂરઝાયેલી સ્મૃતિ બની ગયા હોય એવું લાગતું હતું. કેટલા બધાને ભણાવ્યા! કેટલા બધાનાં સપનાંમાં પોતે ખુશી ખુશી હાજરી આપી! આજે જાણે કાગળના ડૂચાની જેમ ફેંકાઈ ગયા હોય એવું લાગતું હતું.

એમણે ફરી વાર ફોન જોડ્યો.

'સાહેબ મોટાસાહેબ સાથે મીટિંગમાં-'

'આવે ત્યારે એટલો મેસેજ આપજો

કે બાપુભાઈનો ફોન હતો અને એમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ફરી વાર ફોન ન કરશો, નહીંતર નાછૂટકે મારે-'

એ બોલતાં અટકી ગયા. સામેથી ક્યારનો ફોન મુકાઈ ગયેલો.

એ ઊભા થઈને બારી-બારણાં બંધ કરી આવ્યા. નાહી નાખવાની ઇચ્છાએ બાથરૂમ બાજુ જતા હતા ત્યાં રિંગ વાગી. એમણે એ તરફ ધ્યાન ન આપ્યું. રિંગ વાગતી રહી અને એ નહાતા રહ્યા. રિંગ વાગતી રહી અને એ ભાખરી-શાક બનાવતા રહ્યા. આજે જાણી જોઈને ખીચડી ન પકાવી. ફોને એમને શાંતિથી જમવા દીધા. વરિયાળી ચાવતાં-ચાવતાં બહાર આવ્યા ત્યાં જ ફોનની રિંગ વાગી.

બોલનાર મહિલા છે કે યુવતી એ બાપુજી કળી ન શક્યા. કારણદર્શી પૃચ્છા થાય એ પૂર્વે સામેથી પરિચયની પુષ્પાંજલિ યોજાઈ! જે તે એકેડેમિક વર્ષની યાદ તાજી કરાઈ. નામ જણાવાયું: પુષ્પા. પીએચ.ડી.નો વિષય જણાવાયો: 'ગુજરાતી સાહિત્યમાં સ્ત્રી-પુરુષના અવૈધ સંબંધોની માર્મિકતા અને પ્રસ્તુતતા-એક અભ્યાસ.'

વિષયાન્તર કરતાં વાર લાગે એવો વિષય આપીને કોને પીએચ.ડી. કરાવેલું એ યાદ કરવાની બાપુજીએ કોશિશ કરી. પુષ્પા નામ સિવાય, કુમુદ, ચારુ, લલિતા, આશા, ભાવના જેવાં નામ યાદ આવ્યાં, પણ પુષ્પા... રહી રહીને 'સરોજ' નામ પણ યાદ આવ્યું.

'સર, યાદ કરો, તમે મને 'જલિ' કહેતા. ક્યારેક 'દિલજલિ' પણ... મારો હાંડવો બહુ ભાવતો તમને... કહેતા, બિલકુલ તારી જેવો જ છે, એકદમ પોચો પોચો ને સ્પાઈસી... જ્યારે સુખડી માટે કહેતા કે-'

'શટઅપ' - બાપુજી તાડૂકી ઊઠ્યા, 'મેં આજ સુધી કોઈ વિદ્યાર્થી સાથે આવી ભાષામાં વાત નથી કરી. એમાંય વિદ્યાર્થિનીઓ તો મારે મન દીકરીઓ ને તું શું બકે છે? કોણ છે?'

'મિસિસ પુષ્પાંજલિ.' - સામેથી ભારેખમ અવાજ આવ્યો.

બાપુજીના હાથમાં રહેલો ફોન કંપી ઊઠ્યો: 'સેટભાઈ! તમે? શું છે આ બધું?'

'શાંત થાવ, સાહેબ. હું પુષ્પાંજલિબહેનને એ જ પૂછી રહ્યો છું પણ એમનું રડવાનું રોકાતું જ નથીને! ડોન્ટ ક્રાય પુષ્પા. આઈ હેટ ટિયર્સ...'

બાપુજીનો ચહેરો તપી ગયો: 'જુઓ, સેટભાઈ, હું તમારો ખૂબ આદર કરું છું. તમે મોટા માણસ છો. સરકારમાં ઊંચે સુધી પહોંચ છે એય જાણું છું. પણ આવી હલકી પ્રવૃત્તિ વડે મને દબાણ ન કરી શકો.'

સામેથી ખડખડાટ હાસ્ય આવ્યું: 'શિક્ષણનો જીવડો સમજદાર હોય જ. લ્યો, પુષ્પાનાં આંસુય બંધ થઈ ગયાં. તો ચાલો, જરા ઉત્તમ પ્રવૃત્તિની વાત કરી લઈએ?'

સેટભાઈએ એક નામ લખી લેવા કહ્યું.

કૌંસમાં 'ભાણો' લખવા સૂચવ્યું. 'સો ભામણ બરાબર એક ભાણેજ' કહેતાં વળી ખડખડાટ હસી પડ્યા. 'તમારેય ભાણો તો હશેને? વખત આવતાં એનુંય જોશું' પૂછી, બાપુજીનો ઉત્તર ન મળતાં, 'તો તો આ પણ તમારો ભાણો જ કહેવાય, મામેરું છે એમ જ માનજો.' એવું કહ્યું.

બાપુજી અચકાતાં-અચકાતાં, 'ભાણાની લાયકાત-' એવું બોલવા ગયા ત્યાં સેટભાઈ, 'ડિયર પુષ્પાંજલિ! હજીય બેઠી છો? જા, બેટા, કામ પડશે એટલે બોલાવીશું... તો ભલે બાપુસર, મારો માણસ પેંડા લઈ મોં મીઠું કરાવવા આવે તો આજે રેચ લીધો છે, કહી પાછો ન કાઢતાં. મારાં બહેનજી... સોરી, હું ભૂલી ગયો કે આપ વર્ષોથી એકલા-'

બાપુજીએ ફોન મૂકી દીધો. નીચું ઘાલીને થોડી વાર એમ જ બેસી રહ્યા. દીવાલ તરફ જોવાની હિંમત ન થઈ. ઊભા થઈ, બારણું ખોલી, બંને હાથ બારસાખે ટેકવી, ઉંબર વચ્ચોવચ ઊભા રહ્યા. ત્યાંથી બગીચામાંય જઈ આવ્યા. બધા છોડ જાણે ઊંઘી ગયા હતા. બગીચાના ટપકતા નળ નીચે બાલદી ભરાવા આવી હતી. ખાલી કરવા હાથ લંબાવ્યો અને ખેંચી લીધો. ઘર તરફ વળ્યા. બારણું બંધ કર્યું. રસોડામાં જઈ પાણી પીધું, જરા હાથ ધ્રૂજ્યો. પાણીની ધાર હોઠના ખૂણેથી બહાર ઢળી. રસોડાની પાળીનો ટેકો લીધો. ડબ્બા-ડુબ્બીવાળા કબાટને જોઈ રહ્યા. કંઈક વિચારી ગેસ ચાલુ કર્યો. ભૂખરી ઝાળને તાકતા રહ્યા. ગેસ બંધ કરી બહાર આવ્યા. સોફા પર બેસવા ગયા ત્યાં લથડિયું આવ્યું. ખુરશીની પીઠ પકડી લીધી. ખુરશી ઉપર જ બેસી પડ્યા. સામેની બારી ખોલી નાખી. ડ્રોવરમાંથી એક કોરો કાગળ કાઢ્યો. કાગળને જોતા રહ્યા. કાગળનો ખૂણો વાળતા-ખોલતા રહ્યા. કંઈક વિચારી પેન ઉપાડી અને ચારેક શબ્દો પાડ્યાઃ


પ્રતિ,
પ્રો. બાપુભાઈ,
બાપુસર,
બાપુજી...

❑❑❑

મારું એવું માનવું છે કે માનવ મન કે માનવ સમાજ સામાજિક, રાજનૈતિક અને ધાર્મિક એવાં જુદાં જુદાં ચોકઠાંમાં વિભાજિત કે સ્વતંત્ર ચોકઠામાં વહેંચાયેલાં નથી આ બધાં એક બીજાં સાથે આપ-લે કરતાં રહે છે. કારણ કે માનવ જીવન એક અવિભાજ્ય એકમ છે, તેથી એમના વિભિન્ન પક્ષો વચ્ચે વિભાજક રેખા ક્યારેય આંકી શકાય નહિ. નીતિશાસ્ત્ર કે રાજનીતિ વચ્ચે પણ નહિ. જે વેપારી છેતરીને ધન કમાતો હોય અને એ એમ સમજે કે આ કળા ધનમાંથી એક અંશ કહેવાતા ધાર્મિક કાર્યમાં વાપરીને પોતાનાં પાપ ધોઈ નાખશે તો એ પોતાને જ છેતરી રહ્યો છે. મનુષ્યનું રોજબરોજનું જીવન એના આધ્યાત્મિક જીવનથી ક્યારેય અલગ કરી શકાતું નથી. બંને એકબીજા સાથે આપ-લે કરતાં રહે છે. **- ગાંધીજી**

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૧૦. નર્મદભાઈ ત્રિવેદી

ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ, પેન્શનના નિયમો, ઇન્ટરવ્યુ, ઇન્સ્પેક્શન–

આ બધાની બહાર પણ એક વિશાળ દુનિયા હતી.

એણે મોડું ન કર્યું, વિલંબ ન કર્યો. દયા પણ ખાધી નહીં. એવું ન વિચાર્યું કે આ માણસ હમણાં આવ્યો છે, તો, એને થોડો સમય આપીએ. શ્વાસ હેઠો બેસે, થોડો સ્થિર થાય, ગોઠવાય પછી -

ક્યાં જવાનો છે?

આપણો જ છેને?

ના, આવી ઉદારતા બતાવવામાં આવી નહીં. શરૂઆતના દિવસોમાં, કદાચ પહેલા અઠવાડિયામાં જ, ફોન આવ્યો. ઓપરેટરે લાઈન આપતાં કહ્યું, 'નર્મદભાઈ ત્રિવેદી સાહેબ.'

નામ અજાણ્યું હતું, પરંતુ મારે મૂંઝાવું પડ્યું નહીં. ફોન કરનારે પ્રથમ પોતાનો ટૂંકો પરિચય આપ્યો. મારું નામ નર્મદભાઈ ત્રિવેદી. વળિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રિન્સિપાલ હતો. નિવૃત્ત થયો છું. એ તો ઠીક, અસલ વાત એ કે ઇંગ્લિશ લિટરેચર ભણાવતો હતો. તમારી જેમ.

એટલે કે નર્મદભાઈએ મને જ્ઞાતિબંધુ જાણી આવકારવા માટે ફોન કર્યો હતો.

સ્વરમાં સહજતા હતી, ખુલ્લાપણું હતું.

એમણે એક શબ્દપ્રયોગ કર્યો તે આજે પણ યાદ છે, 'શિક્ષણના વહીવટમાં આપણો માણસ આવ્યો છે તેનો આનંદ!'

આપણો માણસ.

'ડિસ્ટર્બ તો નથી કર્યાને?'

'ના, ના–'

'તમે બિઝી માણસ છો, હું સમજું છું. તમારો વધારે સમય નહીં લઉં.'

જરૂર નહોતી, છતાં સ્પષ્ટતા કરી, 'મારે તમારું કોઈ કામ નથી, ભાઈ.'

છેલ્લે - 'અનુકૂળતા હશે તો મળીશું ક્યારેક.'

*

અનુકૂળતા કોની - એમની? મારી?

કે વૈશ્વિક શક્તિઓની?

શરૂઆતમાં થોડા દિવસ સરકારી રેસ્ટહાઉસમાં રોકાયો હતો. ભાડાનું ઘર મળ્યું પછી મોડાસાથી સરસામાન આવ્યો, પત્ની અને બાળકો આવ્યાં. અમારો સંસાર માંડ ગોઠવાયો. અને એક રવિવારની સવારે સાઈકલ આવીને ઘર આગળ ઊભી રહી. સ્વરરૂપે મળ્યા હતા, હવે પ્રગટ થયા સદેહે, તેથી ઓટલા ઉપર ઊભા રહી ફરી એક વાર પરિચય આપ્યો, 'હું નર્મદભાઈ ત્રિવેદી.'

જાણ કર્યા વગર આવ્યા હતા, પોતાના આ કૃત્યનો બચાવ કરતાં કહ્યું, 'હું તો નવરો માણસ છું.'

મેં કહ્યું, 'મારેય કોઈ કામધંધો નથી, નર્મદભાઈ.'

પહેલી વાર મળ્યા, મારે ઘેર આવ્યા, પરંતુ સહેજે અતડાપણું નહોતું. એક આંટો મારી મકાન જોઈ લીધું. સંતોષ વ્યક્ત કર્યો. નાનું છે પણ હવાઉજાસ સારાં છે. રસોડાના બારણામાં ઊભા રહી મારાં પત્નીને પોતાના સ્વાસ્થ્યનો અહેવાલ આપ્યો, જમણા પગનો ઢીંચણ મસળતાં કહ્યું, અહીં સહેજ દુખાવો રહે છે. એ સિવાય કોઈ તકલીફ નથી.

પુસ્તકોના કબાટ પાસેથી પસાર થયા ત્યારે એ તરફ નજર કરી પણ થોભ્યા નહીં, ડોક એક બાજુ નમાવી નામો વાંચવાનો પ્રયત્ન કર્યો નહીં.

બેઠા નહોતા, વાતચીત થઈ તે આમતેમ આંટા મારતાં. એ આગળ અને હું પાછળ.

મેં કહ્યું, 'બેસો, નર્મદભાઈ.'

બેસવા માટે થોડા જ આવ્યા હતા?

'તમારી પાસે... સાઈકલ તો હશે-'

ઘરની સામે, એક વૃક્ષ નીચે મારો અશ્વ ઊભો હતો, એણે હણહણાટી કરી, ખરી પછાડી.

'-તો?'

મેં કહ્યું, 'ચાલો!'

કઈ દિશામાં, શા હેતુથી તે એમણે કહ્યું નહીં, મેં પૂછ્યું નહીં.

સીમમાં ફરવા જનારાઓને એવા પ્રશ્નો હોતા નથી.

મારું ઘર શિશુવિહાર સર્કલની પાસે, ત્યાંથી નીકળી બંદરની દિશામાં ગયા. આજે સ્થિતિ જુદી હશે, પણ તે વર્ષોમાં - શહેર અવિકસિત હતું એમ કહીશું? - ખુલ્લો વગડો હતો. ક્યાંક એકાદ ઝાડ, એક-બે કાચાં મકાનો.

કલાકેક ફરીને પાછા આવ્યા.

*

પછીથી જાણવા મળ્યું કે નર્મદભાઈ તો એન.જે.ટી. (NJT) તરીકે જ ઓળખાતા હતા, આજે પણ કોઈની સાથે વાત કરતાં હું બોલું, 'નર્મદભાઈ-'

વાક્ય પૂરું થાય તે પહેલાં સામેથી પડઘો આવે છે, 'એન.જે.ટી.'

અંગ્રેજીના અધ્યાપકોમાં

ભાવનગરના બે ત્રિવેદી પ્રખ્યાતઃ એમાં બીજા (અથવા પહેલા, વયમાં મોટા હતા, સિનિયર હતા) તે વી.જે.ટી. (VJT) સદ્‌ભાગ્યે મને બંને વિદ્વાનોના પરિચયનો લાભ મળ્યો. વી. જે. ત્રિવેદી સાહેબનું કાર્યક્ષેત્ર મોટું, સરકારી કોલેજમાં હતા તેથી બદલીઓ થતી રહી. છેલ્લે લાંબો સમય ગુજરાત કોલેજના આચાર્યપદે રહી નિવૃત્ત થયા. તે પછી પણ ત્રીસેક વર્ષ સુધી એમનું જીવન પ્રવૃત્તિમય રહ્યું. અંગ્રેજીનું નવું પાઠ્યપુસ્તક તૈયાર કરવાનું હોય કે નીતિવિષયક પ્રશ્ન હોય, સમિતિમાં લગભગ અનિવાર્યપણે ત્રિવેદીસાહેબ હોય જ. એ નિમિત્તે મારો એમની સાથે સંપર્ક રહ્યો.

કોઈને કદાચ વિષયાંતર લાગે, પરંતુ સમસ્યા છે સરહદ નક્કી કરવાની, પાળ બાંધવાની. આ કોઈ સામાન્ય શહેર નથી, ભાવ નગર છે.

વહેવું તે એનો ગુણધર્મ છે.

'કિતાબકેન્દ્ર', ગુજરાત કોલેજ (અમદાવાદ) પાસે આવેલી પુસ્તકોની નાની દુકાન, તે વી. જે. ત્રિવેદી - સાહેબની કાયમી બેઠક. ત્યાં અમારે ઘણી વાર મળવાનું થતું. સાચા અર્થમાં 'બુકશોપ.' ભીડ તો હોય નહીં. દીવાલો પર ચોપડીઓના ઘોડા (મોટા ભાગની વર્ષોથી નહીં વેચાયેલી ચોપડીઓ), પ્રતીક્ષાની મુદ્રામાં (કોની પ્રતીક્ષા?) બેઠેલા ગ્રંથો, ખૂણામાં નાનું ટેબલ, એની એક બાજુ દુકાનના માલિક શ્રી જાની (તેઓ પણ ભાવનગરના!) અને સામેની ખુરશીમાં ત્રિવેદી સાહેબ.

'કિતાબકેન્દ્ર'ને ભાવનગરનું થાણું (outpost) માનવામાં આવે તો સરહદનો વિવાદ ઊકલી જાય.

વૃદ્ધ જાની સાહેબ પાસે ભાવનગરનાં સ્મરણોનો ખજાનો છે, એક વાર મારી સામે ઉઘાડ્યો હતો. ભાવનગર રાજ્યની શાળાઓ માટે ગુજરાતીનું પાઠ્યપુસ્તક એમના પિતાજીએ તૈયાર કર્યું હતું, જે એટલું સફળ નીવડ્યું કે સૌરાષ્ટ્રનાં અન્ય દેશી રાજ્યોએ પણ એનો સ્વીકાર કર્યો.

હંમેશાં ઓછું બોલનારા જાની સાહેબે તે દિવસે ખૂબ વાતો કરી. એકમાંથી બીજું સ્મરણ, આ વ્યક્તિ, પેલા વિદ્વાન, અમુક કવિ, મહારાજાસાહેબ-

એમની પાસે સ્મરણો હતાં, અભિવ્યક્તિ માટે સહજ સરળ ભાષા હતી.

મેં કહ્યું, 'લખો, આવતી કાલે આ નહીં રહે.'

પરંતુ, જેની પાસે ભંડાર છે તે લખતા નથી.

જેની પાસે કંઈ નથી તે ચોપડા ચીતરે છે.

*

નર્મદભાઈ ત્રિવેદી. (એન.જે.ટી.)

લગભગ દર રવિવારનો અમારો એ ક્રમ બની ગયો. નવ-સાડાનવે એ આવે અને અમે સાથે નીકળીએ.

એમનું મોટામાં મોટું લક્ષણ તે

સહજતા.

જાણે અગાઉ વર્ષોની ગાઢ મૈત્રી હતી, વચ્ચે અમુક સમય માટે કોઈ કારણે સંપર્ક રહ્યો નહીં (અવ્યક્ત મધ્ય), ફરીથી મળ્યા અને, અગાઉ જે બિંદુ પર વાત અધૂરી રહી હતી ત્યાંથી આગળ ચલાવી.

તાંતણા મેળવવાની (આપણે શી વાત કરતા હતા? હું કેટલે આવ્યો હતો?) જરૂર પડી નહીં.

ભાર હતો નહીં. શાસ્ત્ર, તત્ત્વ, તર્ક- બધું રહ્યું પાછળ. લિટરેચર? એ વળી શું?

ચોસર, ડ્રાયડન, કાર્લાઈલ, બ્રાઉનિંગ- ગુડબાય!

અમારું મળવાનું ચાલ્યું હશે માંડ છ-આઠ મહિના. નર્મદભાઈ આવ્યા હતા તે રીતે જ નીકળી ગયા.

એક દિવસ મને કહ્યું, 'ભાવનિર્ઝર'માં રહેવા જાઉં છું.'

હું કંઈ જાણું નહીં તેથી મને સમજાવ્યું: પાંડુરંગ શાસ્ત્રી, સ્વાધ્યાય પ્રવૃત્તિ. 'ભાવનિર્ઝર' તે અમદાવાદમાં જોધપુર ટેકરા પર આવેલું એનું કેન્દ્ર.

ત્યાં એમને રહેવા માટે નાની કુટિર આપવામાં આવી હતી.

વિદાય પહેલાં, છેલ્લી વાર મારે ઘેર આવ્યા ત્યારે આગ્રહપૂર્વક કહ્યું, 'અમદાવાદ આવવાનું થાય ત્યારે બીજે ક્યાંય જવું નહીં, ઉતારો મારે ઘરે જ રાખવો.'

*

આમંત્રણને મેં ગંભીરતાથી લીધું.

એક-બે મહિના પછી સરકારી કામે અમદાવાદ જવાનું થયું. રાત પડી ગઈ. રાતવાસો કરવો હોય તો સરકિટ હાઉસ હતું, એકાદ-બે સગાંસંબંધી હતાં, પરંતુ હું એવી કોઈ જગ્યાએ શીદ જાઉં? મારી પાસે તો પ્રેમાળ વિકલ્પ હતો.

રિક્ષામાં બેઠો અને ચાલકને આદેશ કર્યો, 'લઈ લો!'

'ક્યાં? કઈ દિશામાં?'

અહીં એક ક્ષુલ્લક, અરસિક મુદ્દો આવ્યો - સરનામું.

સરનામું નહોતું, ચબરખીમાં લખેલું નહીં, સ્મૃતિમાં સંઘરેલું નહીં.

હું અમદાવાદની ભૂગોળથી સાવ અજાણ, છતાં મૂંઝાયો નહીં. મારી મૌલિકતા પ્રવૃત્ત બની. સરનામું છે નહીં, તો પેદા કરવું. શક્તિઓને કેન્દ્રિત કરી, સ્મૃતિને ઢંઢોળી નર્મદભાઈએ છેલ્લે છેલ્લે કરેલી વાતોમાંથી અમુક અંશો પાસપાસે ગોઠવીને સરનામાનો આકાર ઊપસાવી શકાય.

મુશ્કેલી એ આવી કે 'ભાવનિર્ઝર' એવો શબ્દ મારા ગજા બહારનો હતો. આજે પણ ઝટ જીભ પર આવતો નથી.

તેથી રિક્ષાવાળાને કહ્યું, - કંઈક ટેકરા જેવું હતું.'

'ગુલબાઈ ટેકરા?'

મેં પકડી લીધું, 'એક્ઝેક્ટલી!'

રાત છે, ગુલબાઈ ટેકરાની ગલીઓમાં ભટકીએ છીએ, રિક્ષાવાળો

હતાશ થઈ ગયો છે, હું કોઈ કોઈ રાહદારીને ઊભો રાખી પૂછું છું. મારી ગેબી ભાષા અને ભેદી પ્રશ્નો-રાહદારી હસીને માથું ધુણાવતો નાસી જાય છે.

છેવટે, એક યુવાનની માનવતા જાગી, એણે મને સહાનુભૂતિપૂર્વક સાંભળ્યો.

પછી કહ્યું, 'એ ટેકરો તમારો નથી.'

'તો મારો ટેકરો કયો?'

'મંદિર અહીં એકેય નથી. જોધપુર ટેકરે જાઓ-'

મેં કહ્યું, 'એક્ઝેક્ટલી!'

'-ત્યાં તમારે જોઈએ એટલાં આશ્રમો અને મંદિરો છે.'

*

'ભાવનિર્ઝર'માં નર્મદભાઈની કુટિર.

ઓરડામાં મારો પલંગ એક દીવાલ પાસે, યજમાનનો સામેની દીવાલ પાસે. મોડે સુધી વાતો કરી અને સૂઈ ગયા.

વહેલી પરોઢે આંખ ઊઘડી ત્યારે મને એક કૌતુકભર્યું દૃશ્ય જોવા મળ્યું. કમર સુધીનો ભાગ પલંગ પર અને બાકીનો, નેવું અંશનો ખૂણો રચીને, દીવાલના ટેકે.

આ શું હશે?

વડીલને થયું છે શું?

સાથીદાર જાગ્યો હતો, દૃશ્યને તેનો દ્રષ્ટા મળી ગયો હતો, એવો અણસાર આવી ગયો હશે. તેથી, વગર પૂછ્યે, અંગોની ગોઠવણીમાં ફેરફાર કર્યા વગર એમણે સમજાવ્યું, 'પગનું લોહી નીચે ઊતરે એનાથી ઢીંચણે રાહત રહે છે. હવે, આ ઉંમરે શીર્ષાસન તો થાય નહીં-'

'તો આ કયું આસન?'

'અર્ધ... ના, અર્ધ-શીર્ષાસન ન કહેવાય.'

'તો કહેવાય શું? નામ તો આપવું પડશેને?'

એમણે મનમાં કંઈક ગણતરી કરી.

'શીર્ષાસનનો ચોથો ભાગ, તેથી

અર્ધ-અર્ધ-શીર્ષાસન.'

ઉપરનો સંવાદ, વિદ્વાન સાથે જિજ્ઞાસુને કેવી વાતો થતી તેના એક ઉદાહરણ તરીકે ટાંકવામાં આવ્યો છે.

કુટુંબના અન્ય સભ્યો હજુ સૂતા હતા, ચૂપચાપ, અવાજ ન થાય તે રીતે દાતણપાણી પતાવ્યાં.

'જઈશું?'

મેં કહ્યું, 'ચાલો.'

મંદિર રોડને અડીને, એની પાછળ ઢાળમાં ઠીકઠીક જમીન હતી. એમાં થોડા આવાસ હતા, છાત્રાલય હતું, યાદ છે ત્યાં સુધી ખેતરોમાં કંઈક વાવ્યું પણ હતું - શાકભાજી, ફૂલછોડ.

શ્વેત વસ્ત્રોમાં ફરતા છાત્રો, ગુરુજીને જુએ અને એક એક આવીને પ્રણામ કરે.

'આ છોકરાઓને આજે જોઈને તમને કલ્પના નહીં આવે પણ એ બધા સમાજના એવા વર્ગમાંથી આવે છે, ગરીબના પણ ગરીબ, હાંસિયાની પણ બહારના-'

અઠવાડિયે-દસ દિવસે પણ નહાતા ન હોય, એમનું શિક્ષણ શરીરથી શરૂ થાય, ભૌતિક દેહ; એને સ્વચ્છ રાખો. હાથપગના નખ મજબૂત યંત્રોની મદદથી કાપવામાં આવે. વિદ્રોહી જટિયાંને પંપાળી, સ્નેહ (તેલ?) આપી, શિસ્તમાં લાવવામાં આવે.

સવારે વહેલા જાગવું. સ્નાન કરી વસ્ત્રો ધોઈ નાખવાં. આગલા દિવસનાં ધોયેલાં વસ્ત્રો પહેરવાં.

એ છોકરા થોડા દિવસમાં સંસ્કૃત શ્લોકોના શુદ્ધ ઉચ્ચાર કરતા થઈ જાય. એમને કંઈ શાસ્ત્રો પઢાવી પોપટ બનાવવાના નથી. જાઓ પાછા, માતાપિતા પાસે, જે સમાજમાંથી આવ્યા છો તેની વચ્ચે.

વાતો કરતાં કરતાં અમે ગૌશાળામાં ગયા. ગાયની પીઠ પસવારતા નર્મદભાઈ. વાછરડાને માથે હાથ ફેરવતા નર્મદભાઈ. વિદ્વાનનું છેલ્લું આ ચિત્ર મારી સ્મૃતિમાં સચવાયું છે.

[ક્રમશઃ]



સીતા માતાનું મંદિર, નુવારા ઈલિયા, શ્રીલંકા

નુવારા ઈલિયા

☐ કિશોરસિંહ સોલંકી

અમારો પ્રવાસ થોડા સમય પછી શરૂ થવાનો છે. કેન્ડીથી નુવારા ઈલિયા જવાની તૈયારી થઈ ચૂકી છે. કેન્ડી અને નુવારા ઈલિયા શ્રીલંકાના મધ્યભાગનાં નગરો છે.

હાલ શિયાળો છે છતાં પ્રવાસમાં ઠંડીનો સુખદ અનુભવ થયો નહીં. એનું કારણ એ હોઈ શકે કે શ્રીલંકા દરિયા વચ્ચેનો ટાપુ છે. એથી હવા વહેતી રહે છે. ભલે ઠંડી લાગતી ન હોય પણ આજુબાજુની રમણીયતા આનંદ આપતી હતી. ઈશ્વર કેવો મહાન ચિત્રકાર છે! એનાં રમણીય અને મનોહર ચિત્રો આંખો સામેથી પસાર થઈ રહ્યાં હતાં. ગમે તેવો જડ કે બુદ્ધિહીન અથવા બુદ્ધિશાળી અને સૌમ્ય

પ્રકૃતિનો માણસ હોય એને પણ આ વહેતી હવા અને પ્રર્વતોના ઢોળાવો ઉપર છવાયેલી લીલોતરી તરબતર કરતી રહે છે. આપણું મન આ બધું જોતાં પૂનમના ચાંદની જેમ ખીલી ઊઠે છે.

ગાડીની બહારથી પસાર થતી સૃષ્ટિનો નજારો આપણને આપણી સાથે જોડી આપે છે. જાણે એ પણ આપણી સાથે દોડતાં દોડતાં વાતો કરતાં ન હોય! વળાંકાતા રસ્તા, ઊંચા-નીચા પર્વતો, ઢોળાવો ઉપર લહેરાતા ચાના બગીચા, પર્વતોના પેટાળમાંથી ખળખળ વહી આવતાં ઝરણાં, દૂર દૂરથી સફેદ ફીણ જેવા દેખાતા પાણીના ધોધ, આખા રસ્તે આવતાં અજાણ્યાં ફૂલોનો પમરાટ, હવામાં હિલ્લોળાતી નારિયેળીઓ અને વચ્ચે વચ્ચે આવતાં નાનાં ગામડાં, રસ્તામાં આવતાં-જતાં જુવાનિયા કીકીયારીઓ કરતા, હાથ ઊંચા કરીને હાય - હલ્લો કરતા. ક્યાંક નારિયેળનું મીઠું પાણી પીવાની તલપ પણ સંતોષાતી...

કેટલાય પસાર થતા અપરિચિત ચહેરા, જંગલને ભરચક ભરી દેતા વિશાળકાય વાંસ, વચ્ચે વચ્ચે આવતાં આપણા ઢાબા પદ્ધતિનાં વિરામસ્થાનો. વાહ ભૈ વાહ! અમે બપોરે એક વિરામસ્થાનમાં જમવા માટે રોકાયાં. માત્ર બે બહેનો અને એમનું બાળક. અમારી પાસે તો અમારા સામાન કરતાં વધારે તો ખાવાનું ભાતું હતું. જ્યાં જઈએ ત્યાં પટારો ખોલીને બેસી જઈએ.

અમે જમતાં હતાં ત્યારે ઢાબાની માલિકણનું બાળક અમને ટગર ટગર તાકી રહ્યું હતું. એને પાસે બોલાવીને એક ડિશ ભરીને ખાવાનું આપ્યું તો એના ચહેરા ઉપર જે આનંદ લીંપાયો એ તો ક્યારેય ભુલાય એવો નહોતો. પેલી બંને બહેનો પણ ખુશ થઈ ગઈ. એમણે અમને ગરમાગરમ પુલાવ બનાવી આપ્યો.

પર્વતોનું પેટ તોડીને, કાપીને, કોતરી - ખોતરી અને ખાંપીને રસ્તા બનાવેલા છે. ડાબી બાજુ પર્વતોનાં શિખરો હોય અને જમણી બાજુ ઊંડી અંધારી ખીણો વિકરાળ મોં ફાડીને બેઠી હોય. સાવધાની જ આપણને બચાવી શકે.

રસ્તામાં એક અદ્‌ભુત નજારો જોવા મળ્યો. રોડના વળાંકની સામેના પર્વતમાંથી ઊતરી આવતા ઝરણાંનું અદ્‌ભુત દૃશ્ય હતું. જાણે ઝરણાં પગથિયાં ઊતરતાં ન હોય! દરેક પ્રવાસી અહીં રોકાય જ એવું લોભામણું એ દૃશ્ય જાણે આપણને બોલાવતું ન હોય! સરકારે પણ પ્રવાસીઓ માટે ત્યાં વ્યવસ્થા કરી છે, જેથી તમે ભરપેટે એને માણી શકો.

કુદરતની કરામત તો જુઓ. ઊંચાં-ઊંચાં શિખરો, એનું ભીતર ભેદીને વહી આવતાં ઝરણાં, ઝરણાંનો વિશાળ ધોધ, ઊડતાં શીકરો અને એમાંથી જાણે ધુમાડો નીકળતો હોય એવું દૃશ્ય આપણને રોમાંચિત કરે છે. એની પાસે પગથિયાં



સીતા માતાનું મંદિર, નુવારા ઈલિયા, શ્રીલંકા

આકારે બનેલા ચાના બગીચામાં કામ કરતી તમિલ મહિલાઓ, એમને તો આ કાયમી થઈ ગયું છે. જો એ આ ઝરણાં અને ધોધને જોવા રોકાય તો પોતાના રોટલાનું શું? એમને તો એમનું સૌંદર્ય કહો કે જીવતર કહો, માત્ર આ ચાની પત્તીઓ ચૂંટવાનું જ નસીબમાં લખેલું છે. ઉપર આકાશ અને નીચે પર્વતોનું પડખું સેવવાનું, વાંસના ઢૂંગા ઊભા કરીને અંદર રાતવાસો કરવાનો, સવારે સૂરજદેવનાં દર્શનની સાથે જ શરૂ થતો નવો દિવસ ચાના બગીચામાં પસાર થઈ જાય. એવાં ઝૂપડાં અને ક્યાંક પાકાં મકાન પણ દેખા દેતાં હતાં.

શ્રીલંકામાં નુવારા ઈલિયા સૌથી ઊંચાઈએ આવેલો વિસ્તાર છે. કેન્ડીની 500 મી. ઊંચાઈ છે. તો નુવારા ઈલિયા 1868 મી.ની ઊંચાઈ ધરાવે છે. કેન્ડીથી નુવારા ઈલિયા જો ટ્રેનમાં જાઓ તો એનો રોમાંચ કંઈક અલગ પ્રકારનો હોય છે. અમે વળાંક વળ્યાં ત્યાં તો ટ્રેનની સીટી સંભળાઈ. રેલવેલાઈન અને રોડ એકબીજાને ક્રોસ થતાં હતાં. પર્વતોમાંથી પસાર થતી ટ્રેનને જોવાનો આનંદ આવ્યો. બહાર ઊભા રહીને ધીમી ગતિએ જતી ટ્રેઈનને જોતાં આપણું બાળપણ આપણને યાદ આવી જાય. ગાડી બુલા રહી હૈ... સીટી બજા રહી

છે... હરિયાળા પ્રદેશમાં જાણે કોઈ લાંબો અજગર જઈ રહ્યો એવું લાગતું હતું. સીટી વગાડતી ગાડીનો છૂક્... છૂક્... અવાજ વળાંકમાં ગાયબ થઈ ગયો.

કેન્ડીથી નુવારા ઈલિયા 77 કિ.મી. ના અંતરે આવેલું છે. જ્યાં જતાં અઢી કલાક જેટલો સમય લાગે છે. અમારે તો સમય સાથે કોઈ નિસ્બત જ નહોતી. અમારી આસપાસથી પસાર થતી પ્રકૃતિ, અરણ્ય, માનવ વસાહતો અને પર્વતોનાં શિખરોને માપતા જવાનાં હતાં. માણસમાત્ર પ્રકૃતિનો પ્રેમી હોય છે. પ્રકૃતિ આપણને આહ્‌વાન આપે છે. ઊચાં ઊચાં વૃક્ષો આપણને આશ્વાસન આપે છે અને વચ્ચે વચ્ચે આવતી માનવ વસાહતો આપણને જીવવાનો સધિયારો પૂરો પાડે છે.

કેન્ડીથી 46 કિ.મી. પછી કોટમાલે વેલી શરૂ થાય છે. ત્યાંના વાવેન્ડોન હિલ્સના રામ્બોડામાં ચિન્મય મિશન, શ્રીલંકા દ્વારા હનુમાનજીનું મંદિર બનાવવામાં આવ્યું છે. તા. 8મી એપ્રિલ, 2001માં એને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. એવી વાયકા છે કે આ સ્થળે રામ-રાવણનું યુદ્ધ થયું હતું.

અમે નીચેથી ઉપર ચાલતા ગયા. મંદિરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો પણ હનુમાનજી પડદા પાછળ હતા. કેટલાક દર્શનાર્થી આંટા મારતા હતા. પૂજારી પણ કાળી કામળી ખભે મૂકીને આરતીની તૈયારી કરતો હતો. પૂછતાં જાણવા મળ્યું કે બાર વાગે હનુમાનજી બહાર આવીને આપણને દર્શન આપશે.

અમે આવતા હતા એ રસ્તામાં ટોળેટોળાં ઢોલક વગાડતાં, નાચતાં, કૂદતાં, હાથમાં ધજાઓ લઈને આવતાં હતાં. અમને થયું કે આ લોકો ક્યાં જતા હશે? આપણે ત્યાં અંબાજી કે ડાકોર પગપાળા જતા હોય એવો માહોલ હતો. અમે હનુમાનજીના મંદિરમાં આવ્યા એટલે અમારા મનનું સમાધાન થઈ ગયું. મંદિરની અંદર પણ એવી જ બે રાવટીઓ ઢોલક ઉપર મંડી પડી હતી. હું તો જાણે ફાગવેલના ભાથીજી મહારાજના મંદિરમાં ઊભો હોઉં, એવું લાગતું હતું.

હનુમાનજીએ બરાબર બાર વાગ્યે દર્શન દીધાં. આરતી થઈ. અમે બહાર નીકળ્યા. બહાર ઊભા રહીને આ વેલીના વાતાવરણને, એના સૌંદર્યને, દૂર દૂર વહેતા જતા પાણીને માણી શકો. આકાશમાં ઊડતાં પંખીઓના અવાજ આપણને બોલાવતા હોય એમ લાગે.

રામ્બોડાથી નીકળી પર્વતોથી ઘેરાયેલા એવા એક ઉચ્ચ પ્રદેશના નગર ભણી અમારી ગતિ છે. સૌથી વધારે ઊંચાઈ ધરાવતા આ પ્રદેશમાં સૌથી વધારે કીમતી ચાનું ઉત્પાદન થાય છે. અમે જેમ જેમ નુવારા ઈલિયા નજીક જતા ગયા તેમ તેમ વાતાવરણમાં ફેર પડવા માંડ્યો. સમશીતોષ્ણ ઠંડક ધરાવતો આ પ્રદેશ છે.

શ્રીલંકામાં 'પ્રકાશનું નગર' કે 'લિટલ ઈંગ્લેન્ડ' નામે ઓળખાતા નુવારા ઈલિયામાં અમારો પ્રવેશ થઈ ચૂક્યો છે. પર્વતમાળાઓની વચ્ચે સપાટ જમીન ઉપર વસેલું આ શહેર છે. જેની ઉત્તર અને ઉત્તર-પૂર્વે દિશાએ શ્રીલંકાનો સૌથી ઊંચો પર્વત (2524 મી.) પીડુરુતાલાગીહા આવેલો છે, જેને અંગ્રેજો માઉન્ટ પેડ્રો તરીકે ઓળખાવતા. બીજે બધે તો ઢોળાવો જ જોવા મળ્યા હતા, અહીં સપાટ જમીન છે. આવો શાનદાર-માનદાર વિસ્તાર આપણને બે ઘડી વિચારતા કરી મૂકે છે.

લેક અલ્બર્ટ અને નાઈલની જેણે શોધ (1846) કરી હતી તે બ્રિટિશર સેમ્યુઅલ બેકરે 19મી સદીમાં આ શહેરની સ્થાપના કરી હતી. બ્રિટિશરો સિલોનમાં આવ્યા ત્યારે એમના સેવકોને રહેવા માટેની ઉત્તમ જગ્યા આ જ લાગી હતી. આ વિસ્તારની ઊંચાઈના કારણે અહીંની આબોહવા એમને અનુકૂળ જણાઈ હતી. અહીં ખાસ કોઈ સૂકી ઋતુનો અનુભવ થતો નથી. ચોમાસામાં પણ ચોખ્ખું હવામાન અને સરેરાશ તાપમાન 16^0 સે. રહેતું હોવાથી એમના માટે યોગ્ય હતું. શિયાળામાં રાત્રે હિમ પડે ખરો પણ ઊંચાઈના કારણે સૂર્ય ઊગતાંની સાથે જ ઝડપથી ગરમી પકડી શકે છે.

આજે ક્લિનન્સ કોટેજ, જનરલ હાઉસ, ગ્રાન્ડ હોટેલ, હિલ ક્લબ, સેન્ટ એન્ડ્રુઝ હોટેલ અને ટાઉન પોસ્ટ ઓફિસ જેવી સુવિધાઓ વસાહતી કાળથી જાળવી રાખેલી છે. અહીંનો વિક્ટોરિયા પાર્ક આ નગરનું આકર્ષણ છે. ગોલ્ફ કોર્સ, ટ્રાઉટ સ્ટ્રીમ્સ, લેક ગ્રેગરી પણ જોયાં. લેકમાં પાણી ઓછું છે છતાં એના કિનારે કિનારે જતા રોડ પર ફરવાનો આનંદ લીધો.

નગરનો નેશનલ પાર્ક લીલાંછમ ઘાસવાળું જંગલનું મુખ્ય વન્યજીવન ક્ષેત્ર છે. આની એક બીજી વિશિષ્ટતા એ છે કે, સમશીતોષ્ણ યુરોપ સાથે સંકળાયેલાં શાકભાજી, ફળ અને ફૂલો વ્યાપક પ્રમાણમાં છે. અમે શાકમાર્કેટમાં આંટો માર્યો તો જાણે આપણે અમદાવાદના શાકમાર્કેટમાં ફરતા હોઈએ એવું જ લાગ્યું.

અહીંથી અમારે જવાનું છે સેતા ઈલિયા. જ્યાં સેતા કોવિલ આવેલું છે. નુવારા ઈલિયાથી પાંચ કિ.મી.ના અંતરે બડુલ્લા (Badulla) માર્ગ પર હકગાલા (Hakgala) બોટનિક ગાર્ડનથી અડધો કિ.મી. પહેલાં, જેને આપણે 'અશોકવાટિકા'ના નામે ઓળખીએ છીએ. અહીં 'સીતા'ને 'સેતા' કહે છે. આ આખો વિસ્તાર સેતાના નામે જ ઓળખાય છે. એને 'સીથા મમાં' પણ કહે છે.

અમારો ગાઈડ પણ આ બધાથી પરિચિત હતો. એણે રામ-રાવણની વાત કરી. લંકાનરેશ રાવણ સીતાનું

અપહરણ કરીને લાવેલા. જ્યાં સીતાને રાખવામાં આવ્યાં હતાં. એ સ્થળનાં દર્શન કરવા અમને લઈ જવાતાં હતાં. મનમાં થયું હતું કે, અશોકવાટિકા કેવી હશે? 'રામાયણ' સિરિયલમાં બનાવવામાં આવી હતી, એવી હશે? અથવા વાલ્મીકિએ 'રામાયણ'ના 'સુંદરકાંડ'ના સર્ગ 13ના શ્લોક એકથી સત્તર સુધી જે વર્ણન કર્યું છે, એવી હશે? જે સન્તાક લતાઓ અને વૃક્ષો વડે શોભાયમાન, દિવ્ય ગંધવાળી, નંદનવન સમાન, જ્યાં પશુ-પંખીઓ વિહરતાં હોય, કોયલ મધુર ટહુકા કરતી હોય, સુવર્ણમય અને ગુલાબી કમળોથી શોભતી, અનેક ભૂમિગૃહોવાળી (ભોંયરાં) જે ભૂમિને હનુમાને શોધી હતી એ તરફની અમારી ગતિ છે.

વાલ્મીકિએ હનુમાનની આંખે અશોકવાટિકાને કેવી રીતે બતાવી હતી? જુઓઃ સર્વ ઋતુનાં સુન્દર પુષ્પો, ફળાઉ વૃક્ષો તેમ જ પ્રફુલ્લિત અશોકવૃક્ષની શોભાથી સૂર્યની જેમ ઝળહળતી એ ભૂમિને વંદન કરવાં હતાં. આજે પણ આ વિસ્તારને 'પ્રકાશની ભૂમિ' તરીકે ઓળખાવવામાં આવે છે.

લચી રહેલાં ફૂલોના ભારથી પૃથ્વીને સ્પર્શ કરતાં અશોકવૃક્ષ, કરેણ, ખાખરા અને કેસૂડાંનાં ફૂલોથી ચોતરફ પ્રજ્વલિત લાગતી હતી. નાગકેસર, સપ્તપત્ર, ચંપો, ઉદ્દાલક જેવાં વૃક્ષો શોભતાં હતાં. જ્યાં કેટલાંક સુવર્ણ જેવાં, કેટલાંક અગ્નિની શિખા સમાન, કેટલાંક કાજળ સમાન શ્યામ હજારો અશોકવૃક્ષ ઊભાં હતાં. સર્વ ઋતુઓનાં ફૂલોથી ભરેલાં મધુર સુગંધવાળાં વૃક્ષો, વિવિધ પ્રકારના નાદ અને પંખીઓનો કલરવ સંભળાતો હતો. અશોકવાટિકા બીજા ગંધમાદન પર્વત સમી લાગતી હતી અને આ વન જાણે તારાઓથી ખચિત આકાશ જેવું લાગતું હતું.

એવી અશોકવાટિકા કે જ્યાં સીતાજીને રાખવામાં આવ્યાં હતાં એ પવિત્ર ભૂમિને જોવાનો મનમાં રોમાંચ હતો. જાણે હું પણ હનુમાનની જેમ સીતાજીની શોધમાં હોઉં એવું અનુભવતો હતો. કેવાં સીતાજી? પૂર્ણિમાના ચંદ્રની ચાંદનીની જેમ સમગ્ર જગતની ઇષ્ટદેવી, નિયમવ્રતનું પાલન કરનાર, સુંદર કાયાવાળી તાપસીની જેમ પૃથ્વી પર બેઠેલાં, વારંવાર નિસાસા નાખતી ગભરુ નાગરાજવધૂ જેવાં અત્યંત વિસ્તરેલી શોકરૂપી જાળને કારણે ન શોભતાં, ધુમાડાની જાળમાં છુપાયેલી અગ્નિની જ્વાળા સમાન, સંદેહવાળી સ્મૃતિ જેવાં, ક્ષીણ થયેલી સંપત્તિ જેવાં તેમને જોવાં હતાં.

અમારી ગાડી મંદિરની સામેના ભાગમાં આવીને રોકાઈ ગઈ. બાજુમાં સરસ મજાનાં ફૂલો છવાયેલાં હતાં. ચારેકોર ઊંચા ઊંચા પર્વતો અને ભરચક અરણ્ય હતું. સામેના ભાગમાં કેસરી અને સોનેરી રંગમાં મનને આનંદ આપે એવું મંદિર હતું. આ એ જ મંદિર

છે જેને અહીંના લોકો **સેતા કોવિલના** નામે ઓળખે છે. મંદિર રોડ ઉપર જ આવેલું છે. દરવાજામાં સોનેરી અક્ષરે 'SRI RAMA JAYAM' લખેલું છે. મંદિર રોડથી નીચેના ભાગમાં આવેલું છે. મને થયું કે, આ જ ભૂમિગૃહોવાળી ભૂમિ છે. એનાં પગથિયાં પરવાળાવાળાં નહીં પણ કાળા ખરબચડા પથ્થરનાં હતાં. દરવાજાની બંને બાજુ હનુમાનજી ખડે પગે ઊભા છે. હજારો થાંભલાવાળો મહેલ નહીં પણ થોડાક જ થાંભલાઓ વાળું મંદિર હતું. અસ્સલ આપણાં દક્ષિણનાં મંદિરોની પ્રતિકૃતિ જ જોઈ લો. મુખ્ય મંદિરની બંને બાજુ પણ બે નાનાં મંદિર છે. એવું કહેવાય છે કે, વિશ્વમાં સીતામાતાનું આ એક જ મંદિર છે. એક બાજુ ચબૂતરો પણ બનાવેલો છે.

મંદિરનો જીર્ણોદ્ધાર 2016માં થયેલો છે. અત્યારે તો રંગરોગાનથી સુશોભિત બનાવ્યું છે. અરણ્યની લીલાશ વચ્ચે કેસરિયો અને સોનેરી રંગ આકર્ષક લાગે છે. પાછળ ઊંચા પર્વતો, એના ઉપર લહેરાતાં ઊંચાં ઊંચાં વૃક્ષો, ફૂલોની જુદી જુદી જાતિઓ, ક્યાંક અશોકવૃક્ષ પણ છે. મંદિરને અડીને જ, પાછળના ભાગે સેતા નદી વહે છે. જ્યાં સીતાજી સ્નાનાર્થે જતાં. મંદિર તરફથી નદી તરફ જવા માટે પગથિયાં બનાવેલાં છે અને ઉપર પુલ જેવી વ્યવસ્થા કરી છે.

અહીંનું સમગ્ર વાતાવરણ સીતામય જ અનુભવાય છે. મંદિર, નદી, આ વિસ્તાર અને ગામનું નામ પણ સેતામય છે. જાણે સામેના ઊંચા વૃક્ષ ઉપર હનુમાનજી બેઠા છે. અહીં અશોકવાટિકામાં રાક્ષસીઓથી ઘેરાયેલાં સીતાજી બેઠાં છે. રામનો વિયોગ ભોગવતાં જાણે વેદનાસભર લાગતાં ન હોય!

એક બાજુ પૂજારી કુટુંબ સાથે રહે છે. એણે અમને પૂછ્યુંઃ 'પૂજા કરાવવી છે?' અમે એમને વંદન કર્યા. ત્યાં ફર્યા, સીતાજી ક્યાં બેસતાં હશે, ક્યાં ઊભાં હશે - એવી કલ્પનાઓ કરી. ફોટા પાડ્યા. વિડિયો લીધો. આ બધો જ સમય લંગૂર નહીં પણ માંકડાથી ઘેરાયેલા રહ્યા. વાંદરા આપણને પકડીને ખાવાનું માગે. તમારી પાસે કંઈ હોય તો આપો, મૂળ તો હનુમાનજીના વંશજ તો ખરાને?

ચારે દિશામાં ઊભેલા પર્વતો, ઊંચાં વૃક્ષો અને ભરચક અરણ્ય આપણને અહીં રોકાવાનું આહ્‌વાન આપતાં હોય એવું રમણીય વાતાવરણ. સેતા નદીનાં ખળખળ વહેતાં પાણીનો કર્ણમધુર અવાજ આપણને લલચાવે. થોડી વારમાં જ વરસાદનું આગમન થયું. અશોકવાટિકાના પરિસરમાં જ ભીંજાવાનો આનંદ લીધો. વરસાદ મોટા ફોરે હતો. - જાણે વિયોગી સીતાજીનાં આંસુ. ગાડીમાં ગોઠવાયાં. આવજે સેતા કોવિલ... આવજે અશોકવાટિકા...

❑❑❑



કેમ સખી ચીંધવો પવનને-૩૪

☐ અનિલ રમાનાથ જોશી

"**કો**મર્સમાં નોકરી કરતો હતો ત્યારે છેક ઉલ્હાસનગરથી લોકલ ટ્રેનમાં ધક્કા ખાતો ચર્ચગેટ પહોંચતો હતો. એ દિવસોમાં મારી પાસે રહેવા ઘર પણ નહોતું. એવામાં હું લગ્ન કરી બેઠો. એ વખતે મારી હાલત ગની દહીંવાળાની ગઝલના શેર જેવી થઈ : "એક તો દુનિયા દુઃખી હતી ને એમાં આપણે આવ્યા." વિલ્સન સ્ટ્રીટની પેઈંગ ગેસ્ટની જગ્યા છોડવી પડી. ઉલ્હાસનગરમાં મારા લઘુબંધુ ડો. ભાસ્કર જોશીનું ઘર હતું એટલે મારો બધો લબાચો લઈને હું ઉલ્હાસનગર જતો રહ્યો. થોડા મહિના મારું અપડાઉન આ રીતે થતું રહ્યું. એક વાર તો આ મુસાફરીના ત્રાસથી એવું થતું કે હું ટ્રેનના પાટા ઉપર ઝંપલાવીને આપઘાત કરી લઉં, પરંતુ એ જ દિવસોમાં કોમર્સના તંત્રી વાડીલાલ ડગલી મારી હાલત જોઈને વ્યથિત થયા અને ભાયખલામાં મને રહેવા માટે ઘર આપ્યું. બરાબર રાણીબાગની સામે જ એ નાનકડું ઘર હતું. આખરે મારા

જીવમાં જીવ આવ્યો. ઉલ્હાસનગરથી મારા બધા લબાચા લઈને પત્ની ભારતી સાથે ભાયખલાના પાટણવાળા મેંશનમાં મેં ઘરસંસાર શરૂ કર્યો. રાણીબાગમાંથી સિંહ અને શિયાળોના અવાજો આવતા હતા. આ ઘર વાડીભાઈના લઘુબંધુ ઇન્દુભાઈ ડગલીનું સાસરું હતું. ફ્લેટ બહુ મોટો હતો એમાંથી એક રૂમ અમને આપી હતી. ઇન્દુભાઈ ડગલી નખશિખ સજ્જન હતા. ડાઉન ટુ અર્થ હતા. મારા કરતાં ઇન્દુભાઈ અમારી ચિંતા વધારે કરતા હતા. ઘરમાં ગેસ નહોતો એટલે વાટવાળા પ્રાઈમસથી રસોઈ કરવી શરૂ કરી. થોડાંક વાસણો ખરીદ્યાં અને અમારું ગાડું ચાલ્યું. મારી પૈસાની તંગી યથાવત્ હતી. રોજ સવારે ચર્ચગેટ બસમાં જતો હતો. નોકરીમાંથી છૂટ્યા પછી અજિત શેઠની એડ એજન્સીમાં કોપી રાઈટિંગ કરવા જતો અને સંગીત ભવનના બધા કાર્યક્રમોની પરિકલ્પના કરતો હતો. મોડી રાતે હું ઘેર પાછો ફરતો હતો. બેટરહાફ ભારતી મુંબઈમાં નવી નવી હતી એટલે મુંબઈની લાઇફસ્ટાઈલનો બહુ અનુભવ નહોતો. છતાં એણે સંસાર ચલાવવામાં ક્યારેય મોઢું બગાડ્યું નહોતું. ભારતી અને મારો પરિચય કોમર્સની ઓફિસમાં જ થયો હતો. એનો એક ફ્લેશબેક જુઓ : દશ્ય બદલાય છે. સમય બપોરનો છે.

હું મારી ઓફિસમાં ફાઈલોથી ઘેરાયેલો બેઠો છું. એવામાં એકાએક ત્રણ વ્યક્તિઓનો પ્રવેશ થાય છે. આવનાર વ્યક્તિ ભારતીનાં મોટાં બહેન અને બનેવી છે. સાથે ભારતી પણ છે. સાવ અજાણ્યા ચહેરાઓ જોઈને મને નવાઈ લાગી. મેં આવકાર આપ્યો. હકીકતમાં એ લોકો મને છોકરી બતાવવા અને લગ્ન માટેની દરખાસ્ત લઈને આવ્યા હતા. મેં ભારતીને જોઈ અને પછી કહ્યું:

"મુંબઈમાં રહેવા માટે ઘર નથી. ટૂંકા પગારની નોકરી છે, હું ખૂબ દારૂ પીઉં છું. હું કવિ છું. પેઈંગ ગેસ્ટ તરીકે એકલો રહું છું. (એ પછી મેં ભારતી સામે જોઈને કહ્યું) મારો ઇનકાર કરવાની તમારી સ્વતંત્રતાને સન્માન આપું છું. હું ક્યારેય છોકરી જોવા ગયો નથી પણ તમે સામેથી આવ્યાં છો એટલે મારો આ જવાબ છે." આ સાંભળીને એ લોકો જતા રહ્યા અને હું મારા કામમાં ડૂબી ગયો. દિવસો વીતતા ગયા. એવામાં એક દિવસ રાજકોટથી ફોન આવ્યો કે છોકરી લગ્ન માટે તૈયાર છે. તમે રાજકોટ આવો. હવે હું મૂંઝાઈ ગયો કે શું કરવું? લગ્ન માટે મારી કોઈ ઔકાત નહોતી. મારામાંથી જો કવિતા બાદ કરો તો હું સાવ નકામો માણસ હતો. આમેય મુંબઈમાં હું સાવ એકલો રહેતો હતો. મુંબઈમાં મારું કુટુંબ એટલે રમેશ દવેનું ઘર અને વિલે પાર્લેમાં સોનલ શુક્લ અને મીનળનું ઘર હતું. હા, વાડીભાઈ મારા બોસ હતા પણ કુટુંબભાવ રાખતા હતા, છેવટે મેં મારી ઓફિસમાં જ


કામ કરતા નખશિખ સજ્જન મિત્ર ચંદ્રકાન્ત શાહને વાત કરી. ચંદ્રકાન્ત શાહ કહે: "છોકરી સારી હોય તો લગ્ન કરી લેવાં." ચંદ્રકાન્ત યુસિસમાં નોકરી કરતા હતા. થોડો સમય કોમર્સમાં પણ હતા. ચંદ્રકાન્ત અતિઉત્તમ માનુષ હતા, પરંતુ આજે ચંદ્રકાન્ત અલ્ઝાઈમરના ભોગ બનીને દુનિયા છોડીને ચાલ્યા ગયા છે. આજે દીકરી નિયતિ મળે છે ત્યારે એની આંખોમાં ચંદ્રકાન્ત જોઉં છું. ચંદ્રકાન્તની સલાહ લીધા પછી મેં વાડીભાઈની સલાહ લીધી. વાડીભાઈ કહે: "તમને રહેવા ભાયખલામાં ઘર હું અપાવીશ." પરંતુ મોટી જવાબદારી લેવાથી હું ગભરાતો હતો. એ પછી હું એક વીકએન્ડમાં તરત વિલે પાર્લે સોનલ શુક્લને ઘેર ગયો. સોનલનું ઘર એટલે મારું પોતાનું ઘર મને લાગતું હતું. સોનલ એટલે જીવંત ચેતનાનો ફુવારો. હું એને મા કહેતો. કોઈ વાર મજાકમાં એમ પણ કહી દેતો કે સોનલ, હું તારું ગેરકાયદે જન્મેલું બાળક છું. સોનલ અને હિમાંશુ ખડખડાટ હસી પડતાં. મારે લગ્ન માટે રાજકોટ જવું કે નહિ એ મુદ્દા ઉપર સલાહ લેવા વીકએન્ડની રાતે અમે ભેગાં થયાં. મીનળ મહેતા (એ પછી પટેલ) પણ આવી પહોંચી. મારા ખાનાબદોશીના દિવસોમાં મીનળ મારી બહુ સારી દોસ્ત હતી. આમેય મારી ભરયુવાનીના દિવસો મકરંદ અને ભાઈની સંગતિમાં ગયા હતા એટલે દરેક મહિલાઓમાં મને માનો ચહેરો દેખાતો હતો. સોનલ અને મીનળ સાથેના સંબંધને હું માની કૃપા માનું છું. બાકી ગામને મોઢે તાળાં દેવાતાં નથી. હું મુંબઈ આવવા નીકળ્યો ત્યારે ભાઈએ મને કહ્યું હતું કે મુંબઈમાં મા તારી સાથે જ છે. બીજું રંગભૂમિનો અભિનેતા જયેશ દેસાઈ મારો અને મીનળનો કોમન ફ્રેન્ડ હતો. અમે ત્રણેય રાજ કપૂરનાં જબરદસ્ત ફેન હતાં. મને એની હાજરીમાં સલામતી લાગતી હતી. પોતે રંગભૂમિની પ્રતિભાવંત અભિનેત્રી હતી અને સાહિત્ય અને કવિતાઓ એના લોહીમાં હતી. મીનળને ઘેર મેં રાતવાસો પણ કર્યો છે. ત્યાં મને રાજુલબહેન અને નીનુ મજુમદારની સંગતિનો ખૂબ લાભ મળતો હતો. કૌમુદીબેન પણ ક્યારેક આવી ચડતાં હતાં. રાતોની સાહિત્યિક મહેફિલો વીકએન્ડમાં સતત ચાલ્યા કરતી હતી. રાજુલબેન એના સુંદર કંઠે લોકગીતો રજૂ કરતાં. સોનલ અને મીનળનું ઘર મારા માટે સંસ્કારતીર્થ હતું. મીનળને આસામી કવિ અને ભારતરત્ન ભૂપેન હઝારિકા સાથે બહુ સારી દોસ્તી હતી. ભૂપેન હઝારિકાના મુખમાં પણ મા શબ્દ તરત નીકળે. સોનલને ઘેર તો સત્યદેવ દુબે આવે, મહાશ્વેતાદેવી પણ આવે, ગુલાબદાસ બ્રોકર પણ આવે અને રિન્કી ભટ્ટાચાર્ય પણ આવી ચડે. સાચું કહું તો કોઈ મંદિર કરતાં પણ મને વધારે પવિત્ર લાગતું હતું સોનલ અને મીનળનું ઘર. આખરે હિમાંશુ,

સોનલ અને મીનળ સાથે મસલત કર્યા પછી એવું નક્કી થયું કે મારે લગ્ન કરી લેવાં જોઈએ. એટલું જ નહિ પણ બીજે દિવસે જ વહેલી સવારે સોનલના ઘેરથી જ વિમાન પકડીને હું રાજકોટ પહોંચી ગયો. લગ્ન માટે તૈયાર થઈ ગયો. સામા પક્ષે પણ મારા વિષે જેટલી તપાસ કરવાની હોય એટલી તપાસ કરી લીધી. લગ્ન માટે કવિ હોવું એ કોઈ ક્વોલિફિકેશન નથી. મને નારાયણ સુર્વે હંમેશાં કહેતા હતા કે મને જે કોઈ સગાં-સબંધી મળે છે એ કાયમ એક જ સવાલ પૂછતા હતા: "તમે શું કરો છો?" હું કહેતો: "કવિતા લખું છું." પણ એને મારા જવાબથી સંતોષ થતો નહિ એટલે તરત બીજો સવાલ પૂછતા: "કવિતા-બવિતા તો ઠીક છે મારા ભાઈ, નોકરી-ધંધો શું કરો છો?" મારી પાસે આનો કોઈ જવાબ નહોતો. કવિ હોવું એ લગ્ન માટે ડિસક્વોલિફિકેશન છે છતાં સામો પક્ષ અને ભારતી લગ્ન માટે તૈયાર થયાં એમાં પણ મને માની કૃપા દેખાઈ છે. એ પછી મારાં લગ્ન બહુ મોટી ધામધૂમથી થયાં. બેન્ડવાજાં વાગ્યાં. પીઠી ચોળાઈ. ચોરી-માયરા થયાં. બધી જ વિધિ થઈ. આ રીતે મારા સંસારની શરૂઆત ભાયખલાના એક રૂમના ઘરથી શરૂ થઈ.

ભાયખલાના ઘરને હું ક્યારેય ભૂલી શકતો નથી. મારા ઘરથી લાલબાગ બહુ નજીક હતું. પગે ચાલીને જવાતું હતું. લાલબાગમાં મરાઠી ભાષાના વિખ્યાત કવિ નારાયણ સુર્વે રહેતા હતા. એની સાથે દોસ્તી થઈ ગઈ. પૈસાની કારમી તંગી હતી. ભાયખલાની ફૂટપાથ પર વેચાતી શાકની ઢગલીઓમાંથી અમે શાક લેતા અને રોડવતા હતા. બેટરહાફ ભારતી પણ મારી નિર્ધનતાને અનુકૂળ થઈ ગઈ. હું ગરીબ નહોતો પણ નિર્ધન હતો. પોતે વ્યવસાયે આયુર્વેદિક ડોક્ટર હતી છતાં એણે મોઢું બગાડ્યું નહોતું. નવાં લગ્ન કરીને મેં ઘર માંડ્યું હોય ત્યારે મહેમાનો ખૂબ આવે પણ ભારતી સહુને મીઠો આવકાર આપીને પ્રેમથી જમાડતી. કોઈને ઓછું આવવા દેતી નહીં. એ દિવસોમાં મારે ઘેર હરખથી આવનારા મિત્રોમાં સૂર્યભાનુ ગુપ્ત, નારાયણ સુર્વે , કૈલાસ પંડિત, વેણીભાઈ પુરોહિત, રાજેન્દ્ર શુક્લ, રમેશ પારેખ ખાસ હતા. એક વાર રમેશ અને હું મારે ઘેર બેઠા હતા. સમય બપોરનો હતો. એવામાં રમેશને એવી ધૂરી ચડી કે મને કહે: "ચાલ અનિલ, મારે ઘાટકોપર જવું છે. ૬૦ નંબરના રોડ ઉપર થોડું કામ છે." હું તૈયાર થઈ ગયો. અમે બીડીઓ ફૂંકતાં ભાયખલા સ્ટેશનેથી લોકલ પકડીને ઘાટકોપર આવ્યા. થોડુંક રખડ્યા. પછી લગભગ સાંજના પાંચેક વાગ્યે રમેશ મને સિક્સ્ટી ફીટ રોડ ઉપર લઈ ગયો. નિશાળ છૂટવાનો સમય હતો. અમે બરાબર નિશાળની સામે એક પાનની દુકાન પાસે ઊભા

રહ્યા. મને સમજાતું જ નહોતું કે રમેશને અહીં શું કામ હશે. એટલામાં નિશાળ છૂટી. ટાબરિયાં બાળકોને લેવાં માવતરો આવી ગયાં હતાં. એવામાં એક ગૃહિણી પોતાના બાળકની આંગળી ઝાલીને લઈ જતી નજરે પડી. રમેશે એ ગૃહિણીને એનાં ચશ્માંના કાચમાંથી જોઈ. એકાદ વધુ બીડી ફૂંકી મારી. પછી મને કહે: "ચલ અનિલ કામ પતી ગયું.'' પછી ટ્રેનમાં બેસતાં મને કહે: "તેં જે ગૃહિણી જોઈ એ બીજું કોઈ નહિ પણ મારી જૂની પ્રેયસી હતી. મારે એને જોવી હતી. જોઈ લીધી. કામ પતી ગયું.'' રમેશનું આ સંવેદન એટલું બધું નાજુક હતું કે મેં કોઈ કમેન્ટ કરી નહિ. એ વખતે રમેશ બીડીની આખી ઝૂડી પી ગયો. ભાયખલાની એક રૂમ ભલે સાંકડી હતી પણ જિગરજાન દોસ્તોની હાજરીથી રાજમહેલ બની જતી હતી. રાજેન્દ્ર શુક્લ આવે ત્યારે એમના હાથથી બનાવેલું કારેલાનું શાક રાંધીને ખવડાવે. રમેશ સરસ ભાખરી બનાવે. આ બધા મિત્રો થોડા દિવસ રહીને પાછા જતા ત્યારે રૂમ અને દિમાગમાં સૂનકાર ફરી વળતો હતો. મારી બેટરહાફ ભારતી ઘરનો બધો કારભાર કુશળતાથી સંભાળી લેતી હતી. મેં લગ્ન કરીને ઘર માંડ્યું છે એ જોવા માટે કેટલાંક સગાંસંબંધીઓ પણ આવતાં હતાં. હું ભાવવિભોર થઈને સહુનું સ્વાગત કરતો હતો. થોડી આડીઅવળી વાતો થયા પછી મહેમાન સહેજ ચૂંચી આંખ કરીને મારી દુખતી રગ ઉપર આંગળી મૂકીને પૂછતા: "ફ્લેટ સારો છે. ઓનરશિપમાં લીધો? કેટલા આપ્યા?" એ વખતે મારા મોતિયા મરી જતા. હું કહેતો : "મિત્રનો ફ્લેટ છે. પેઈંગગેસ્ટ તરીકે રહું છું." મારો ખુલાસો સાંભળીને આ સબંધી જાણે મને તુચ્છકારથી જોતા હોય એમ સલાહ આપતા: "મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો ના મળે. પોતાની જગા કરી લેવી સારી." આ સલાહ સાંભળીને રકાબીમાં ઠરેલી ચા ઢોળાઈને મારા ખમીસ ઉપર પડતી. પેલા સંબંધી બૂટની વાધરી બાંધીને ખબડખબડ કરતા દાદરો ઊતરી જતા. એ વખતે મને ભાન થતું કે મુંબઈમાં પોતાનો ફ્લેટ ખરીદવાની મારી કોઈ ઓકાત નથી. એ વખતે હું તરત બસ પકડીને સડસડાટ જહાંગીર આર્ટ ગેલેરીના પગથિયે પહોંચી જતો. આ પગથિયે નિદા ફાઝલી અને નંદકુમાર મિત્તલ મારી રાહ જોતાં બેઠા હોય. એ દિવસોમાં નિદા દૂબળો-પતલો હતો. મેલખાઉ પેન્ટમાં પીળા રંગના ખમીસનું ઇનશર્ટ કર્યું હોય. નિદા પાસે પણ ઘર નહોતું. પૈસા પણ નહોતા, પણ નંદકુમાર અમને સંભાળી લેતા હતા. એ દિવસોમાં મેં એક કવિતા લખી હતી : "ઓનરશિપમાં આભ મળ્યું ને લીઝ ઉપર આ દરિયો રે, સુકલકડી કાયાનો ભાડૂત કેટલા ઘરમાં ફરિયો રે."

[ક્રમશઃ]



'બાય ધ ગ્રેસ ઓફ ગોડ'નું પોસ્ટર

એકવીસમો મામી ફિલ્મોત્સવઃ સંસ્થાઓની સામે લડતા એકલવીરોને બિરદાવતી ફિલ્મો

☐ વિનોદ પટેલ

વિશ્વના મોટા ભાગના દેશોમાં જમણેરી નેતાઓએ તેમની અમાપ સત્તાના જોરે લોકશાહીની કરોડરજ્જુ સમાન સંસ્થાઓને તેમની નોકરાણીઓ બનાવી દીધી છે. આ સંસ્થાઓ જ્યારે તેમના સત્તાધીશોના હાથની

કઠપૂતળીઓ બની રહે ત્યારે નાગરિકોના વ્યક્તિસ્વાતંત્ર્યનો હ્રાસ થાય છે. આમ બને ત્યારે આવી સંસ્થાઓ સામે લડવું અનિવાર્ય બની જાય છે. મુંબઈમાં યોજાયેલા મુંબઈ એકેડેમી ઓફ મૂવિંગ ઇમેજીસ (મામી) દ્વારા યોજાયેલા 21મા ફિલ્મોત્સવમાં દર્શાવવામાં આવેલી અમુક ફિલ્મોમાં આવી સંસ્થાઓ સામે લડતા એકલવીરોની કથા કહેતી ફિલ્મો જોવા મળી.

જગત આખામાં જેનું એકચક્રી શાસન સદીઓથી ચાલે છે તેવી મહાસત્તા રોમન કેથોલિક ચર્ચમાં બાળકોની પાદરીઓ દ્વારા થતી જાતીય સતામણી સામેની લડત ફ્રાન્ઝવા ઓઝોન દ્વારા નિર્દેશિત ફ્રેન્ચ ફિલ્મ 'બાય ધ ગ્રેસ ઓફ ગોડ'માં સુપેરે આલેખાઈ છે. ફ્રાન્સના લ્યોન શહેરમાં પત્ની અને બે પુત્રો સહિત પાંચ સંતાનો સાથે રહેતા સફળ બેન્કર એલેક્ઝાન્ડરને જ્યારે ખબર પડે છે કે તે જ્યારે નવ વર્ષની ઉંમરે સ્કાઉટ હતો ત્યારે તેની જાતીય સતામણી કરનારો પાદરી ફાધર પ્રિન્યેટ હજી પણ બાળકો સાથે જ કામ કરી રહ્યો છે ત્યારે તે તેનાં સંતાનોની સુરક્ષાનો વિચાર કરી તેમની ધર્મ પ્રત્યેની આસ્થા જળવાઈ રહે તે હેતુથી પાદરીને તેના ગુનાઓની સજા કરાવવા કટિબદ્ધ બને છે. એલેક્ઝાન્ડરની સાથે આ પાદરી દ્વારા આચરવામાં આવેલી જાતીય સતામણીનો ભોગ બનેલા અન્ય લોકો પણ જોડાય છે. 2014માં શરૂ થઈને 2018 સુધી ચાલેલી આ લડતમાં નવી પેઢીના યુવાનો દ્વારા ખેલાયેલા ઓનલાઈન જંગની સિલસિલાબંધ વિગતો આ ફિલ્મમાં રજૂ કરાઈ છે. એલેક્ઝાન્ડર દ્વારા શરૂ કરાયેલી લડતમાં પાદરી દ્વારા કરાયેલી જાતીય સતામણીનો ભોગ બનેલા અનેક યુવાનો સામેલ થાય છે. પણ ધન, વગ અને અમાપ સત્તા ધરાવતું ચર્ચ તેમની કોઈ કારી ફાવવા દેતું નથી. 2018માં જ્યારે ફિલ્મ પૂરી થાય છે તે સમયે કાર્ડિનલ ફિલિપ બાબેરિન દ્વારા પાદરી પ્રિન્યેટને તેના પદ પરથી હટાવવા સિવાય ચર્ચ દ્વારા કોઈ નક્કર પગલાં ભરાયાં હોતાં નથી. ફિલિપ બાબેરિનને ફ્રેન્ચ કાયદા અનુસાર આ ગુનાને છાવરવા બદલ છ મહિનાની સસ્પેન્ડેડ કેદની સજા કરવામાં આવે છે જેની સામે કાર્ડિનલ દ્વારા અપીલ કરવામાં આવી છે. કાર્ડિનલ દ્વારા એક પત્રકાર પરિષદમાં ચર્ચના બચાવમાં આદતવશ બોલાયેલા શબ્દોને કટાક્ષ તરીકે ફિલ્મના નામ તરીકે વાપરવામાં આવ્યા છે. આ ફિલ્મ સામે બે કેસ કરવામાં આવ્યા હતા જે બંનેમાં ચુકાદા ફિલ્મનિર્દેશક ઓઝોનની તરફેણમાં આવ્યા હતા.

2015માં પણ 'સ્પોટલાઈટ' નામની

ઓસ્કર એવૉર્ડ વિજેતા ફિલ્મમાં પણ આ જ સવાલ કરવામાં આવ્યો હતો કે રોમન કેથોલિક ચર્ચ દ્વારા ગુનેગારોને છાવરવાનો સિલસિલો ક્યારેય અટકશે ખરો? વેલ, સિલસિલો અટકે કે ન અટકે પણ જ્યાં સુધી એલેક્ઝાન્ડર કે નિર્દેશક ઓઝોન જેવા એકલવીર હોય ત્યાં સુધી આપણે આશા ગુમાવવા જેવી નથી.



માર્ટિન સ્કોર્સીસી નિર્દેશિત ફિલ્મ 'ધ આઇરિશ મેન'નું દૃશ્ય

એકવીસમી સદીના પેરિસમાં વિક્ટર હ્યુગોની નવલકથા આકાર લે તો તે કેવી હોય તે સવાલનો જવાબ એટલે લાદ લી દ્વારા નિર્દેશિત ફિલ્મ 'લા મિઝરેબલ્સ.' જો કે ફિલ્મના નામ સિવાય મૂળ નવલકથાને તેની સાથે કશું લાગતું-વળગતું નથી. ઇમિગ્રન્ટ્સથી ભરેલા મોન્તેફરમેઈલ વિસ્તારમાં ત્રણ જણની પોલીસ ટુકડી કેવા સંજોગોમાં નવી પેઢીના યુવાનો સાથે કામ પાડે છે તેની આબેહૂબ રજૂઆત ફિલ્મમાં થઈ છે. અશ્વેત મેયર, કટ્ટરપંથી આફ્રિકન મુસ્લિમ નેતા સલા, સ્થાનિક ગુંડા અને બેફામ જિપ્સીઓ વચ્ચે આઠ વર્ષનો ઈસા કેવો સપડાય છે અને લાચાર પોલીસ ટુકડીના હાથે અનાયાસે તેની કેવી અવદશા થાય છે તેની રસપ્રદ રજૂઆત ફિલ્મમાં કરવામાં આવી છે. ઈસા કુતૂહલનો માર્યો જિપ્સીઓના સરકસમાંથી એક સિંહના બચ્ચાને લઈ આવે છે. જેના પગલે આખા વિસ્તારમાં હોબાળો મચી જાય છે. પોલીસ ચોરાયેલા સિંહના બચ્ચાને જિપ્સીઓને પરત કરવાની તેની ફરજ બજાવવામાં ઈસાને ઘાયલ કરી નાખે છે. જેના પગલે ઈસા અને તેના દોસ્તો વીફરે છે અને લાક્ષણિક ફ્રેન્ચ ઢબે પોલીસ ટુકડીને પડકારે છે. એકવીસમી સદીના ડિસફંક્શનલ સમાજમાં પોતાની નિર્દોષતા પુરવાર કરવા કિશોર ઈસા અને તેના દોસ્તો આક્રમક વલણ અપનાવી દર્શાવે છે કે એકલવીરને ઓછા આંકવાની ભૂલ પોલીસે કે સમાજે કરવા જેવી નથી. છેવટે વિક્ટર હ્યુગોના અવતરણ-ખરાબ છોડ કે બાળકો હોતાં નથી, માત્ર તેમનો ઉછેર કરનારા માળી ખરાબ હોય છે-સાથે ફિલ્મ સમાજની મર્યાદા ચીંધી સમાપ્ત થાય છે.

જ્યાં સ્વતંત્રતાનું મૂલ્ય સવિશેષ છે તે યુએસએમાં મોબ દ્વારા કેવી રીતે તેમની આગવી સ્વતંત્રતા જાળવવામાં આવે છે તેની અફલાતૂન રજૂઆત વિખ્યાત નિર્દેશક માર્ટિન સ્કોર્સિસીની નવી ફિલ્મ 'ધ આઈરિશમેન'માં કરવામાં આવી છે. એક સમયના વિખ્યાત યુનિયન લીડર જીમી હોફ્ફાના સાથીદાર ફ્રેન્ક શિરનના મુખે રજૂ થતી કથામાં અમેરિકન ઇતિહાસના સૌથી રોમાંચક કાલખંડને આવરી લેવામાં આવ્યો છે. જેમાં કેનેડીની હત્યાથી માંડી જીમી હોફ્ફાની હત્યા સુધીની ઘટનાઓ એક વિદેશી ગેંગસ્ટર આઈરિશમેનની નજરે રજૂ કરવામાં આવી છે. વાત જીમી હોફ્ફાના યુનિયનની હોય કે અમેરિકાના પ્રમુખની દરેક જણે ઇટાલિયન માફિયાઓની શરમ ભરવી જ પડે. આઈરિશમેન પણ તેમાંથી બાકાત નથી. જીમી હોફ્ફા જ્યારે જેલમાંથી બહાર આવી તેના યુનિયનને ફરી કબજે કરવા જાય છે ત્યારે સંજોગો પલટાઈ ગયા હોય છે જે જીમી સ્વીકારી શકે તેમ નથી. પરિણામે માફિયા બોસ જીમીને સમજાવવાના તમામ પ્રયાસ નિષ્ફળ ગયા બાદ તેનો આખરી ઇલાજ કરી નાખે છે જેનું રહસ્ય આજ સુધી અકબંધ છે. અમેરિકન પ્રમુખથી માંડી યુનિયન લીડર જીમી હોફ્ફાએ પણ જેની આણ સ્વીકારવી પડેલી તે માફિયા જગતમાં એક આઈરિશમેન કેવી રીતે તેમનો વિશ્વાસ જીતી પોતાની સ્વતંત્રતાની રક્ષા કરી શક્યો તે આ ફિલ્મનું હાર્દ છે. આમ માફિયા નામની અંધારી આલમમાં પ્રવેશી પોતાની વ્યક્તિગત સ્વતંત્રતા જાળવીને ઇતિહાસનાં વહેણ બદલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતા આઈરિશમેનની કથા એ પોતાની શરતોએ જિંદગી જીવતા એકલવીરની ગાથા છે.

પરંતુ આ જ દેશ યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા પર જ્યારે આતંકવાદીઓ ત્રાટકેલા ત્યારે સંજોગો કેવા પલટાઈ ગયેલા તેનું સચોટ આલેખન 'ધ રિપોર્ટ' નામની ફિલ્મમાં થયું છે. 9/11ના આતંકવાદી હુમલો થયા બાદ પોતાની મર્યાદાઓ છાવરવા માટે સીઆઈએ કઈ હદે જઈ શકે અને એક કૉંગ્રેસમેન યાને કે સેનેટર પોતાની તમામ મર્યાદાઓ છતાં વસૂકી ગયેલી જાસૂસી સંસ્થાની સાન ઠેકાણે લાવવા શું કરી શકે તેનું દિલધડક બયાન 'ધ ટોર્ચર રિપોર્ટ' ફિલ્મમાં થયું છે.

સ્કોટ જે બર્ન્સ દ્વારા લિખિત અને નિર્દેશિત ફિલ્મમાં અમેરિકન ગુપ્તચર સંસ્થા સીઆઈએ દ્વારા 9/11ના આતંકી હુમલાઓ થયા બાદ શકમંદ આતંકીઓ પાસેથી કબૂલાત કરાવવા માટે અપનાવાયેલા હથકંડા ઉઘાડા પડી ન જાય તે માટે વિવાદાસ્પદ વિડિયો ટેપ્સનો 2005માં નાશ કરવામાં આવ્યો.



લાદ લી નિર્દેશિત ફિલ્મ 'લા મિઝરેબલ્સ'નું એક દૃશ્ય

જ્યારે પ્રસાર માધ્યમોમાં આ બાબતે વિવિધ પ્રકારના અહેવાલો આવવા માંડ્યા ત્યારે અમેરિકન કૉંગ્રેસ દ્વારા રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીના 15 સભ્યોની બનેલી સેનેટ સિલેક્ટ કમિટી ઓન ઇન્ટેલિજન્સ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી. કેલિફોર્નિયાની મહિલા સેનેટર ડાયેન ફિનસ્ટેઈનને આ કમિટીની અધ્યક્ષ નીમવામાં આવી. ડાયેન દ્વારા આ તપાસ કરવા માટે ડેનિયલ જે. જોન્સની નિમણૂક કરવામાં આવી. ડેનિયલે કોઈની પણ સાડાબારી રાખ્યા વિના 63 લાખ પાનાંઓની 2009-2014 દરમ્યાન પાંચ વર્ષ સુધી બારીક તપાસ કરી સીઆઈએ દ્વારા એન્હેન્સ્ડ ઇન્ટરોગેશન ટેક્નિક યાને વૉટરબોર્ડિંગનો જે બેફામ ઉપયોગ કરવામાં આવ્યો તથા જે જીવલેણ ટોર્ચર પદ્ધતિઓ અપનાવવામાં આવેલી તેને છાવરવા માટે સીઆઈએ દ્વારા જે જુઠ્ઠાણાં ચલાવવામાં આવેલાં તેનો ભાંડો ફોડતો પાંચ હજાર પાનાંનો અહેવાલ તૈયાર કર્યો. સ્વાભાવિક રીતે જ આ અહેવાલ બહાર ન પડે તે માટે સીઆઈએ દ્વારા તમામ પ્રકારના પ્રયાસ કરવામાં આવ્યા. આ પ્રયાસો ફેલ જતાં સીઆઈએ દ્વારા અહેવાલની આકરી કાપકૂપ કર્યા બાદ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો, પરંતુ આ અહેવાલ કાપકૂપ બાદ પણ સ્ફોટક બની રહ્યો અને તેને પગલે જોન મેક્કેઈન-ડાયેન ફિનસ્ટેઈન દ્વારા સ્પોન્સર કરાયેલો કાયદો પણ મંજૂર કરવામાં આવ્યો જેના દ્વારા આ અહેવાલમાં જેની વિગતો રજૂ કરવામાં આવેલી તે અમાનુષી ટોર્ચર પદ્ધતિઓ અજમાવવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો. અમેરિકાના પ્રમુખ, અમેરિકાના રાષ્ટ્રીય



ઇલિયા સુલેમાનની ફિલ્મ 'ઈટ મસ્ટ બી હેવન'નું એક દૃશ્ય

સુરક્ષા સલાહકાર અને સીઆઈએના ત્રણ આજીમાજી ડિરેક્ટરો અને ન્યાયખાતાની આંટીઘૂંટીઓ સામે એકલવીર તરીકે પાંચ વર્ષ ઝઝૂમી આ અહેવાલ તૈયાર કરનારા ડેનિયલ અને લોકશાહીમાંના પોતાના અડીખમ વિશ્વાસને જાળવી રાખી ડેનિયલને તેનું કામ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપનાર આધુનિક વીરાંગના સેનેટર ડાયેન ફિન્સ્ટેઈનને સલામ.

પરંતુ આ તમામ એકલવીરોમાં મોખરે આવે છે ઈલિયા સુલેમાન નામનો પેલેસ્ટિનિયન ફિલ્મસર્જક. સુલેમાને 'ઈટ મસ્ટ બી હેવન' નામની ફિલ્મમાં એકપણ સંવાદ બોલ્યા વિના તેના વતન પેલેસ્ટાઈનની વાત અસરકારક રીતે રજૂ કરી બતાવી છે. નાની નાની સિક્વન્સો દ્વારા સુલેમાન વર્તમાન વિશ્વની એવી છબી રજૂ કરે છે જેને જોતાં એવું લાગે કે તે જેની માગણી કરે છે તે તો સ્વર્ગ જ હોવું જોઈએ, પરંતુ આ હકીકત નથી તેવું રમતિયાળ રીતે દર્શાવી સુલેમાને હળવાશથી વર્તમાન વિશ્વ નેતાઓએ અખત્યાર કરેલી નીતિઓને નકામી ગણાવી એક કલાકાર તરીકે ધાર્યાં નિશાન પાર પાડ્યાં છે.

ખેર, જમાનો બદલાઈ રહ્યો છે તેમ ફિલ્મો બનાવનારા અને તેને રજૂ કરનારાઓ પણ બદલાઈ રહ્યા છે. ફિલ્મોત્સવ પર હવે સ્ટ્રીમિંગ કંપનીઓની પકડ વરતાવા માંડી છે. જેને કારણે ફિલ્મ થિયેટરમાં રજૂ થવાને બદલે હવે તે સીધી તમારાં ઉપકરણોમાં સ્ટ્રીમિંગ કંપનીઓ દ્વારા ઠાલવવામાં આવી રહી છે. આ સંજોગોમાં આ પ્રકારના અહેવાલો અપ્રસ્તુત બનતા ચાલ્યા છે તે જોતાં બજાર અર્થતંત્રનાં પરિબળો સામે બે દાયકા ઝીંક ઝીલ્યા બાદ આ વાર્ષિક લેખ લખનાર એકલવીર પણ આપની વચ્ચેથી વિદાય લે છે. જય સિનેમા.

❑❑❑


ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

વલોપાત - એન્તોન ચેખોવ

એન્તોન ચેખોવ જેટલા એમનાં વિશિષ્ટ નાટકો માટે જાણીતા છે એટલા જ એ એમની વિશેષ પ્રકારની સંકુલતા ધરાવતી વાર્તાઓ માટે પણ જાણીતા છે. અહીં જે વાર્તાની વાત કરવાની છું તે 'વલોપાત' ('The Lament') એમની બહુ જાણીતી વાર્તા છે.

એકના એક યુવાન દીકરાના મૃત્યુ પછી વૃદ્ધ ઘોડાગાડીવાળા આયોનાને એવું કોઈ જ મળતું નથી જેની પાસે એ પોતાની પીડા ઠાલવે. રડવા માટે ખભો મળવો તો દૂરની વાત, અહીં તો એની વેદનાની ચીસ સાંભળવા પણ કોઈ નવરું નથી. આમ પણ આયોના અને એનું ટાયડું બેઉ સરખાં જ મરિયલ છે. વરસતા બરફમાં આખેઆખા ધોળા થઈ ગયા હોવા છતાં સવારીની રાહ જોયા વગર એનો છૂટકો નથી. બપોર ઢળી ગઈ પણ હજી એકેય સવારી નો'તી મળી. એવામાં એક અધિકારી એને બૂમ પાડે છે. એને ઘોડાગાડી (સ્લેજ)માં બેસાડી આયોના ચાબુક વીંઝે છે, બરફની પરત ખેરવતું એનું ટાયડું માંડ માંડ ડગલાં ભરે છે ને પેલો અધિકારી ગુસ્સે થઈ બરાડા પાડે છે: અરે એય જંગલી, શેતાન, તને ઘોડાગાડી ચલાવતાં જ નથી આવડતું. જમણે લે જમણે... એના બૂમબરાડા છતાંય આયોના એને કશુંક કહેવાની કોશિશ કરે છે. 'મારો દીકરો બાહીન. આ અઠવાડિયે મરી ગયો. તાવ બહુ વધારે હતો. ત્રણ દિવસ સુધી એ દવાખાનામાં હતો અને એ મરી ગયો...' હજુ તો એ બોલતો હતો ત્યાં પેલા અધિકારીએ બરાડો પાડ્યો. 'આગળ જો, હરામખોર! આગળ જો! નશોવશો કર્યો છે કે શું? ઘરડા કૂતરા! જલદી ચાલ જરા જલદી કર...' ઘોડાગાડીવાળો જાતને સંકોચી લેતો



હોય તેમ ચાબુક વીંઝે છે. ખાસી વાર પછી વળી એ પેલા અધિકારી સામે જુએ છે. પણ એ તો આંખો મીંચીને બેઠો હતો. એને ઉતાર્યા પછી વળી આયોના બીજી કોઈ સવારીની રાહ જોવા લાગ્યો. વળી બે-અઢી કલાક રાહ જોયા પછી ત્રણ યુવાન એની ગાડીમાં બેસે છે. એમણે બહુ ઓછું ભાડું કહ્યું છતાં આયોના એમને બેસાડે છે. ત્રણેય લડતા, ઝઘડતા, આયોનાને બેફામ ગાળો ભાંડતા બેસે છે. એટલી ગાળો વચ્ચેય થોડી શાંતિ થઈ એટલે આયોના પાછળ ડોકું કરીને કહેવાની કોશિશ કરે છે. 'મારો દીકરો. આ અઠવાડિયે મરી ગયો... 'જવાબમાં ત્રણમાંથી એક યુવાન કહે છે. 'આપણે બધાએ મરવું જ પડવાનું...' તરત જ બીજો કહે છે. 'એ બૂઢી બલા, આવી ઝડપે તું અમને કાલેય નહીં પહોંચાડે...' ત્રીજો કહે છે 'અલ્યા, તું પરણેલો છે?' આયોના જરાય ખોટું નથી લગાડતો એમની ગાળોથી. એ કહે છેઃ 'મારો દીકરો મરી ગયો છે અને હું જીવતો છું... અજબ જેવી વાત છેને, મોત ઘર ભૂલ્યું. મારી પાસે આવવાને બદલે એ મારા દીકરા પાસે જઈ ચડ્યું.' હજુ તો એનો દીકરો કેવી રીતે મરી ગયો એની વાત માંડે ત્યાં તો પેલા ત્રણેય ઊતરી જાય છે. આયોના દિવસ દરમિયાન કેટલાયને પોતાના હૈયું ચીરી નાખે એવા દુ:ખની વાત કરવા કોશિશ કરે છે પણ કોઈ પાસે એની વાત સાંભળવાનો સમય નથી. જે રીતે કોઈ જુવાન માણસને પીવાની તલપ લાગે એ રીતે આ વૃદ્ધને કોઈ સાથે વાત કરવાની તલપ લાગેલી છે. એના દીકરાને મરી ગયે અઠવાડિયું થઈ ગયું અને હજુ સુધી એણે કોઈ સાથે એના વિશે વાત નથી કરી. આવા અકાળ મૃત્યુ વિશે તો માંડીને કહેવું પડે. એને દીકરો કઈ રીતે માંદો પડ્યો, કેટલો હેરાન થયો, એ કઈ રીતે મર્યો એ બધી વાત ધીમે ધીમે કહેવી પડે. એના અંતિમસંસ્કારની તમામ વિગતો પણ વર્ણવવી પડે. એને કેટલું બધું કહેવું છે. એની વાતો સાંભળી કોઈ જરાક સહાનુભૂતિ દેખાડે, બે શબ્દો કહે તો એ જરાક રડી શકે... પણ કોઈ પાસે એની વાત સાંભળવા માટે સમય જ નથી. વાર્તાના અંતે આયોના ઊભો થઈ તબેલામાં ઘોડાને જરાક ઘાસ નીરવા માટે જાય છે ને અચાનક જ એ ઘોડાને કહેવા લાગે છે. 'હું હવે ઘોડાગાડી હાંકી શકું એમ નથી. મારો દીકરો હાંકી શકત પણ આપણને જીવવા માટે છોડીને એ જતો રહ્યો. એ અચાનક જ ઊપડી ગયો.' અને ઊભરાતી લાગણીઓ વચ્ચે આયોના બધી વાત ઘોડાને કહી દે છે. આ વાર્તામાં લાગણીવેડામાં સરી જવાની પૂરી શક્યતા હતી પણ લેખક એ જોખમ ટાળી શક્યા છે.



તટસ્થ અને વસ્તુલક્ષી નિરૂપણ આ વાર્તાને એક જુદી જ ઊંચાઈએ લઈ જાય છે. ચેખોવ આપણી સામે માત્ર દૃશ્યો રજૂ કરે છે. ઘોડાગાડીવાળાની પીડાને વાર્તામાં ભલે કોઈ ન સાંભળે પણ નાટ્યાત્મક ઢબે એ પીડાને વાંચનાર સુધી તો પહોંચાડે જ છે. કોઈ અપમાન કરે, ગાળો દે તો પણ વૃદ્ધ પોતાની વાત કહેવા તત્પર છે. ન સહન થાય એવા લોકોને પણ એ ગાડીમાં બેસાડે છે, કારણ કે એને એકલા નથી રહેવું, એકલો પડે એટલે તરત એને દીકરાનું મૃત્યુ ઘેરી વળે છે. એનું દુઃખ, એકલતા એને કનડે નહીં એટલે એ નઠારી સવારી પણ વેઠી લે છે. કોઈ કરતાં કોઈ એને સાંભળવા નવરું નથી ત્યારે એનાથી બોલાઈ જાય છે. Is it nothing he has to tell? હકીકતે ઘોડા પાસે જઈને કહેવાનો કોઈ અર્થ નથી. પણ નથી રહેવાયું એનાથી એટલે અનાયાસે જ કહેવાઈ ગયું છે.

લેખકે ઘોડાગાડીવાળાની વાત નહીં સાંભળનારાઓનો વાંક નથી કાઢ્યો. બધા પોતીકા વિશ્વમાં અટવાયેલા હોય છે, કોઈ પાસે ખરેખર સમય નથી. પણ વાર્તાનો અંત આપણને વિચારતા કરી મૂકે છે. માનવીય સહાનુભૂતિ વાંછતા માણસને પશુના તબેલામાં જઈ, પોતાનું દુઃખ રડવું પડે એ શું સૂચવે છે?

❑❑❑

વાલ્મીકિ રામાયણ

ઉત્તરકાંડ, સર્ગ - ૧૦૮

[૩૨૩]



सुबाहुं मधुरायां च वैदिशे शत्रुघातिनम् ।
ययौ स्थाप्य तदायोध्यां रथेनैकेन राघवः ।।११।।

પોતાના પુત્રો સુબાહુને મથુરાનું અને શત્રુઘાતીને વિદિશાનું રાજ સોંપીને શત્રુઘ્ન એક રથમાં બેસીને અયોધ્યા પહોંચ્યો.

स ददर्श महात्मानं ज्वलन्तमिव पावकम् ।
सूक्ष्मक्षौमाम्बरधरं मुनिभिः सार्धमक्षयैः ।।१२।।

ત્યાં તેણે (શત્રુઘ્ને) અવિનાશી મુનિઓની વચ્ચોવચ ઝીણું રેશમી વસ્ત્ર પહેરીને બેઠેલા અને પ્રજ્વલિત અગ્નિથી દેદીપ્યમાન એવા મહાત્મા

રામચંદ્રને જોયા.

सोऽभिवाद्य ततो रामं प्राञ्जलिः प्रयतेन्द्रियः ।
उवाच वाक्यं धर्मज्ञं धर्ममेवानुचिन्तयन् ।।१३।।

ત્યારબાદ જિતેન્દ્રિય એવા શત્રુઘ્ને હાથ જોડીને રામચંદ્રનું અભિવાદન કર્યું અને પોતાના કર્તવ્ય વિશે વિચાર કરીને તેણે (શત્રુઘ્ને) ધર્મના જ્ઞાતા એવા રામચંદ્રને કહ્યું.

कृत्वाऽभिषेकं सुतयोर्द्वयो राघवनन्दन ।
तवानुगमने राजन् विद्धि मां कृतनिश्चयम् ।।१४।।

હે રઘુનંદન રામચંદ્ર! હે રાજા! મારા બંને પુત્રોના રાજ્યાભિષેક કરીને મેં તમારું અનુગમન કરવાનો નિશ્ચય કર્યો છે તે જાણશો.

न चान्यदद्य वक्तव्यमतो वीर न शासनम् ।
विहन्यमानमिच्छामि मद्विधेन विशेषतः ।।१५।।

હે વીર! આજે મને કંઈ આદેશ કરશો નહીં, કારણ કે ખાસ કરીને મારા જેવા (આપના આજ્ઞાંકિત) દ્વારા આપની આજ્ઞાનું ઉલ્લંઘન થાય એવું હું ચાહતો નથી.

तस्य तां बुद्धिमक्लीबां विज्ञाय रघुनन्दनः ।
बाढमित्येव शत्रुघ्नं रामो वाक्यमुवाच ह ।।१६।।

શત્રુઘ્નની આવી બળકટ (પૌરુષયુક્ત) નિશ્ચય-બુદ્ધિ જાણીને રઘુનંદન રામચંદ્રે શત્રુઘ્નને 'ભલે' એમ કહ્યું.

तस्य वाक्यस्य वाक्यान्ते वानराः कामरूपिणः ।
ऋक्षराक्षससङ्घाश्च समापेतुरनेकशः ।।१७।।

રામચંદ્રનું કહેવું પૂરું થાય એટલામાં જ મનગમતું રૂપ ધારણ કરી શકનારાં વાનરો, રીંછો અને રાક્ષસોનાં અનેક ટોળાં (ત્યાં) આવી પહોંચ્યાં.

सुग्रीवं ते पुरस्कृत्य सर्व एव समागताः ।
तं रामं द्रष्टुमनसः स्वर्गायाभिमुखं स्थितम् ।।१८।।

સુગ્રીવની આગેવાનીમાં તેઓ આવ્યાં હતાં અને તેઓ સ્વર્ગમાં જવાને તૈયાર થયેલા રામચંદ્રનાં દર્શન કરવા આવ્યાં હતાં.

देवपुत्रा ऋषिसुता गन्धर्वाणां सुतास्तथा ।
रामक्षयं विदित्वा ते सर्व एव समागताः ।।१९।।

રામચંદ્રની આખરી વેળા આવી પહોંચી છે તે જાણીને દેવો, ઋષિઓ અને ગંધર્વોના પુત્રો સૌ સાથે મળીને ત્યાં આવ્યા હતા.

तवानुगने राजन् सम्प्राप्ताः स्म समागताः ।
यदि राम विनाऽस्माभिर्गच्छेस्त्वं पुरुषोत्तम ।।२०।।

यमदण्डमिवोद्यम्य त्वया स्म विनिपातिताः ।

एतास्मिन्नन्तरे रामं सुग्रीवोऽपि महाबलः ।
प्रणम्य विधिवद्वीरं विज्ञापयितुमुद्यतः ।।२१।।

(તેમણે સૌએ રામચંદ્રને કહ્યું:-) હે રાજન્! અમે સૌ તમારી પાછળ પાછળ આવવા માટે અહીં આવ્યા છીએ. હે નરશ્રેષ્ઠ! હે રામચંદ્ર! તમે જો અમને મૂકીને જશો તો, જાણે (યમરાજે) યમદંડ ઉગામીને અમને મારી નાખ્યા હોય એવી પીડા અનુભવીશું. એવામાં મહાબળવાન સુગ્રીવ પણ વીર રામચંદ્રને વિધિપૂર્વક પ્રણામ કરીને પોતાનું નિવેદન કરવા તત્પર થયો.

अभिषिच्याङ्गदं वीरमागतोऽस्मि नरेश्वर ।
तवानुगमने राजन् विद्धि मां कृतनिश्चयम् ।।२२।।

હે રાજન્ (નરેશ)! હું વીર અંગદનો રાજા તરીકે રાજ્યાભિષેક કરીને આવ્યો છું. હે ભૂપતિ! તમારું અનુગમન કરવા માટે હું કૃતનિશ્ચય છું એમ જાણશો.

तैरेवमुक्तः काकुत्स्थो बाढमित्यब्रवीत्स्मयन् ।
विभीषणमथोवाच राक्षसेन्द्रं महायशाः ।।२३।।

સૌએ આ પ્રમાણે કહ્યું ત્યારે કાકુત્સ્થ રામચંદ્રે સ્મિત કરીને કહ્યું:- 'ભલે.' પછી મહાયશસ્વી રામચંદ્રે રાક્ષસરાજ વિભીષણને કહ્યું.

यावत्प्रजा धरिष्यन्ति तावत्त्वं वै विभीषण ।
राक्षसेन्द्र महावीर्य लङ्कास्थः स्वं धरिष्यसि ।।२४।।

હે રાક્ષસેન્દ્ર વિભીષણ! જ્યાં સુધી પ્રજા (પ્રાણ) ધારણ કરીને જીવતી રહેશે, ત્યાં સુધી (અર્થાત્ પ્રલયકાળ સુધી), હે મહાપરાક્રમી! તું લંકામાં રહીને (સદેહે) રાજ કરતો રહીશ.

यावच्चन्द्रश्च सूर्यश्च यावत्तिष्ठति मेदिनी ।
यावच्च मत्कथा लोके तावद्राज्यं तवास्त्विह ।।२५।।

જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર, પૃથ્વી અને મારી કથા લોકમાં પ્રવર્તિત રહેશે ત્યાં સુધી અહીં તારું રાજ રહેશે.

शासितश्च सखित्वेन कार्यं ते मम शासनम् ।
प्रजाः संरक्ष धर्मेण नोत्तरं वक्तुमर्हसि ।।२६।।

મિત્રતાને દાવે મેં તને આ કહ્યું છે, માટે મારી આજ્ઞા પાળજે. ધર્માનુસાર પ્રજાનું પાલન-રક્ષણ કરજે અને હવે કંઈ જ પ્રત્યુત્તર આપીશ નહીં.





પોતાની શોધ

☐ **સુમનનાથ ઘોષ** ☐ **અનુ. કલ્પના શાહ**

ધીરાએ પલંગની જમણી બાજુ પડખું ફેરવ્યું કે કદાચ આ પોઝમાં ઊંઘ આવે, પરંતુ ફરીથી મગજ ગૂંચવાઈ ગયું. એણે સૂતાંસૂતાં જ હાથ લંબાવીને બારીનો પડદો ખસેડ્યો અને સડક પર બળતી લાઈટના અજવાળામાં બંધ પડેલી હાથઘડિયાળમાં ટાઈમ જોયો બેમાં દસ મિનિટ ઓછી હતી. એણે ખિજાઈને હાથમાં લીધેલા પડદાના ભાગને ઝાટકતાં મનમાં ગણગણી બે-બે વાગ્યા સુધી એમની જનરલ એસેમ્બ્લી મીટિંગ પૂરી નથી થતી અને ફરીથી સૂવાની કોશિશ કરી રહી. છેલ્લાં બે અઠવાડિયાંથી આમ જ ચાલી રહ્યું છે. જનરલ એસેમ્બ્લીનું સેશન ચાલે છે અને સમીર રોજ અડધી-અડધી રાતે અથવા એથી પણ મોડો આવે છે. જ્યારે સેશન ન હતું ત્યારે પણ કંઈ ને કંઈ તો હોય જ. કોઈ વાર સમીર વહેલો આવી જાય તો નાહીધોઈને કંઈ વાંચવા બેસી જતો. બહુ-બહુ તો દસ-વીસ મિનિટ અનુજ અને સૌરભ સાથે રમતો... પછી એમનો નાહીધોઈને સૂવાનો ટાઈમ થઈ જતો.

ધીરા ઝાટકા સાથે બેઠી થઈ. હાથથી લેમ્પનું બટન ગોતીને લાઈટ

ઓન કરી અને ટેબલના ખાનામાંથી 'ન્યુઝવીક' કાઢીને પાનાં ફેરવી રહી. એનું મગજ ગરમ થઈ ગયું હતું. એને શું થયું છે... સમીર ઘરમાં ન હોય ત્યારે એ ન તો બરાબર ઊંઘી શકતી, ન સરખું રાંધતી, ન એકલી ક્યાંય આવતી-જતી. આવું શા માટે? શું એ પોતાનામાં એક 'વ્યક્તિ' રહી ન હતી જે પોતાની રીતે જીવે? પોતાની મરજી પ્રમાણે જીવનવ્યવસ્થા કરે. આ સવાલ આજે નહીં, ઘણા સમયથી એને મૂંઝવતો હતો. જ્યારે ત્રણ વર્ષ પહેલાં સમીરની બદલી દિલ્હી થઈ હતી ત્યારે પોતાના જાણીતા-ઓળખીતા વાતાવરણમાં જતાં ધીરા ફરીથી વ્યાકુળ થઈ ગઈ હતી. પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ, સ્વતંત્ર 'કેરિયર'ની ઇચ્છા ફરીથી ઊપજી હતી. છોકરાંઓ મોટા થવા લાગ્યાં હતાં. એનામાં કંઈ હોવાની, કંઈ બનવાની ઇચ્છા નાનપણથી જ હતી. જ્યારે એ કોલેજમાં ભણતી હતી ત્યારે એણે પ્રોફેસર થવાનું સ્વપ્નું જોયું હતું. પપ્પા એને કેટલી પ્રેરણા આપતા! પપ્પા પોતાની દીકરીને પગ પર ઊભેલી જોવા ઇચ્છતા હતા. ધીરા એમ.એ.માં ફર્સ્ટ ક્લાસ પાસ થઈ ત્યારે તેઓ કેટલા ખુશ થયા હતા. એ જ વર્ષે ધીરા દૌલતરામ કોલેજમાં લેક્ચરર નિમાઈ હતી. પળભરમાં પોતાને સીનિયર લેક્ચરર પ્રોફેસર અને 'ઇન્ટેલેક્ચ્યુઅલ'ના રૂપમાં કલ્પના કરીને એના આનંદનો પાર ન હતો. એને ભણાવવાનું ગમતું હતું. એણે પસંદ કરેલી 'કેરિયર' મહત્ત્વપૂર્ણ અને કેટલી સંતોષપૂર્ણ હતી!

અત્યારે એ જ દિલ્હીમાં આવીને ધીરા બેચેની અનુભવી રહી. એ ખોવાયેલી 'ધીરા' માટે એ ફરીથી કોલેજમાં ભણાવશે. એક કોલેજમાં જગ્યા ખાલી પણ હતી. ધીરાએ અરજી મોકલી હતી. ફર્સ્ટ ક્લાસ પાસ અને બે વર્ષ દૌલતરામમાં ભણાવવાના અનુભવને લીધે એને ઇન્ટરવ્યુ માટે કોલ આવ્યો હતો, પરંતુ આ સાક્ષાત્કારમાં એને કેટલો મોટો આઘાત લાગ્યો હતો! ઝડપથી આગળ વધતી જ્ઞાનની દુનિયામાં એ કેટલી કપાઈ ગઈ હતી! તો શું લગ્નનાં એ દસ વર્ષમાં એને કાટ લાગી ગયો? ધીરા વિચારતી હતી - એ પ્રગતિ કરી રહી છે. ફોરેન સર્વિસમાં અફસર પતિ સાથે નવાનવા દેશ જુએ છે. એનું અનુભવ-ક્ષેત્ર વિશાળ થતું જાય છે. પરંતુ શું એ સાચું જ જોતી હતી? 'મિસ ધીરા બાગચી' અને 'મિસિસ ધીરા બેનર્જી'ને જોવામાં ફરક ન હતો? મિસિસ બેનર્જી જે મ્યુઝિયમમાં દીવાલ પર ટાંગેલાં પેઈન્ટિંગ નીરખતી હોય ત્યારે આંખો 'પુશચેર'માં કણસતા સૌરભ તરફ વળી જતી. સૌરભ થોડી વારમાં જોરથી હાથપગ ઉછાળતો અને ધીરા બેનર્જી કહેતી, 'ચલો, જલદી એક

નજર કરી લો અને બહાર નીકળો નહીં તો સૌરભ રડવા માંડશે.' એવા વખતે એ ધીરા બાગચી, લેક્ચરર દૌલતરામ કોલેજની જિજ્ઞાસાથી ચમકતી આંખો કોઈ ભુલાયેલા ભૂતકાળનો ભાગ બની જતી. જેની યાદ એને પોતાને પણ ન રહેતી. હવે એ માત્ર હતી 'મિસિસ બેનર્જી' જેનો અપાર્ટમેન્ટ અરીસા જેવો ચમકતો હતો. દરેક ચીજ વ્યવસ્થિત રીતે અને ઘણી કલાત્મક રુચિથી સજાવેલી હતી. પડદા, સોફા અને એના રંગના કોન્ટ્રાસ્ટ સાથે બેઠકની સાધનસામગ્રી વિશિષ્ટ હોવાની પ્રશંસા કરતા. રસોડામાં મસાલા અને વાસણો શેલ્ફ પર ગોઠવેલાં હતાં. ફરસ સફેદ આરસની અને ચમકતી હતી. પોતાના આ સામ્રાજ્ય માટે ધીરાને ગર્વ હતો. છોકરાઓને ટાઈમસર ખવડાવવું, નવડાવવા, સુવાડવા, પોતાનો નાસ્તો, જમવાનું, કપડાંનું ધ્યાન રાખવું આ બધાં કામમાં એનો દિવસ પૂરો થઈ જતો. ત્યારે આ બધામાં દેશ કે વિદેશ એના ઘરની ચાર દીવાલ પૂરતું સીમિત હતું. એ મનમાં ખુશ થતી કે એણે ટોક્યો જોયું છે, પેરિસમાં ત્રણ વર્ષ રહી છે અને હવે ન્યુ યોર્કમાં છે, પરંતુ સાચું પૂછો તો ઘરની બહાર એ જીવી છે ક્યાંક એ 'ડિપ્લોમેટ્સની' 'કોકટેલ્સ' જેમાં ચહેરાના મુખવટા ઓળખાતા નહીં. આવા યુરોપનાં ઘણાં શહેરોમાં કારમાં ફરવું અને હોટેલમાં અથવા હિન્દુસ્તાની મિત્રો સાથે વિતાવેલી કેટલીક રાત જેમાં અડધાથી વધારે વખત બાળકોની દૂધની બાટલીઓ તૈયાર કરવી અથવા તેમની 'નેપી' બદલવામાં વીતી જતો અથવા ચાલતી ગાડીની બહારનાં દૃશ્યો નિહાળતાં પાછલી સીટ પર બેઠેલાં બાળકોને પાછા વળીવળીને જોવું અને મનમાંથી ક્યારેય ન નીકળતો ડર કે ઝડપથી ચાલતી ગાડીના દરવાજા ક્યાંક ખૂલી ન જાય. બાળકોના ધ્યાનમાંથી ફુરસદ મળે તો પણ સમીર સાથે સ્નેહસુખના આદાન-પ્રદાનની ઇચ્છા ક્યાં પૂરી થતી હતી!

એ વાત સાચી હતી કે આ ગૃહસ્થીનું સુખ પણ ધીરા માટે પોતાનું હતું જેમાં એ સંમત હતી. કોલેજમાં ભણાવવું પણ કેવું રુટિન બની ગયું હતું. નોકરીના દોઢ વર્ષ પછી એ પોતાનાં સ્વપ્નાં સંવારવા લાગી હતી. પોતાના 'એક ઘર'ના સમીરને મેળવીને એણે શું નહોતું મેળવ્યું! એણે પોતે જ પપ્પાને કહ્યું હતું 'પપ્પા, હું હવે લગ્ન કરવા તૈયાર છું.' મમ્મી પણ બેચેન હતી, કાલ સુધી એ જ કહેતી હતી કે મારે લગ્ન નથી કરવાં. મોટી 'કેરિયર' બનાવવી છે. હવે? હા, લગ્ન કોઈ ડર કે હવા ન હતાં. હવે લગ્નનો અર્થ હતો સમીર. એની કલ્પનામાં સમીરનો સાથ કેટલો હર્ષિત હતો! કોલેજમાં રાજીનામું આપતાં એને જરાય દુઃખ થયું નહોતું.

એનાં દિલ-દિમાગ રંગીન-સોનેરી ભવિષ્યની સુગંધી કલ્પનાઓથી ભર્યાં હતાં. એ સુગંધ, એ રંગોને એ જીવી પણ ખરી! કેટલું-કેટલું જીવી! પતિ, ઘર, સંતાનો-એનાં સર્વસ્વ હતાં. એમનાં નાનાં-નાનાં કામોમાં આટલું સુખ અને સંતોષ મળતાં હતાં. સમીર માટે એની પસંદનું ખાવાનું પોતાને હાથે બનાવવું અથવા પોતાને હાથે તાજી રોટલી બનાવીને ખવડાવવી. સંતાનોને પણ મમ્મીના હાથની બનાવેલી ડિશ પસંદ છે. ધીરા પતિ અને બાળકોનું મનપસંદ ખાવાનું બનાવવામાં, અથવા ઘર ચમકાવવામાં-સજાવવામાં અથવા સમીરના શર્ટનાં બટન ટાંકવામાં અથવા કોટનું ફાટેલું ખીસું સાંધવામાં વ્યસ્ત હતી. ત્યાં સુધી કે એ નોકર-ચાકર રાખવાની વિરુદ્ધમાં હતી, કારણ કે એમનું કામ ધીરાના સ્તરનું ન હતું.

તેર વર્ષ આમ જ વીતી ગયાં, પરંતુ જે વાતોમાં એ સુખ અને ખુશી શોધતી-મેળવતી હતી એ આજે કેમ મળતાં નથી? હવે એને સમીરની રાહ જોવામાં બેચેની અને ગુસ્સો કેમ આવે છે? પહેલાં તો એ સમીરની બેચેનીથી રાહ જોતી. ક્યારેક ફરિયાદ કરતી તો સમીર એના માથા પર હાથ ફેરવીને ચુંબન ચોડતો. અર્થાત્ રાહ જોવી સાર્થક! હવે ગુસ્સો આવે છે તો ઉત્તર તો નથી, કારણ કે સમીરને પણ એટલો ફરક નથી પડતો કે એની રાહ જોવાઈ કે નહીં. એ તો કહે છે, 'હું ક્યારેક મોડો આવું તો તારે જમીને સૂઈ જવાનું, બી સેન્સિબલ.' ધીરાને થતું કે પોતાનાં જે કામોને એ બહુ મહત્ત્વપૂર્ણ માનતી રહી છે એ હવે બિલકુલ અર્થ વગરનાં થઈ ગયાં છે. એની રાહ જોવામાં કે ન જોવામાં કોઈને ફરક નથી પડતો. બાળકો સ્કૂલેથી આવે છે, એમને નાસ્તો આપે ને તેઓ નીચે રમવા જતાં રહે. મમ્મીનું ઘરમાં હોવું અથવા એમને નાસ્તો આપવો કોઈ 'ખાસ' વાત નથી એક 'રુટિન' છે. ધીરા સમીર, સૌરભ ને અનુજના 'રુટિન'ની એક કડી છે. એ છે, તેથી એમનું હોવું 'ગ્રાંટેડ' છે. ધીરા પોતે પણ આ આખી 'સિસ્ટમ'થી ટેવાયેલી છે. એમનાથી અલગ એનું અસ્તિત્વ કેવી રીતે હોઈ શકે? આ ઘર, આ સોફા, આ બાળકો 'લિવિંગ'ની સજાવટ એના અસ્તિત્વને અર્થપૂર્ણ બનાવે છે. એમનાથી જુદું એનું અસ્તિત્વ ક્યાં છે?

ધીરા ગભરાઈ જાય છે. એટલે કે આત્મવિશ્વાસથી ભરપૂર, સ્ફૂર્તિલી, તેર વર્ષ પહેલાંની લેક્ચરરને આ ઘરથી કાપી નાખવામાં આવે તો એ કંઈ જ નથી. તેર વર્ષ પહેલાંની આત્મનિર્ભર અને આત્મવિશ્વાસી ધીરાને સમીરથી અલગ કરવામાં આવે તો ક્યાં છે ધીરા? એટલે કે આજ સુધી સમીરનો પ્રેમ અથવા બાળકોનો સ્નેહ એને સીંચતો ન હતો - શોષતો હતો. આજે

એ નકામી અને બેકાર થઈ ગઈ છે. ઢીલીઢીલી પરાશ્રિત ધીરા હવે સમીર કે સંતાનોને કંઈ આપી શકે એમ નથી. એની અંદરની ઉજ્જડ જમીનમાં કંઈ ઊગતું નથી.

ધીરાની આંખોમાં એની મમ્મીની તસવીર તરી આવી. એણે ક્યારેય મમ્મીને વ્યક્તિના રૂપમાં જાણી ન હતી. એની મમ્મી હંમેશાં પૃષ્ઠભૂમિમાં જ રહી. સંતાનો આગળ વધ્યાં, પપ્પાનો હોદ્દો વધતો ગયો, મમ્મી ક્યારેય સામે ન આવી. તો સમીર, સૌરભ અને અનુજ માટે એ પણ માત્ર એક પૃષ્ઠભૂમિ છે જેના પર કદાચ ક્યારેક પડદો પડી જાય. ધીરા ભયથી કંપી ગઈ. પતિ અને સંતાનોના સ્નેહમાં લપેટાયેલી ધીરા ભૂલી ગઈ કે પોતાના પ્રત્યે એની કોઈક જવાબદારી છે. એની અંદરની 'વ્યક્તિ'ની પણ કોઈક માગણી છે. એલેને સાચું કહ્યું હતું 'તમે હિન્દુસ્તાની સ્ત્રીઓ એક 'ઘર'ને સાચવી રાખવા આટલું કોમ્પ્રોમાઈઝ કેમ કરો છો? શા માટે વિચારો છો કે પતિ, ઘર, બાળકો જ સર્વસ્વ છે, એની બહાર કંઈ નથી. તમારા ત્રાજવામાં સ્ત્રી પોતાના 'હક'માં કંઈ જ નથી? મિસિસ બેનર્જીનું લેબલ ઉતારી લઈએ તો ધીરા શું છે? અને ધીરા જ શા માટે? રીતા, નીતા, આશિમા - એની બધી સખીઓ - મિસિસ વર્મા, મિસિસ લૂથરા, મિસિસ પાલ બનીને કોણ જાણે ક્યાં ક્યાં પડી છે? એમની પોતાની હસ્તીને કોઈ જાણે છે? એક ભુલાયેલો-વીસરાયેલો ઇતિહાસ બની જાય છે જે ક્યારેક કીમતી હતો. તેઓ પોતે પણ પોતાના હોવાનો વિશ્વાસ ન કરતાં માત્ર શબ્દો દોહરાવે છે, 'હું પણ ફલાણી હતી અથવા જે પણ હોય તે...' ફરીથી આવું કહેવાનું છોડી દે છે, કારણ કે આવું કહેવું બહુ મન વિનાનું લાગે છે જાણે પોતાને છેતરતા હોય.

એલેને એને કહ્યું હતું એ ન્યુ યોર્કમાં કોઈ કામ શોધી લે, પરંતુ એનામાં કયો હુન્નર બચ્યો હતો? એને અંદરથી વિશ્વાસ આવતો ન હતો કે એ કંઈ કરી શકે. એલેન કહેતી કે એ ભણવાનું શરૂ કરી શકે. ભણવાથી આત્મવિશ્વાસ આવે છે. જિંદગીની લડાઈમાં આ બહુ મોટું હથિયાર છે. એલેન યુ.એન.ઓ.માં જર્નાલિસ્ટ છે. એની વાતો સાંભળીને ધીરાને અક્સર જુસ્સો આવે છે, પરંતુ ઘરના જે સુસ્ત, ધીમા અને આરામદાયક જીવનની એને ટેવ પડી છે એને અચાનક છોડીને ભણવા-લખવાનું કઠોર, નિયમિત જીવનથી હિંમત થતી નથી. ધીરા એલેનના જીવનદર્શનથી ગભરાય પણ છે. સમીર એને ચીડવે છે કે અમેરિકાના 'વિમેન્સ લિબ' આંદોલનની સાચી નેતા એ જ છે. સમીર એલેનની વાતોને ગંભીરતાથી લેતો નથી. એ કહે છે સ્ત્રી પ્રેમ આપે છે તો પ્રેમ પામે પણ છે.

અમેરિકન સ્ત્રીએ જો સ્વત્વને મહત્ત્વ આપ્યું છે તો એ પોતાના પૂરતી જ સીમિત રહી છે. કુટુંબમાં એનું એવું કેન્દ્રીય સ્થાન ક્યાં છે જેવું પરંપરાગત મા-પત્નીનું હોય છે.

ધીરાને હંમેશાં સમીરની વાત સાચી લાગતી, પરંતુ હવે એલેનની વાત ખોટી નથી લાગતી. ધીરાએ જો મા-પત્નીનું ગૌરવ મેળવ્યું છે તો કેટલું બધું ખોઈને! એક ઊંડા દર્દભર્યા અહેસાસથી ધીરા માથાથી પગ સુધી ધ્રૂજી ઊઠી. બધું લૂંટાઈ જવાની ઉઘાડી પીડા, જિંદગીમાં ખોટી પસંદગીની પશ્ચાત્તાપભરી વેદના! એ અહેસાસમાં કેટલું બધું મળતું આવતું હતું! છતાં પશ્ચાત્તાપ! પશ્ચાત્તાપ શા માટે? નહીં, પશ્ચાત્તાપ નથી, એ 'કંઈક બીજું' ઇચ્છે છે. પુરુષ પણ લગ્ન કરે છે, પરંતુ એ તો પોતાના સ્વત્વ, પોતાની ઓળખાણ ગુમાવતો નથી. તો સ્ત્રીને જ પોતાનું સ્વત્વ ખોવું જરૂરી છે? શું એ એક વ્યક્તિ બનીને ન રહી શકે? શા માટે એને બીજાની ઓળખમાં ખોવાઈ જવું પડે છે?

ધીરાને લાગ્યું એની અંદર ભૂકંપ થવાનો છે. કોઈક લાચારીથી એનું શરીર ઢીલું પડી ગયું. હાથ જાણે સ્થિર થઈ ગયા! એને લાગ્યું જાણે એ માંસનો લોચો હોય જેને જે તરફ ગબડાવો ગબડી જાય. આટલી લાચારી, આટલી પારકા પર નિર્ભરતા! એને લાગ્યું કે એ હાથ ઊંચો કરવા ઇચ્છે છે પણ કરી નથી શકતી. જાણે શરીર અને મગજનો સંબંધ તૂટી ગયો છે! એની અંદર ઊભરા આવતા રહ્યા અને એ સંજ્ઞાશૂન્ય જેવી પલંગમાં પડી રહી. ક્યારે સૂઈ ગઈ એની ખબર ન પડી.

સવારે ઊંઘ ઊડી ત્યારે ધીરાને લાગ્યું કે જાણે એ ગાઢ ઊંઘમાંથી ઊઠી છે. મગજ ચોખ્ખું, ઊજળું, સવારના તડકા જેવું પારદર્શક! એણે ઊઠીને જલદી જલદી ટેબલ પર બાળકોનાં દૂધ-કોર્નફ્લેક્સ મૂક્યાં અને તૈયાર થવા ગઈ. સમીર નાસ્તો કરવા આવ્યો ત્યારે એ તૈયાર થઈ ગઈ હતી.

સવાર-સવારમાં ક્યાં?... ધીરાના મોઢા પર દેખાતી નિર્ણયાત્મક દૃઢતા સમીરને નવી અને બેચેન કરનારી લાગી. ધીરાએ સમીરની આંખોમાં તાકતાં કહ્યું, 'હું પીએચ.ડી.માં એડમિશનની તપાસ કરવા યુનિવર્સિટી જઉં છું.' વાત સાવ નાની હતી. ઘણા લોકો ભણે છે અથવા પીએચ.ડી. કરે છે, પરંતુ ધીરાને આ વાત કરતાં એવું લાગતું હતું જાણે એ પોતાના હકમાં એક વ્યક્તિ છે. મુક્ત, સમર્થ અને સ્વતંત્ર.

સમીર બેચેન હતો પણ નારાજ નહીં. કદાચ એનામાં ધીરાને આ રૂપમાં ફરીથી જોવાની ઇચ્છા હોય, સમીરે ધીરાને કંઈ કરતાં ક્યારેય રોકી ન હતી, પરંતુ ઘર એની નજરમાં પહેલું

હતું. તેથી એણે પૂછ્યું, 'પાછી ક્યારે આવશે? બાળકો...'

'એમના આવતાં પહેલાં હું આવી જઈશ. થોડું મોડું થાય તો પણ શું, તેઓ મોટાં થઈ ગયાં છે. એમણે પોતાનું કામ જાતે કરવું જોઈએ. હું બધું કરી આપું છું તેથી તેઓ કંઈ શીખતાં નથી.'

કોઈ વખત આ વાત માટે સમીરે કહ્યું હોત, 'ધીરા, તું બાળકોને બહુ ડિપેન્ડન્ટ બનાવી રહી છે. એમને પોતાનું કામ જાતે કરવા દે.' તો ધીરાએ વિરોધ કર્યો હોત, પરંતુ આજે...

સમીરે માત્ર એટલું જ કહ્યું, 'ચાલ તને ડ્રોપ કરી દઉં.'

'ના, સમીર. હું સબ-વેમાંથી મારી જાતે જઈશ.'

ધીરાએ બહાર પગ મૂક્યો તો લાગ્યું આજે પહેલી વાર ઘરની બહાર નીકળી છે.

❑❑❑

સાભાર સ્વીકાર

* ગૂર્જર સાહિત્ય ભવન (રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ००૧) નાં પ્રકાશનો : ***મરિતે ચાહિ ના આમિ** : રાજેન્દ્ર પટેલ, પૃ. ૧૯૬, કિં. રૂ. ૧૮૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫, **કાવ્યસૃષ્ટિ.** ***કોઈ સાદ કરે છે...** : બકુલ દવે, પૃ. ૧૯૪, કિં. રૂ. ૧૫૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૪. ***વાસ્તવિક અમેરિકા અને અનુભવનું અમેરિકા** : ત્ર્યંબક પંડ્યા, પૃ. ૧૮૬, કિં. રૂ. ૨૦૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫. ***અક્ષયપાત્ર :** બકુલ દવે, પૃ. ૨૦૨, કિં. રૂ. ૧૮૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૩. ***આકાશગંગા-૧:** અંબાલાલ ચૌહાણ, પૃ. ૧૭૬, કિં. રૂ. ૧૮૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫. ***આકાશગંગા-૨:** અંબાલાલ ચૌહાણ, પૃ. ૧૭૪, કિં. રૂ. ૧૮૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫. ***દર્શક અને બીજા વિશે:** ધીરેન્દ્ર મહેતા, પૃ. ૧૭૦, કિં. રૂ. ૧૮૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫. ***ઉભયાન્વય:** ભાનુપ્રસાદ પંડ્યા, પૃ. ૧૬૮, કિં. રૂ. ૧૫૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫. ***સાજિશ:** મનહર રવૈયા, પૃ. ૧૪૪, કિં. રૂ. ૧૩૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫. ***હાર્મોનિયમ-વાદન:** ડૉ. હસુ યાજ્ઞિક, પૃ. ૨૮૦, કિં. રૂ. ૨૬૦, ત્રીજી આવૃત્તિ - ૨૦૧૬. ***અધૂરો માળો:** હરિત પંડ્યા, પૃ. ૨૨૪, કિં. રૂ. ૨૦૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૬. ***ટર્નિંગ પોઈન્ટ:** મનહર ઓઝા, પૃ. ૨૯૬, કિં. રૂ. ૨૪૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫. ***હારોહાર:** ઊજમશી પરમાર, પૃ. ૨૦૦, કિં. રૂ. ૧૭૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫. ***કૂખ:** હરીશ થાનકી, પૃ. ૧૮૨, કિં. રૂ. ૧૫૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫. ***રમત આટાપાટાની:** પ્રફુલ્લ કાનાબાર, પૃ. ૧૫૦, કિં. રૂ. ૧૩૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫. ***અદશ્ય પાત્રો:** હરેશ ધોળકિયા, પૃ. ૧૪૪, કિં. રૂ. ૧૨૫, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫.

[પૃ. 50થી ચાલુ]

પ્ર.: તમારી ખૂબી-ખામી?

ઉ.: ઍક્ટિવ રહેવું ગમે. આળસુ બનવાનું કે કામ છોડીને બેઠા રહેવું ન ગમે. સ્વભાવ ઉત્પાતિયો એટલે અજંપો રહે. માણસને ઓળખવામાં થાપ ખાઈ જાઉં છું, આસાનીથી વિશ્વાસ મૂકી શકું છું, પરખવામાં નબળો છું. કોઈને 'ના કહેવાની' હિંમત નથી થતી. ખોટું બોલીને ના કહેતાં આવડતું નથી. કોઈને ખરાબ ન લાગે તેનું ખ્યાલ રાખવાનો સ્વભાવ. સામાવાળાને ખરાબ લાગવાની બીક એ મારી ખામી છે. દંભથી દૂર રહી શક્યો છું. હું વહેવારની પારદર્શકતામાં માનું છું. ઘણી વાર એવું બન્યું છે કે ખુલ્લા દિલે વાત કરવામાં મને નુકસાન થયું હશે, પરંતુ એનું દુ:ખ કે પસ્તાવો કર્યા વગર હંમેશાં હું ખુલ્લા દિલે વાત કરવાનું વધુ વાજબી સમજ્યો છું. આપણે જેને ગુણ માનતા હોઈએ એને અન્યો અવગુણ ગણે.

પ્ર.: ક્યારેય વેર લેવાનું મન થાય?

ઉ.: કોઈની સામે એવો પ્રસંગ બન્યો નથી કે વેર લેવાનું મન થાય. હું માનું છું કે વેરવૃત્તિમાં અન્ય પર કરેલા ગુસ્સાની જેમ બીજાની ભૂલની સજા આપણે પોતાને જ આપતા હોઈએ છીએ.

પ્ર.: ડિપ્રેશન અનુભવ્યું છે?

ઉ.: ના. ડિપ્રેશન કહી શકાય એવી સ્થિતિ નહીં. સામેવાળા પાસેથી સંતોષપ્રદ કામ ન મળે ત્યારે નિરાશા આવે. આવી વારંવારની નિરાશા હતાશા લાવે. આશા રાખી હોય અને ફળે નહીં ત્યારે ઉદાસી જન્મે. ડિપ્રેશન નિરાશામાંથી આવે. ફ્રસ્ટ્રેશન અને ડિપ્રેશન વચ્ચે પાતળી ભેદરેખા ગણાય. ફ્રસ્ટ્રેશન ઇઝ અ બિગિનિંગ ઑફ ડિપ્રેશન. ફ્રસ્ટ્રેશનમાં ગુસ્સો હોય, ડિપ્રેશનમાં હતાશા. મશીન જેવા માણસોને કાંઈ ન અડે, કાંઈ ન નડે. સંવેદનશીલ વ્યક્તિ વધુ હેરાન થાય.

પ્ર.: પૈસાનું જીવનમાં મહત્ત્વ?

ઉ.: પૈસા વગર તો જીવન શક્ય નથી. પૈસાથી સુખ મળે છે એમ નથી માનતો. દરેકને એક ઇચ્છા તો હોય જ છે કે નિવૃત્તિ પછી જરૂરિયાત પૂરતી વ્યવસ્થા હોવી જોઈએ, કારણ કે આજના સમયમાં સંતાનો ઉપર બોજ ન બનાય. વધુ પૈસાની લાલસા ભ્રષ્ટાચાર જન્માવે છે, વધુ પૈસાની લાલસા પાપનું મૂળ છે.

પ્ર.: વાંચવાનો શોખ જળવાઈ રહ્યો છે?

ઉ.: વાંચવાનો શોખ હજીયે ખરો, પણ પૂરેપૂરો સમય નથી રહેતો. હવે જનરલ વાંચન સહજ નથી રહ્યું. સ્કૂલના સમયમાં બકોર પટેલ, વિક્રમ વૈતાલ અને ચંદુલાલ જેઠાલાલ વ્યાસની ડિટેક્ટિવ ચોપડીઓ વાંચી. જીવરામ જોષીનું ઝગમગ વાંચી પત્રો લખતો અને એ છપાતા. પુસ્તકોના રિવ્યુ લખ્યા છે.

પ્ર.: શોખ શેનો? અંગત મિત્રો ખરા?

ઉ.: શોખ કેળવ્યો નથી એટલે શું કહું? હવે લાગે છે કે ફુરસદ મેળવવી જોઈતી હતી. ફુરસદ એટલે આરામ નહીં, રુટિનમાંથી નીકળી બીજી દિશામાં જીવવું, જે મન-શરીરને તરોતાજાં કરી દે. કૉલેજના અભ્યાસ દરમિયાન બનેલું મિત્રવર્તુળ પછીના સમયમાં રહ્યું નહીં, ક્યારેક મળી જવાય એટલો જ સંપર્ક. પત્રકારત્વમાં ડેડલાઈનની કામગીરીની વ્યસ્તતાને કારણે પ્રમાણમાં ઘણા ઓછા સંપર્ક સતતપણે જળવાયા છે. કોઈની સાથે ઘનિષ્ઠ મિત્રાચારી જમાવી શક્યો નથી. લખવા સિવાયની બહારી દુનિયાનું જોડાણ ઘણું ઓછું રહ્યું છે. નિકટના મિત્રો કે શોખ નથી તે જીવનની મોટામાં મોટી ખામી છે એવું લાગ્યું છે, એનો ખરેખર બહુ મોટો વસવસો છે. સ્કૂલના આ બધા મિત્રો-અનિલ મુનશી, અરુણ શાહ, સુરેશ લિલાણી, મહેશ ચોકસી, વિજય કંપાણી તેમ જ કૉલેજના મિત્રોમાં સહુથી ગાઢ હેમરાજ રાય જેમનો સંપર્ક આજે પણ યથાવત્ છે.

પ્ર.: પરિવાર માટેની સમય-અનુકૂળતા કેવી?

ઉ.: ફુલ ટાઈમ. જર્નલિસ્ટ માટે અંગત સમય કાઢવો કપરી બાબત છે. પરિવાર માટે ઘણો ઓછો સમયગાળો હોવાનો અફસોસ ખરો. દિલ્હી ગયો ત્યારે પત્ની ભારતીએ સંતાનોનું ધ્યાન રાખ્યું. ઘર હજી પણ લૉજિંગ-બોર્ડિંગ જેવું છે એમ કહું તો ચાલે. દરેકના જીવનમાં સંજોગવશાત્ આવતી હોય એવી ફરિયાદ પરિવારમાં રહે, ખટરાગ પણ થાય; પરંતુ સમજપૂર્વક ઍડ્જસ્ટ કરવું પડે.

પ્ર.: સફળ થઈ ગયા પછી શું ધ્યાન રાખવું પડે?

ઉ.: સફળતા સાપેક્ષ છે. જીવનમાં મળેલા કામમાં આગળ વધતા રહેવાનું, પગથિયાં ચડતાં જવાનાં. કામનો કોઈ એક મુકામ એ ફાઈનલ સફળતા ન કહેવાય. કામને પૂર્ણવિરામ ન હોય એટલે સફળતા પણ કોઈ ચોક્કસ આંક ઉપર પૂર્ણ થઈ ન કહેવાય. જીવનમાં આગળ વધતાં નમ્રતા વધતી રહે એ જરૂરી. પોતાની સત્તા-શક્તિ-સ્થાનનો નશો દિમાગમાં ચડવો ન જોઈએ.

પ્ર.: માણસ પોતાની જાતને ખુશ કઈ રીતે રાખી શકે?

ઉ.: જૉબ સૅટિસ્ફૅક્શન હોવું જોઈએ. જે મળ્યું છે તેટલું સાર્થક છે તે માનવું જોઈએ. અધૂરપ કે અદેખાઈ ન હોય એટલું તો જરૂરી જ.

પ્ર.: ઉત્સાહની મહત્તા કેટલી?

ઉ.: જીવનનો પર્યાય ઉત્સાહ છે. ઉત્સાહ વગરનું જીવન નકામું. માનવીય સંબંધોમાં, વ્યવસાયમાં, સામાજિક કાર્યોમાં અનેક બાબતે ઉત્સાહનું પરિણામ નજર સામે આવીને પડઘાય



જન્મભૂમિની કચેરીમાં સીઈઓ કુન્દન વ્યાસ

છે. એવું જ નિરુત્સાહનું બને છે. ગમે તેવી મુશ્કેલીભરી સ્થિતિમાંય ઉત્સાહ ટકાવી રાખવો એ જીવનવિકાસ માટે અગ્રિમ પાસું બને છે. નિરુત્સાહી લોકો હંમેશાં રડતા હોય છે. જેને જીવનનું ધ્યેય ન હોય તે ઉત્સાહી ન હોય. ગાડાના બળદની જેમ જીવનનો ભાર ખેંચવાની વૃત્તિ નકામી. માણસ અને પ્રાણીમાં આ તો ફરક છે.

પ્ર.: જૂની-નવી પેઢી વચ્ચેના અંતરની સ્થિતિ વિશે શું માનો છો?

ઉ.: જૂની-નવી પેઢી વચ્ચેનું અંતર પરાપૂર્વથી ચાલ્યું આવે છે, નવાઈ ન લાગવી જોઈએ. નવી પેઢી ફાસ્ટ છે, વહેવારદક્ષ છે, પ્રૅક્ટિકલ છે. જૂની પેઢીએ દુનિયાની પ્રગતિ જોઈ નથી. આજે વિશ્વ નાનું થતું જાય છે. પરિવર્તન સ્વીકાર્યા વગરની જૂની પેઢી પાછળ રહે, એ ખોટમાં રહી જાય.

પ્ર.: સ્વભાવ-પરિવર્તનમાં વધતી વયનો સંબંધ ખરો?

ઉ.: વધતી વય શારીરિક ને માનસિક અશક્તિ આપે છે. મન એનો સ્વીકાર ન કરે ત્યાંથી સ્વભાવ બદલવાની શરૂઆત થાય. દરેક બાબતે અનેકવિધ સંઘર્ષના પ્રસંગો બનતા રહે. નિરાશા-હતાશા ઘેરી વળે. વય વધતાં સ્વભાવ બદલાય એ હકીકત છે, કારણ કે મન વધુ સમય ભૂતકાળમાં રાચતું હોય. દા.ત. ભુલકણો સ્વભાવ થઈ જાય પણ પોતે એ ન સ્વીકારે, એવું બને ત્યારે આપસી સંઘર્ષ આપોઆપ રચાતા જાય.

પ્ર.: અંતરસ્ફુરણામાં માનો છો?

ઉ.: કોઈ કામ પ્રત્યે મન દ્વિધા અનુભવે, મનમાંથી અવાજ આવે

અને પછી કોઈક એવો નિર્ણય લેવડાવે જે સાચો પડે, યોગ્ય ઠરે, એ હું અંતરસ્ફુરણા સમજું છું. આવું અવારનવાર મારી સાથે બન્યું છે, બને છે. અંતરનો અવાજ સાંભળવાની પ્રામાણિકપણે તૈયારી હોય એ જરૂરી.

પ્ર.: ઈશ્વરમાં શ્રદ્ધા ખરી?

ઉ.: હા, જરૂર. ઈશ્વરમાં માનવાની મારી સમજ એવી છે કે વિપરીત કે સંકટભર્યા સંજોગોમાં આત્મસ્ફુરણા સ્ફૂરે અને બહાર નીકળી અવાય એ ઈશ્વરની કૃપા. મારી દૃષ્ટિએ ધાર્મિકતા એટલે અંધશ્રદ્ધા નહીં. મૂર્તિ પૂજા-જપ-તપ એ જ ધાર્મિકતા નહીં. ઈશ્વરસ્મરણ કરી લો એટલે પૂજા થઈ ગઈ. મારા પિતાજી રમણલાલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર હતા. તેઓ હવેલીમાં સેવા આપતા.

પ્ર.: તમારે મન ધર્મ એટલે?

ઉ.: હું ધર્મમાં આ રીતે માનું છું. પહેલો માનવધર્મ, બીજો પત્રકારધર્મ અને ત્રીજો આસ્થાધર્મ. હું આસ્તિક છું, અડગ છું, આસ્થામાં ચલિત નથી. મંદિર જાઉં છું. ઘરે પ્રાર્થના કરી લઉં છું.

પ્ર.: પાપ-પુણ્યમાં માનો છો?

ખોટું કર્મ એ પાપ. કર્મના સિદ્ધાંત કામ કરે છે. ખોટું કામ કરતાં પહેલાં બે વાર વિચારવું એવું કહેવાય છે, પણ આચરણમાં આવે તો આપણાથી કોઈનું અનિષ્ટ થતું બચાવી શકાય. કર્મનું ફળ નિશ્ચિત મળે છે.

પ્ર.: જ્યોતિષમાં રુચિ છે?

ઉ.: જ્યોતિષશાસ્ત્રમાં માનું છું. ધંધાદારી જ્યોતિષીમાં નહીં. બિનઅભ્યાસી જ્યોતિષીઓનું અજ્ઞાન લોકોને દ્વિધામાં નાખે. ભાગ્ય-નસીબમાં માનું છું. જીવનમાં જે મળ્યું કે નથી મળ્યું એનું કાંઈક તો સાંકેતિક મહત્ત્વ ખરું જ.

પ્ર.: ચમત્કાર કે બાધા-આખડીમાં માનો છો?

ઉ.: બાધા-આખડીમાં નથી માનતો. ઈશ્વરના ચમત્કાર સર્જાતા જ રહે છે. જીવનમાં થયેલી ભૂલ સુધારાઈને સામે આવે તે ચમત્કાર નહીં તો બીજું શું?

પ્ર.: વક્તવ્યની તૈયારી કરો છો?

ઉ.: અનેક જાહેર સામાજિક કાર્યક્રમો અને પત્રકારત્વ સંસ્થા સાથેના જોડાણને કારણે એના સેમિનારમાં અવારનવાર જવું પડે. દરેક જગ્યાએ વક્તવ્ય માટે અનુકૂળતા ન રહે. જે પ્રસંગ, જે માહોલ હોય એના પ્રતિભાવરૂપે બોલવાનું હોય ત્યારે પૂર્વતૈયારીની જરૂર ન પડે. બાકી તૈયારી કરવાનું ખાસ વિષય પર આધાર રાખે. વિષયને ન્યાય અને શ્રોતાને સાંભળવાનો સંતોષ મળે એ વક્તાની આવડત અને ફરજ છે.

પ્ર.: વાચકો-ચાહકોને કાર્યાલયમાં મુલાકાત આપો છો?

ઉ.: હા, જરૂર. 'જન્મભૂમિ' જાહેર સંસ્થા છે, કંપની નહીં. વાચક તરીકે

યોગ્ય હેતુથી મળવા આવતા રહેતા હોય છે. સમય-સંજોગની અનુકૂળતા મુજબ આવનારને મળ્યાનો સંતોષ થાય એ રીતે સમય આપવાની કોશિશ રહે. મળવા આવનારના હેતુઓ અમારા કાર્ય કે કારણ સાથે સંબંધિત ન હોય તો પણ એમને સાંભળવાના પ્રયત્ન હોય છે.

પ્ર.: કારકિર્દી દરમિયાન અનેક વાર સન્માનિત થયા હશો. શું લાગણી થાય?

ઉ.: સામાજિક રીતે આપણી કામગીરી અધિકૃત રીતે પ્રમાણિત થાય એ કોઈને પણ ગમે. નાનાં-મોટાં સન્માન મળતાં રહ્યાં છે. અંગત કામગીરી વિષયક સર્ટિફિકેટ/અવૉર્ડ/સન્માન જે કાંઈ મળ્યું એની યાદી નથી કરી કે યાદેય નથી રાખ્યાં. જે સર્ટિફિકેટ/અવૉર્ડ/સન્માન મળ્યાં એ બધાં જન્મભૂમિને આભારી છે.

પ્ર.: મુંબઈ છોડી બીજે વસવાનું હોય તો ક્યાં ગમે?

ઉ.: પત્રકાર તરીકેની કારકિર્દીનાં ૩૦ વર્ષ દિલ્હીમાં કાઢ્યાં છે એટલે એ દૃષ્ટિએ દિલ્હી સાથે હજી મનથી જોડાયેલો છું. મુંબઈમાં રહેવું ગમે છે. મુંબઈ છોડવાનો વિચાર નથી. દિલ્હી અને મુંબઈમાં આત્મીયજનો મળ્યા છે.

પ્ર.: જીવનનું સત્ય શું?

ઉ.: સાર્થકતા. જીવન સાર્થક બને તે જરૂરી. ધ્યેય રાખીને જે પ્રયત્નો કર્યા હોય, આ પ્રયત્નો પ્રામાણિકપણે કર્યા હોય, પછી જે પરિણામ આવે તે જીવનના સત્યનો પરિપાક.

પ્ર.: જીવનમાં શું શીખવા મળ્યું?

ઉ.: માગ્યા વગર લિફ્ટ ન આપવી અને સામે ચડીને સલાહ ન આપવી એ શીખ્યો. જીવનમાં મળતી તમામે તમામ વ્યક્તિ પાસેથી શીખવા જેવું કાંઈક તો જડી જ આવે. જો આપણી દૃષ્ટિ હોય તો દરેક કડવા-મીઠા પ્રસંગમાંથી શીખવા મળે.

પ્ર.: સાક્ષીભાવે શું દેખાય છે?

ઉ.: સંતોષ, કેવળ પરમ સંતોષ. જીવનમાં જે મળ્યું તે મેળવવા માટે સંઘર્ષ કર્યા વગર પ્રાપ્તિ થતી રહી છે. ક્યારેક સમસ્યા કે પડકારો આવ્યાં, પણ તે નીકળતાં ગયાં.

પ્ર.: ઈશ્વરને પ્રશ્ન પૂછવાનો હોય તો શું પૂછો?

ઉ.: ઈશ્વરનો ઇન્ટરવ્યુ ન કરાય, પ્રાર્થના કરાય. પોતાનાથી કોઈ ભૂલચૂક થઈ ગઈ હોય તો અંતઃકરણપૂર્વક તેની માફી મગાય.

પ્ર.: કોઈ બાકી મહેચ્છા કે ઝંખના?

ઉ.: ભારતનો રાજકીય ઇતિહાસ લખવો છે. મળ્યું તે માગ્યા વગર મળ્યું છે. જીવનમાં જે-જે મળ્યું તેની કલ્પના કરી નહોતી. જે મળ્યું એનો સંતોષ છે. કોઈ વિશેષપદે જવાની ઇચ્છા નથી. કંઈ મેળવવાની પ્રાપ્તિની ઝંખના નથી.

❑❑❑

તમારી દૃષ્ટિએ

ઓક્ટોબર 2019નો દીપોત્સવી અંક ગાંધી-150 વિશેષાંકમાં ગાંધી, ગાંધીવિચાર અને ગાંધીના કાર્યક્રમોનું આચમન થયું છે. સૌએ મૌલિક પણ આત્મીયતાપૂર્વક લખ્યું છે.

પ્રો. ભીખુ પારેખે ગાંધીવિચારની મર્યાદા બતાવી. નગીનદાસ સંઘવીએ ગાંધીની માનવીય બાજુ બતાવી. તેમ છતાં કોઈનો પણ ગાંધી પ્રત્યેનો આદર ઓછો થયો નથી. ગાંધીવિચારની પ્રસ્તુતતા સૌએ સ્થાપિત કરી છે.

'ગાંધીજી અને સિનેમા'માં સિનેજગતની ટેક્નિકો, કલા અને એના ઇતિહાસમાં તરબોળ અમૃત ગંગરના પરિશ્રમ અને લગાવ મારી દૃષ્ટિએ ખૂબ સરાહનીય છે.

આ અંકની કવિતા બધી જ આહ્‌લાદક છે. કોઈ ચોટ આપે છે તો કોઈ આંખ ખોલે છે તો વળી કોઈ સર્જન અને કલ્પનાશીલતાનાં શિખરો બતાવે છે.

શાહબુદ્દીન રાઠોડના લેખ નમૂનેદાર છે. હાસ્યમેળાના લેખો (બીજા ત્રણે) મજાના છે. રોચક છે.

ગાંધીજી અને સંગીતવાળો લેખ સરોજ પોપટે પૂરા અન્વેષણપૂર્વક લખ્યો છે. ગાંધી અને સંગીત બંને પ્રત્યે ભાવપૂર્વક.

માણસ છે ભાઈ, માણસ થઈને રહે - હૃદય હચમચાવી દે છે.

મુંબઈ **- કીર્તિચંદ્ર શાહ**

* * *

ઓગસ્ટ 2019નો અંક ખૂબ ગમ્યો. આ અંકમાં મનહર શાહ લિખિત સુવિખ્યાત ફોટોગ્રાફર એ. એલ. સૈયદ વિશેનો પરિચય લેખ રસપ્રદ અને માહિતીપૂર્ણ લાગ્યો. લેખ સાથેની યાદગાર તસવીરો અપ્રતિમ છે. આ અંકમાં પરેશ વૈદ્ય લિખિત ડો. વિક્રમ સારાભાઈ વિશેનો લેખ પણ એક આસ્વાદ્ય રચના છે. રાજ ગોસ્વામી લિખિત ગાંધીજી વિશેનો વિસ્તૃત લેખ ગાંધીજીની બહુમુખી પ્રતિભાનો અભ્યાસપૂર્ણ લેખ છે.

અમદાવાદ **- આઈ. બી. પરમાર**

* * *

નવનીત દીપોત્સવી 2019માં હેમંત દવેની 'છબી' શબ્દ ઉપરની ચર્ચા વાંચી. હું તેમના સાર્થ જોડણીકોશના અવલોકન સાથે સંમત છું. હું ઘણા શબ્દો બાબતે સાર્થ વડે અસંતોષને પ્રાપ્ત થયો છું.

પણ, ભગવદ્ગોમંડલ આ બાબતે વધુ સ્માર્ટલી પેશ આવે છે. તેમાં છબી શબ્દ માટે તેની વ્યુત્પત્તિમાં કંઈ જ લખેલ નથી. પણ છવિ શબ્દ માટેની વ્યુત્પત્તિ સંસ્કૃત દર્શાવે છે. મતલબ કે ભગવદ્ગોમંડલકાર નિખાલસભાવે કબૂલે છે કે તેને છબી શબ્દની વ્યુત્પત્તિ પ્રાપ્ય નથી, પણ છવિ શબ્દની પ્રાપ્ય છે.

અમદાવાદ **- સુરેન્દ્ર કડિયા**

* * *

ગાંધીજી વિશે

'નવનીત સમર્પણ' ઓગસ્ટ, 2019ના અંકમાં પ્રકાશિત લેખ

'ગુમનામ ગાંધીઃ નવ ઓળખ્યા હોત જો તમને તો, જીવતર બધું એળે જ હતું'ના પેટા શીર્ષક 'ગાંધી એક તબીબ'માં, 'તેમના મોટા ભાઈએ જ ડોક્ટરીને બદલે વકાલત કરવાનું સૂચન કર્યું હતું' (પૃ. 34) એમ કહેવું અર્ધસત્ય છે. હકીકત ગાંધી કુટુંબના મિત્ર, સલાહકાર અને જાણીતા વકીલ માવજી દવે (જોષી) એ જ મોહનદાસ (ગાંધીજી)ને સ્વર્ગસ્થ પિતા કબા (કરમચંદ) ગાંધીના દીવાનપદની ગાદી સાચવવા માટે, વિલાયતમાં બારિસ્ટરના ભણતરનો સખત આગ્રહ કરેલો. સાથોસાથ એવી પણ શીખ આપેલી કે 'દાક્તર થઈને તું દીવાન નથી થવાનો. મારે તો તારું દીવાનપદ જોઈએ છે. તો જ તારું બહોળું કુટુંબ ઢંકાય. એટલે બારિસ્ટર થવું એ જ ડહાપણ છે.' (સત્યના પ્રયોગો અથવા આત્મકથા, મોહનદાસ કરમચંદ ગાંધી, સમીક્ષિત આવૃત્તિઃ ત્રિદીપ સુહૃદ, ભાગઃ 01, પ્રા. 11, વિલાયતની તૈયારી, પૃ. 51-52-53). આવો આગ્રહ વિલાયત રહેતા તેમના પુત્રે પણ કરેલો. તેથી જ ગાંધીજી કબૂલે પણ છે કે 'પ્રથમ તો હું રાજકોટમાં જ રહ્યો, ત્યાં મારા પુરાણા હિતેચ્છુ ને મને વિલાયત મોકલનાર કેવળરામ માવજી દવે હતા.' (એજન, ભાગઃ 03, પ્ર. 21, મુંબઈમાં સ્થિર થયો, પૃ. 303), ટૂંકમાં વિલાયતમાં ગાંધીજીના બારિસ્ટર ભણતર માટેનાં સૂચન, સલાહ અને આગ્રહ બાબતે દવે પિતા-પુત્રની ભૂમિકા મહદંશે અને મોટા ભાઈ લક્ષ્મીદાસની અલ્પાંશે રહી હતી.

ઉપરોક્ત પેટા શીર્ષકના લેખ મુજબ, 'ચુસ્ત શાકાહારી ગાંધીજીનો આહાર સાધારણ રહેતો-દૂધ, દહીં, લસણ, મધ, બાફેલાં ઈંડાં, સોયાબીન, લીલાં શાકભાજી, નારંગી, સફરજન અને શેરડીનો રસ' (પૃ. 36). અહીં 'સાધારણ રીતે રહેલાં બાફેલાં ઈંડાંના આહાર'નો ઉલ્લેખ સંદિગ્ધ છે. વિગતે વાત માંડીએ તો 'બાફેલાં ઈંડાં' એ ગાંધીજીનો 'સાધારણ આહાર' નહીં, પણ બહુ જ ટૂંકા સમયનો 'અખતરારૂપે આહાર' હતો. સ્ટાર્ચ વિનાનાં ઈંડાં માંસ નથી અને તે લેવામાં જીવતા જીવને દુઃખ નથી તેવી દલીલમાં ભોળવાઈને ગાંધીજીએ ઈંડાં લીધેલ. પરંતુ માતાએ માંસાહાર ન કરવાની લેવડાવેલ પ્રતિજ્ઞાનો ભંગ થયાનું ભાન થતાં જ, ગાંધીજીએ ઈંડાં છોડ્યાં અને આ છેલ્લો અખતરો પંદર દિવસ પણ ન ચાલ્યો. (એજન, ભાગઃ 01, પ્ર. 17, ખોરાકના પ્રયોગો, પૃ. 76). જોકે 'હિંદના ખોરાક' નામના લેખિત ભાષણમાં ગાંધીજીએ જણાવેલ હતું કે 'મને જણાવતાં દિલગીરી થાય છે કે દોઢેક માસથી હું ઈંડાં ખાઉં છું.' (અક્ષરદેહ, 01/34).

અને છેલ્લે, પેટા શીર્ષક 'ગાંધી, એક દત્તક પિતા'માં, ગાંધીજીએ દત્તક લીધેલી લક્ષ્મી નામની દલિત કન્યાનાં

માતા-પિતા દાનીબહેન-દુદાભાઈની ઓળખ આપતાં કહેવાયું છે કે, 'આ પરિવાર બોટાદનો હતો.' (પૃ. 40-41). અહીં હકીકતદોષ છે. દુદાભાઈ માલજી દાફડા મૂળ અમરેલી (ગામઃ દેવરાજિયા)ના અને દાનીબહેન તે જ શહેરના અનાથ બાલકાશ્રમનાં દીકરી હતાં (દુદાભાઈનો બાબુલ તળાવ-મુંબઈથી ગાંધીજીને લખેલો તા. 6-9-1915ના રોજનો પત્ર- એજન, ભાગઃ 05, પ્ર. 10, કસોટીએ ચડ્યા, પૃ. 496-97-98).

સુરત - પ્રા. જે. આર. વઘાશિયા

* * *

આમ તો તમારું સંપાદન, જયંત મેઘાણીની માફક આપણા સાહિત્યમાં નોંધપાત્ર છે, પરંતુ આ વખતે 'ગાંધી 150'માં તમે કમાલ કરી છે. 'કાવ્યધારા'માં તમે દેશ-વિદેશી ગાંધી વિશેની પ્રકાશિત ટપાલ ટિકિટો મૂકી તે તમારા સંપાદનનો સર્વોત્તમ અંશ છે. આવા અંશોનો પણ એક નાનકડો ઇતિહાસ છે, પરંતુ આજ તો આ ગાંધી ટપાલ ટિકિટો-એમ કહેવાય છે કે અબ્રાહમ લિંકન વિશે સૌથી વધારે દેશોએ ટપાલટિકિટો પ્રગટ કરેલી પણ એના કરતાં લગભગ બમણી - કદાચ દુનિયાના દરેક દેશે ગાંધી વિશે ટપાલટિકિટ બહાર પાડી છે.

આ અંકમાં મોઝાંબિક (દક્ષિણ આફ્રિકા)ની બે ટિકિટો ખાસ વિશિષ્ટ છે. એકમાં ગાંધી સાથે નાગદેવતા અને બીજીમાં ગાંધી સાથે ગણેશ છે. ગાંધીજી મોઝાંબિકમાં ગોખલેને લઈને ગયા છે તે પણ એક વિશિષ્ટ ઘટના છે. ચાલો, ગાંધી વિશેના સારા સંપાદન માટે સાધુવાદ!

બીજા સાધુવાદ મિત્ર અમૃત ગંગરને! 1921નું મૂકપટ 'ભક્ત વિદુર' ખુદ દ્વારકાદાસ સંપટ ખાદીનાં વસ્ત્રો પહેરીને વિદુર તરીકે રોલ અદા કરે - એ વાત, ગાંધી કેટલા વહેલાં, સિનેમામાં ભારતમાં આવ્યા પછી માત્ર છઠ્ઠે વર્ષે, ઝિલાયા તે આશ્ચર્ય અને ઇતિહાસ છે! ખૂબ ખૂબ અભિનંદન.

પોરબંદર - નરોત્તમ પલાણ

* * *

'નવનીત સમર્પણ'નો દિવાળી અંકઃ અતિશય સ-રસ. પ્રથમ તો શી સામગ્રી છે તે જોવા માટે પાનાં ફેરવ્યાં પણ, જ્યાં જ્યાં નજર અટકી તે બધું જ ત્યારે ને ત્યારે વાંચી લઉં એવું આકર્ષણ થયું. ગાંધીજી વિશેના લેખો અદ્‌ભુત, કાવ્યો અદ્‌ભુત... બસ, આખો અંક જ અદ્‌ભુત!

બધું જ જાણે નિરાંતે વાંચીએ, વિચારીએ અને વાગોળ્યા જ કરીએ. ભાઈ શ્રી સુભાષ ભટ્ટ, રમેશ ઓઝા, નગીનદાસ સંઘવી વગેરેના લેખો ખૂબ મનનીય છે. કાવ્યો પણ સરસ અને સાથે આપેલ દેશવિદેશની ગાંધીજીના ચિત્રવાળી સ્ટેમ્પ્સ પણ!

રાજકોટ - કોમલ ત્રિવેદી

* * *

'નવનીત સમર્પણ' નવેમ્બર, 2019ના અંકમાં પ્રકાશિત લેખ 'શ્રીનિવાસ રામાનુજન'ના સંદર્ભે મહત્ત્વની પૂરક માહિતી આપતા જણાવવાનું કે તેમણે 1919-1920 દરમિયાન કુલ 04 નોટબુક્સમાં આશરે 4,000 વિવિધ ગાણિતિક ફોર્મ્યુલાઓ નોંધી હતી, જે પૈકી 351 પૃષ્ઠો અને 16 પ્રકરણોની પ્રથમ નોટબુક, 256 પૃષ્ઠો (110 અવ્યવસ્થિત) અને 21 પ્રકરણોની બીજી અને 33 અવ્યવસ્થિત પૃષ્ઠો ધરાવતી ત્રીજી નોટબુક મુખ્ય છે. 'ગુમનામ નોટબુક' તરીકે ઇતિહાસ-પ્રસિદ્ધ એવી ચોથી નોટબુકની વાત માંડીએ તો, તેનાં રદ્દી જેવા અક્રમાંકિત 87 પૃષ્ઠો પરની જુદી જુદી 183 જગ્યાઓ પર શ્રીનિવાસ રામાનુજને મોક થીટા ફંકશન, મોડ્યુલર ઇક્વેશન અને ડિરિક્લેટ સિરીઝની 600 ગાણિતિક ફોર્મ્યુલા નોંધી હતી, 57 વર્ષ સુધી પસ્તીમાં પલટાઈ ગયેલા આ બધાં પૃષ્ઠો લાકડાના એક ખોખામાં પડ્યાં રહ્યાં. 1976માં અમેરિકાની પેન્સિલવેનિયા યુનિવર્સિટીના ગણિતના પ્રાધ્યાપક ડો. જ્યોર્જ ઇ. એન્ડ્રયુઝને ટ્રિનિટી કોલેજ-કેમ્બ્રિજની રેન લાઈબ્રેરીના એક કબાટમાંથી આ ખોખું જડી ગયું અને તેમણે નોંધાયેલી ગણિત-ફોર્મ્યુલા પર અભ્યાસ કરેલો તેમ જ હેલીફેક્સ યુનિવર્સિટીના ડો. જોનાથન બોરવેને પણ આ ગણિત-ફોર્મ્યુલા ખૂબ જ ઊંડાણથી તપાસી. વિશ્વના ગણિતજ્ઞોનો એવો મત છે કે, 'રામાનુજનની વિવિધ ગાણિતિક ફોર્મ્યુલા આકાશના અનંતમાંથી ખેંચી લાવેલી ફોર્મ્યુલા છે.' પ્રખ્યાત ભૌતિકવિદ ફ્રીમેન જ્હોન ડાયસને કહ્યું છે કે, 'રામાનુજનના બાગમાં જે બીજ વેરાયેલાં, તેમાંથી વિશુદ્ધ ગણિતના એવાં જ સુંદર ફૂલો ઊગી નીકળ્યાં છે.' વિશેષ, પ્રખર ગણિતજ્ઞ ગોડફ્રે હેરલ્ડ હાર્ડીને 'ધર્મ' વિશેના એક પ્રશ્નનો ઉત્તર આપતા રામાનુજને કહેલું કે, 'નવા જ્ઞાનની દિશા કે દ્વાર બંધ કરે તે ધર્મ નથી. હું ઉત્તમને ઓળખવા મથું છું, અધમને નહીં.' તેઓ કહેતા કે 'મારા માટે ગણિતનાં એ સૂત્રોનો કોઈ અર્થ નથી, જેનાથી મને આધ્યાત્મિક વિચાર મળતો ન હોય.'

'ઐક્યની ભાવના મજબૂત બનાવતી અમદાવાદની પોળનું સંસ્કૃતિ દર્શન' લેખના પૃષ્ઠ નં. 88 પરનું લખાણ 'સુલતાન મહેમદશાહે આ નગરની સ્થાપના કર્યા પછી...' માં હકીકતદોષ છે. અમદાવાદ શહેરની સ્થાપના સુલતાન અહેમદશાહ-01લાએ (1389-1442) કરી હતી, નહીં કે તેના પુત્ર મહેમદશાહ ઉર્ફે મુઇઝુદ્દીન મુહમ્મદશાહ-02જાએ.

સુરત — પ્રા. જે. આર. વઘાશિયા

* * *



ભવન્સ - વૃત્ત



મુંબઈ કેન્દ્રઃ 'સંસ્કૃતિ' આંતરશાલેય પ્રતિયોગિતા

ભવન્સ એ. એચ. વાડિયા હાઈસ્કૂલમાં અંધેરીમાં 3 ઓગસ્ટના 'સંસ્કૃતિ' આંતરશાલેય પ્રતિયોગિતાનું આયોજન થયું હતું. આ વર્ષે મહાત્મા ગાંધીની 150મી જન્મજયંતીનો આરંભ થયો હતો. પ્રતિયોગિતા એકબીજા સાથેના સંપર્કથી વધુ શીખવા અને વિવિધ વિચારોને પ્રદર્શિત કરવા મંચ મળી રહે છે. પ્રતિયોગિતામાં કુશળતા, કલ્પના, સર્જકતા અને જાગ્રતતાની સંયોગિતા હતી, ભલે પછી તે કોલેજકાર્ય, વાર્તાકથન, વક્તૃત્વ, ચિત્રકળા, ભીંતચિત્રો કે ચર્ચા વિચારણા હોય, બધી જ પ્રવૃત્તિઓ દરેકમાંથી અપૂર્વતા નિખારવામાં મદદરૂપ બને છે. આ પ્રતિયોગિતામાં 25 શાળાઓએ ભાગ લીધો હતો. શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ સી.એન. એમ. પારેખ હાઈસ્કૂલે મેળવ્યો.

મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતીની ઉજવણી

ભારતીય વિદ્યા ભવન્સ પબ્લિક સ્કૂલ જ્યુબિલી હિલ્સે ગાંધીજીની 150મી જન્મજયંતીની ઉજવણી પ્રસંગે 31 જુલાઈના સાંસ્કૃતિક કાર્યક્રમનું શાળામાં આયોજન કર્યું હતું. 'ગાંધીજી કી જીવનયાત્રા' નૃત્યનાટિકા ધોરણ 4 થી 10ના વિદ્યાર્થીઓએ રજૂ કર્યું હતું. અધ્યક્ષ શ્રી એસ. ગોપાલકૃષ્ણને શાળાનું સામયિક 'વિદ્યા જ્યોતિ'નું વિમોચન કર્યું હતું.

આયુક્લબ : ભવન્સ આદર્શ વિદ્યાલયે કોટ્ટક્કલ આર્ય વૈદ્ય શાળાના સહયોગે આપણી સંસ્કૃતિમાં આયુર્વેદે કરેલા નોંધપાત્ર પ્રદાનથી નવી પેઢી અવગત થાય એ આશયથી 27 ઓગસ્ટે આયુ ક્લબની સ્થાપના કરી. ધોરણ 8, 9 અને 11ના વિદ્યાર્થીઓ જીવનના પવિત્ર વિજ્ઞાન એવા



આયુર્વેદ વિશે જાણે તે એ ઉદ્દેશ સાથે આયુ ક્લબની સ્થાપના થઈ છે. શાળામાં વિદ્યાર્થીઓને વિવિધ ઔષધીય વનસ્પતિની ઓળખ આપવા સાથે આયુર્વેદ ક્ષેત્રે થયેલા વિકાસથી અવગત કરાવાયા. કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કોટ્ટક્કલ આર્ય વૈદ્યશાળાના શાખા મેનેજર અને મુખ્ય મેડિકલ ઓફિસર ડો. ટી.એમ. ઉન્નીક્રિશનન વોરિયેરે આચાર્ય શ્રી કે. સુરેશને રોપો આપીને કર્યું. ઉપસ્થિત મહેમાનોને એમણે આયુર્વેદના ફાયદા જણાવ્યા હતા. માર્કેટિંગના વડા ટી.સી. નંદકુમાર અને પ્રાદેશિક સેલ્સમેનેજર એલેક્સ સી ઈપન કાર્યક્રમમાં સહભાગી હતા.


તિરુપતિ કેન્દ્રઃ શ્રાવણ સંગીત લહરી



ભારતીય વિદ્યા ભવન તિરુપતિ કેન્દ્રે 14મો શ્રાવણ સંગીત લહરીનો કાર્યક્રમ 16 ઓગસ્ટના પવિત્ર શ્રાવણ માસમાં આયોજિત કર્યો હતો. જે પર્વનો ઉત્સાહ

અને આધ્યાત્મિકતા જગાડે છે. આ વર્ષે વિદ્યાર્થીઓ ભગવાન શિવને વંદન અને ''દ્વાદશ જ્યોતિર્લિંગ વૈભવ'' વિષય પર જ્યોતિર્લિંગનું મહત્ત્વ નૃત્ય અને સંગીત દ્વારા રજૂ કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ભવન્સની પ્રાર્થના ત્યારબાદ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનના સહસચિવ આઈએસસી. શ્રી પી. બસંતે મુખ્ય મહેમાન તરીકે દીપપ્રાગટ્ય કરીને કરી. તિરુપતિના એસ.વી. વિશ્વવિદ્યાલય સંગીત અને નૃત્ય વિભાગ અને પ્રણવ નાદોપાસકના આચાર્યા શ્રીમતી એસ. પદ્માવતી, માનદ અતિથિ હતાં. ખ્યાતનામ સંગીતકાર ડો. ટેડપલ્લી લોકાનાધસર્મા કેન્દ્રના ખજાનચી અને માનદ્ નિદેશક ડો. એન. સત્યનારાયણ રાજુ, એસ.વી. વિદ્યાલયનાં આચાર્યા શ્રીમતી એસ. ઇન્દિરા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.



ચંડીગઢ કેન્દ્ર : ચંડીગઢ ભવન વિદ્યાલયે સંયુક્ત રાષ્ટ્ર પરિસંવાદના દસમી આવૃત્તિનો મૂલ્યવાન મોડેલનું આયોજન કર્યું હતું. આ વર્ષે ખાસ મુદ્દો શાંતિના ઉપલક્ષે 'ફ્રોમ નોલેજ ટુ વિસડમ' શરૂ કર્યો. આ વર્ષે BVC MUN 2019 પરિસંવાદ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને 150મી જન્મજયંતીની ઉજવણી રૂપે સમર્પિત થયો હતો. આજે વિશ્વમાં ફેલાયેલ રોગચાળા વિશે વિદ્યાર્થીઓ હેતુપૂર્વક ચર્ચાવિચારણા કરે છે તેઓ માટે આ પરિસંવાદ પૂરક મંચ ગણાય.

પંજાબના રાજ્યપાલ અને ચંડીગઢ યુતિના વહીવટકાર શ્રી વી. પી. સિંઘ બાડનોરે પરિસંવાદનું ઉદ્ઘાટન કર્યું હતું. અને મુખ્ય મેહમાન કેનેડાના કાઉન્સિલ જનરલ શ્રીમતી મિયા યેને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

BVC MUN 2019નાં ત્રણ દિવસમાં ભારત, દુબઈ અને કતારની ૬૧ શાળાના ૪૫૦ વિદ્યાર્થીઓએ સુંદર જગતનું નિર્માણ કરવાની ભૂમિકા ઘડી હતી.

પ્રા. શ્રી પ્રેમશંકર શુક્લને શ્રદ્ધાંજલિ



પ્રા. પ્રેમશંકર શુક્લનું તા. 30 ઓક્ટો. 2019ના 87ની વયે અવસાન થયું. સુરેન્દ્રનગરના હળવદ ગામે 31 ડિસેમ્બર 1932ના રોજ તેઓનો જન્મ થયો હતો. ભવન્સ મુંબાદેવી સંસ્કૃત મહાવિદ્યાલયમાં 1944માં સંસ્કૃત શિક્ષણ માટે તેઓએ પ્રવેશ લીધો. અને તેઓએ ભવન્સની શાસ્ત્રી, વેદાંત અને સાહિત્યમાં આચાર્યની પદવી મેળવી. બાદ સાહિત્યરત્ન, કાવ્યતીર્થ, ગીતા વિશારદ સંસ્કૃતમાં એમ.એ, પીએચ.ડી., હિન્દીમાં એમ.એ., પીએચ.ડી. જેવી પદવીઓ બીજી વિશ્વવિદ્યાલયોમાંથી પ્રાપ્ત કરી. પ્રા. શુક્લજી દ્વારકાની શારદાપીઠમાં મુંબઈની કે.સી. કોલેજમાં સંસ્કૃત અને હિન્દી શીખવતા હતા. ભા.વિ.ભના. માનદ્ નિદેશક મ.મ. પ્રા. જે. એચ. દવેના માર્ગદર્શન હેઠળ આ દરમિયાન તેઓ ભવન સાથે સંસ્કૃત પ્રવૃત્તિઓમાં જોડાયેલા રહ્યા હતા. ભારતીય વિદ્યા ભવનમાં તેઓ સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરતા હતા. ભવન્સ સંસ્કૃત પરીક્ષાના તેઓ ડેપ્યુટી પરીક્ષક અને શાસ્ત્રચૂડામણિ પ્રાધ્યાપક તરીકે મુમ્બાદેવી આદર્શ મહાવિદ્યાલયમાં નિમાયા હતા. તેઓએ સંસ્કૃત, ગીતા અને ભારતીય સાંસ્કૃતિક વારસા ઉપર ભારત ઉપરાંત વિદેશમાં પણ વક્તવ્યો અને વ્યાખ્યાનો આપ્યાં હતાં. વેદિક પ્રાર્થના, મંત્રો, ગીતા ઉપરાંત અન્ય વિષયો પર દસેક જેટલાં પુસ્તકો એમણે લખ્યાં છે.

છેલ્લાં 28 વરસથી ભવનમાં તેઓ અપૂર્વ સમર્પણ અને ભાવપૂર્વક સંસ્કૃત શિક્ષણ આપતા રહ્યા હતા. તેમને મુનશીજી માટે અપાર પ્રેમ હતો. તેઓ સજ્જન અને નમ્ર વ્યક્તિ હતા અને દરેક સાથે સૌજન્યપૂર્ણ વ્યવહાર હતો. તેમના પરિવારમાં શ્રીમતી શર્મિષ્ઠાબહેન, ત્રણ પરિણીત પુત્રીઓ - શ્રીમતી નંદિની એચ. રાવલ, શ્રીમતી આરતી એમ. ત્રિવેદી અને શ્રીમતી કવિતા પી. વ્યાસ છે.

તા. 2 નવેમ્બરના ભારતીય વિદ્યા ભવન, મુંબઈના ગીતા હોલમાં શ્રદ્ધાંજલિ સભાનું આયોજન થયું હતું. અધિકારીગણે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. ભવનના સ્ટાફ અને શુકલ સાહેબના પરિવારે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટઃ 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવેઃ રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

લલિત ત્રિવેદીઃ શિવકૃપા, 1 વૈશાલી નગર, રૈયા રોડ, રાજકોટ-360007. મો. 9879750450

ઉદયન ઠક્કરઃ લક્ષ્મી નિવાસ, ત્રીજે માળ, 22, કાશીબાઈ નવરંગે રોડ, ગામદેવી, મુંબઈ-400 007.

રવીન્દ્ર પારેખઃ 1, યુનિયનધારા, મોદી બંગલો, અઠવાલાઈન, સુરત-395 009.

દિલીપ જોશીઃ 2, સૌ. યુનિ. કર્મચારી સોસાયટી, 'દિનકર' ફોરેન્સિક લેબોરેટરી પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-360005. મો. 9428200202

છાયા ત્રિવેદીઃ એ-12, અક્ષરધામ એપાર્ટમેન્ટ, પ્રેમચંદ નગર પાસે, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-380 054. મો. 98791 76277

અનિલ ચાવડાઃ સી-303, અર્જુન વિલા, સંસ્કાર હીલની પાછળ, આનંદ પારટુ પ્લોટની બાજુમાં, ન્યુ રાણીપ, અમદાવાદ-382 480.

જગદીશચંદ્ર ત્રિવેદીઃ રાધેક્રિષ્ન, 6, બોમ્બે હાઉસિંગ યુનિ. રોડ. રાજકોટ-360 005.

પ્રણવ પંડ્યાઃ ઈ-૬૦, "અનુગ્રહ", ગુજરાત હાઉસિંગ બોર્ડ સોસાયટી, અમરેલી -૩૬૫ ૬૦૧. મો. ૯૪૨૬૯ ૭૧૬૭૮

ડૉ. સેજલ સંઘવીઃ 4-એ, મકરંદ સુરેશ્વરી વીલા, લિન્ક રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-400 091.

પન્ના ત્રિવેદીઃ આસિ. પ્રોફેસર, ગુજ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઉધના, મગદલ્લા રોડ, સુરત-395 007

કલ્યાણી ઉત્પલ ભાયાણીઃ 503, આશાનિકેતન, બાપ્ટિસ્ટ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-400 056.

નગીનદાસ સંઘવીઃ બી/306, સોડહમ રેસિડન્સી, વાસ્તા દેવડી રોડ, લાલ દરવાજા, સુરત-395 001. મો. 9833325837

ચંદ્ર ખત્રીઃ ઉમંગ પબ્લિકેશન, પુણ્ય એપાર્ટમેન્ટ, શોપ નં. 3, વિલ્સન સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ-4.

કંદર્પ ર. દેસાઈઃ પારિજાત, ૬, અરુણોદય પાર્ક, સેંટ ઝેવિયર્સ કૉલેજ કોર્નર, નવરંગપુરા, અમદાવાદ -380009 મો. નં. 9427021048

હેમંત સોલંકીઃ જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-400 042

રમણ સોની : 18, હેમદીપ સોસાયટી, દિવાળીપુરા, જૂનો પાદરા માર્ગ, વડોદરા-390 007, ફોનઃ 9228215275

નવનીત જાનીઃ જાલીલા રોડ, તા. રાણપુર, જિ. બાટોદ-382 255, મો. 9978726531

પ્રવીણસિંહ ચાવડાઃ 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015. મો. 9979230039

કિશોરસિંહ સોલંકીઃ 'ઋત્' 43, તીર્થનગર, વિ. 1, સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-380 061. મો.98250 98888

અનિલ જોશીઃ joshi.r.anil@gmail.com

વિનોદ પટેલઃ 604-બી, જય ચિત્રકૂટ, કુલુપવાડી, બોરીવલી (ઈ), મુંબઈ-66, મો. 9869437259

શરીફા વીજળીવાળાઃ બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.

કલ્પના શાહઃ ગોકુલ પેરેડાઈઝ, ઈ/704, ઠાકુર કોમ્પ્લેક્સ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ-400 101

વોટ્સએપ

❑ સં. શરીફા વીજળીવાળા

દર વર્ષે ધૂળ ન ઊડે એટલે ગરબા આયોજકો પાણી છાંટતા હતા. પણ ભાઈ સમય સમયની વાત છે... આ વર્ષે પાણી ન ઊડે એટલે ઈ ના ઈ જ આયોજકો ધૂળ છાંટી રહ્યા હતા!!

☺ ☺ ☺

અરીસા સામે ઊભી રહીને રીનાએ મહેશને પૂછ્યું: 'પ્રિયે, હું બહુ જાડી થઈ ગઈ છું?

મહેશે છાપામાંથી મોઢું કાઢ્યા વગર જ જવાબ દીધો: 'ના રે ના, કોણે કહ્યું તને?'

રાજી રાજી થતી રીના કહે: 'તો પછી ચાલો આજે મને ઊંચકીને ફ્રિજ પાસે લઈ જાઓ અને આઈસક્રીમ ખવડાવો...'

હવે મહેશના હોશકોશ ઊડી ગયા. છાપું ફેંકતોક એ ફ્રિજ તરફ ભાગ્યો. ને બોલ્યો: 'અરે ડાર્લિંગ, તારે થોડું આવવાનું હોય અહીં સુધી? હું ફ્રિજને જ તારી પાસે લાવું છું.'

☺ ☺ ☺

લાઈસન્સની લાઈનમાં ઊભેલી બે બહેનપણીઓનો ચારેક કલાકે વારો આવ્યો ત્યારે એમણે ઉદાર મને પાછળવાળાને જવા દીધા. કેમ? બેઉનું કહેવું હતું કે નોટબંધીની લાઈન પછી નિરાંતે મળવાનું થયું જ નો'તું. છેક આટલે મહિને મળ્યાં ને વાતો તો હજુ અર્ધે જ પહોંચી હતી. ખબર નહીં ક્યારે આવી લાઈનમાં ઊભા રહેવાનું મળે કોને ખબર છે?

☺ ☺ ☺

નવરાત્રિમાં એક જુવાનિયો એક બહેનની પાછળ હાથ ધોઈને પડેલો. કંટાળીને પેલા બહેને મોઢું ધોઈને બતાવ્યું પછી પેલાએ પીછો છોડ્યો બોલો!

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત્

પત્ની : ''તમારા જન્મદિવસ માટે એટલા સરસ અને મોંઘામાંનાં કપડાં ખરીદ્યાં છે કે તમે જોતા જ રહી જશો!''

પતિ (ખુશ થતાં) : ''અરે વાહ! લાવ બતાવ તો ખરી!''

પત્ની : ''ઊભા રહો, હમણાં પહેરીને આવું છું!''

☺ ☺ ☺

''ઓનલાઈન તમારે જે ખરીદવું હોય એ ખરીદી લેજો પણ મારી દુકાને તો તમારે જાતે જ આવવું પડશે.''

- દામુભાઈ વાળંદ

☺ ☺ ☺

પત્ની : ''મારા માટે તો દૂર દૂરથી માગાં આવતાં, બોલો...''

પતિ : ''નજીક રહેતા હોય એ તો ઓળખતા હોય ને!''

☺ ☺ ☺

ટ્રાફિક પોલીસ : ''હેલ્મેટ નથી પહેરી, મેમો ફાડવો પડશે, તમારું નામ બોલો...''

સ્કૂટર ચાલક : ''યાજ્ઞવલ્કયદાસ વિશ્વેશ્વરાચાર્ય સન ઓફ યુયુત્સુમુમુક્ષુપ્રસાદ વેદાચાર્ય.''

ટ્રાફિક પોલીસ : ''આ વખતે જવા દઉં છું. ફરી ક્યારેય સિગ્નલ નહીં તોડતા...''

☺ ☺ ☺

શિક્ષક : ''રાતે તમને મચ્છર કરડે તો શું કરશો?''

વિદ્યાર્થી : ''સાહેબ, હું તો ખણીને ચૂપચાપ સૂઈ જાઉં છું. મચ્છર પાસે કંઈ થોડી માફી મગાવી શકાય છે!''

☺ ☺ ☺


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi


BHAVAN'S DIGITAL BOOKS


Now available at all Amazon stores across the world






























BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.